Chap-3



# પ્રકરણ-૩

# રાજેન્દ્ર શાહની કવિતામાં અધ્યાત્મનિરૂપણ

## ૩.૧ અધ્યાત્મવ્યકિતત્વનાં ઘડતરપરિબળો

સુંદરમ્ કરતાં ઉંમરમાં પાંચ વર્ષ નાના રાજેન્દ્ર શાહનો કાવ્ય-સર્જનનો ગાળો અનુગાંધીયુગમાં વિસ્તરે છે. ગાંધીયુગના ગાંધીજીના પ્રભાવથી મુકત બની તત્કાલીન ઘટનાઓથી બિલકુલ અલિપ્ત રહી તેમની કાવ્યઝરણી વહે છે. તેમની અધ્યાત્મકવિતાના પરિપ્રેક્ષ્યમાં તેના અધ્યાત્મવ્યકિતત્વનાં ઘડતરપરિબળોને તપાસવાનો મારો અહીં ઉપક્રમ છે.

### કુટુંબ

કોઈ પણ વ્યકિતના અધ્યાત્મવ્યકિતત્વના ઘડતરમાં પૂર્વજન્મના સંસ્કાર, કુટુંબનું વાતાવરણ, વ્યકિતવિશેષનો પ્રભાવ અને શિક્ષણ- સાહિત્યની અસર જોઈ શકાય છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે --

'શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે.'

કવિશ્રી રાજેન્દ્ર શાહ પણ પૂર્વજન્મના અધ્યાત્મસંસ્કારો લઈને અધ્યાત્મભાવનાને વરેલા કુટુંબમાં જ જન્મ્યા છે . તેમનો જન્મ ૨૮ જાન્યુઆરી ૧૯૧૩ના રોજ તેમના વતન કપડવણજમાં થયો હતો . તેમના દાદા ,પિતા,માતા બધાં જ એકવિશિષ્ટ અર્થમાં યોગને વરેલાં હતાં. દાદા સ્વામીનારાયણ સંપ્રદાયમાં માનતા હતા જ્યારે પિતા કેશવલાલ જેઓ ભાદરવા સ્ટેટના જજ હતા તેઓ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના અધિષ્ઠાતા શ્રીમન્નૃસિંહાચાર્યના અંગત વર્તુળમાં હતા આથી સાધકોના સતત સંપર્કમાં જ તેમનો ઉછેર થયો. નાનપણથી જ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય અને અન્ય સંતોનો સતત પરિચય તેમને થતો રહ્યો હતો . બે વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવનાર રાજેન્દ્ર પર આ રીતે શ્રેયસ્સાધકવર્ગના સંસ્કાર પડ્યા હતા. ખમીરવંતી અને અજબ અધ્યાત્મસંકલ્પબળ ધરાવતી માતા લલિતાબહેને પુત્રને અનેક વિટંબણાઓ વચ્ચે પ્રેમ અને સંસ્કારના સિંચન કર્યાં. રાજેન્દ્રના પિતા કેશવલાલ મરણપથારીએ હતા. ઉપેન્દ્રાચાર્યે જોયું કે લલિતા-બહેનનો મેળાપ્યા કેશુભાઈનો જીવ જશે નહીં ત્યારે તેમણે પોતે બોલે તેમ બોલવાનું વચન લઈ કહ્યું કે 'તમે ઈચ્છો છો એવો હું રાજેન્દ્રને બનાવીશ માટે ચિંતા રાખ્યા વિના જાઓ'[૧] અને લલિતાબહેને એ વચન નિભાવ્યું. પુત્રને ઉછેરવામાં, સંસ્કારવામાં કોઈ કમી રહેવા દીધી નહીં. આજે ય રાજેન્દ્ર શાહ પોતાની માતાનો તેમના જીવનઘડતરમાં જે અદ્વિતીય ફાળો છે તેને યાદ કરતાં ગદ્ગદિત થઈ જાય છે.[૨] રાજેન્દ્ર શાહને જીવનમાં એવા અનેક અનુભવો થયા છે જેમાં તેમની બાની શ્રદ્ધા અને સંકલ્પશકિતથી તેમનાં કાર્યો ચમત્કારિક રીતે પાર પડયાં છે, જેણે તેમને પણ જીવનમાં એ જ શ્રદ્ધા, સંકલ્પ અને

---

૧. કવિશ્રી રાજેન્દ્ર શાહની તા. ૬/૧૧/'૯૬ની રૂબરૂ મુલાકાતમાંથી

૨. એજન

સમતાના પાઠ ભણાવ્યા. નાનપણથી જ સવારમાં વહેલા ઊઠીને ધ્યાન વગેરે કરવાનો નિત્યક્રમ માતાએ જ તેમને શીખવેલો. આજે પણ તેઓ દરરોજ સવારે ૩-૨૦ કલાકે નિયમિત ઊઠી જાય છે.[3] માત્ર ચાર જ વર્ષની ઉંમરે જેમનાં લગ્ન થયેલા તે કવિની જીવનસંગિની મંજુબહેન પણ વિશેષ વ્યકિતત્વ ધરાવે છે. કવિના જીવનરથને સરળતાથી ચલાવવા અને અધ્યાત્મ-જયોતિમાં તેલ પૂરવા જ તેમનો કવિજીવનમાં પ્રવેશ થયો હોવાનું તેમના જીવનયાત્રાના પ્રસંગો જોતાં સતત જણાઈ આવે છે. આગાસ્થિત શ્રીમંત કુટુંબની દીકરી હોવા છતાં કવિને ભણાવવામાં સાસુની સાથે વહુએ પણ પોતાનાં ઘરેણાં વેચી દીધાં, ઘંટી દળી પૈસા ભેગા કરી કવિ માટે અમૂલ્ય વિદ્યાપ્રાપ્તિની સગવડ પૂરી પાડી. આમ કવિના જીવનમાં કવિની માતા અને તેમની પત્નીનો જે ઉપકારક ફાળો છે તે અને શ્રેયસ્સાધક-વર્ગના સંસ્કારો તેમના અધ્યાત્મવ્યકિતત્વના ઘડતરમાં સૌપ્રથમ ગણી શકાય એવું પરિબળ છે.

### શિક્ષણ અને સાહિત્ય

શિક્ષણ અને સાહિત્યનો પણ એક વિશિષ્ટ પ્રભાવ કવિ પર પડેલો જણાય છે. કવિ નાનપણમાં જ શાળા ઉપરાંત સેવાસંઘની સંસ્થા અને વ્યાયામશાળા સાથે જોડાયેલા રહ્યા છે. ૧૯૨૪-૨૫માં અંબુભાઈ પુરાણીએ શરૂ કરેલી વ્યાયામશાળામાં તાલીમ લીધી હતી. ૧૯૩૦માં મેટ્રીકની પરીક્ષામાં બેસવાની તૈયારી કરી હતી, પણ એજ અરસામાં શરૂ થયેલી સત્યાગ્રહની લડતમાં ઝંપલાવીને સાડાત્રણ માસની જેલની સજા ભોગવી હતી. એ દિવસોમાં કપડવણજના ટાવર પર ચડેલા રાષ્ટ્રધ્વજને પોલિસના હાથમાં જતો અટકાવવા રાજેન્દ્રએ ધ્વજ સાથે ટાવર ઉપરથી પડતું મૂકેલું. આરંભમાં ક્રાન્તિકારી થવાનાં સ્વપ્નાં સેવેલાં, પછી ગાંધીજીના અહિંસક સત્યાગ્રહે આકર્ષ્યા. એમના હેડમાસ્તર શ્રી ભાઈચંદભાઈ બીમાર હોવા છતાં એક મુસ્લિમ મેજીસ્ટ્રેટને રાજેન્દ્રને ન પકડવા માટે ભલામણ કરવા ગયા, અને પોતે જ રાજેન્દ્રનું મેટ્રીકની પરીક્ષાનું ફોર્મ પણ ભરી દીધું.[4] જેના પ્રતાપે કવિ ૧૯૩૨માં મેટ્રીક પાસ થઈ શકયા. મેટ્રીક થયા પછી એમના અદૃષ્ટ સંસ્કારોને આધીન તેમણે તત્ત્વજ્ઞાનનો વિષય બી.એ. માટે પસંદ કર્યો. માતાએ ટકોર કરેલી કે આ વિષય ભણીશ તો નોકરી કયાંથી મળશે? પરંતુ રાજેન્દ્રે પોતાની આત્મરુચિને અવગણ્યા વિના ભૌતિક સ્વાર્થને શિક્ષણપ્રાપ્તિનો હેતુ બનવા ન દીધો.

શ્રેષ્ઠ વાચનનો તો કવિને નાનપણથી જ શોખ હતો એકાંતપ્રિયતા અને વાચન તેમને અતિપ્રિય હતાં. અભ્યાસ માટે મુંબઈની વિલ્સન કોલેજ કરતાં બરોડા કોલેજ વધારે અનુકૂળ લાગતાં તેઓ વડોદરા આવ્યા. બરોડા કોલેજના અભ્યાસકાળ દરમ્યાન શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યના સહવાસનો લાભ વધારે મળ્યો. ટ્યુશન, નોકરી સાથે અભ્યાસ કરવાનો હોઈ બી.એ. ઓનર્સ થવાનું શકય ન હતું. આથી તત્ત્વજ્ઞાનમાં પાશ્ચાત્યતત્ત્વજ્ઞાન તેમને ફરજિયાત ભણવું પડયું જેમાં પ્લેટો, સોક્રેટીસ, કેન્ટ ઇત્યાદિના તત્ત્વચિંતનને સમજવાનો લાભ મળ્યો. કવિ ૧૯૩૬માં તત્ત્વજ્ઞાનના વિષય સાથે બી.એ. થયા શ્રેષ્ઠ પુસ્તકો વાચવાનો શોખ તો એટલો હતો કે સાત વર્ષની ઉંમરે

---

૩. એજન

૪. એજન

તેમણે છોટાલાલ જીવણલાલ માસ્તરનું ' યોગિનીકુમારી ' પુસ્તક વાંચ્યું હતું. ભારતીય તત્ત્વજ્ઞાન કૉલેજકાળમાં ભણવા નહોતું મળ્યું જેનો અભ્યાસ તેમણે ગ્રેજ્યુએટ થયા પછી નોકરી કરતાં કરતાં, ઘેર સમય મેળવીને ઉપનિષદો વાંચીને પૂરો કર્યો. કવિનું વાચન ખૂબ જ વિશાળ છે . શાંકરવેદાન્ત કરતાં કવિને કાશ્મીરી શૈવીઝમ વધારે સ્વીકાર્ય છે.[5] શ્રીમન્નૃસિંહાચાર્યનું પુસ્તક 'ત્રિભુવનવિજયખડ્ગ'માં વર્ણિત સાધકની ભૂમિકાઓનો અભ્યાસ પણ કવિએ જીવનના પ્રારંભિક કાળમાં જ કર્યો છે એટલે યોગ સાધના તેમના જીવનનું અભિન્ન અંગ બની રહ્યું છે. આમ શિક્ષણ અને સાહિત્યનો પ્રભાવ તેમના અધ્યાત્મવ્યક્તિત્વઘડતરમાં જોઈ શકાય છે.

કવિ તરીકેનો વિકાસ પણ તેમની અધ્યાત્મવિકાસની સાધના સાથે જ સંકળાતો રહ્યો છે. શ્રેયસ્સાધક વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યના સંગીતે અને સ્વાતંત્ર્ય-સંગ્રામનાં ગીતોએ તેમના હૃદયમાં કવિતાના લયનાં આંદોલનો જગાડ્યાં હતાં . શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યનું ગીત 'પથ્થર પર પાણીનો ધોધ' સાંભળીને તે ધ્રુવપંક્તિ લઈ ને રાષ્ટ્રભક્તિનું ગીત સૌ પ્રથમ ૧૯૩૦ માં રચ્યું હતું. પછી 'કુમાર'માં આવતી સુંદરમ્, ઉમાશંકર અને શ્રીધરાણીની કવિતા વાંચતાં એવી કવિતા લખવાના મનોરથ જાગ્યા. છંદ શીખ્યા, નરસિંહરાવ, કાન્ત, કલાપી વગેરેની કવિતા વાંચી. તેમની પ્રથમ કાવ્યકૃતિ વિલ્સન કૉલેજના મુખપત્ર 'વિલ્સોનિયન'માં ૧૯૩૩માં પ્રગટ થઈ હતી. એ અરસામાં શ્રીધરાણીની કવિતા તેમને એટલી ગમતી કે તેમનો 'કોડિયાં' સંગ્રહ મોઢે કરી લીધો હતો. ૧૯૩૭ થી 'કુમાર'ની 'બુધસભા'માં દાખલ થયા. 'કુમાર'માં તેમનું પ્રથમ કાવ્ય 'હોળી-ધૂળેટી' પ્રગટ થયું. વડોદરાનિવાસ દરમ્યાન બંગાળીનો અભ્યાસ કર્યો હતો અને ટાગોર, વિદ્યાપતિ , બુદ્ધદેવ, નજરુલ ઈસ્લામ વગેરે બંગાળી કવિઓના સંસ્કાર પણ ઝીલ્યા હતા. વ્રજભાષાની કવિતા પણ તેમણે માણી હતી. નિરંજન ભગતની મિત્રતા બંધાયા પછી અંગ્રેજી કવિતાનો પણ સઘન પરિચય થયો. કવિ રાજેન્દ્રના ઘડતરમાં આ બધા સંસ્કારોનો પ્રત્યક્ષ -પરોક્ષ ફાળો છે. તેને એમની પ્રતિભાનો સ્પર્શ થતા ઉત્કૃષ્ટ - કોટિની કવિતા પ્રગટી છે, જેણે નવી જ દિશા ખોલી આપી છે. ૧૯૫૬માં કવિને એમના 'આંદોલન' કાવ્યસંગ્રહ માટે રણજીતરામ સુવર્ણ-ચંદ્રક એનાયત થયો હતો. તેમનું પ્રસન્નમધુર વ્યક્તિત્વ અનુગાંધીયુગની કવિતાના પ્રતિનિધિ સર્જકની છબી ઉપસાવી આપે છે. તેમણે 'ધ્વનિ'(૧૯૫૧), 'આંદોલન'(૧૯૫૧), 'શ્રુતિ'(૧૯૫૭), ''શાંત કોલાહલ, (૧૯૬૨),' ચિત્રણા'(૧૯૬૭), 'ક્ષણ જે ચિરંતન'(૧૯૬૮), 'વિષાદને સાદ' (૧૯૬૮) , 'મધ્યમા'(૧૯૭૭), 'ઉદ્ગીતિ' (૧૯૭૮), 'ઈક્ષણા'( ૧૯૭૯), 'પત્રલેખા''(૧૯૮૧), 'પ્રસંગસપ્તક'(૧૯૮૨), 'પંચપર્વા'(૧૯૮૩). 'કિંજલ્કિની'( ૧૯૮૩). 'વિભાવન'(૧૯-૮૩).'દ્વા સુપર્ણા'(૧૯૮૩), ' ચંદનભીની અનામિકા '(૧૯૮૭), 'નીરાંજના'(૧૯૮૯), 'આરણ્યક' (૧૯૯૨) એમ કુલ ૧૯ કાવ્યસંગ્રહો ઉપરાંત 'મોરપીંછ ' (૧૯૫૮). અને 'આંબે આવ્યા મોર ' (૧૯૮૫) બાળકાવ્યોના સંગ્રહો આપ્યા છે. સાહિત્ય અકાદમી ગુજરાત પ્રકાશન સંસ્થાના ઉપક્રમે કવિએ જયદેવકૃત 'ગીતગોવિંદ' (૧૯૮૯) , 'વિદ્યાપતિ ' (૧૯૮૦) , 'જીવનાનંદદાસ' (૧૯૮૫) , 'બુદ્ધદેવ બસુ ' (૧૯૯૦) , 'તૃણપર્ણ '.વૉલ્ટ વ્હીટમેનકૃત(૧૯૯૧)ટાગોર કૃત 'બલાકા' અને ડેન્ટેકૃત 'દિવ્યઆનંદ' નામે અનુવાદો આપ્યા છે. આમ કવિ રાજેન્દ્ર શાહનું શિક્ષણ, સાહિત્યવાચનપરિશીલન અને સાહિત્યસર્જન કવિના અધ્યાત્મવ્યક્તિત્વના વિકાસમાં ઉપકારક ભાગ ભજવે છે .

---

૫. એજન

## વિભૂતિપ્રભાવ - સંપ્રદાય

રાજેન્દ્ર શાહ પોતે માને છે કે અધ્યાત્મના વિકાસમાં શુધ્ધ આધ્યાત્મિક આંદોલનો ધરાવતી વ્યકિતઓનો પ્રભાવ ઘણો ઉપકારક નીવડે છે.[6] તેમના જીવનની પ્રથમ વિભૂતિ માતાની અધ્યાત્મરુચિને સેવતાં કવિ શ્રેયસ્સાધક વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યના સતત સાંનિધ્યમાં રહી તેમની પાસેથી દીક્ષા લઈ તેમને ગુરુપદે સ્થાપે છે. તેમના પૂર્ણ અધ્યાત્મવ્યકિતત્વના ઘડતરમાં એમનો ફાળો અનન્ય છે. આ ઉપરાંત જયાં પણ અવકાશ સાંપડયો ત્યાં યોગનિષ્ઠ અધ્યાત્મપ્રતિભા ધરાવતી વ્યકિતઓના સંપર્કમાં અવારનવાર આવતા રહયા છે. અધ્યાત્મસાધનામાં શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય ઉપરાંત જૈન મુનિ ત્રિલોકચંદ્રસૂરિ અને સ્વામી સ્વયંજયોતિનું માર્ગદર્શન પણ તેમણે મેળવ્યું છે. યોગી ત્રિલોકચંદ્રજીના પિતા વૈષ્ણવ હતા અને માતા જૈન હતાં. આથી માતાપિતાના મૃત્યુ બાદ તેમનો ઉછેર માસીને ત્યાં રાજસ્થાનમાં થયો. તેમણે જૈન દીક્ષા લીધી પરંતુ મૂળ સંસ્કાર વૈષ્ણવના હતા એટલે જૈનસંઘમાંથી બહાર નીકળી પ્રથમ તંત્ર-દીક્ષા લીધી પછી સ્વામી ઓમકારેશ્વર પાસે યોગદીક્ષા લીધી અને અમદાવાદમાં યોગાશ્રમની સ્થાપના કરી ગુજરાતમાં સ્થિર થયા.[7] આથી તેઓના નામ આગળ યોગી લખાય છે. આવા સર્વધર્મને વરેલા યોગાશ્રમના કવિ રાજેન્દ્ર ટ્રસ્ટી છે. એ ઉપરથી યોગી ત્રિલોકચંદ્રજીનો તેમના ઉપર કેટલો બધો પ્રભાવ છે તે જોઈ શકાય છે. યોગી ત્રિલોકચંદ્રજી બાદ યોગાશ્રમના સ્વામી સ્વયંજયોતિના સતત સંપર્કમાં કવિ રહયા છે. સ્વામી સ્વયંજયોતિ વેદાંતના પ્રખર પાંચ જ્ઞાતાની ગણનામાં આવે છે. સ્વામી સ્વયંજયોતિનું સાંનિધ્ય પણ કવિને અધ્યાત્મવ્યકિતત્વના વિકાસમાં ઉપકારક નીવડયું છે. એક વખત અકસ્માત જ કવિને કલકત્તાના એક સિધ્ધપુરુષે ખેંચ્યા. કવિએ એની કસોટી કરવા એમણે ધારેલા કોઈવડેથી બોલાવવા કહયું અને એ રીતે તેમણે કવિને બોલાવ્યા તેથી એ સિધ્ધપુરુષની શકિતનું એ ખેંચાણ છે એનો કવિને ખ્યાલ આવ્યો.[8] બંગાળમાં કાશ્મીરી શૈવીઝમ, નાથ સંપ્રદાય અને શાકત સંપ્રદાયનો પ્રચાર વધુ છે. કવિને ત્યાં જ સ્મશાનપૂજામાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું હતું આથી યોગીઓ અને યોગિનીઓની તંત્રપૂજાને પ્રત્યક્ષ નીહાળવાનો યોગ કવિને સાંપડયો હતો.[9] શ્રીમન્નૃસિંહાચાર્યના યોગસાધનાના પુસ્તક 'ત્રિભુવન-વિજયખડ્ગ'માં વીર સાધકની ભૂમિકાઓ-એ બાળપણમાં જ જે સંસ્કાર પાડયા હતા તે આવા અધ્યાત્મવિભૂતિના શુધ્ધ આંદોલન-પ્રભાવથી સંકોરાતા, પરિષ્કૃત થતા રહયા. કવિ મુંબઈ જેવા વ્યસ્તતાપૂર્ણ શહેરમાં હતા ત્યાં પણ રમાકાન્તભાઈ, ગોપીનાથ જેવી વ્યકિતઓને નિયમિત પણે મળતા રહેતાં ત્યાં તેમની સંઘર્ષમય જિંદગીમાં અધ્યાત્મજયોત સંકોરાતી રહી.[10] આમ કવિની આધ્યાત્મિકતાને વિકસાવવાની જવાબદારી મૂળતઃ તેમના ગુરુએ ઉઠાવેલી પરંતુ ગુરુની સંકલ્પશકિતથી અનેકવિધ રીતે તેનો વિકાસ થતો રહયો.

અનેક વિભૂતિઓનો પ્રભાવ કવિના અધ્યાત્મવિકાસમાં ઉપકારક હોવાનું જોઈ શકાય છે પરંતુ તેમના વિચારો કોઈ સીમિત સાંપ્રદાયિકતામાં બંધાઈ

---

૬. એજન
૭. એજન
૮. એજન
૯. એજન
૧૦. એજન

જતા નથી. તત્ત્વજ્ઞાનનાં અંશરૂપે જેમાં જે સારૂં લાગ્યું તે તેમણે સ્વીકાર્યું છે. તેઓ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાધક છે. વેદાંતના સારતત્ત્વને સ્વાનુભૂતિની કસોટી પર પારખી એમણે સ્વીકાર્યું છે. 'યોગાશ્રમ'ના ટ્રસ્ટી છે પણ યોગપ્રચાર કે સંપ્રદાયપ્રચારનું માધ્યમ તેમનાં કાવ્યો બનતાં નથી.

## અધ્યાત્મવિકાસયાત્રા

રાજેન્દ્ર શાહની અધ્યાત્મવિકાસયાત્રા તેમના પૂર્વજન્મના સંસ્કારોથી આરંભાય છે. ગતજન્મનો યોગભ્રષ્ટ આત્મા આત્મકલ્યાણને અનુકૂળ કુટુંબમાં જ જન્મે છે. રાજેન્દ્ર તેમના દાદા, પિતાજીના અધ્યાત્મસંસ્કારોને લઈને જન્મ્યા અને માતાના યોગનિષ્ઠ સંસ્કારોની હૂંફમાં ઉછર્યા. નાનપણથી જ શ્રેયસ્સાધકઅધિકારી વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની ગુરુકૃપાનું કવચ એમને મળી ગયું. બાળપણમાં જ "યોગિનીકુમારી' જેવા પુસ્તકોનો અભ્યાસ કરનાર આ કવિ શ્રીમન્નૃસિંહાચાર્યના પુસ્તક 'ત્રિભુવનવિજયખડ્ગ'-માંથી વીર સાધકની ભૂમિકાઓને પણ ભણી જાય છે. બે વર્ષની ઉંમરે પિતાનું છત્ર ગુમાવનાર કવિને માતા જે સંઘર્ષ કરી ઉછેરે છે, ભણાવે છે, ત્યાર પછી વિવિધ ધંધામાં જે સંઘર્ષમય જીવન જીવવાનો સંયોગ થાય છે તેમાં કવિનું અધ્યાત્મચિંતન પરિસ્થિતિમાં ટકી રહેવાનું બળ પૈરતું જાય છે. વિકટ પરિસ્થિતિમાંથી ચમત્કારિક રીતે થતો ઉગાર કવિને કોઈ અદૃશ્ય શક્તિના જ અકળ સંચાલનનો ક્ષણે ક્ષણે એહસાસ કરાવે છે ત્યારે સમતા કવિના જીવનનું એક અભિન્નઅંગ બની જાય છે. દેહજય પછીનું આ મનોજય બીજું પગથિયું છે. જેનું મન સ્થિર હોય તેને સમતા, સામરસ્ય, અને સાયુજ્ય સાધતા વાર નથી લાગતી. કવિની જીવનસંગિની પણ કવિ માટે અદ્વિતીય પ્રેમનું પ્રસન્નમાધુર્ય લઈને કવિજીવનમાં આવે છે, જે એમને શાંકરવેદાંતની શુષ્ક ભૂમિકામાંથી કાશ્મીરી શૈવીઝમની પ્રત્યક્ષ આનંદ પ્રતીતિની સેન્દ્રિય ભૂમિકાએ બ્રહ્મની -આનંદની સ્વીકાર કરવા પ્રેરે છે. શંકરાચાર્યના 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા'ના સૂત્રને તેઓ 'બ્રહ્મ સત્ય જગત સત્ય'ની ભૂમિકાએ માણી રહે છે. કવિનો અધ્યાત્મવિકાસ બીડાયેલા કમલદલની પાંખડીઓના ઉઘાડની જેમ ઉઘડતો ગયો હોવાનું જોઈ શકાય છે.

# ૩.૨ સમગ્ર કવિતાનું અધ્યાત્મલક્ષી પરિશીલન

રાજેન્દ્ર શાહની કાવ્યયાત્રા ૧૯૫૧માં 'ધ્વનિ'થી આરંભાઈ અદ્યાપિપર્યંત ચાલુ જ રહી છે. ૧૯ કાવ્યસંગ્રહો અત્યાર સુધીમાં પ્રગટ કરનાર કવિની કાવ્યયાત્રા જેટલો જ તેમનો અધ્યાત્મયાત્રાનો પંથ પણ દીર્ઘ છે. એમને કેવળ પ્રાપ્તિ જ થઈ છે, સાદ્યંત -અનંત. માત્ર આ પ્રાપ્તિની માત્રા વધુ ને વધુ તીવ્ર, પ્રગાઢ, ગહન બનતી ગઈ છે ઉત્તરોત્તર. કવિની આ અધ્યાત્મસાધનાની પ્રાપ્તિના સોપાનની કેડી ને પારખવાનો પ્રયત્ન હવે આપણે તેમની સમગ્ર કવિતાના પરિશીલન દ્વારા કરીશું.

## ધ્વનિ

કવિ નિરુદ્દેશે સંસારનું ભ્રમણ કરવાનો ઉદ્દેશ લઈને કાવ્યનો પ્રથમ ઉઘાડ કરે છે તેમના 'ધ્વનિ' કાવ્યસંગ્રહ દ્વારા. આ સંગ્રહમાં કુલ ૬૩ કાવ્યો

અને ૪૫ ગીતો છે. નવતર કવિતાનો સૌંદર્યલક્ષી અભિનવ અભિવ્યક્તિ લઈને કવિ ગુજરાતી કવિતાના ક્ષેત્રમાં પદાર્પણ કરે છે. અન્ય ચાતરેલી કેડીઓથી ઊફરા, તત્કાલીન ઘટનાઓથી બિલકુલ અલિપ્ત એવા કવિ રાજેન્દ્ર શાહ એમના પ્રથમ જ કાવ્યસંગ્રહમાં સૌંદર્યમુગ્ધ કવિતાના સર્વોત્કૃષ્ટ ભાવજગત લઈને નિજની કેડીએ પ્રયાણ કરે છે. પોતાની કેડી રચતો કવિ અધ્યાત્મની પણ કેડી રચતો રહે છે. ઉરના સ્પંદનોના ગુંજારમાં પ્રગટ થતા ધ્વનિને તેઓ પ્રગટાવે છે 'ધ્વનિ' કાવ્યસંગ્રહના કાવ્યજગતમાં.

'ધ્વનિ' કાવ્યસંગ્રહ કવિની શબ્દની સાધનાનો તીવ્રતમ ઉઘાડ બનીને આવે છે. શબ્દની સાથેનો અને શબ્દની સાધનાના પૂર્ણતમ આલેખને પ્રગટાવતો કવિનો આ કાવ્યસંગ્રહ અને તેમાંય સંગ્રહની તેમ જ સમગ્ર કવિતાની પ્રસ્તાવનારૂપ પ્રથમ કાવ્ય 'નિરુદ્દેશે' કવિના વ્યક્તિત્વના, કાવ્યજીવનના અને અધ્યાત્મના ત્રિવિધ પરિમાણોને પ્રગટ કરે છે. 'ધ્વનિ' થી આરંભાયેલી 'આરણ્યક' સુધીની કાવ્યયાત્રાનું, વાસ્તવિક જીવન-યાત્રાનું અને અધ્યાત્મયાત્રાનું 'આમુખ' કહી શકાય 'નિરુદ્દેશે' કાવ્યને એમ હું માનું છું. 'આમુખ' એ પૂર્ણકૃતિની લઘુઆવૃત્તિ જેવું હોય છે. 'નિરુદ્દેશે' કાવ્ય પણ કવિની સમગ્ર કવિતાના વિસ્તારને બિડાયેલા કમલદલની જેમ ધારણ કરે છે. ક્રમે ક્રમે ખુલતી જતી પાંખડીઓની જેમ અહીં જે મૂળભૂત રીતે નિહિત છે તે ઉત્તરોત્તર મળતા કાવ્યસંગ્રહોમાં સોળે કળાએ ખીલી રહે છે. કવિના વ્યક્તિત્વના ત્રણે પાસાંઓને ત્રિપરિમાણિક કાચની જેમ એકસાથે અને સહોપસ્થિતિમાં રજૂ કરતું 'નિરુદ્દેશે' કાવ્ય એમની સંપૂર્ણ અસ્મિતાને પ્રગટ કરે છે.

કાવ્યના ઉઘાડમાં નિરુદ્દેશે સંસારનું ભ્રમણ કરતા કવિને કુસુમની ગંધ આલિંગે છે, કોકિલનો કંઠ સાદ કરે છે, નિખિલના સૌ રંગ જોઈ કવિના નેણ ઘેલાં બને છે. મન લઈ જાય ત્યાં પ્રેમના સન્નિવેશે કવિને જવું છે. પંથ કોઈ નક્કી નથી કવિનાં પગલા પડે તે જ તેમની કેડી છે. કવિનો શુભસંકલ્પ અહીં પ્રગટી રહે છે. કવિને નેજ-છાયા તણે લોક જવું છે, પ્રસન્નવીણા પર પુરવી છેડી આનંદસાગરમાં કવિની હોડી સરી જાય છે. જગતમાં પ્રચ્છન્ન પ્રભુના આત્મ સાથે ઐક્યનો અનુભવ કરતા કવિનું જીવનલક્ષ્ય પણ એ જ છે.

'હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષ ....'
(ધ્વનિ, પૃ૦૯ - ૨)

સોઽહમ્‌નો રણકાર અહીં ગુંજતો જણાય છે.

કવિશ્રી રાજેન્દ્ર શાહ કવિ છે, એક વ્યક્તિ છે, અને વધુમાં અધ્યાત્મને વરેલા છે ત્યારે કવિના આ ત્રણેય પાસાંઓ પ્રગટ કરવામાં એક જ કાવ્ય કેટલું અર્થઘન, રસઘન અને સાચા અર્થમાં આધ્યાત્મિક છે તેની વિગતે ચર્ચા કરીએ. સૌ પ્રથમ તો કવિનું સંસારે મુગ્ધ ભ્રમણ ઉદ્દેશરહિત છે. કવિનો કાવ્યજગતનો-ભાવજગતનો પ્રવાસ કોઈ જ લક્ષ્યને સિદ્ધ કરવા માટે નથી. કાવ્યરચના, પ્રવૃત્તિ એક મુગ્ધ, આશ્ચર્યકારક, આનંદપ્રદ અનુભવ લેવા માટે જ છે. કાવ્યસર્જનના વિવિધ ઉદ્દેશો પૈકી ભૌતિક હેતુઓ જેવાકે અર્થપ્રાપ્તિ કે પ્રતિષ્ઠાપ્રાપ્તિને અવગણીએ તોય, આનંદપ્રાપ્તિના ઉદ્દેશને નકારી શકાતો નથી. મુગ્ધભ્રમણ કરતા કવિ આનંદ-સાગરમાં એમની મનસુનૌકાને સરી જતી જુએ છે. આમ કવિનું નિરુદ્દેશ કાવ્યસર્જન કાવ્યાનંદ લેવો ને આપવો એવા ઉમદા ઉદ્દેશને ધ્વનિત કરે છે. કાવ્યસર્જનનો કવિનો સજ્જતા છે કે

નહીં તેનો કવિને ખ્યાલ નથી . તેઓ તો 'પાંશુ-મલિન વેશે' પોતે જેવા છે તેવા જ કાવ્યવિશ્વમાં વિહાર કરવા નિકળી પડયા છે. આપણે જાણીએ છીએ કે કવિની કાવ્યયાત્રા ઈન્દ્રિયસંતર્પક છે. ઈન્દ્રિયગ્રાહ્યના કવિ રાજેન્દ્રની કવિતાનું આગવું તત્ત્વ છે. આથી કવિને કુસુમનો ગંધ. કોકિલનો કંઠ. નિખિલના સહુ રંગ સ્પર્શે છે. નાક કાન. આંખને તોષે એવું બધું જ. કવિ અહીં આલેખે છે. કવિને પ્રેમને સન્નિવેશે મન જયાં લઈ જાય ત્યાં જવું છે . કાવ્યસર્જન માટે કોઈ વિષયની પસંદગી પણ કરવાની નથી બસ કવિનું મન જયાં જાય ત્યાં જવું, જે કહેવાય તે કહેવું . કશું નિશ્ચિત નથી. કોઈ કાવ્યશૈલી , માર્ગ કે પંથ કવિને સ્વીકાર્ય નથી. માટે તો કવિની કવિતા તત્કાલીન સમયના બહુચર્ચિત વિષયોથી સાવ અલિપ્ત નિજનો પંથ કંડારતી આગળ વધી છે. કવિને વાસ્તવ જગતમાં નહીં પોતે રચેલા પોતાના જ ભાવવિશ્વમાં વિહાર કરવો છે, તેજછાયાના અગમ્ય લોકમાં વિહાર કરતાં થતી ગૂઢ અનુભૂતિઓને આલેખવી છે. આ અનુભવો જે પ્રસન્નતા આપે છે એ પ્રસન્નવીણા પર પૂરવી રાગ છેડી આનંદસાગરના જલમાં કવિની ભાવનૌકા અભિસરણ કરે છે. આખરે તો કવિનું કાવ્ય સહૃદય ભાવકો માટે છે. કવિ એક એક ભાવકના હૃદયમાં સહુની સંગે વિલસી રહે છે અને અવશિષ્ટ પણ પોતે જ તે બ્રહ્મસહોદર આનંદમાં વિલસતા રહે છે.

આમ આ કાવ્ય કવિની કાવ્યસર્જનની સમગ્ર વિશેષતાઓને પ્રગટ કરે છે. કાવ્યના વિષયો પ્રકૃતિ, પ્રેમ, અધ્યાત્મ અહીં ધ્વનિત છે. 'કુસુમનો ગંધ ' અને 'કોકિલનો કંઠ ' પ્રકૃતિનું. 'પ્રેમને સન્નિવેશે ' પ્રણયનું , નિખિલના સૌ રંગ પ્રચ્છન્ન-પ્રભુનું દ્યોતન કરે છે. કવિનો કાવ્યરચનાનો ઉદ્દેશ 'કલા ખાતર કલા' છે. તેઓ કોઈની શૈલી કે સ્વરૂપનું અનુસરણ ન કરતા સમયની બહારની કવિતા પ્રગટાવી એક એક ડગ ભરતા નિજની કેડી રચતા જાય છે. પ્રસન્નમધુર આનંદ જ કવિના કાવ્યસર્જનની ફલશ્રુતિ છે. તેમનો ભાવવિશ્વનો મુગ્ધવિહાર તેમના એક એક વસ્તુ સાથેના તાદાત્મ્ય-સાક્ષાત્કારમાં તેમને વિલસાવે છે. કવિ કાવ્યસર્જનની પ્રક્રિયામાં જે તત્ત્વ સાથે તદ્રૂપ બને છે તેમાં વિલસી રહે છે અને એ તદ્રૂપતાની ક્ષણો પૂરી થતાં જે અવશિષ્ટ રહે છે તે 'કાવ્ય'માં પણ કવિ જ વિલસી રહે છે. આમ કવિની કાવ્યયાત્રાના સાદ્યંત અનુભવના આમુખ સમું આ કાવ્ય બને છે જે કવિના કવિ તરીકેના વ્યક્તિત્વના પાસાને પૂર્ણતઃ પ્રગટ કરે છે.

'નિરુદ્દેશે' કાવ્ય કવિના જીવનને પણ સંપૂર્ણપણે પ્રતિબિંબિત કરે છે. એમની સમગ્ર જીવનયાત્રા પર દૃષ્ટિ નાંખતા કવિનું વાસ્તવિક જીવન પણ કવિએ કાવ્યમાં નિરૂપેલ ગુણલક્ષણોથી યુક્ત હોવાનું જોઈ શકાય છે. એમણે એમના જીવનમાં પ્રેમ અને માધુર્યને જ ભરપેટ માણ્યું છે. 'પાંશુ-મલિન વેશ' ઈન્દ્રિયરાગનું દ્યોતન કરે છે. કવિએ પાંચેય ઈન્દ્રિયોથી જીવનરસનો તૃપ્તિકર અનુભવ કર્યો છે. સંઘર્ષમય જિંદગીમાં પણ કવિને સંઘર્ષનો અનુભવ થયો નથી. એમનું મન માન્યું એવાં જ કાર્યો કર્યાં છે. અભ્યાસ છોડી સ્વાતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવામાં ; જુદા જુદા ધંધાઓ અને કામોમાં કવિ પોતાના અંતરાત્માના અવાજને જ અનુસરતા રહ્યા છે. તેમના વાસ્તવજીવનમાં પણ પ્રકૃતિ, પ્રેમ અને અધ્યાત્મ સ્પર્શતા રહ્યાં છે. થાણાનાં જંગલોની પ્રકૃતિ, પ્રસન્નદાંપત્ય-પ્રેમ અને સ્થૂળ અને સૂક્ષ્મ જગત સાથેના અદ્વૈતાનુભવમાંથી પ્રગટતું અધ્યાત્મ એ કવિના જીવનના અદ્વિતીય અનુભવો છે . અભ્યાસ માટે તત્ત્વજ્ઞાનનો વિષય પસંદ કરવામાં, કવિના દાંપત્યજીવનની સભરતામાં અને જીવનનાં બધાં જ કાર્યો કરવા છતાં કર્તૃત્વની ભાવનાથી પર રહી અદૃશ્ય શક્તિના માર્ગદર્શન મુજબ જ કવિ જીવતા રહ્યા છે.

નિજાનંદની મસ્તીને માણતા કવિની પ્રકૃતિ સાથે, પ્રિયતમા સાથે અને પરમતત્ત્વ સાથે એકાત્મકતા હંમેશા આનંદસભરતાનો અનુભવ આપે છે. કવિની એકાંતપ્રિયતા સહુ સંગે વિલસતા અને અવશિષ્ટ રહેલા પોતાનો પણ પરિચય આપે છે. જીવનની ચડતીપડતીમાં તેજછાયામાં કવિ પસન્નતાને ગુમાવતા નથી. કવિની જીવનનૌકા આનંદસાગરમાં જ સરતી રહી છે. કવિએ જીવનના સર્વરસોની ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિ માણી છે. નિખિલના સહુ રંગોને નિહાળ્યા છે અને પ્રેમના સન્નિવેશે મન ચાહ્યું એ જ કવિએ જીવનમાં કર્યું છે. આમ 'નિરુદ્દેશે' કાવ્ય કવિની જીવનયાત્રાને પણ સાકાર કરે છે. એમનું જીવન કોઈ ઉદ્દેશ વિના સંસારનું મુગ્ધભ્રમણ છે. જીવનના ઉદ્દેશો ધર્મ, અર્થ, કામ , મોક્ષ પૈકી કવિને માટે એક પણ નથી. કવિને લાધ્યું તે માણ્યું. કવિતો કહે છે મોક્ષ ઇચ્છવાનો પણ આપણને શો અધિકાર છે? જેણે એકમાંથી અનેક બનવાનો સંકલ્પ કર્યો અને સૃષ્ટિની રચના કરી, તે જ ઇચ્છશે આપણને એમનામાં ભેળવી દેવાનું પણ.[૧૧] આમ કવિનું જીવન ઉદ્દેશરહિત છતાં જીવનના મૂળભૂત ઉદ્દેશોને -ધર્મ, અર્થ, કામ, મોક્ષને સાર્થક કરતું હોવાનું જણાઈ આવે છે.

અધ્યાત્મ એ રાજેન્દ્રના વ્યક્તિત્વનું અભિન્ન પાસું છે. કવિની અધ્યાત્મયાત્રા તેમના પૂર્વજન્મના સંસ્કારાધાનથી આરંભાઈ સતત ચાલતી રહી છે. આ અધ્યાત્મવિકાસયાત્રાનો લઘુઆલેખ પણ આપણને એમના આ કાવ્યમાંથી મળે છે. કવિની અધ્યાત્મયાત્રા પણ નિરુદ્દેશ છે .કવિની યોગસાધનાનો હેતુ પ્રભુની પ્રાપ્તિ, દર્શનનો અભિલાષ, મોક્ષની પ્રાપ્તિ એવાં અન્યના જેવો નથી. કવિની એકમાત્ર અમૂલ્ય સંપ્રાપ્તિ કવિને અદ્વૈતાવસ્થાનો જે આનંદ મળ્યો છે તે જ છે. કવિનું અધ્યાત્મજગતનું ભ્રમણ પણ મુગ્ધતાપ્રદ છે. કવિએ પ્રકૃતિ સાથેના તાદાત્મ્યમાંથી તેના રસ, રંગ, રૂપ, ગંધ માણ્યા છે. પ્રણયાનુભૂતિ પણ અદ્વૈતના પરમોચ્ચ શિખરને આંબતી જણાય છે અને પરમતત્ત્વની સંપ્રાપ્તિ નિખિલના સૌ રંગોમાં પ્રેમને સન્નિવેશે જવું, ચરાચર વિશ્વમાં બ્રહ્મરૂપે રહેલા પરમાત્મતત્વને જોઈ ,માણી ,આનંદી રહેવું એમાં જ છે. કવિ કોઈ સંપ્રદાયની કંઠી પહેર્યા વિના એક એક ડગલું ભરતા અધ્યાત્મની નિજ કેડીએ જ વિચરે છે. તેજછાયાના અગમ્યલોકમાં વિહરી અણદીઠના સાક્ષાત્કારને પામે છે. આનંદ-સમાધિમાં લીન બની પ્રસન્નમનવીણા પર પૂરવી છેડી કવિનો આત્મા નિજાનંદના બ્રહ્મસાગરમાં સરતો રહે છે. બ્રહ્મને પામીને બ્રહ્મરૂપ બનેલા કવિ સહુ સંગે વિલસી રહે છે અને અવશેષે પણ પોતે જ રહે છે 'સોડહમ્'નો ધ્વનિ અંતિમ કાવ્ય-પંક્તિઓમાંથી પ્રગટી રહે છે. સંસારે મુગ્ધ નિરુદ્દેશ ભ્રમણ કવિને સૃષ્ટિમાં પ્રચ્છન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે છે. બ્રહ્મમય બનેલા કવિને સૃષ્ટિમાં વિલાસ અને એ તદ્રૂપતાની ક્ષણો સરી જતા અવશિષ્ટ પોતાનો ય બ્રહ્મરૂપ વિલાસ કવિ અધ્યાત્મની સંપ્રાપ્તિરૂપે પામે છે,આમ 'ધ્વનિ'થી 'આરણ્યક' સુધીની કવિતામાં પ્રગટ થતો કવિનો અધ્યાત્મવિકાસની રેખાઓનો પૂર્ણ આલેખ 'નિરુદ્દેશે' કાવ્યમાંથી મળે છે.

આપણે આગળ જોયું કે 'પાંશુ-મલિન વેશ' ઇન્દ્રિયરાગનું દ્યોતક છે. કવિની અધ્યાત્માનુભૂતિ પણ ઇન્દ્રિયગ્રાહ્ય છે. કવિને શાંકરવેદાંતની શુષ્ક ભૂમિકા માન્ય નથી .કવિ આત્મા સાથે સંકળાયેલી ચિત્તવૃત્તિઓને સંતર્પક ઇન્દ્રિયગ્રાહ્ય અધ્યાત્માનુભૂતિને શોધે છે. અદ્વૈતની અધ્યાત્માનુભૂતિને પ્રકૃતિ સાથેની એકરૂપતામાં, પ્રણયભાવની અદ્વૈતાનુભૂતિમાં અને બ્રહ્મમયતાની અનુભૂતિમાં તેઓ પામે છે. કવિને

---

૧૧. રંજન

કુસુમ કેરી ગંધ આલિંગે છે જે સમવાયરૂપ પરમાત્મનો અનુભવ આપે છે. ક્યારેક કોકિલનો કંઠ ધ્વનિરૂપ નાદબ્રહ્મનો અનુભવ આપે છે. નિખિલના સહુ રંગ નિહાળી તેઓ ઘેલા થાય છે. પ્રચ્છન્નબ્રહ્મના આવિષ્કારને ઝીલતું જગત જે અવનવા રંગો પલટાવે છે તે એમને ઘેલું લગાડે છે, વધુ ને વધુ આકર્ષે છે. એમને સન્નિવેશે મન ઇચ્છે તે રીતે આ અધ્યાત્મભાવને તેઓ પામે છે. આમ 'નિરુદ્દેશે' કાવ્ય કવિની અધ્યાત્મયાત્રાના આલેખને પણ પૂર્ણપણે સમાવે છે.

આ કાવ્ય કવિના સંપૂર્ણ વ્યક્તિત્વને પ્રગટ કરે છે. તેમના વ્યક્તિત્વના કવિ, વ્યક્તિ અને અધ્યાત્મયાત્રી તરીકેના સર્વ લક્ષણો અહીં સુંદર કાવ્યાત્મક રીતે ધ્વનિત થાય છે. કવિનું આખું આ અર્થઘન કાવ્ય સુંદર કાવ્યાત્મક રસાનુભૂતિ કરાવે છે. એમની શબ્દ પસંદગી, રસળતી શૈલી અને અનેક અર્થચ્છાયાઓ પ્રગટાવતી અભિવ્યક્તિ કાવ્યસૌંદર્યની પરમસીમાએ રજૂ થઈ છે. આ કાવ્ય જેમ બિંદુમાંથી પ્રગટતા અનંત અને બિંદુમાં જ પાછા લય પામતા અનંત જેવી અધ્યાત્માનુભૂતિને પ્રગટ કરે છે તેમ આ લઘુકાવ્યની અનુભૂતિનો વિસ્તાર છે કવિનું સમગ્ર કાવ્યસર્જન અને કવિનું સમગ્ર કાવ્યસર્જન પાછું સત્વરૂપે આ કાવ્યમાં જ સમાવિષ્ટ બને છે. કવિની અંનતની અનુભૂતિ જેવી જ આ કાવ્યની અનંત છાયાઓ પ્રગટે છે, જે કવિની અસ્મિતાનો પૂર્ણ પ્રકાશ બની 'ભાવક-હૃદયને પરિપ્લાવિત અને પરિતૃપ્ત કરે છે.

જેમ 'નિરુદ્દેશ' કહીને પછી તરત જ કવિ સંસારના અનુભવોના રહસ્યનું વાસ્તવથી પર અને પારના પ્રદેશનું દર્શન કરવાનો ઉદ્દેશ સેવે છે તેમ 'તમસો મા...', 'કને નવ શું માહરી ?', 'રહસ્યઘન અંધકાર', 'સંધિકાળ', 'તંતુ શી એકતાનો !', 'હે દીપજ્યોતિ' ઇત્યાદિ કાવ્યોમાં કવિ પ્રકાશમાં નહીં પણ અંધકારમાં આ રહસ્યનું દર્શન કરે છે. આ કાવ્યમાં વિચારવસ્તુનું સામ્ય છે. તેજને નિમંત્રણ અને અંધકારમાં રહસ્યનું ઉદ્ઘાટન એ આ કાવ્યોનો પ્રધાન સૂર છે. કવિને જીવનમાં પૂર્ણ સંતોષ છે, જીવનનો તૃપ્તિકર અનુભવ છે, પરંતુ રહસ્યોદ્ઘાટન માટે કવિ ઝૂરે છે. જે રહસ્યની કવિ 'નિરુદ્દેશે'માં સ્થાપના કરે છે તે રહસ્યને પામવાની યાત્રાનો પૂર્ણ આલેખ તેમની સમગ્ર કવિતાયાત્રા પ્રગટ કરે છે.

'તમસો મા' કાવ્યમાં અંશુના શર વડે તિમિરને વીંધીને દર્શનોત્કંઠ નયનને દર્શન આપવા કવિ સૂર્યને કહે છે.

'આવો હે સૂર્ય ! આવો મખમલ પગલે પદ્મને ફુલ્લ પ્રાન્ત.'

(ધ્વનિ, પૃષ્ઠ- ૨)

કાવ્યના પ્રારંભમાં કવિને કાયા વિનાનો હોવા છતાં અંધારનો ભાર લાગે છે. જીવનસરમાં દૃષ્ટિનું પદ્મ ઊગ્યું છે છતાં અંધાર દૂર થતો નથી. વ્યોમના રશ્મિ કેરી શ્રુતિ પર કવિ નયન માંડીને બેઠા છે તો ત્યાં ધુંધળું તેજ દેખાય છે. જેમ તૂટતી જીવાદોરી પકડીને પાછા તરફડે તેમ કવિ સ્વપ્નની હેલી ફરી ફરી રચે છે અને 'તમસો મા જ્યોતિર્ગમય'-ની પુનિત પ્રાર્થનાની જેમ તેજ ને આમંત્રે છે. કવિના જીવનસરોવરમાં જે દૃષ્ટિરૂપી પદ્મ ઊગ્યું છે તે ખિલેલા કમલને પ્રાન્તે મખમલ પગલે તેજને પધારવા કવિ નિમંત્રે છે. અધ્યાત્મયાત્રાની યોગનિષ્ઠ ભૂમિકા પ્રથમથી જ કવિના કાવ્યોમાં અજ્ઞાતપણે વણાતી રહી છે. કવિ પાસે બધું જ છે માનવ પ્રકૃતિ અને બ્રહ્માંડનો અનુભવ છે, પણ એ અનુભવના રહસ્યના દર્શન વિના કવિને બધું જ નિરર્થક લાગે છે. 'કને નવ શું માહરી?'-માં કવિ કહે છે કે મારી પાસે શું નથી ? વિમલ બુદ્ધિથી જીવનમાં કર્મ કરતાં કવિ અંતરમાં આનંદ માણી રહે છે. પ્રકૃતિના આંગણે સરી જઈ મૌનના ગહન ગીત ભણી

નિતાંત શાંતિ પામે છે. કવિને જે ગૂઢ અનુભૂતિઓ થાય છે તેનું વર્ણન કરતા તેઓ કેંક જ્વલિત બ્રહ્માંડને નિરભ્ર અવકાશના તિમિરમાં સંનર્તન વડે અલક્ષ્ય થલ-કાળમાં અગમ અક્ષરો આંકતા જુએ છે ત્યારે તે ગતિમાં વિસ્મયને પામે છે. વિશ્વલીલાની ગૂઢ અનુભૂતિનું વિસ્મય કવિમાં એ રહસ્યનાં મૂળ સુધી પહોંચવા સતત સોત્કંઠ બનાવે છે. એટલે જ કાવ્યાંતે કવિ કહે છે કે મારી પાસે સકલ - બધું જ છે અને છતાં --

'રહસ્યવિણ એકલો કવચિત્ ઝૂરતો નોય રે ?'

(ધ્વનિ, પૃષ્ઠ- ૩)

એમને અતૃપ્તિ તો જરાય નથી પણ રહસ્યને પામવામાં ઝૂરવું પડે છે. કવિને આ રહસ્યદર્શન પણ અંધકારમાં જ થાય છે. 'રહસ્યઘન અંધકાર'માં કવિને નાનકડો કુટિરમાં નાનો શો દીવડોનાં આછાં તેજમાં જ મધુરપ લાગે છે. જિંદગીમાં કોઈ અધુરપ નથી. કવિ પોતાને પ્રપૂર્ણ માને છે. પણ એ નાનકડો દીવડો ઓલવાઈ જતાં ઝીણી જલન સાથે અંધકાર ઝરે છે. અંધકારના ઊંડાણ અતલ છે. તેને સીમા નથી પરંતુ દીવાના તેજથી અંધ બનેલા કવિનાં નયન અંધકારમાં અમિત કરુણાથી ભરેલું નિરાળું રહસ્ય નિહાળે છે. કવિમાં અધ્યાત્મદૃષ્ટિ ખીલી છે પરંતુ એમનું દર્શન નાનકડો દીવડો જેવું સીમિત છે. એમને પહેલાં તો આ નાનકડો દીવડોના તેજથી જ સંતોષ હતો પરંતુ તે ઓલવાઈ જતા અતલ સીમાહીન અંધકારનો અનુભવ થયો તેમાં રહસ્યના અંત સુધી પહોંચવાની પોતાની મર્યાદાનું કવિને ભાન થયું . આ અંધકારમાંથી થતી અનંતની અનુભૂતિ કવિને નિરાળું અને કરુણાથી ભરેલું રહસ્ય આપી જાય છે. રહસ્ય નિરાળું તો છે જ કેમ કે કવિના સીમિત દર્શનનો વિસ્તાર થયો છે અને અમિત કરુણાથી ભરેલું છે કારણ કે કવિ જે રહસ્ય વિણ ઝૂરે છે એના ઉદ્ઘાટનની કરુણા તે કવિ ઉપર ઢોળે છે. આમ ગૂઢ રહસ્યને પામવાની ઉત્કંઠા અને રહસ્યનું દર્શન અંતે એમને અંધકારમાંથી જ પ્રાપ્ત થાય છે. એ જ રીતે અંધકાર અને તેજના સંક્રાન્તિકાળે કવિ જે રહસ્યને પામે છે તેનું વર્ણન 'સંધિકાળ'માં મળે છે. વીતી જતી રજનીના ઉરની વ્યથાનો નિશ્વાસ અને ઉદય પામતા પ્રભાતનો હર્ષોલ્લાસ એ સંધિકાળમાં, આવનાર અને જનારનો આનંદ અને કરુણ ક્રંદનનો, પૂર્વાપર અપાર્થિવ મેળો જ્યાં થાય છે ત્યાં નિરંતર જન્મ અને મૃત્યુનો સંધિકાળ જુએ છે, તો કવિને વિરોધોની વચમાં વસતા સંવાદના રહસ્યોનું દર્શન થાય છે 'તંતુ શો એકતાનો' કાવ્યમાં. કવિ પરબ્રહ્મના એકત્વ-સાતત્યના પરમ રહસ્યને કેટલી પ્રમાદ રીતે વ્યક્ત કરે છે !

'ન્યારાં છે પાત્ર તો યે વિનિમય લહું શો આત્મની ચેતનાનો'

'વિશ્વે સર્વત્ર સૌમાં અદીઠ વહી રહ્યો તંતુ શો એકતાનો !'

(ધ્વનિ, પૃષ્ઠ- ૭)

લીલારૂપ વિશ્વમાં બ્રહ્મનો સ્થિતિનું દર્શન કવિ અહીં આ રીતે પામે છે તો અંધારમાંથી જ થતા તેજના ઉઘાડને કવિ પામે છે 'હે દીપજ્યોતિ' કાવ્યમાં. દીપજ્યોતિને ઉદ્દેશીને તેઓ કહે છે કે દુર્ભેદ્ય ખડક જેવા અંધારમાં તેજનો ઉઘાડ કરી ચિત્તને વાત્સલ્યથી તેં વશ કરી દીધું છે. ત્યાં રૂપહીન કોઈક અપરિચિત અંભોધિને બંધ નયન તેજપુંજે નિહાળી રહે છે અને શાંતિલીન બની સોઽહમ્‌નો મંત્ર હૈયાના ધડકારા સાથે ગુંજી રહે છે. કવિનો જીવ ઊંડાણોમાં ડૂબકી દઈ ધીરેથી શ્વાસ લેવા બહાર ડોકાય છે ત્યારે આછો દૃગ ઉઘાડતા દીપજ્યોતિ કવિને ફરીથી અરવ અણસારે દ્યુલોકમાં વિહાર પ્રેરી રહે છે. યોગક્રિયામાં યોજાયેલા કવિને અંધકારમાં જે અનંતના રૂપનું દર્શન થયું છે તે જ અનંતનું દર્શન કવિને અહીં પ્રકાશ પ્રેરી રહે છે. અજ્ઞાન અને જડતાના ખડક સમ

અંધારામાં કવિને તેજનો ઉઘાડ સાંપડે છે. કવિ એકાગ્ર ધ્યાનમગ્ન બની બંધ આંખે રૂપહીન તેજપુંજના અપરિમિત સાગરને જુએ છે. શ્વાસ સોહંનો મંત્રગુંજે છે જીવ અતલ ઊંડાણોમાં ડૂબકી દે છે અને જયારે પાછો બહાર ડોકાય છે ત્યારે પુનઃ એ જ અનંતને પ્રકાશના સાંનિધ્યે આલોકિત થતું જુએ છે. આ તેજમંત્ર એમના શિશુઉરના દ્વાર અનંતનામાં ઉઘાડે છે. આમ અંધકારમાં જે અનંતનું રહસ્ય સાંપડયું છે તેને કવિ દીપજયોતિના સાંનિધ્યે ધ્યાનયોગમાં પુનઃ પામે છે.

'હૃદય હે '' કાવ્યમાં હૃદયને તેના મહેલના દ્વાર બંધ ન કરવા તેઓ કહે છે કારણકે જેવો તું આગળો બંધ કરીશ કે તું તારામાં નિબધ્ધ બની જઈશ. સમય-સંચિત સર્વ સિધ્ધિ શિરે ભારરૂપ બની રહી છે આથી ઊંચે કે અતિ દૂર જોઈ શકાતું નથી, પરંતુ કોઈક પવનની લહેરી થકી વૃક્ષનાં મર્મર ઊઠે ત્યાં હૃદય આનંદિત અને ભયગ્રસ્ત મૂક બની રહે છે. કવિ કહે છે કે હે હૃદય તારી પાસે ઘણું છે તારા પ્રાપ્તવ્યની કોઈ હાનિ નથી છતાંય ગૌરવ અને ગુમાન તો છે જ. એમની ઇચ્છા છે કે જયારે સકલબોજ ફગાવી દઇ ઊર્ધ્વશિરે નભના નિગૂઢ ઊંડાણમાં અતિદૂર તે વિહરશે ત્યારે જ પોતાની વિસ્મૃતિમાં તારું અવકાશ ખુલશે. અહીં પણ યોગક્રિયામાં જ્ઞાનોપલબ્ધિ કેવી રીતે થશે તે પોતાના હૃદયને કવિ સમજાવી રહ્યા છે. જયારે હૃદય અહંકારને છોડી પોતાના સર્વ ગુણને વિસરી જશે અર્થાત્ ત્રિગુણાતીત બનશે અને ધ્યાનયોગમાં મસ્તકમાં રહેલા નિગૂઢ આકાશના ઊંડાણમાં અતિ દૂર અર્થાત્ પારના પ્રદેશમાં વિહાર કરશે ત્યારે જ અવકાશ ખુલ્લું થશે અર્થાત્ અનંતજ્ઞાનની પ્રાપ્તિ થશે. પ્રાપ્ત થયેલી દૃષ્ટિથી અને અંધકારમાં થયેલો અનંતનો ઝાંખોથી તેને પામવાનો ઉપક્રમ કવિએ આદરી દીધો છે.

કાવ્યના અંતે ઉપનિષદનો પડઘો પાડતા તેઓ કહે છે

'તું રિકત થૈ સભર થા,
ત્યજીને તું પામ.
ને શૂન્ય થૈ
હૃદય હે '...
તું પૂર્ણમાંહિ રમ પૂર્ણથી હે પ્રપૂર્ણ ''
(ધ્વનિ.પૃ૨૯- ૯)

અહીં કામ,ક્રોધ, અહંકાર ઇત્યાદિ ભાવોથી રિકત થઈને જ આત્મભાવથી સભર થઇ શકાય છે, અહમ્‌ને છોડીને જ બ્રહ્મને પામી શકાય છે, શૂન્ય થઈ પૂર્ણતામાં રમી શકાય છે એ વાતને અહીં સુંદર કાવ્યાભિવ્યકિત સાંપડી છે. કવિનો યોગનિષ્ઠ અધ્યાત્મ-પ્રયાસ અહીં પણ કાવ્યમાં ગુંથાતો આવે છે.

'સ્વપ્ન જાગૃતિ' કાવ્યમાં રહસ્યમય ગૂઢ અનુભવોનું ભાવજગત રાજેન્દ્ર રજૂ કરે છે. કવિ ઊંડા જળમાં ડૂબકી મારી ધીરે ધીરે ઉપર આવે તેમ સ્વપ્નમાંથી જાગે છે. પોપણ ખુલે છે ત્યારે ચોગમ એકલો અંધાર છે. કવિ અંધકારમાં ક્ષણભર મીટ માંડી રહે છે. ત્યાં કોઈક અચર આકાર પ્રગટે છે જેની કોઈ ગતિ નથી. પરંતુ જેમ જેમ કવિ સ્વપ્નમાંથી જાગૃત બને છે તેમ તેમ આ અચલ આકારની સૃષ્ટિ છતી થાય છે. કોઈક અપાર્થિવ તત્ત્વનો ઉરને આભાસ છે તેની ધીમે ધીમે ફરી ઓળખ થતી જાય છે. તે ક્ષણે --

'શાન્તિ છે સર્વત્ર શાન્તિ નિતાન્ત, ને
મન માહરું ય પ્રશાન્ત છે.'
(ધ્વનિ,પૃ૭૯-૧૦)

પણ કવિ પડખું ફરી જરા પાંપણ ઢાળે છે ત્યાં તો કવિ નિર્ભ્રાન્ત બની કોઈક અવર સૃષ્ટિમાં પોતાને જ મ્હાલતા જુએ છે. કવિની જિંદગીની અનુભૂતિ નિરાળાં તેજ-છાયાની છે પણ ક્ષણ પૂર્વેની જાગૃત સ્થિતિ તેમને સ્મરણમાં આવે છે અને જાગૃતિની એ મોંઘી ક્ષણો દૂર સરી જતી લાગે છે. કવિ જાગૃતિની એ ક્ષણને ત્યાં સુધી જોઈ શકે છે જ્યાં સુધી તેમને પોતાની હયાતીનું ભાન રહેતું નથી. આમ વાસ્તવજગતથી પર અપાર્થિવ આભાસના આકારની સૃષ્ટિનો અનુભવ કવિને સ્વપ્નની જાગૃતિ લાગે છે, તો પ્રત્યક્ષ જિંદગી કવિ માટે સ્વપ્નવત્ છે. હયાતીનું ભાન અને સ્વપ્નની જાગૃતિની અવસ્થા વચ્ચે કવિ ઉભયની અનુભૂતિનો સાક્ષી સમા અવશેષમાં એકલા જ બાકી રહે છે અને એટલે જ ફરી ફરી આ સંસારનું સર્જન કરી કવિ પોતાને પોતાનાથી રીઝવવા પ્રયત્ન કરે છે. અંતર્મુખ બની ભાવજગતમાં વિહરવાની ક્ષણો કવિને આનંદ આપે છે.

'અનાગત'' કાવ્યમાં કવિએ મહિપનું સુંદર શબ્દચિત્ર રજૂ કર્યું છે પરંતુ કાવ્યની પ્રારંભિક પંક્તિઓ --

'અનાગત ! લિપી ન આગમતણી ઉકેલી જતી,
તથાપિ અમ નેણ ઉત્સુક તને ચહે ન્યાળવા :'
(ધ્વનિ,પૃષ્ઠ- ૧૬)

કવિના રહસ્યદર્શન માટે ઉત્સુક સ્વભાવનું પણ દ્યોતન કરે છે. 'મહિપ'ના પ્રતીક દ્વારા કાળની લીલાનું સુંદર આલેખન કવિની કવિ તરીકેની સિદ્ધિને પણ પ્રગટાવે છે. પ્રલય અને જીવન એ સંસારચક્રના આરાની જેમ એકપછી એક આવ્યા જ કરે છે. વસ્તુચિત્રમાં પણ જીવનદર્શનનું તત્ત્વજ્ઞાન રજૂ કરતા કવિ મૂળતઃ આધ્યાત્મિક કવિ હોવાનું પણ પ્રતીત થાય છે.

'વિધાતાને ' કાવ્યમાં કવિ કહે છે કે વિધાતાએ આપેલા જખમોથી જીવન શેકું બની ગયું નથી પરંતુ અભિનવ કોમલતર ચકામાં પડયાં છે એટલે કવિ હૃદયમાં હેતાળ કરુણા મ્હોરી છે. વિધાતા એના પૂર્ણ બળથી દુઃખો આપે તો વાંધો નથી કારણ કે કવિની આંખમાં સજલ ઘન વૃષ્ટિ કરુણા બની છલકાઈ ઊઠી છે.

'ને એ જ તું'માં કવિ દ્વંદ્વાત્મક જગતના વિરોધી અનુભવોની વાત કરે છે, જે કોમળ અને કઠોર છે, સંગીતમધુર અને કોલાહલગ્રસ્ત છે, ચંદ્ર જેવો શીતળ શુભ્ર છે અને વિદ્યુતની જેમ અજંપ ભ્રમણામાં બધું જ ભસ્મસાત્ કરે છે. આમ જિંદગી દ્વંદ્વાત્મક અનુભવોથી ભરેલી છે. કવિની શબ્દશક્તિ અને ધ્વન્યાત્મક અભિવ્યક્તિનો પરિચય આપણને આ કાવ્યમાંથી મળે છે. આ કાવ્યનો --

'ગુંજરતો વહ્યો ધ્વનિ.
તરંગ-આવૃત અનંત શાન્તિમાં'
(ધ્વનિ, પૃષ્ઠ-૧૪)

આ પંક્તિઓ કવિએ કૌંસમાં એટલે કે સ્વગત કે સૂચનાત્મક રીતે કહી છે. કવિનો કાવ્યધ્વનિ તરંગઆવૃત બની ને ગુંજરતો વહેતો અને જેમ અનંતશાંતિમાં શમે છે તેમ નાદબ્રહ્મમાંથી સર્જાતું સકલ અસ્તિત્વ અંતે અનંત શાંતિમાં જ લય પામે છે. કવિનો આ શબ્દધ્વનિ કાવ્યરૂપે કે બ્રહ્મની લીલારૂપે ભાવકહૃદયને આંદોલિત અને આનંદિત કરી જાય છે. કવિની શબ્દસાધના અને અધ્યાત્મસાધના બંનેની પરિપક્વતાનો અહીં આપણને પરિચય મળે છે. આ એક જ પંક્તિ કવિની સમગ્ર કાવ્યપ્રતિભાની અને તેમની આધ્યાત્મિક પ્રતિભાની સિદ્ધિરૂપ છે.

'હું છું ગયો ખોવાઈ ' કાવ્ય 'હું'ના ત્યાગથી આરંભાઈ 'હું'ની પ્રાપ્તિ સુધીની કવિની ભાવયાત્રાનું આલેખન છે. 'હું છું ગયો ખોવાઈ હે નાથ મહીં' થી પ્રારંભાઈ 'હું નો મને બેઠો ગુમાવી તું મહીં' અને 'મેં તો મને શોધી લીધો નાથ મહીં' એમ ક્રમિક 'હું'ના ત્યાગથી 'હું'ની પ્રાપ્તિને કવિ વર્ણવે છે. કવિને બ્રહ્મના આનંત્યનો જે અનુભવ છે એને કવિ પુનઃ પુનઃ એમના કાવ્યોમાં જુદી જુદી અભિવ્યક્તિથી પ્રગટાવતા જ રહ્યા છે.

' ઈસરાજ પર જ્યાં નાદઘેલી આંગળી ભ્રમતી ફરે
તે તાર તું
ને હું નીચે અસ્પર્શ્ય છું રે'નાર કોઈ..
તું અભિનવ સૂર જે ક્ષણક્ષણ રહે રેલી.
હું તેને , મૂક લાગું છું , તથાપિ
મારા ગુંજનતણા રસમેળથી રે સર્વદા
સભર કરું... ફેલાય જે આનંત્યમાં '
(ધ્વનિ, પૃ૭૯- ૧૯)

ઉપનિષદોમાં બ્રહ્મનું વર્ણન કરતાં ઋષિ કહે છે કે આ આંખ એ હું નથી પરંતુ આંખ જેના વડે જુએ છે તે હું છું , આ કાન એ હું નથી પણ કાનની સાંભળવાની શક્તિ એ હું છું. આવું જ વર્ણન ઉપર્યુક્ત પંક્તિઓમાં આપણને મળે છે. કવિ પોતાને બ્રહ્મ માને છે. 'અહમ્ બ્રહ્માસ્મિ ' નો અનુભવ કરતાં તેઓ ઈશરાજના તાર નીચે અસ્પર્શ્ય રહેનાર પોતાને જુએ છે. અભિનવ રેલાના સૂરમાં પોતે મૌન છે અને છતાંય પોતાના જ રસમેળના ગુંજનથી સર્વત્ર સભર છે. આનંત્યમાં ફેલાતા શબ્દરૂપે બ્રહ્મને અને એના પ્રસ્પંદ રૂપે કવિ પોતાને જુએ છે. બ્રહ્મને અવકાશરૂપે તો પોતાને શબ્દરૂપે કવિ શોધી લે છે. અહીં કવિનું દર્શન ઉપનિષદ્‌નિર્દિષ્ટ હોવા સાથે કાશ્મીરી શિવદર્શન ને મળતું આવે છે. આગળ એનો વિગતે ચર્ચા કરવાની હોઈ અહીં માત્ર નિર્દેશ જ કર્યો છે. કાવ્યાંતે કવિ અધિકતર પ્રાપ્તિનો આનંદ સદાકાળ પોતાની સાથે રહે તે માટે પ્રાર્થના કરતાં કહે છે--

' તો સર્વદા હે
સમુદાભર મારી સાંનિધ્યમાં રે'જે હરી. '
(ધ્વનિ,પૃ૭૯- ૧૯)

'આયુષ્યના અવશેષે' ગુજરાતી કવિતાની સિદ્ધિરૂપ અને કવિની પ્રતિનિધિ કવિતાઓ પૈકીનું એક છે. એમાં સુંદર શબ્દચિત્રોયુક્ત પાંચ સોનેટકાવ્યો છે. (૧) ઘરભણી (૨) પ્રવેશ (૩) સ્વજનોની સ્મૃતિ (૪) પરિવર્તન (૫) જીવનવિલય .

'ઘરભણી'માં રાત્રિના ઘનઅંધકારમાં વિજન માર્ગ પર ખખડ અવાજ કરતો, ખોડંગાતો જૂનો પુરાણો ડમણી આગળ વધી રહી છે. ડમણીએ જોડેલા બળદોની ઘૂઘરમાળ રણકે છે ,એ ડમણીમાં ઘરભણી જતાં કાવ્યના નાયકની આંખ નિંદ્રાઘેરી છે. મંદ પવન શીતલતા પ્રસરાવી રહ્યો છે. નાનકડા દીવડા જેવા તારલાઓના તેજથી અર્ધજાગૃત ચારે દિશાઓ અંધારપછેડો ઓઢી પડખું ફેરવતી લાગે છે. ક્યાંક વૃક્ષના માળમાંથી પંખીની ફફડતી પાંખો ,તો ક્યાંક આભના ઘુમટમાંથી સરી પડતા તારલા સિવાય કંઈ જ દેખાતું નથી ત્યારે કવિ માત્ર દૃષ્ટિથી જ નહીં સર્વ કરણો વડે ઊંડા મને કણકણનો એ માહોલ ક્યા નિરખી રહે છે. આમ ઘર ભણી જતા માર્ગમાં ' આયુષ્યના અવધ ' પોતાના જન્મસ્થળની સ્મૃતિઓને કવિ કાવ્યકલ્પનામાં ગૂંથી પોતાની

મનઃસ્થિતિનું પરોક્ષ રીતે નિરૂપણ કરે છે. ખખડ થતો ને ખોડંગાતો જૂનો કમળો એ આયુષ્યના આરે પહોંચેલા વયોવૃદ્ધના શરીરનું રૂપક છે. ખખડી ગયેલું જીર્ણ-શીર્ણ શરીર એના દેહધારીને- આત્માને ઘર ભણી અર્થાત્ સ્વધામ પ્રતિ દોરી રહ્યું છે. વિજનપથ, તમિસ્રમહીં ઘન, દૃગોમાં સ્વપ્ન મધુરી નિદ્રાનું અંજન ઇત્યાદિ મૃત્યુના શુભ અને મંગલમય કલ્પનાના દ્યોતક બને છે. પથ ઉપરના વૃક્ષના માળામાં પંખીનું ફરકવું કે તારાનું ખરવું મૃત્યુના રહસ્યની અલ્પ ઝાંખી કરાવતાં પ્રતીકો બને છે. કવિને પોતાના જન્મસ્થળની ઝાંખી આયુષ્યનો અવધ આવી જતાં થાય છે અને કવિ જયાંથી આવ્યા છે ત્યાં જ નિજ ઘર ભણી સંચરે છે. આમ 'ઘર ભણી' સોનેટ એક ઉત્તમ જીવનદર્શન અને અધ્યાત્મિક સંદર્ભ દર્શાવે છે.

દ્વિતીય સોનેટ' પ્રવેશ'માં અંધારભર્યા પરોઢમાં વિજન માર્ગ કાપી હોય આયુષ્યની ગઠરી લઈ કાવ્યનાયક આવે છે. સર્વ સ્થળે અજવાળું પથરાય છે. સ્નેહી સ્વજનો ખબર પૂછે છે. બાળક અને કૂતરું પણ પરિચય મેળવી જાય છે . ત્યારપછી બંધ મકાનનું દ્વાર ક્રંદન કરતું ઉઘડે છે. 'અચલ સ્થિતિ 'માં જડાઈ ગયેલું દ્વાર જડતાગ્રસ્ત ચિત્તને પણ ધ્વનિત કરે છે. દ્વાર ઉઘડતા પ્રેત જેવો વાસી હવાનું બહાર નીકળવું અને કવિનું એ અવાવરા ઘરમાં પ્રવેશવું, ઉંબરનું ઓળંગવું અને એ જ ક્ષણે પૂર્વદિશામાં ઉષાનું ઉઘડવું એ કવિચિત્તના આકાશના ઉઘાડને પણ નિર્દેશે છે. કાવ્યોમાં વાસ્તવદર્શન પણ અધ્યાત્મના રંગોને ધ્વન્યાત્મક રીતે પ્રગટ કરે છે.

'સ્વજનોની સ્મૃતિ'માં ખાટ, પરસાળ, વલોણું , સોફું, મેડો વગેરે સામાન્ય વસ્તુઓ સાથે સંકળાયેલી સ્વજનોની સ્મૃતિની ભાવભરતીનું નિરૂપણ છે. પિતાજી , મોટી માવડી , વલખો રહેલો મેડો , સીકા વિના ઝૂરતું દધિ,જાળાથી અંધળો બનેલો ગગન ઝીલતો જાળો ઇત્યાદિ વર્ણનોમાં કવિની હૃદય સમૃદ્ધિ ઠલવાઈ છે.

'પરિવર્તન'માં મેડો નીરખી નાયકના સ્મૃતિપટ પર યૌવનના ચિત્રો ખડાં થાય છે. ઝરૂખો નીરખતાં સ્મૃતિપટ પર ઉષાના સ્નિગ્ધ સ્વપ્ન સમું શૈશવ ખડું થાય છે. ઝરૂખામાં રમાતી સંતાકૂકડીની રમત કવિને વિમુગ્ધ કરે છે. પણ જીવનના સંધ્યાકાળે કવિને શિશુસહજ ચંચળતા અને ક્રીડનના બદલે શૂન્યહૃદયમાં પ્રશાંત નિમજ્જન લાધે છે.

'જીવન વિલય'માં કવિનો વિસંવાદમાં સંવાદ સાધવાનો ,વિરોધનો વચમાં વસતા સંવાદના રહસ્યનું દર્શન કરવાની બાક્ષણિકતા જોવા મળે છે . કવિ શૈશવ યૌવન અને વાર્ધક્યમાં વિખંડિત નહીં પરંતુ અખંડિત જીવનને જુએ છે. શૂન્યહૃદયમાં લય પામતા કવિ જીવનનું જરા આઘે રહીને દર્શન કરતાં --

'ઉગમ નહિ વા ન્યાળું કોના ય તે વળી અંતને ,
રૂપની રમણા માંહી કોઈ ચિરંતન તત્ત્વને
નિરખું , નિજ આનંદે રે'તું ધરી પરિવર્તન.' '
(ધ્વનિ,પૃ૭૯-૮૦)

એવું જીવનદર્શન પામે છે . સ્થૂળ દર્શનમાંથી કવિ પારના પ્રદેશમાં પહોંચી અનંતની લીલાનું સૂક્ષ્મદર્શન કરે છે.ઉગમ અને અંત વિનાના અનંત રૂપની રમણામાં વિલસતા કોઈક ચિરંતન તત્ત્વને કવિ નિરખે છે. નિજાનંદની મસ્તીમાં રહેતા સતત પરિવર્તન પામતા આ તત્ત્વના ગહન સાગરમાં મોજાં રૂપે કવિ પોતાને જુએ છે. અને એની અભિનવ વળોમાં કવિ પોતાને વિસર્જન પામતા અનુભવે છે. 'નિરુદ્દેશે'માં સાકાર થતો ' હું જ રહું વિલસી સહુ સંગે, હું જ રહું અવશેષે ' ભાવની વિશિષ્ટ અભિવ્યક્તિ કવિ અહીં આ રીતે પ્રગટાવે છે.

'ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન.'
(ધ્વનિ, પૃષ્ઠ- ૨૦)

સ્થળકાળથી પર થઈ આલેખી કરેલું આ જીવનદર્શન છે. 'નિધિ', 'મોજું' અને 'ઘનવર્ષણ'નાં પ્રતીકો દ્વારા કવિ આ દર્શનને સર્વાંગસુંદર રીતે સિદ્ધ કરી શક્યા છે. આ ચિરંતન તત્ત્વનું દર્શન જ કાવ્યમાંથી ઊઠતો ધ્વનિ છે. કવિ પોતે જ અનંતબ્રહ્મરૂપ સાગર છે. પોતે જ એ બ્રહ્મસાગરનું મોજું ય છે. 'ઘનવર્ષણ' સર્જન- વિસર્જન કે જન્મ-મરણ -પુનર્જન્મના ક્રમને દર્શાવે છે. કવિ ખખડ થતી ખોડંગાતી સ્મરણોની ડમણીમાં બેસી જે જીવનદર્શન કરે છે તે વર્તમાન ભૂત અને ભવિષ્ય એમ ત્રણેય કાળનું અને તેની પારનું અર્થાત્ ત્રિકાલાતીત દર્શન પણ છે. 'આયુષ્યના અવશેષે' કાવ્ય કવિની લાક્ષણિકતા પ્રગટાવતું, વિચાર અને અભિવ્યક્તિને સર કરતું સાદ્યન્ત કલાકૃતિ બનતું કાવ્ય છે.

'શેષ અભિસાર' કાવ્ય દીર્ઘપદ્ય છે જેમાં સંવાદોના માધ્યમ દ્વારા મૃત્યુના અભિસારે નીકળેલી સ્ત્રીના મુખે કવિએ જીવન-મૃત્યુની પોતાની લાગણીઓને વાચા આપી છે. મૃત્યુના માંગલ્યને પ્રગટાવતી ધન્યતાની ક્ષણોનું અહીં નિરૂપણ છે. ન્હાનાલાલ તેમના 'મ્હારો મોર' કાવ્યમાં કહે છે 'મૃત્યુતો જન્મનો પડછાયો છે.' સ્વ. રમણલાલે 'ભારેલો અગ્નિ'માં મૃત્યુને જીવનઝોલાનું અટક સ્થાન કહ્યું છે તો કવિ રાવજી પટેલનું 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' કાવ્ય મૃત્યુની મંગલમયતાનું જ દ્યોતન કરે છે. સ્વ. રામનારાયણ પાઠક પણ પોતાની પ્રથમ પત્નીના અવસાન સમયે લખેલા 'છેલ્લું દર્શન' નામના સોનેટમાં મૃત્યુને ભવ્ય અને મંગલ ગણાવે છે. એ જ રીતે 'શેષ અભિસાર'માં પણ કવિ શૃંગારભીની કાવ્યકલ્પનાના અભિસારમાં મૃત્યુની મંગલમયતાનું દર્શન કરે છે અને કાવ્યના પ્રારંભે કવિ મૃત્યુની ગતિનું અને મૃત્યુની રહસ્યમય આકૃતિનું સુંદર ચિત્ર ઉપસાવે છે. કાવ્યની નાયિકા યમદૂતનું આગમન નિહાળે છે ને એથી 'ચૂપ હો, એ પધારે છે' એમ સૂચવી મૃત્યુની ગતિનું શબ્દરચનાની ગતિમાં રૂપાંતર કરી વાચક-ઉરમાં પણ ભાવની ગતિ જન્માવે છે. મૃત્યુ પામતી સ્ત્રીની મૃત્યુ પ્રત્યેની લાગણી અને પ્રેમ, એની ઊડતો લહેરાતો અંચળો અને શુકની જેમ ઝગતા પ્રેમી જેવા લોચનોના ઉલ્લેખમાં વ્યક્ત થાય છે. સામાન્ય રીતે મૃત્યુ એ જીવનની દુઃખદ ઘટના છે પરંતુ નાયિકા માટે એ મંગલમય ઘડી છે. કાવ્યનાયિકામાં આ મંગલ ક્ષણ માટેની ઉત્સુકતા, આતુરતા, અધીરતા, મિલનની ઉત્કંઠા ઈત્યાદિ સુંદર રીતે કાવ્યમાં પ્રદર્શિત થયા છે. પ્રાણની કામનાનું શૂન્યમાં વિસર્જન આપણી જિંદગીના ધન્ય સમર્પણની મંગલઘડી તરીકે કવિ મૃત્યુની પ્રતીક્ષા કરે છે. આ માંગલ્યપળને વધાવવા મૃત્યુના અભિસારે નીકળેલી પ્રેયસી પરિચારિકાઓને કંકુની કોરના પીળા પાનેતરથી પોતાને સજાવવા કહે છે. લગ્નના સર્વ શણગારોથી સજ્જ બની, મંગલ ટાણાને પ્રદર્શિત કરવા દીપ પ્રગટાવવાનું પણ તે સૂચન કરે છે. આ દીપક બુઝાઈ ના જાય એટલા માટે વાયુની ગતિ ન હોય એવી જગ્યાએ એને મૂકવા એ જણાવે છે. મૃત્યુ માટેનો એનો અનન્ય પ્રેમ અનિમિષ દૃષ્ટિમાંથી થતું સ્નેહવર્ષણ, આલિંગન માટે ઝૂરતા અંગો ઈત્યાદિમાં પ્રગટ થાય છે. આ અભિસારે જતી રોકતા સ્વજનો મૃત્યુના કરુણ વાતાવરણને જીવંત બનાવે છે. સ્વજનોના ઉદ્ગારોમાં મૃત્યુનું વ્યવહારિક દૃષ્ટિકોણથી કરાયેલું દર્શન જડે છે. ગાનના રૂપક દ્વારા સ્ત્રીના જીવનને આલેખતાં કવિ કહે છે કે --

'ગાન સૌભી ગયું, વ્યાપ્યું મૌન, કારુણ્ય અંતનું''
(ધ્વનિ, પૃષ્ઠ-૨૪)

જયાં વાયુની ગતિ નથી ત્યાં મૃત્યુ કવિને પોતાની સાથે આવવા સૂચવે છે. કોઈક સ્વજનનું ડૂસકું સંભળાય છે પરંતુ સર્વ બંધનોમાંથી મુકિત અપાવતા મૃત્યુના મંગલમય ટાણે આવા દુઃખને પરહરવા સ્ત્રી સમજાવે છે. સ્ત્રીએ સજેલા રેશમી વસ્ત્રને દૂર કરી સર્વ ઈન્દ્રિયોમાંથી મુકત બનવાની વાત કવિ સુંદર રીતે વ્યકત કરે છે. મૃત્યુ સ્ત્રીને કહે છે --

'અંગચી સ્પર્શનું તારું રેશમી વસ્ત્ર હોય કં.''
(ધ્વનિ,પૃષ્ઠ-૨૫)

સર્વ બંધનોમાંથી મુકત થયા વિના આત્મસાક્ષાત્કાર થતો નથી .મૃત્યુ પછી જ સાચો જન્મ થાય છે. આથી જ સ્ત્રીને મૃત્યુની ક્ષણ સુમંગળ ધન્યવેળા લાગે છે. કાવ્યના અંતે ત્રણવાર 'શાંતિ'શબ્દનો ઉચ્ચાર કાવ્યનાયિકાના જીવનનો અને કાવ્યનો અંત ખૂબ જ અર્થઘનતાથી અને રસઘનતાથી કરાવે છે . અંધકારમાંથી તેજના રહસ્યને પામનાર કવિને મૃત્યુમાંથી મંગલમય અમૃતની પ્રાપ્તિ થાય છે. સંવાદની બાઢણમાં સરતું ,મૃત્યુના મિલનનો તલસાટ વ્યકત કરતું,જીવનમાં મંગલમય મૃત્યુના મહત્ત્વનું સૂચન કરતું,અને જીવન અનેમૃત્યુના રહસ્યને સિધ્ધ કરતું આ કાવ્ય કવિની અપ્રતિમ કાવ્યપ્રતિભાનું પરિચાયક છે .

'વિખૂટા પડતાં 'માં કોઈક અજાણ્યા પથિકની સાથેના સહવાસની ઉત્કૃષ્ઠ અનુભૂતિને વાચા આપી છે. કવિ અજાણી સરાઈમાં એક અજાણી વ્યકિત સાથે થોડા સમય માટે વિચારોના આદાન - પ્રદાનની પ્રક્રિયામાં જોડાય છે અને વિખૂટા પડે છે. એ મિલન કવિને ઘણું આપી જાય છે. કવિ પોતાની આ પ્રાપ્તિને લોહને મણીનો સ્પર્શ મળ્યા બરાબર ગણાવે છે, તો એમના આ મિલનને વર્ણવતા તેઓ કહે છે--

' બીજના ઈન્દુને કોદિ શુક આવી મળે જયમ,
આપણું મળવું તેવું,
અલ્પ
તોયે ઉરોમેળ બની રે'તું ચિરંતન.'
(ધ્વનિ,પૃ૦ -૨૬)

કવિનું આ કાવ્ય અધ્યાત્મચિંતનના સ્ફુલિંગો પણ પ્રગટાવે છે. --

' ચલો બન્ધુ !
રાહ છે દૂરનો ,વાટે
હજી લેવું નિસર્ગથી ભાતું ભર્ગ વરેણ્યનું :
કાળ ના થોભશે જરી :
યોગ-વિચ્છેદની ઘડી ?'
((ધ્વનિ,પૃષ્ઠ-૨૭)

આ ઉપરથી આપણને લાગે છે કે કવિનું મિલન કોઈ સામાન્ય યાત્રી સાથે નહિ પરંતુ કોઈક અધ્યાત્મમાર્ગની સિધ્ધ વ્યકિત સાથે થયું છે ત્યારે જ તો કવિ પોતાને થયેલી સંપ્રાપ્તિના સંદર્ભમાં યાત્રીકરતાં પોતાને લઘુ સમજે છે. બીજના ચંદ્ર અને શુક્રના મિલન જેવું આ મિલન અધ્યાત્મની ઉપલબ્ધિથી સભર છે. અને માટે જ એવા ઉરોનો મેળ ક્ષણિક હોવા છતાં ચિરંતન બની રહે છે. કવિને તથા યાત્રીને દૂરની વાટે જવાનું છે વરેણ્યભર્ગનું ભાથું પણ નિસર્ગમાંથી લેવાનું છે. કાળ જરી પણ થોભશે નહીં માટે છૂટા પડવાની આ ક્ષણને કવિ યોગ- વિચ્છેદની ઘડી ગણાવતા વિખૂટા પડે છે. અહીં સ્થૂળ જગતનો વિચ્છેદ અને બ્રહ્મમય જગત સાથેનો યોગ નિર્દિષ્ટ છે. અહીં વિયોગમાં યોગ અને

સંયોગમાં મોક્ષની અનુભૂતિ કરતાં સુન્દરમ્‌ની અધ્યાત્માનુભૂતિ સાથે સામ્ય જોઈ શકાય છે.

'કોણ અણદીઠ' કાવ્યમાં કવિ નારી હૃદયનાં સ્નેહ તલસાટનું સફળ ચિત્ર આલેખવા સાથે ગૂઢ સંવેદનાઓને પણ પ્રતીકાત્મક રીતે રજૂ કરે છે. ગોપીના આતુર અંતરનું નિરૂપણ કરતું આ કાવ્ય કૃષ્ણની ગોપી થવા ઝંખતી મીરાંના હૃદયભાવને પ્રગટાવે છે.

'કોણ અણદીઠ ગોપન રહી માહરી
સંગ ખેલી રહ્યું આજ હોરી ?!'
(ધ્વનિ,પૃષ્ઠ-૨૮)

ગોપીના અંગ પર પાણી વિના,રંગ વિના , અદૃશ્ય રહીને કોઈક અણદીઠ હોળીના રંગ ફેંકી રહ્યું છે . ગોપી આ અણદીઠને નિરખવા, પિછાનવા ઝંખે છે. સતત એ અણદીઠના જ ભણકાર એને સંભળાય છે. વાયુની લહેરના હિસાબે એના અંતરના ઓરડાનાં દ્વાર કોઈ ઠેલી રહ્યું છે. એના પ્રાણનો સર્પિણી કોઈક વાંસળીના સૂરે પરવશ બની મન ડોલી રહી છે. એ અદૃશ્ય અણસારે અને વાંસળીના રાગે તેનું હૈયું હાથ રહેતું નથી . એના હૈયાના બંધ તૂટી જાય છે . યૌવન વસંતની કુંજે પ્રેમની કોકિલા કેલિ કુંજન કરે છે. આસપાસની સોહામણી સૃષ્ટિએ પણ શમણાનો સાજ સજ્યો છે. પરિચય પંથે પણ તે હવે ભૂલી પડે છે તેની આંખો આભના આંગણે ઊંચકાય છે ત્યાં તેને લાગે છે કે તેની ચિત્તચકોરીને મેઘની આડમાં રહી કોઈ તલસાવી રહ્યું છે . અહીં મીરાં ,દયારામ અને ન્હાનાલાલની જુદી જુદી કાવ્યપ્રતિભાના સંસ્પર્શને એક સાથે ઝિલાતો જોઈ શકાય છે. કાવ્યનો ગોપીભાવ મીરાં ,કાવ્યની શબ્દસમૃદ્ધિ ન્હાનાલાલ અને ગીતની હલક અને સ્વર-રચના દયારામની યાદ અપાવે છે. અહીં સુંદરમ્‌ની 'કોણ ગયું ઝબકાવી?' કાવ્યની ભાવચેતના સાથે પણ સામ્ય જોઈ શકાય છે. કવિ રાજેન્દ્રને અણદીઠનો અણસાર ધ્વનિપ્રેરિત છે .
એટલે મહુવરના સૂરે પરવશ બની મત્ત'ડોલતી પ્રાણ-સર્પિણીનું કલ્પન કવિ સહજતાથી કરી શકે છે. વળી યોગક્રિયાને વરેલા કવિ માટે પણ આવું કલ્પન સ્ફુરવું સ્વભાવિક છે. કવિની અનંતની અનુભૂતિની આદિમ અભિવ્યક્તિ 'નિરુદ્દેશે'થી માંડી પ્રત્યેક કાવ્યોમાં ગુંથાતી રહી છે એને અહીં કવિ આ રીતે પ્રગટ કરે છે .--

'બહારનું વિશ્વ ડૂબી જતું ,એહનું
હૃદય શું માંહે રેલાય બહાર ' '
(ધ્વનિ,પૃષ્ઠ-૨૮)

અહીં બહારના વિશ્વને ભુલાવી દેતી હૃદયની તલ્લીનતા અને સકલ વિશ્વને ડુબાડી દેતાં-શમાવી દેતી ચિત્તની વિસ્તાર અભિપ્રેત છે.

'વાણી અને સૂર'થી 'હે અંધકાર !' સુધીના ૧૮થી ૬૩ કાવ્યોમાં પ્રણય અને પ્રકૃતિ મુખ્ય વિષય છે. 'વાણી અને સૂર' મુક્તમાં સ્નેહીયુગ્મના ઉરઐક્યની ભાવના વ્યક્ત થઈ છે. તો ' અંતરાય 'માં પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ કરવાનો પ્રબોધ કવિ રજૂ કરે છે. ' વિવર્ત'માં રસ-ઐક્યભર્યા સ્નેહની સૌરભ ગુંથી છે તો કવિનું સ્નેહ-સ્વપ્ન ' વય સંધિકાલ 'માં પ્રગટ થયું છે. 'હે પ્રેમ પાગલ ''માં સ્નેહવેણુના નાદે જ્યાં બ્રહ્માંડમાં સકળ બળો રમે છે ,ત્યાં મિથ્યા શણગાર ન કરવા જણાવતા કવિનું અપૂર્વ ઉદ્‌બોધન છે. 'પૂર્ણિમા નિત્ય રમ્ય ',' હે મુગ્ધ ' લજ્જામયિ' ', ' રહઃમિલન અભિલાષ' ,' મિલન વિરહે ',' યોગહીણો વિયોગ',' એક ફૂલ એવું ',' પ્રેમના મંત્રનું કૈંક ગુંજન ',' માયાવિનો ' ,' મિલન' ,' આનંદ શો અમિત ',' કઠ જાણે કારાગાર',

'જા...ઓ. સાવ ' ઈત્યાદિ કાવ્યોમાં પ્રણયની મુગ્ધ પાગલતા, સહજીવનની રસભરતા, આત્મસંતર્પક સાયુજ્યસિદ્ધિનું આલેખન દૃષ્ટિગોચર થાય છે. કવિના પ્રણય-કાવ્યોમાં ભાવનાનાં ચિત્રો કંઈક ગૂઢ રહસ્યમયતાનો અનુભવ પણ કરાવે છે. દાખલા તરીકે 'કોણ અણદીઠ' પ્રણયનાં ગૂઢ રહસ્યો, ઈન્દ્રિયરાગ અને પ્રણયમાંથી પ્રાપ્ત થતું દર્દ પ્રેયસીના પ્રેમને અતિક્રમીને વૈશ્વિક સંવેદનારૂપે સહૃદય હૃદયને સ્પર્શી છે ત્યારે તે આધ્યાત્મિક સાક્ષાત્કાર કરાવી જાય છે. 'પાવકની જ્વાલ યદિ...' કાવ્યમાં પ્રીતમને મળવા અધીર નાયિકામાં હરિ મિલનને ઝંખતી મીરાંની ઉત્કટતા જોઈ શકાય છે તો 'ભરી સુધા દે'માં કવિની પ્રિયમિલનની તલમાટ પરમતત્વની ઝંખનાને ધ્વનિત કરે છે. કવિના જીવનમાં આગળ વધવાના, જીવનથી ઊફરા ચાલી કંઈક મેળવવાના, એકાંતની ક્ષણોમાં હૃદયસમૃદ્ધિને હાલવવાના અને પ્રકૃતિના સૌંદર્યને માણવાના અને ગાવાના શુભ સંકલ્પો અન્ય કાવ્યોમાં ફળીભૂત થયા છે. વસ્તુચિત્રની છટા પણ કવિના કાવ્યોની આગવી વિશેષતા લેખે પ્રત્યક્ષ થયા વિના રહેતી નથી.

'ધ્વનિ' કાવ્યસંગ્રહનાં ૪૫ ગીતો પૈકી પ્રથમ ગીત ' કોઈ સૂરનો સવાર' ભાવનાના કોઈ અગમ તત્વના આગમનનું સૂચન કરે છે. કવિ નિરુદ્દેશે કવિતાનો એકતારો ગ્રહી ગીતગંગાને ઘાટે ઘૂમવા નીકળ્યા છે ત્યારે સૂના મન-મંદિરિયામાં કોઈ સૂરના સવારનું આગમન થતાં જ ધરતીનો સોડમ સોહે છે. એ સવારના અંગ પર, નૈનનમાં રમે છે તેજનો રંગ અને જળના ઝરણ જેવો એનો ઊછળી રહ્યો છે ઉમંગ. વણદીઠેલી ભૂમિ દાખવવાનાં જ્ઞાન તેની પાસે છે. અગમને પામવાની -ભાખવાની તેની પાસે શકિત છે. એના આગમનથી 'દિવસ કેરી સાંજનો' હિંડોળ હલે અડયો, અપાર તેજનો ઝબકાર થયો અને શમણાંના સુખથી રળિયાત બની પ્રાઝમ રાત! કવિએ કવિતાસુંદરીના ઝાંઝરને ઝણકારી સૂર રેલાવ્યા હોય એવો કાવ્યનો શબ્દવૈભવ છે. અન્ય ગીતોમાં પ્રકૃતિ અને પ્રણયનાં રમ્ય મધુર નિરૂપણો છે છતાં કેટલાંક ગીતો અધ્યાત્મ-પરક પણ જણાય છે. 'દૂરથી આવે કોઈનું ગાણું', 'સુંદર ' બહુરિ કુટિલ તવ છલના', 'દૂરનો વસનારો આરો આયો રે ',' કાયાને કોટડે બંધાણો ',' હરિ તારા ઘટના મંદિરિયામાં બેસણાં હો જી ',' મારી સુષુમણાનો તાર ',' એક દિન સામેને તીરે બાંધી તે બેડલો ' ઈત્યાદિ કવિમાં આત્મસ્થ પરમભાવને પ્રગટાવે છે. 'કોઈ સૂરનો સવાર' કાવ્યની જેમ જ 'દૂરથી આવે કોઈનું ગાણું' કાવ્યમાં કવિ કહે છે --

'દૂરને મુલક અદીઠને બલ,
ઉર ખેંચાય રે છાનું .'
(ધ્વનિ,પૃષ્ઠ- ૧૭૫)

'બહુરિ કુટિલ તવ છલના' માં કવિની ઝંખના પ્રત્યક્ષતાને પામતી જતી જણાય છે. કવિને પ્રભુના અનેક રૂપોની છલનાથી ભ્રાન્તિ થાય છે.

' પલ રૂપ એક અવલ પલ દૂજો
મન કંઈ પામત કલ ના.....
ચહુગમ તુંહિ ,ન તોય સંવલના '
( ધ્વનિ.પૃષ્ઠ- ૧૭૬)

કવિને આ દૂરના વસનારાની ઓળખાણ થાય છે પણ ખરી. 'દૂરનો વસનારો'માં એ આરો આવે છે. કવિ મનખાનો બોજો ઉતારી હવાથી ય હલકો સવાયો થઈ ઊંડા આકાશમાં ઝંખાનો જાહ્નવીને તીર પાંખો વિના એને ઊંચકી લે છે. આમ સૃષ્ટિમાં પ્રચ્છન્ન પ્રગટેલા પ્રભુનો કવિને ભાવ મળે છે. કાયાને કોટડે બંધાણોમાં કવિને જે જોઈ શકાતો નહોતો

તે અલખ લાખેણા રંગમાં રંગાયેલો દેખાય છે, એ અલખ અનાદિ ઓંકારનો અણદીઠ લે જેમાં ગીત-છંદ રણકી રહ્યો છે. અંગેથી અડી શકાય અને આંખેથી જોઇ શકાય એવો અલખ ધૂપની ગંધમાં પ્રગટ થયો છે. જોનારથી એ અળગો અણજાણ્યો સંતાણો જણાય છે ને તો નજરનો ખેલ છે જે એણે રચ્યો છે. પણ જાણભેદુ એને પોતાનામાં અને બીજામાં જુએ છે ત્યારે પોતે જ પોતાનો સંગ માણી શકે છે. આમ કવિની અધ્યાત્મયાત્રા અહીં પ્રણયમસ્તીથી આગળ વધી અલખના દર્શન સુધી વિકસી રહેલી જણાય છે. જ્યારે આ અલખ કવિને દેખાય છે ત્યારે કવિ 'હરિ તારા ઘટના મંદિરિયામાં' કાવ્યમાં ગાય છે કે-

' હરિ તારાં ઘટના મંદિરિયામાં બેસણાં હોજી,
'હરિ હું ય એ જ ઘરનું બાળ .
તારા ઓરડાનો ભાળ .
આદુના વિજોગી તોય આપણે
આપણા બેની અંતરિયાળ
પડદા પડયા છે કિનખાબના હોજી .'
(ધ્વનિ,પૃષ્ઠ- ૧૫૧)

કવિ હરિના ઓરડાના બંધ બારણાં ખોલવા અને પડદાની આડને તોડવાની મંગળ-વેળાની, તેજના ઉઘાડની, કાળના અવધાને બારણા માંડીને બેસે છે. 'મારી સુષમણાનો તાર'માં એમની સુષમણાના તારને બજાવનારને ઝંખી રહે છે. અનહદના નાદને ગજવનાર આવે ત્યારે ભવનો અંધાપો ભાગે અને અણદીઠ ઓળખાય. 'પણ એ ક્યારે આવશે ?' એ જ કવિની આતુરતા છે. 'સામેને તીરે' કાવ્યમાં કવિ અણજાણ્યા બંધુને ઉદ્દેશીને ભવનો ઉપવાસી, ઉદાસી પોતે ' આંહીંએ આરે એકલો બેઠેલો છે ' એમાં સાજનને મળવાની વનિતાની આરતમાં કવિની પરમતત્વને પામવાની ઝંખના પણ ઝંકૃત થઇ ઊઠતી જણાય છે.

આમ 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં કવિની પ્રણયમસ્તી, પ્રકૃતિના સૌંદર્યનું રસપાન, વ્યવહાર જગતની વસ્તુઓ-પ્રસંગોનું રૂબરૂ વર્ણન અને એ મિષે કવિને અનુભવાતો એક વિશેષ સંવેદનાનો સ્પર્શ આપણને સાંપડે છે. કેટલાંક કાવ્યમાં કવિ વ્યવહાર જગતથી દૂર પણ જતા જણાય છે. અદીઠને જોવાની ઇચ્છા, અણદીઠે દેશ જવાની લગન દૂરથી આવતા સૂરોની ઝાંખી ઝાંખી પરખ અને સૃષ્ટિની લયલીલામાં પ્રચ્છન્ન પ્રભુની પહેચાન કવિને થતી જણાય છે. પ્રણયમસ્તીનો ફાગ બ્રહ્માનુભૂતિની કક્ષાનો પણ ક્યારેક અનુભવાય છે. પ્રકૃતિવર્ણનો મનોરમ સૌંદર્યને વેરતા હૃદય-પ્રસન્નતા પ્રસરાવતા વ્યવહાર જગતના આનંદથી કંઇક વિશેષનો અનુભવ કરાવે છે.

## આંદોલન

'આંદોલન' કાવ્યસંગ્રહના ૬૭ કાવ્યો પૈકી લગભગ ૨૫ જેટલાં કાવ્યોમાં અધ્યાત્મપરક ભાવ સ્પષ્ટ જણાઇ આવે છે. સંગ્રહનું પ્રથમ કાવ્ય ' હું મુજથી અણજાણ ' ' ધ્વનિ ' કાવ્યસંગ્રહનાં ' દૂરનો વસનારો ' ,' કાયાને કોટડે બંધાણો', ' ઘટના મંદિરિયામાં ' ,' મારી સુષમણાનો તાર' ઇત્યાદિ કાવ્યોની ભાવરેખા આગળ ધપાવે છે. કવિ પોતાનાથી અણજાણ છે તોય હવે આછો આછો કવિને પોતાનો ઓળખાણ થતો જાય છે. અવરમાં-જડચેતન સૃષ્ટિમાં કવિ પોતાના રૂપને નિહાળે છે અને કવિને ઉર અપૂર્વ સુખનો અનુભવ થાય છે. કવિના કાન ઉરમાંથી ફોરતાં

કલગાનને સાંભળવા આતુર બની રહે છે. કવિને આનંદનો એવો તો ઉભરો ચઢે છે કે 'આજ શી વાણી ફરતી' માં કવિ સાથે પ્રકૃતિ પણ આનંદવિભોર થઈ ઊઠે છે, સમય થંભી જાય છે. કવિનું સોણલું સાચું બને છે, એમને ગમતું સકલ તેમને વીંટળાઈ વળે છે અને તે સહુની સાથે નાચી ઊઠે છે. કવિનો ચેતોવિસ્તાર થાય છે, તેમના નાનકડા ઉરમાંથી આનંદ-પારાવાર ચોગમ ઢોળાય છે. એવા તે પૂર ઊમટે છે કે એમાં આખી દુનિયા ડૂબી જાય અને કવિને આજે જીવનકલાનો કસબ પણ મળી જાય છે.

'સહુને ય એ પણ વસવું, મીઠું હસવું
એવે ઢંગ''

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૬)

'રે મુજ પ્રીતિ' 'માં કવિ આત્મજ્ઞાનને સંકોરનાર હાર પામીને ય જાણે ભવ જીતી ગઈ હોય એવી પ્રીતિની પ્રશંસા કરે છે. 'અવ અબોલા ખોલ'' કાવ્યમાં પ્રત્યક્ષ પ્રણયભાવ હોવા છતાં કવિનો આધ્યાત્મિક સ્થાયીભાવ છતો થયા વિના રહેતો નથી.

'પણ અગોચર આગળ નહિ બચાવ.
પ્રાચીરે મારાં અંગનાં ભેદી
મર્મે કેરું ધામ,
સર કીધું. સહુ સાજ સજેલો
કોઈ ન આવે કામ,
અણદીઠું મુજ ઉરને વીંધી
કરતું મરણતોલ.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૮)

અહીં ફરી કંઈક અણદીઠું કવિને સ્પર્શી છે.

'અધરને નવ પાન' કાવ્યમાં બંગાળી અસર જણાઈ આવે છે. પ્રણયનો શૃંગાર જ્યારે કવિના જીવનને પણ આપતો હોય, રમ્ય સૂરોથી ગગનને જ નહીં નિખિલને ડોલાવતો હોય અને જીવનને ધન્યતાથી ભરી દેતો હોય તો એ એક વિશેષ આધ્યાત્મિક અનુભવ શું નથી બની જતો?

'ઓલે તીરે તું ગાય રાગિણી' પ્રણયકાવ્ય છે પરંતુ અધ્યાત્મનો અનુભવ અછતો નથી. 'કાચા ઘડુલે સામી પારે જવાનો હામ' હૈયામાં ધારીને બેઠેલા કામિનીને કંકુના રંગમાં ઝાંખાણી કોણ રહેશે કે કાયાને વહેણમાં મેલી છે તે ડૂબશે કે ભવતારિણી બનશે તે ખબર નથી, છતાં પણ એ કહે છે --

'ઓલે તીરે તું ગાય રાગિણી,
આ રે આરે બેઠી સૂરે સૂરે એના
ઝૂરે છે કોઈ અભાગિની.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૨૫)

આ અભાગિની અણદીઠના રહસ્યદર્શનને ઝંખતા કવિ પોતે જ શું નથી? એ જ રીતે 'હું તો ઊભી વિરહને તીર' કાવ્યમાં પણ કવિને વાલમાના નેણના નિર્મળ નીર ઝીલવાં છે. 'તારા બોલ તણા સૂરને હિંડોળે'માં 'તેજને તે લોક એક વેળ' કવિ ઝૂલી રહે છે. એમની પ્રણયની ગાઢ અનુભૂતિ બ્રહ્માનુભૂતિનો પર્યાય બની આવે છે. 'ગાઈ લે તારું ગાન'માં કવિ સૂરની પાંખે ઊંચા ભાવોને આસમાનમાં ઊડવા દે છે ત્યારની ભાવ-સમાધિમાં જે મધુરવાણી મળી છે તેનો પ્રગાઢ અનુભવ પ્રગટ કરે છે.

'તેજ તિમિરે જાય વહી જો
આપ મહીં મસ્તાન,
સૂરમાં સીમિત ગાનજો નાસે
જાય રે અસીમ દેશે,
ફૂલની મોહન સુરભિ જેવું
સરતું અદીઠ વેશે,
કોઈ અજાણ્યા ઉરની મૂંગી
ટહુકે ભરે વાણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૨૮)

ઉપર્યુક્ત પંક્તિઓમાં કવિના આધ્યાત્મિક અનુભવોનો સ્પર્શ પણ જડે છે. 'અહં બ્રહ્માસ્મિ'ના ઉપનિષદમંત્રને જાણી ચૂકેલા કવિ 'આપ મહીં મસ્તાન' બની તેજ તિમિરે વહી જતો બ્રહ્મની લીલાનું દર્શન માણે છે. એ જ રીતે સૂરોમાં સીમિત ગાન અસીમ દેશે જાય છે. ફૂલની સુરભિની જેમ અદીઠ વેશે સરતું કોક કોઈક અજાણ્યા ઉરની મૂંગી વાણીથી ટહુકો ભરી જાય છે. આમ કવિની કવિતા સ્થૂળ અનુભવોની સીમાઓ વટાવતા અસીમના દેશ ભણી પ્રયાણ કરે છે.

પોતાની પહેચાન કરવા માટે, શાંતિની પળોમાં ઉરના ભાવોને પ્રગટાવવા માટે એકાંતની જરૂર હોવાનું કવિ ઘણાં કાવ્યોમાં કહે છે. 'દિયો મને એકલતા ક્ષણભર'માં પણ કવિ ઈચ્છે છે --

'ઘડી થઉં નિજ થકી નિજ સંગ :
દિયો મુજને ઠરવા મુજ ઘર! ......
ધરું એક વેળ હૈયા મહીં ધ્યાન;
શી રે મારા અંતરની છે ખબર!'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૨૯)

કવિનો નિજ સાથેનો સંપર્ક સતત છે. આ સંપર્કમાં આવતાં વિઘ્નો સામે કવિ આ રીતે ઘણી વાર પ્રતિસાદ કરી ઊઠે છે.

'ભલો રહેજો રે દુઃખનો યે મુજ વેળ' માં કવિ જીવનમાં દુઃખને પણ ઈચ્છે છે. પારસફૂલના માંડવા હેઠળ પણ હળાહળ ઝેરને જોઈને કવિને શાન-બેશાન થુવેર વહાલાં લાગે છે કેમકે ત્યાં પણ સૂરની ગંગા વહાવતું કોઈ બહેર ગાતું હોય છે. 'છાઈ રહી ગમગીની'માં કવિના અસ્વસ્થ આત્માનો પરિચય મળે છે. 'નયન મહીં નીંદરનું અંજન'માં કવિ સ્વપ્નમાં સમયરી પર બનતી ક્ષણોમાં સર્જન અને વિસર્જનની સ્થિતિને નિહાળે છે.

ગજેન્દ્રનાં કાવ્યોમાં ગૂઢ ભાવોનો ગૂંથણી જાણ્યે અજાણ્યે થતો રહે છે તે ક્રમશઃ તીવ્ર બનતો અનુભવાય છે. 'ધીરું ધીરું જાગે છે'માં તેઓ કહે છે --

'મનગમતું રે અગમ્ય ગાન કોણે ગાયું ?
કોના સ્વરનો સુગન્ધ જાય ઝરી વાયુ ? ....
ગગનનું ઝાંખું જાણે ઊઘડે છે વ્હાણું,
કોણ આવી ઊભું મારે આંગણ નવ જાણું,
(એનો) સંગ નવલ પ્રેમભર્યું હૈયું વહે છાનું
કુંકુમનાં પગલાં પડે
રૂમઝૂમ થનગન.' (સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૩૧)

અહીં સુંદરમ્‌નો 'કોણ ગયું બબકાવી' ઇત્યાદિ કાવ્યોનો જેમ મુગ્ધભાવ રહસ્યમયતા પ્રેરે છે. કવિને અગમ્યનું ગાન મનગમતું છે. એને જાણવાની ઝંખનાનું ઝાંખું વ્હાણું ઊઘડે છે પણ કવિને આંગણે આવીને કોણ ઊભું છે તે બરાબર કળી શકાતું નથી છતાં પણ કવિનું પ્રેમભર્યું હૈયું એ અગમ્યની સંગે જ છાનુંછાનું વહે છે. આ અગમ્યની અનુભૂતિ કવિને જે આનંદ આપી જાય છે તેને જ કવિ 'રુમઝુમ થનથન કુંકુમની પગલી પડી' એમ કહે છે.

ફરી પાછો દૂરનો સૂર ઓરો આવે છે 'દૂરનો આવે છે ઓરો સૂર' કાવ્યમાં. કવિ એ સૂરથી અજાણ છે છતાં 'અંતર ખેંચાય પેલી પારે.' કવિ અહીં ને આરે છે તોય અહીંનો સંગ એમને નથી. તેમની આંખ હવે અહીંના રંગો જોતી નથી. એ તો --

'પાંપણને બંધ એણે મુગતિ શી પાઈ
એ તો સોણલાંનાં તેજ મહીં મ્હોતી;
કોઇ નમણાં ઝિલાય છે નૂર.'--
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૩૨)

બંધ પાંપણમાં તેજ ભરી મુક્તિને પામી ગઈ છે. કવિનું હૈયું હવે હાથ રહેતું નથી. અજંપ બની ઉર ઊછળે છે. કવિને પોતાના કલ્પનોડ્ડયનનું આશ્ચર્ય પણ થાય છે કે વાયરાને વીંઝનાર પાંખ નથી, જલની અસવાર હોડી નથી, તો પછી આ ધરણીના ખોળાનું ખેલનાર અવકાશે કેમ કરી દોડી જાય છે? કવિની અણદીઠની ઉત્કંઠા અને કલ્પના-વિહારનો જે આનંદ અનુભવાય છે તે તેમની કવિતામાં ફરી ફરી પ્રગટ્યા કરે છે. એ જ રીતે અંધકારને ઓગાળી તેજને પામવાની તેમની તરસ પણ વારેવારે કાવ્યમાં પડઘાતી રહે છે.

કવિ પ્રચ્છન્ન પ્રકૃતિમાં પ્રગટેલા પ્રભુના રૂપને 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં નિહાળે છે. આ પ્રકૃતિ સાથેના સંવનન અને અન્તે તાદાત્મ્યભાવમાંથી કવિને જે અપૂર્વ આનંદ મળે છે તે તેમને વાસ્તવજગતથી દૂર ધીમે ધીમે ભાવજગત પ્રત્યે વધુને વધુ ખેંચતો જાય છે. 'ધ્વનિ' કાવ્યસંગ્રહમાં પ્રકૃતિનું મનભર વર્ણન પ્રણયની મસ્તીનો છાક બનીને આવે છે. એ જ રીતે પ્રકૃતિ કવિને હવેના કાવ્યમાં વધુ જીવંત, આત્મરૂપ, પરમાત્મરૂપ લાગે છે. બ્રહ્મલીલાનાં લટકાં બધાં હોય તેમ કવિ પ્રાકૃતિક તત્ત્વોને ગૂઢ રહસ્યોના ઉદ્‌ઘાટક અને ભ્રાંતિથી દૂર નિર્મળ આનંદના ઉત્પાદક તત્ત્વો લેખે આલેખે છે. પ્રકૃતિના સૌંદર્યને ગાતાં - માણતાં જ રહસ્યની કળીઓ ધીમે ધીમે કવિ સમક્ષ ઉઘાડવા માંડે છે અને કવિ હવે તો આનંદી- નાચી - ગાઈ ઊઠે છે. આમ કવિની કવિતા સ્થૂળમાંથી ગૂઢ બને છે.

'શાન્તિ.શાન્તિ. શાન્તિ'માં દૂરના એ ઓરા આવતા સૂર કેવા ગુલ ખીલવી શકે છે તેનો પરિચય છે. તિમિરહરણ સૂરને કિરણ કમલની કાંતિ ખીલી, નિશીથ-વનની ઘનછાંયમાં ગ્રહલોકને સદન કવિના નયન અને ભમી ભમીને થાકી ગયેલા ચરણ આ બધાનો - ભ્રમણનો ભાર કવિ માથેથી ભોરમયે ઉતારે છે. ધુમ્મસ અભેદ્ય પડદો બને છે તો એ જ તૃણપાંદડાનું મૌક્તિક શું ભૂષણ પણ બને છે ત્યારે એમને લાગે છે કે--

'રૂપ વસે રૂડિયાં મહીં નિર્મલ,
વિશ્વનું, જ્યાં ટળી ભ્રાન્તિ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૩૨)

આમ કવિ નિર્ભ્રાન્ત બને છે ત્યારે તમરાંનું આકુળ રૂદન શમી જાય છે અને અણગભુવન ઝળઝળી જાગી જાય છે. વાંસની વેણુમાં વાયુ નવજીવનની સુખી નાન્દીનું ગાન કરે

છે. આમ કવિ અંધકારને ભેદીને ઊગતા અરુણોદયના વર્ણનમાં ભ્રાન્તિને હટાવી વિશ્વના નિર્મળ રૂપનું દર્શન કરે છે. આ દર્શન કવિ હૃદયને જ નહીં ભાવકહૃદયને પણ આલોકિત કરે છે અને કવિનો પણ નવજીવનનો શુભ નાન્દીનું ઉચ્ચારણ થઈ ચૂક્યું છે એટલે જ સ્વારૂપણીના 'આનંદો રે આજ આનંદ આનંદ ' કાવ્યમાં કવિ કહે છે--

'ઝીણાં રે જ્યોતથી ઘોર તિમિરના
તૂટિયા વજ્જરબંધ .
પાતાળ ફોડીને પામી રહ્યું પેલું
ઝરણ મોકળો માગ.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૩૩)

કવિનો રૂંધાયેલો વાણી અભંગ ગાઈ ઊઠે છે અને કોઈ અપૂર્વ ઘટના બની રહે છે એ કે --

'આવડા શા એક ઘટમાં ઊછળે
સાતે ય સાગર સાથ :
આજ તો લાધી છે પાંખ , પંગુ પણ
પામતો ઉન્નત શૃંગ.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૧૩૩)

ઘટમાં સાતેય સાગર ઊછળવાની ઘટના કંઈ નાનીસૂની નથી. બ્રહ્માનંદની પ્રાપ્તિની એ ક્ષણ છે , અખાએ આનંદેલા અભિનવ આનંદની એ પળ છે. કવિના ઉડ્ડયન હવે આરંભાયાં છે . અધ્યાત્મના ઉન્નત શૃંગ ભણી ઊડવા કવિને પાંખ મળી ગઈ છે.

'વન વન મ્હોરી વનરાઈ રે' કાવ્યમાં પણ કવિના પ્રકૃતિના સાંનિધ્યના થતા ચેતોવિસ્તારનો વ્યાપ પામી શકાય છે--

' આખું યે વિશ્વ એક રંગમાં જણાય , જેમ
રાધાની આંખમાં કન્હાઈ રે .'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૩૭)

'રંગીન રંજિત સાંજ'માં કવિને અણદીઠ ભૂમિને તીરે સૂતેલું કોઈ જગાને તેના સાજથી કવિઉરને સ્પંદિત કરે છે. ચંપાનો ગંધ અજંપ બની વનમાં ભૂલો ભમે છે. એ રીતે કવિનું વિકલ હૃદય પણ 'ક્યહીં અદીઠ કોણને કાજે ?' ખોવાઈ ગયું છે .

'તમસાને તીર 'માં કવિને કોઈનો સાદ સંભળાય છે. આ સાદનો કવિને ઝાકળ છાઈ ધરણી જેવો અણછતો યાદ છે. કવિ સૂર કે સૂરના લયને ઓળખતા નથી છતાં એ ચિરપરિચિત લાગે છે. એનો ગહન ગભીર નાદ મન-ગગનમાં રમતો હોય છે ત્યાં તમસાને તીરે સમીરે સહુને હાકલ દીધી.

'ખોલ રે,તારાં ખોલ સકલ પાલ ' '
હાલ્ય રે . અસીમ લોકની ભણી હાલ્ય ' '
ઉર શું આતુર '
અલસ દેહે તોય ઢળે ઉન્માદ.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૪૦)

અહીં કવિએ અસીમ લોક ભણી હાલવા સઢ ભરી દીધા છે પણ ઉરની આતુરતાનો ઉન્માદ દેહના અલસથી ઢળી જાય છે. અધ્યાત્મવિકાસ માટેના પ્રયાસની ક્ષણો અહીં ઝિલાઈ છે.

'હાર માની'તી' કાવ્યમાં કવિઉરની આતુરતા એ અકલ,અગમ્ય, અદીઠના પરિચયને પામીને જ રહે છે --

'નેણ થાકેલાં મીંચીયાં ત્યારે
તેજ ફુવારે
ફૂટતો તેનો પામિયો પરિચય રે.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૪૦)

પ્રકૃતિનો લીલારૂપ વિભુનાં દર્શન હવે કવિને અત્રતત્ર સર્વત્ર થતાં જણાય છે. વનગિરિના સિંહની સામે જ ગોરંભાયેલો ઘન બની ગાજે છે તે અને ઝૂરતા વિહગ માટે ઝરમર જલ વરસે છે એ સકલ એનો જ અભિનય છે. કવિને દૂરને ક્ષિતિજદેશે જેને મળવાની આશ હતી એતો સદા એમના અભિલાષા બની તેમના સંગમાં જ રહ્યો છે. કવિનો આ આનંદઘન વાણીમાં આ રીતે વહી રહે છે.--

'આજ તો ગંભીર અંભોધિનાં
ઘટમાં ગાજે ગાન.
આજ તો રોમેરોમને જાણે
મળિયાં સુધાપાન:
અબ નહિ સંશય, નહિ ભય,
અબ હું આનંદમય રે.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૪૧)

આનંદના અમૃતનું પાન કરતા કવિ નિઃસંશય, નિર્ભય બની રહે છે. 'તારા કમળકળી સમ લોચન' કાવ્યમાં પણ કવિનો આજ ભાવ પ્રતિબિંબિત છે. પ્રીતિની અરુણાથી નિત્ય સંમોહન જગાવતા કમળકળી સમા લોચનમાં કવિ બ્રહ્મની અનંતલીલાને જુએ છે. તે કહે છે --

'તું જ પ્રાચી, તું ઉદિત રવિ કિરણ,
તું જ સૃષ્ટિનો ગહન સત્ય,
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૪૧)

તેઓ એને જ જાગૃતિ ગણાવે છેએના થકી જ એમનું મન નિઃસંશય બને છે તેમના કરણ નિરલસ ચૈતન્યભર્યાં બને છે. કવિ કર્મમાં લીલા કરતા એના જ પ્રેમથી સર્વબંધનોમાંથી મુક્તિ મળતી જુએ છે. આ કમળકળી શા લોચનમાં જ કવિ અનંતબ્રહ્મનો વ્યાપ જુએ છે એ કહે છે કે --

'તુંથી વ્યાપ્ત જલ,થલ, જનપદ, વન:
તુંથી વ્યાપ્ત વળી સમયની ક્ષણક્ષણ:
તુજ રૂપ ,ગંધ, વર્ણથી ભર્યાં મુજ
જીવનના શત જોજન.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૪૨)

કવિ આ સર્વવ્યાપી પરમતત્ત્વની - બ્રહ્મતત્ત્વની અનુભૂતિ ઇન્દ્રિયાર્થિકી જ ગ્રહણ કરે છે. એનો નિર્દેશ પણ અન્ય કાવ્યોની જેમ આ કાવ્યમાં અંતિમ પંક્તિઓમાં પ્રગટ થાય છે. સ્થળ અને કાળ બધું જ જેનાથી સંપૃક્ત છે તેવા એ પરમતત્ત્વને કવિ ધ્વનિ, ગંધ જેવા ઇન્દ્રિયગ્રાહ્ય તત્ત્વો વડે જ પામી રહે છે. 'હરિ મારે નયને બંદીવાન' કાવ્યમાં કવિએ ગોપીભાવે હરિને નયનમાં બંદીવાન બનાવી પાંપણને પારણિયે જનમ જનમની આણ દીધી છે. કવિનું હૈયારૂપી ચિત્ત હરિ ચોરી ગયો છે. કવિ સુખમય નીંદર છોડી વનમાં તેને શોધતા ફરે છે. કવિ કહે છે હવે તો માલસહિત જ્યારે પકડાયો જ છે તો હું તને કેમ છોડું -હવે કવિ માથે મોર-મુગટ અને અધર પર મુરલી ધારણ કરી લોકોના

સૂર છોડી કૃષ્ણના હોરી-હિંડોળ ગાવા ચાહે છે અને રસમાં રસ માણી ત્યાં રાધા કે કૃષ્ણનો ભેદ રહેતો નથી. આમ તેઓ રાધા રૂપે કૃષ્ણમિલનનો એકાત્મભાવને અહીં પ્રગટાવે છે. હવે એમનું ચિત્ત હંમેશા વ્યવહાર જગતને છોડી દૂર દૂર કલ્પનાના ઉડ્ડયનો દ્વારા ભાવજગતમાં રમતું રહે છે. અણદીઠે દેશ જવાના, અદીઠ જોવાના અને પામવાના સોણલા દિન-રાત કવિ જોવા લાગ્યા છે અને કોઈક અગોચર સાથે સેતુ બંધાતો જતો તેઓ અનુભવે છે. 'માઝમ રાતમાં અણદીઠો' કાવ્યમાં કવિની આંખમાં ઘેન લહેરાય છે. ત્યારે કવિ આ ભૂમિ ઉપર હોવા છતાં 'સોણલે વ્યોમનો ઝૂલતે પ્રાણ હિંડોળ, જાણે કોઈ કાનમાં ગીતિ- આવો અનુભવ કવિને થાય છે. અને સંધાતા જતા તારનું મુગ્ધ આશ્ચર્ય પણ કવિને થાય છે.

' કોણ સાંધે રૂડો તાર સુમેળ
કરી મુજ અંતર બહાર ?
પૂરવીનો મૃદુ મીંડ મરોડ ઓ રે
કોણ બજાવણહાર ?
લહું લહું તોય રહે અણપ્રીછી. '
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૪૩)

આમ કવિને કોઈની ઝાંખી- ભ્રાન્તિ થાય છે ખરી, ક્યારેક ઓળખાણ થઈ ગઈ છે એવું પણ કવિને લાગે છે પરંતુ પૂરી પિછાન હજી થઈ નથી. કવિ કદાચ અણદીઠને ઓળખી તો શકે છે, પૂરા રૂપગુણથી પિછાણી શકતાં નથી.

કવિનું મન વ્યવહારના વાસ્તવને છોડીને કંઈક જુદું જ જોવા હવે દેવાઈ ગયું છે. 'મારું અંતર અવરણ રંગી' માં તેઓ કહે છે પોતે લોકોના સંગમાં પણ વણસંગી છે. કવિ આંખોથી જે રંગરૂપ નિહાળે છે એના કરતાં એમનું મન કંઈક જુદું જ જુએ છે. કવિ મૌનમાં ગીત અને તિમિરમાં અમલ અજવાળું જુએ છે. અને એ જ રીતે ઘટ્‌ઘટમાં અનંગી જોતું કવિનું અંતર અવરણ અર્થાત્‌ વર્ણવગરના રંગથી રંગાયેલું છે. આવી અકળ લીલાને કવિ નિરખી રહ્યા છે ત્યારે પલપલને પલકારે શ્વાસ.પ્રાણ.અને કાળને પણ ધારણ કરી જુએ છે તો કવિને કંઈ જ દૂર લાગતું નથી. કંઈ જ ગત- અનાગત નથી જગતના સ્થળ-કાળના બધા ભેદ ટળી જાય છે. આવી જ્ઞાનમુદ્રાની પળમાં કવિનું અંતર એકલ અને અમિત ઉમંગી બની રહે છે.

રાગ-વૈરાગ્યની ભજનિક પરંપરાની યાદ અપાવે તેવા રૂપકના પ્રયોગ દ્વારા 'ખાટી રે આંબલીથી' કાવ્યમાં કવિ કહે છે કે ખાટી આંબલીથી કાયાનો કાટ માંજી લીધા પછી હવે તેને તેજના કિનારે આણી છે. પાંપણના અંતરાયને લીધે પેલી બાજુનું કવિએ કંઈ જોયું નહીં અને પંડને પંપાળવામાં મોહિરા ચીરના રંગના ઓઘરાળા જોયા નહીં. આવી કાયાને અજવાળવા તો તેજમાળા ઓછી પડે અને ગંગાનાં પાણી ઓછા પડે પણ ખાટી આંબલીના ફીના સંગથી આ આખી કાયાનો કાટ માંજી લીધો અને તેજના અંજનથી એવું રૂપ આંજી લીધું છે કે હવે આખી દુનિયા એ આંખમાં ઝળહળ ઝિલાય છે. આંખમાં ઝળહળ ઝિલાતી આખી દુનિયા એ બ્રહ્મલીલાનું સૂક્ષ્મ જગત છે.

કવિને પોતાના વ્હાલાને પામવા ક્યાં સુધી કેવી રીતે જવાનું છે તેનો ખ્યાલ આવી ગયો છે. અંકાશી નગરીમાં વ્હાલાના મકાનનું સુંદર શબ્દચિત્ર કવિ રજૂ કરે છે 'પેલી અંકાશી નગરીમાં' કાવ્યમાં.

'પેલી અંકાશી નગરીમાં મારા વ્હાલાનાં મકાન.
એનાં સતરંગી ચડવાં સોપાન રે.'

'સાધો સ્ફટિકમણિનો મ્હેલ બાંધિયો,
ઊંડે અમીના કુવાર :
નાચ રે બિનાના રૈના તેજમાં
ઝળકે સૂરજ હજાર :
વાગે ધડકોનાં ચોઘડિયાંમાં અનાહત ગાન.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૪૪-૧૪૫)

અંકાશી નગરીમાં સતરંગી સોપાન ઈન્દ્રધનુના હોઈ શકે. વ્હાલાના મકાનનું કલ્પનાચિત્ર રજૂ કરવા સાથે કવિતો કલ્પનાની પાંખે મકાનનો માંહ્યલો પા પણ પહોંચી જાય છે અને વ્હાલાના રૂપને જોઈ લે છે. ક્યારેય ન જોયેલા વ્હાલાના કોટડા અને વ્હાલાને જોઈને એમને ભાન થાય છે કે --

'જેવો આપણો હો રંગ એવાં કોટડાં કળાય,
એમાં વ્હાલો મારો ક્યાંય ના ભળાય રે ;'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૪૫)

પણ કાયાની કંચાને વેગળી મૂકી ઝીણે સૂરે સાદ કર્યો તો વ્હાલો આકુંડો ઊઠીને આવ્યાં અને સત્વરે કમાડ ઉઘાડી ગયાં' પણ માંહ્યલા ઘરમાં જઈને જોયું તો --

' માંહ્યલા ઘરમાં તો બેઉનો રે ભેદ ના લહાય .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૧૪૫)

આમ કવિને વ્હાલો આત્મરૂપ લાગ્યો .

'હરિ તને જરીનોય જંપ નહીં' કાવ્યમાં કવિ ગોપીભાવે નિશદિન યાદ આવતા કાનને ઠપકો આપે છે કે તને જરીનોય જંપ નથી , ચેન નથી. કવિને નીંદર આવે છે ત્યારે તે મોરલીનો વેણ ગજવે છે. ચોગમ તાગી આણ છે તો કયા મારગ ચાલવું , કોને ફરિયાદ કરવી ? આસોની રાતમાં રંગે રમીએ છીએ ને વેળા એ ઝૂરતા અંતરથી એકલી મુકે છે, તરસી કાલિંદરીને કાંઠે વ્હેણ ડહોળા ન કરીએ એવો મીઠો ઠપકો કવિ આપે છે. 'ધ્વનિ' એ રાજેન્દ્રની કવિતાનું આગવું લક્ષણ છે . તે રીતે તેમની કવિતા કાવ્યના સૌંદર્યથી યુક્ત છે. તેમનું કોઈ પણ કાવ્ય અભિધાથી પર લક્ષણા અને ખાસ તો વ્યંજનાથી શબ્દની અપૂર્વ શક્તિને પ્રગટ કરે છે, તે અનેક અર્થચ્છાયાઓ સ્ફુટ કરવા સાથે ભાવકહૃદયને અપૂર્વ આનંદ આપે છે. 'કાલિંદરીનાં કાળાં જળ ' ચિત્તવૃત્તિઓની ત્રિગુણાત્મક પ્રકૃતિ ( સત્ત્વ,રજસ્, તમસ્ ) સાથેના સંયોગને - માયાને- નિર્દેશે છે. કાલિંદરીના જળ ડહોળા કરવા એટલે શાંત બનેલી ચિત્તવૃત્તિઓને વિક્ષુબ્ધ કરવી . ગોપી એ અધ્યાત્મમાર્ગે નીકળેલા સનાતન ભક્તયાત્રીનું પ્રતિનિધિત્વ કરે છે. અધ્યાત્મમાર્ગે નીકળેલા કવિ ચિત્તવૃત્તિઓને સંયમિત કરી માર્ગના અંતરાયોને દૂર કરવા પ્રયત્નશીલ છે. આ અધ્યાત્મનો માર્ગ કપરો, લોસા, સીધા ચઢાણવાળો છે. એમાં કરોળિયાની જેમ ફરી ફરી પડવું અને ચઢવું પડે છે ત્યારે ચિત્તવૃત્તિઓને સંક્ષુબ્ધ કરવા માટે ગોપી હરિને -ભક્ત પ્રભુને ઠપકો ન આપે તો બીજા કોને આપે ?

મીરાં -કબીરની શૈલીમાં 'પ્રભુ મૈં પ્રેમ કિયો નવ જાનું ' કાવ્ય પ્રભુને પ્રેમ કરતાં આવડતું નથી એવો કવિનો મીઠો મૂંઝવણને વ્યક્ત કરે છે અને પ્રભુમિલનની આરત પણ આ રીતે પ્રગટ કરે છે--

'તું નીંચે કાહે નહિ આવે ,
એકલ રહૈ ઉદાસી ?'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૪૭)

કવિ રાજેન્દ્રની અધ્યાત્માનુભૂતિ ઇન્દ્રિયગ્રાહ્ય છે. રૂપ રંગ સુરભિ રૂપે તેઓ બ્રહ્મને પામે છે અને એમાં જ બ્રહ્મનો વિલાસ એ જુએ છે એટલે તો એ એને નિમંત્રે છે--

' રૂપ, રંગ, સુરભિ સહ ખેલે
મિલ કર હોય વિલાસી. '
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૪૭)

ત્યાર પછીની પંક્તિઓમાં રૈદાસની કવિતાની અસર જણાઇ આવે છે. ઝાકળબિંદુમાં ઝિલાતા સૂર્યરૂપ આત્મા-પરમાત્માની સ્થિતિને હવે કવિ જોઈ શક્યા છે . સકલ વિશ્વની લીલામાં પરમતત્ત્વનાં દર્શન કરતાં કવિને જલ જલ કાલિન્દી અને વૃક્ષ વૃક્ષ કદંબ જણાય છે. કવિને કૃષ્ણવિનાની વ્રજની કુંજ કૃષ્ણસહિતના વૈકુંઠ કરતાં વધારે ગમે છે. એ જ રીતે તેમને પર્વતો , મંદિરો , તીર્થોમાં પ્રભુને પામવા જવું નથી . નિરાકાર બ્રહ્મરૂપ ઈશ્વરની અનુભૂતિ કવિને માન્ય છે એટલે જ કવિને મૂંઝવણ છે કે કેવી રીતે પ્રેમ કરવો ? અન્ય ભક્તોની જેમ સાકારરૂપને તો તેઓ પૂજા-અર્ચના કરી શકતા નથી, ત્યારે રૂપ , રંગ , ગંધ સાથે -પોતે આત્મરૂપ અને પ્રભુ પરમાત્મરૂપ -બંને મળીને વિલાસી રહેવા સિવાય પ્રભુને અન્ય શું ઇજન કવિ આપે ?

કવિની પ્રભુમિલનની તરસ , તડપ અને દુઃખ પણ તેમના કાવ્યમાં પ્રગટે છે ' અજહૂં ક દિન ' કાવ્યમાં .

' અજહૂં કે દિન
મૈં દુઃખીન તુમ સંગહીન . '
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૪૭)

કવિનું અંતર પ્રભુના કોમળ કરના સ્પર્શથી ઝંકૃતિ ઝંખી રહ્યું છે. તેમના હૈયાનું બીન આકુલ સૂનું છે. કવિ કહે છે --

'તુમ કરુણા જલ
નિરમલ નિરમલ ......
અંક લિયો ઇહિ પલ, તુમ કારન
તડપત તલસત મીન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૪૭)

અને એટલે જ તો ' મુલક બિરાના' માં કવિના મનને આ જગતમાં શાંતિ મળતી નથી. લોકોની આંખમાં પ્રેમજલ ઊભરાતાં નથી. જગતની ભાષાને કવિ જાણતા નથી અને એથી પોતાના વિચારો તેઓને સમજાવી શકતા નથી. લહેરો પર એક સૂર ન મળે ત્યાં સુધી કેવી રીતે ગાઈ શકાય ? એટલે જ કવિ પાછા વ્યવહારજગતને છોડી ભાવજગતમાં ખોવાઈ જાય છે. મથુરા નગરી અહીં મોટી છે પણ ત્યાં સાંવરિયો કાન નથી. કવિ જે ગોકુળના વાયુમંડળમાં કાનાની મોરલીની તાન સાંભળી રહે છે અને પળે પળ બાવરા બની મનને કહે છે --

'ચલ અપને ઘર જાના ,
અધર મધુર ફરકે મધુરવ સહ
જહ મધુ પીના, પાના. '
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૪૮)

શ્યામ અધર પર ફરકતા મધુરગીત સાથે કવિ મધુ પીવા અને પાવા ઇચ્છે છે. કવિનો જીવ હવે આ વ્યવહાર જગતનો જીવ રહ્યો હોય એવું લાગતું નથી .

મીરાંની વ્રજબાનીની ઝલક ફરકાવતું કાવ્ય 'હિય હરિ લિયો હરાય'માં કવિના હૈયાએ હવે હરિને હરી લીધો છે. શ્યામઘન વરસી વરસી રાધાના અંગસુ અંગ મિલાવી પ્રિયમિલનની અદ્ભુત અનુભૂતિ એમને કરાવી જાય છે. કાવ્યમાં મીરાંની કૃષ્ણભક્તિની છાયા પૂર્ણપણે ઝીલાઈ છે. શ્યામ-ઘનનું સમાંતર વર્ણન અહીં જોવા મળે છે. વીજળી જેવી દૃષ્ટિથી કાનાએ ગોપીના તનમનમાં આગ લગાડી છે. વનની કુંજમાં મધુર વાંસળી વગાડી રહ્યો છે. મુશળધાર વરસાદમાં માર્ગ સૂઝતો નથી, જમુના છલકાઈ ગઈ છે. મનનો મોરલો બોલે છે જે સહેવાતું નથી અને શ્યામ -સાંવરિયો વરસી વરસીને રાધાને અંગસુ આલિંગી રહ્યો છે. આવો પ્રિયમિલનનો મધુર આસ્વાદ કવિ ગોપીભાવે આ કાવ્યમાં માણી રહે છે. કવિ રાજેન્દ્રની આધ્યાત્મપ્રાપ્તિ ઇન્દ્રિયસંતર્પક છે એનો પણ અહીં પરિચય મળે છે.

ઘડી બે ઘડી મિલનની મધુરતા વેરી અલોપ થઈ જતા પ્રિયતમનો વિજોગ હવે કવિથી સહેવાતો નથી. 'અજહું ન આયો સંજોગ'માં તેઓ કહે છે--

' મિતવા ! કબહુંક રહે બિજોગ ? '

(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૧૪૬)

મીરાંની આરત પ્રગટાવતા કવિ આ કાવ્યમાં પણ પ્રિયતમના આવવાના પંથને નિરખી રહ્યા છે પરંતુ નથી દર્શન થતાં કે નથી તેની કોઈ ખબર મળતી . આમ ઝૂરી ઝૂરીને ઉંમર વીતી ગઈ અને જનમ ફોગટ ગયો .કવિના મનની મેડીમાં હવે એક જ પ્રિયતમ વસેલો છે. બાકી સમગ્ર જગતને કવિએ છોડી દીધું છે . પ્રિયતમનું સ્મરણ કરીને મળતા સુખનો લાભ કવિએ ગુમાવ્યો છે તેનું તેમના હૈયામાં દુઃખ છે. જગ જ્યારે ફાગણના રંગોમાં રમમાણ છે ત્યારે કવિની આંખમાં થોક થોક આંસુનો સાવન ભરેલો છે. કવિનું મન મિલનની પળ ને જોઈ રહ્યું છે પરંતુ મિલનની આશા ફળતી પણ નથી અને આશા તૂટતી પણ નથી . આ સ્થિતિમાં કવિનો જીવ વિકલ- વ્યાકુળ થઈ ઊઠે છે. આમ પ્રિયમિલનની વ્યાકુળતા અહીં સુપેરે પ્રગટ થઈ છે.

'ધ્વનિ'થી કવિના નિરુદ્દેશે ઊઠેલા કાવ્યના ધ્વનિનાં આંદોલનો-તરંગો -ઝંકૃતિનો ઝંકાર સંભળાય છે 'આંદોલન'નાં કાવ્યોમાં. પ્રથમ કાવ્યથી જ કવિને પોતાની ઓળખ થઈ ચૂકી છે. દૂરના સૂર ઓરા આવે છે. દૂર વસનાર વ્હાલાના મકાનમાં કવિ કલ્પનાની પાંખે પહોંચી જાય છે અને આત્મરૂપ પ્રભુને અંતરની આંખે ભાળી રહે છે. પ્રચ્છન્ન પ્રકૃતિ વધુ સજીવ, ગૂઢ એકરૂપ બને છે. 'ધ્વનિ'પ્રકૃતિના બાહ્યવર્ણન હતું પરંતુ હવે રહસ્યની કળીઓ ધીમે ધીમે ઊઘડતી જાય છે. પ્રકૃતિ વધારે પ્રગટ બને છે. એમ રહસ્યોદ્ઘાટનની ક્રિયા કવિ માટે વધુ સહજ બને છે. કવિ ઘરબાર અને વ્યવહાર જગતથી ઊફરા કલ્પનાની પાંખે ભાવજગતમાં વિહરવા લાગે છે. કવિની આંખ જગતને જોતી નથી પરંતુ દૂરના અદીઠને ધીમે ધીમે જોવા લાગી છે. કવિની અદીઠને જોવાની ઇચ્છા અહીં પ્રગટ છે પણ તેમાં પૂર્ણ સફળતા મળી લાગતી નથી. કવિના પ્રયાસોનો આલેખ 'આંદોલન'નાં ઘણાં કાવ્યોમાં રજૂ થયો છે. કવિને જુદી જુદી અનુભૂતિઓ થાય છે . રૂપ ક્યારેક પ્રચ્છન્ન પ્રકૃતિમાં, ક્યારેક જનજનમાં અને પોતાનામાં વસેલા આત્મામાં ,ક્યારેક રાધાની સંવેદના બની કાનામાં,તો ક્યારેક ફરી અદીઠું રૂપ.બની કવિના હૃદયને ઝંકૃત કર્યા કરે છે. આ અનુભૂતિ કવિને મીઠી લાગે છે અને આ અનુભવના અભાવમાં કવિ ઉદાસ , દુઃખી અને વિજોગી પોતાને ગણાવે છે પરંતુ એટલું તો ચોક્કસ કહી શકાય કે કવિને પાંખ મળી ગઈ છે અને અધ્યાત્મના ઉન્નત શૃંગ ભણી ઉડ્ડાણ તેમણે આદરી દીધું છે. તેમનાં ઉરગીતોનો ધ્વનિ

તરંગ આવૃત્ત બનીને સંવાદી કે વિસંવાદી આંદોલનો જગાવે છે તે આંદોલનોને એક કરવાનો, સ્વરસપ્તકના 'સા'ને શોધવાનો અને અગોચર આંદોલનોની શ્રુતિને સાંભળવાનો કવિનો ઉપક્રમ હવે સ્પષ્ટ જણાઈ આવે છે.

## શ્રુતિ

'શ્રુતિ' કાવ્યસંગ્રહનાં કુલ ૭૯ કાવ્યો પૈકી લગભગ ૨૦ કાવ્યો શુદ્ધ અધ્યાત્મપરક કાવ્યો છે. અન્ય પ્રકૃતિ તથા પ્રણયકાવ્યોમાં પણ અધ્યાત્મનો સંસ્પર્શ જડી આવે છે. 'શ્રુતિ' કાવ્યસંગ્રહનો ઉઘાડ 'પદ્માવતી' પદ્યનાટકથી થાય છે. કવિ જયદેવના ચરિત્રમાંથી લીધેલા આ પ્રસંગમાં કવિ મૂળપ્રસંગના ચમત્કાર અંશને છોડી દે છે. મૂળમાં વિદેહ બનેલી પદ્માવતી જયદેવની અનન્ય ભક્તિથી પ્રસન્ન થયેલા કૃષ્ણની કરુણાથી સજીવન થાય છે પરંતુ આ ગીતિનાટ્યમાં પદ્માવતીનો આત્મા તો લોકલોકાંતરમાં જયદેવની શોધે નીકળ્યો છે, જયદેવના અનુસંધાન માટે. જ્યારે જયદેવ બીન ઉપર પ્રાર્થનાગીત ગાય છે ત્યારે એની વૈખરીનાં નહીં પરંતુ પશ્યંતી - પરાના સૂક્ષ્માતિસૂક્ષ્મ આંદોલનો વિશ્વ સમસ્તમાં, લોકાંતરમાં પ્રસરે છે. એ પદ્માવતી ઈતર લોકના માર્ગે જતાં સાંભળે છે અને સૂરના સંધાને પંથ કાપતાં પુનઃ પોતાના દેહમાં પ્રવેશ કરે છે. કવિના કાવ્યમાં બીન પર ગવાતા ગીતનું ઘણું મહત્ત્વ છે. આ સૂરો જ પરમાત્માના અનુસંધાન માટે માધ્યમનું કામ કરતા હોય તેમ જણાઈ આવે છે. આથી એ જ કલ્પન કવિએ આ પ્રસંગમાં ઉપસાવ્યું છે.

નિરુદ્દેશે ફરવા નીકળેલા કવિને કવિતાનો ઈલમ ઘણું આપી જાય છે. એના અમલ મહીં કંઈ જ દૂર રહેતું નથી. કવિ કાવ્યમાં કલ્પનાના ભાવજગતમાં ઈચ્છે તે મેળવે છે. એમાં સમયપરાં સોણલાં, પૂનમનો શાશ્વત વર્ણ, પ્રેમનો છંદ, મધુર અકળામણ અને મન-રંજન કવિને મળે છે.

'પોષ વદ ૬ (જન્મદિને)'નાં ત્રણ કાવ્યો પણ ગૂઢ રહસ્યોને પ્રગટાવે છે. પ્રભાતનું ધુમ્મસ કવિને સમસ્ત અભેદના અંચલમાં લીન, અનંત, નીલિમ, સીમહીન ભાસે છે, ત્યાં શ્વેતહંસ જેવી નાવ ક્યાંથી સરે છે ? કવિને તેના અતીત કે ભાવિની કેડી દેખાતી નથી. કવિને જે અપૂર્વ દર્શન થાય છે તે આ છે--

'અહો સૂર નિતાન્ત મૌનમાં !
અગમ્યનું શું ઊઘડે રહસ્ય !
અનંતના નીલિમ અંતરે આ
મરાલનું દર્શન રમ્ય, રમ્ય !'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૭૨)

કવિને પ્રકૃતિના સાંનિધ્યે કોઈક ગૂઢ રહસ્યનું ઉદ્ઘાટન થતું જણાઈ આવે છે. તેઓ પ્રકૃતિ સાથેના તેમના એકાંત મિલનમાં જ - નિતાન્ત મૌન, નીરવ શાંતિમાં જ અગમ્યના રહસ્યને પામે છે. અનંતના અંતરમાં શ્વેત મરાલનું દર્શન અનંતના આત્મારૂપ - બ્રહ્માંડના કેન્દ્રરૂપ છે.

બીજા કાવ્યમાં શિશિરની રાત્રિની શેષ વેળાએ અર્ધચંદ્રની કાન્તિ ઢળે છે. હવા તુહિન-શીતલ ફૂંકાઈ આવે છે. સૃષ્ટિ રજત - સોણલે સૂતેલ છે. સર્વત્ર શાંતિ અને સમયનો સંક્રાંતિટાણે તરુડાળનું પીળું પાન ખરે છે. મંદ સમીર મૌનમાં શમે છે અને આયુષ્ય પૂરું થાય છે પરંતુ અજાણ અંકુરનો નવોન્મેષ સ્ફુરે છે. વિશ્વચૈતન્ય નવસર્જનમાં

ઉદિત છે ત્યારે કવિને વિવર્તમાં શાશ્વત વિલોકાય છે. કવિને પોતાના અંતરે વસેલું બધું છદ્મરૂપ લાગે છે. અણદીઠ કો પદ્મની મધુર સૌરભ અને ભ્રમર-ગુંજનનો લલિત રવ હવા સંગ નિઃસીમ આનન્દમાં રેલાય છે. અહીં કવિ પ્રકૃતિની લીલામાં શાશ્વતને નિહાળે છે. પ્રકૃતિ સાથે જ તાદાત્મ્યભાવે ચિત્તના વિસ્તારે અનંતમાં ભળે છે. આ જ ભાવને વધારે સ્પષ્ટતયા તેઓ ત્રીજા કાવ્યમાં વ્યક્ત કરે છે. અહીં વનની અમરાઈભરી પ્રસન્ન મંજરી પમરે છે. 'પ્રલંબ રાત્રિ શમે છે અને વરેણ્યભર્ગની વેણુ બાજે છે. પવનની લહેરનો મૃદુ સ્પર્શ કવિના અણુએ અણુમાં હર્ષની લાગણી પ્રેરી રહે છે. ઉરકમલ ખીલે છે અને વિલસતા હિરણ્યભર્ગને ગંધની રજ લઈ પ્રણામ કરે છે ત્યારે કવિ એવા જ તાદાત્મ્યનો અનુભવ કરે છે, જેમાં અંતર વિસ્તરીને અનંતમાં સમાઈ જાય છે અને વિશ્વ સામટું તેમના અંતરના ખોળે વસી જાય છે.

'સહુને મુજ અંતરે ધરું,
સહુને અંતરે હું ય વિસ્તરું.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૭૪)

'નિરુદ્દેશે'માં કરેલું ભાવસ્થાપન કવિના કાવ્યોમાં પુનઃ પુનઃ શબ્દાન્તરે પડઘાતું જ રહે છે જે ઉપરોક્ત પંક્તિઓમાં જોઈ શકાય છે.

'હે વિધાતા' કાવ્યમાં પોતાના મનથી મનસ્વી સૃષ્ટિ રચતા વિધાતાને કવિ સ્વપુરુષાર્થ વડે પોતાનું યશસ્વી ભવિષ્ય આંકવા લલકારે છે. તો 'તું' કાવ્યમાં પ્રભુની દ્વંદ્વાત્મક લીલાને આલેખે છે. તેઓ કહે છે કે બળતા દવ પછી કોમળ હિમસ્પર્શ, ધૂળ-ડમરી શ્વાસ ભરી દે પછી જલવર્ષણ, પ્રલય પછી ઔષધિ, સૂર્ય-ચંદ્રના અભાવમાં ધ્રુવતારક તું જ છે આ અવકાશબહારનું અને ઉરનું અનર્ગલ પણ તું જ છે. અહીં તારામાં જ ગાન પ્રગટે છે અને તારામાં જ લય પામે છે. ઈશ્વરની લયલીલાને અહીં આ રીતે આલેખવામાં આવી છે. 'મારું છે અન્ન' દીર્ઘકાવ્યમાં કવિ ઉપવાસી ભાર્ગવ દ્વારા પથિકને 'ત્યાગીને ભોગવવાનો' ઈશોપનિષદનો મંત્ર સમજાવે છે. જગતમાં વિસર્જનકર્તા બળો અનેક છે સાથી મદદ કરવાને ત્યાગ કરવો એ જ ઉત્તમ છે. 'વિશ્વ અને હું' કાવ્યમાં પ્રકૃતિ સાથેનો એકાત્મભાવ પ્રગટ થાય છે. સમગ્ર વિશ્વ અને કવિ હવે એકરૂપ બની ગયાં છે.

'અરુણ કમલ સમ વિશ્વ
અને હું
દલ પર
શિલિમુખ શ્યામ.
એનો
પરિમલ રમે
નિખિલ મહીં
મુજ
ગુંજન અભિરામ.
અવર ન રાધા
કોઈ,
અવર નહિ કૃષ્ણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૮૦)

અહીં તેઓ અને વિશ્વ શ્યામ-રાધારૂપ છે. સૌરભરૂપે રાધા અને ગુંજનરૂપે શ્યામ વિશ્વમાં વ્યાપી રહ્યા છે અને કવિ પોતે એનાથી અભિન્ન છે.

'ગલ , વાયસ ' કાવ્યમાં અંભોધિને તટ અભિરામ રમતા શ્વેતશ્યામ ગલ-વાયસને હળી મળીને રમતા જોઈ વ્યતીત- ભવિતવ્યનો વિહાર માણતા સ્વપ્ન - જાગૃતિ - અંતઃસ્થિતિ એકસાથે માણી રહે છે અને અધોમાંથી આંખે શ્વેત-શ્યામ ગલ-વાયસમાં છાયા-પ્રકાશમય લલામ વિશ્વને જોઈ રહે છે. કવિની બાહ્ય જગતની અંદર કંઈક જુદું જ નિહાળવાની ક્રિયા ,વ્યવહાર જગતને પોતાની દૃષ્ટિએ જોવાના ગુણને પ્રગટ કરે છે. 'વિવર્તન શાશ્વત'માં ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા વિશ્વમાં શાશ્વત છે આ વિવર્તન એમ કવિ જણાવે છે —

'નવજન્મ ધરું ક્ષણેક્ષણ
નહિ, હું સંસ્થિતિ માંહિ શાશ્વત. '
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૮૨)

જલ-હેલી વગરના રવશૂન્ય મૌનમાં વનનું અખંડિત સુરેખ બિંબ ઉરમાં ધરી રહે છે. ત્યાં નીલ ગભીરતાની શોભા છે .પણ એમનું ગાન તો અવર્ણ નિર્મલ સુષમાથી સભર રમતા ઝરણાંનું ગાન છે જે સતત વિવર્તિત છે. સતત નવીન છે, રૂપ બદલતું છતાં શાશ્વત છે. પોતાના અને વિશ્વ વિષેના સનાતન રૂપ દર્શનનો પરિચય તેઓ આપણને અહીં કરાવે છે.

પ્રાકૃતિક તત્ત્વોનો અનુભવ સનાતન રહસ્યોદ્‌ઘાટન માટે કેવી રીતે ઉપકારક છે. એમની દૃષ્ટિ પ્રકૃતિની લીલામાંથી ગૂઢ સત્યોને કેવી સહજતાથી પામી લે છે અને એ રૂપકો દ્વારા કેટલી સરળતાથી ભાવકહૃદય સુધી પહોંચાડી શકે છે તેનો પરિચય આપણને 'છાયા' કાવ્યમાં પણ થાય છે. પૂર્વની ક્ષિતિજે ભાસ્વતી અરુણાઈમાં સ્વર્ણિમ સૂર્યના ઓજસ ઝીલી કવિ પોતાની પરિક્રમણા કરે છે ત્યારે તેમની પ્રલંબ ઢળેલી છાયાથી મુદ્રિત પૃથ્વી તેઓ જોઈ રહે છે, એ વખતે અંતરને વધુ પ્રિય લાગે છે, પ્રાણની ગતિમાં ગૌરવનો અનુભવ થાય છે, દૃષ્ટિમાં પ્રતાપ વર્તાય છે અને કુંજમાં શરણાઈ વાગી રહે છે. મધ્યાહ્ને નતદિશાઓમાં આતપશ્વેત સૂર્ય કવિને રુદ્રનું ત્રીજું લોચન લાગે છે. એમની આંખમાં અંધારમય આગ વર્તાય છે. આ ઉતાપમાં તેઓ પોતાની જ છાયાને ખોળે છે તો તે તેમના જ ચરણ નીચે ભૂમિની ગુફામાં જવા ઝંખતી હોય તેમ લપાઈ ગયેલી જુએ છે . ત્યાં અણદીઠ લહરીનું ઋજુતમ હેત સ્પર્શી રહે છે . દિન અસ્ત થાય છે. યોગીન્દ્રના દૃગ અંતરમુખ બને છે, સૂર્ય પર વાદળની પાંપણ ઢળે છે, ગગનનો ગેરુ વર્ણ વિલાઈ જાય છે અને શ્યામ ધરામહીં વિસ્તીર્ણ બને છે ત્યારે છાયા ક્યાંય-કોઈનીય રહેતી નથી.

'કેવલ નીરવતાને પ્રલય મજ્જિત સકલ .
નહિ રૂપ કે નહિ વર્ણ, નહિ કો ભેદ ,
નિદ્રિત ચેતના .....
ને
સૃષ્ટિના અશ્વત્થ આદિમ બીજ મહીં સંભૂત ''
(સંકલિત કવિતા' પૃષ્ઠ- ૧૮૩)

પોતાની પ્રલંબિત છાયાનું પ્રતિક્રમણ કરતા કવિની છાયા એમનામાં જ લપાઈ જતી સર્વત્રમાં વિસ્તીર્ણ બની રહે છે. જ્યાં ચેતના નથી ત્યાં ચેતનાનો અભાવ નથી . એ નિદ્રિત ચેતના છે જેમાં સૃષ્ટિના અશ્વત્થનું આદિમ બીજ ગોપાયેલું છે. આમ ચેતનાનું પ્રાગટ્ય અને લય એતો છાયા-પ્રકાશની સંતાકૂકડી માત્ર છે . ચેતના નિદ્રાધીન બને કે ક્રિયાશીલ બને ,ચેતના એક રૂપ ધારણ કરે કે બીજું રૂપ ધારણ કરે પરંતુ ચેતના

સદા શાશ્વત અને એક જ છે. બ્રહ્માંડ એ અનંત ઉર્જાથી ઉભરાતો સાગર છે. તેનું અસ્તિત્વ જડ-ચેતનરૂપ આપણને ભાસે છે. પણ શાશ્વતી ચેતના તો સર્વત્ર સભર, સર્વકાલીન છે.

સતત પરિવર્તનશીલ જગતમાં ભાવિ અને અતીતની વચ્ચે રહેલી સાંપ્રતની ક્ષણોને જ કવિ ચાહે છે. 'સાંપ્રત હું ચિરંતન' કાવ્યમાં સાંપ્રતની અણી જેવડા સાંપ્રતમાં તેઓ શક્તિશાળી છે. તે ક્ષણે તેઓ ઇચ્છે તે કરી શકે છે. સાંપ્રતની ગતિ ચંચલ છે છતાંય સ્થિર છે. 'વિવર્તન શાશ્વત' કાવ્યનો પડઘો અહીં સંભળાય છે. કવિ પાસે અસ્થિર ક્ષણોનો જે અવકાશ છે તેમાં જ પંચતત્ત્વના સંકલ્પને સિદ્ધ કરતાં અગણ્યરૂપો રચી રહે છે માટે જ તો જે અસીમ છે, અનિર્દેશ્ય છે તેને કવિ સીમિત સત્વગોચર બનાવી શકે છે અને એટલે તો આ આનંદને સર્જતી ક્ષણનો વિવર્તનરૂપ છતાંય સાંપ્રત ચિરંતન છે. કવિ પોતે જ સાંપ્રત છે. પરિવર્તનશીલ સાંપ્રત અને બદલાતા સમય સાથે પોતે શાશ્વત છે.

'વિવર્તે સાંપ્રત હું ચિરંતન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૮૪)

કવિ દર્પણમાં પોતાના ગર્વિષ્ઠ ચહેરાને તેઓ 'દર્પણ-૧'માં જુએ છે અને ગર્વને પ્રહાર કરતા ભગ્ન દર્પણમાં પોતાના પંડને ખંડ ખંડ થયેલો જુએ છે. 'દર્પણ ૨'માં તેઓ પોતાના જ હાથમાં સર્વ સૃષ્ટિને ધરી રહે છે પરંતુ જે હાથમાં છે તેનો સ્પર્શ શક્ય નથી. ત્યાં જઈ શકાતું પણ નથી. વિસ્તીર્ણ અવકાશનો સંભ્રમ કવિ માણી શકે છે પણ આ છાયારૂપ દૃશ્યમાં દેહનો પ્રવેશ શક્ય નથી.

'વિછોડતાં પાત્ર તણો પરિગ્રહ,
લહું કશો વ્યોમ તણો અનુગ્રહ'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૮૩)

આવા દર્પણને છોડી દેવાનું કવિને મન નથી. તેમાં વ્યોમનો અનુગ્રહ તેઓ જુએ છે કે જેથી તેઓ આવું દર્શન કરી શકે છે. એમને દર્પણમાં દેખાતું પારપ્રદેશનું સૂક્ષ્મ જગત એમના ચિનાકાશના અનુગ્રહને લીધે છે.

એમણે ઊર્ધ્વગમન કરવા માંડ્યું છે ત્યારે એમની સ્થિતિ કંઈ જુદી જ બની ગઈ છે. 'આ મુજ ચરણ' કાવ્યમાં તેમનાં ચરણોને ઊંચેને ઊંચે ચઢવું છે. તેમનાં નયન નીચે જોતાં જ નથી કેમકે ઊંચેથી નીચે જોવામાં મૂર્છિત બની પડી જવાની એમની તૈયારી નથી. તેઓ પોતાની ઉરવ્યથા બીજાને કહે તો તે કડવી લાગે છે. એમને પોતાના સ્વજનોની વચ્ચે પણ હવે અડવું લાગે છે. આમ કવિની મનોદશા તેમના આધ્યાત્મિક વિકાસની પૂર્વભૂમિકા રચી આપે છે.

'ત્રણ અવગાહકો' કાવ્યમાં કવિ જુદી જુદી ત્રણ વ્યક્તિની દૃષ્ટિએ સંસાર કેવો છે તેનું ચિત્ર આંકી આપે છે. મત્ત મહેરામણમાં અવગાહન કરનાર જે પ્રથમ બહાર નીકળે છે એને પંકની લાંછના માત્ર લાધે છે જેનું સંમાર્જન ગંગાના પુનિત જલથકી એને કરવું રહ્યું. એનો લેપ જોઈ એને જિંદગીમાં સુખ નહીં માત્ર કલેષ જણાય છે, ત્યાં બીજો પાશભેર છીપ આણી તીરે ઊભો રહે છે. રંગ- આલોક - આકાર બહુ ભિન્ન અને સુંદર હોવા છતાં એને એનું કશું મૂલ્ય લાગતું નથી કેમકે આ વેળુ પર એની ક્યાં કમી હતી ? આથી ખિન્ન અંતરે, શિથિલ કરમાંથી બધું સરકી ગયું ત્યારે તેણે ઉચ્ચાર કર્યો કે 'સંસાર નિઃસાર'. ત્યાં તૃતીય ડોકાય છે. રુંધાયેલા વાયુને મુક્ત કરી પુનઃ શ્વાસની ઉષ્માથી સ્ફૂર્તિમય લોચને બીજાની નજીક જઈ કહ્યું 'મુષ્ટિ મહીં શું રહ્યું ?' તેને લાધ્યું છે અમલ નિજ તેજથી ઝળકતું એક મોતી. મોઢું મલકી રહ્યો તે કંઈ બોલ્યો નહીં

પણ તુષ્ટિનું અંજન તેની આંખમાં હતું. હૃદય આનંદથી સભર—એનું જ ગુંજન—હતું. આમ તેઓ જિંદગીના કલેશને ધોઈ, સંસારની નિઃસારતાને પેખી મુષ્ટિમાં કંઈ અમૂલ્ય ભરી લેવા, એની તુષ્ટિ પામવા, હૃદયે આનંદ ભરવા અને ગુંજન કરવા ચાહે છે. પોતાના જ અમલ તેજથી ઝળકતા મોતીની લ્હાણ જો કવિને મળે તો જ પરમ તુષ્ટિ, આનંદ અને એ આનંદનો ગુંજના ઊઠી રહે. આ અમલ નિજ તેજથી ઝળકતું એક મોતી એમને મન અતિ મૂલ્યવાન છે, તેજવાન છે, પ્રાણવાન છે, જે આંખમાં તુષ્ટિ, હૃદયમાં આનંદ અને એનું ગુંજન ભરી જાય છે. મન ઉછળતા મહેરામણમાંથી કવિને અભીપ્સા છે આવા મોતીની જે બ્રહ્મના સત્, ચિત્, આનંદથી સભર હોય.

'સાગરતીરે' પ્રકૃતિકાવ્ય છે જેમાં સાગરનું કવિ વર્ણન કરે છે પરંતુ વર્ણનનું ઊંડાણ અને તેમાંથી પ્રગટતો ધ્વનિ સ્થૂળમાંથી સૂક્ષ્મ પરિમાણો રચી આપે છે. ઉદાહરણ તરીકે —

'કોનાં એવાં કર્યાં છે અમીમ '
હૈયે તારા આટલા ઊર્મિ-ભંગ !....
તું ગુંજે છે અવિરત, બહું ગુંજનાને વિહાર
જાણે મોહનું હૈયું પલપલ વલખે પામવા કૃષ્ણચંદ્ર ''
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૯૧)

સાગરમાં ઊઠતાં ઊર્મિતરંગો મિષે કવિ પોતાના હૃદયતરંગોને જ ખરેખર તો આલેખે છે. આજ રીતે બીજા કાવ્યમાં એમને વિશ્વની ઓતપ્રોત ઉરની ભૂમા ગંભીર આનંદના અણદીઠ સ્રોતને વહાવતી જણાય છે, તો ત્રીજા કાવ્યમાં કવિ શ્રુતિથી સ્પંદિત થતા છતાંય મૌનના લયમાં ઉરના અનાહત નાદને સાંભળે છે. ક્રમશઃ એમનું હૈયું મીરાંભાવે કૃષ્ણને પામવા ઇચ્છે છે. ઉરની ભૂમા વિશ્વની સાથે ઓતપ્રોત બની આનંદના સ્રોતને વહાવે છે. એના જ્ઞાનની શ્રુતિથી વ્યોમ સ્પંદિત બને છે છતાંય એ સ્પંદનો સંભળાતાં નથી. મૌન છે ત્યારે ઉરના અનાહત નાદને વિષે શૂન્યમાં લય પામતા તેઓ જોઈ રહે છે. આમ પ્રણવના અણરવ નાદની શ્રુતિ એમને લાધી છે. તેમના 'નિરુદ્દેશે' કાવ્યના -જીવનના ગુંજારવનો 'ધ્વનિ' 'આંદોલન'માં તરંગાવૃત્ત બની વર્તુળો સર્જતો સર્જતો અનંતમાં લય પામે છે ત્યારે એક શાશ્વત 'શ્રુતિ'નો પ્રાદુર્ભાવ થાય છે. કવિતાનો ધ્વનિ-કવિહૃદયનો સ્વર અનાહત નાદ સુધી વિસ્તરી રહ્યો છે તેમાં એમની 'ધ્વનિ'. 'આંદોલન' અને 'શ્રુતિ' સુધીની કાવ્યયાત્રા પણ વિસ્તરેલી છે.

એમને અણદીઠાની ઝંખના હતી. જે ધીમે ધીમે ગાઢ પ્રીતિમાં પલટાતી જાય છે. હવે તો વણજોયા પર એમને 'અવર નેડો' માં વ્હાલ- ઓવારણ ઊમટે છે.

' વણજોયા પર વ્હાલ ઓવારણ ઉરનો અવળ નેડો !
પાતળો કેડીએ પાય મેલું ,એનો આવતો ક્યાંય ન છેડો ! '
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૨૦૩)

એમણે અનંતનો પંથ લીધો છે તે છેડો ક્યાંથી આવે? આ માર્ગે ચાલનારા ઘણાં ઓછા છે એટલે તો એ માર્ગ સાવ સૂનો અને આવન જાવનનાં સંગ વગરનો છે. વળી અનેક વળાંકવાળો આ માર્ગ જરાય સીધો નથી. પોતાનામાં જ લીન બની ગયેલું પોતાનું અંતર હોય તો પણ તેને કોઈકનો કેડો લાગેલો એમને જણાય છે. એમનું મન એ એકમાં જ મોહ્યું છે જેનો રાગ સોગમ ઊછળે છે. આ સાચ્ચું એક ઋતુમય છે અને એક ઋતુ છે સદાયનો ફાગણ. ફાગણનો ઉમંગ કવિના અંગે સદાય સોહાય છે અને હાથમાં હલેસું લીધા વિના જ એમની જીવન-નૌકા સરી જાય છે. આમ કવિએ લીધેલો પાતળો કેડો

અધ્યાત્મનો માર્ગ છે. એ માર્ગે જતાં એ વણજોયા પર એમને વ્હાલ ઊભરાય છે. આવું આધ્યાત્મિક જીવન કે સમતા અને સામરસ્ય આણે છે તેનાથી જ જીવન ફાગણના રંગોથી ભર્યું ભર્યું. આનંદના મહાસાગરમાં સહભાગી હોડીમાં સરતું અનુભવાય છે. આવા મહામૂલા આનંદને બીજા આગળ ન કહેવાની સલાહ આપતા કવિ 'અલો મોરલીમાં' પોતાના અંતરના વ્યાપને પણ આલેખી લે છે.

'આવડી હથેળીમાં ડૂબે રે દુનિયા
ને હૈયું અનંતનો આરો.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૨૦૪)

એમના ચિત્તનો વિસ્તાર વિરાટ દુનિયાને હથેળીમાં સમાવી શકે અને અનંતના અપરિમેય વિસ્તારને હૈયામાં સમાવી શકે એટલો વ્યાપક છે. 'ચલો પ્રિય' કાવ્યમાં એમના નિરુદ્દેશ જીવન-ઉદ્દેશને તેઓ ફરી ફરી ગાય છે.

'ચલો પ્રિય ' પદે પદે પથ છે અનંત,
આ વિશ્વલીલાનો સહુ વૈભવ આનંદ
ઝાકળ-વસન જેમ ધરી, નિરુદ્દેશે
સર્વ કાળનાં આપણ, ચલો સર્વ દેશે.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૨૧૬)

નિરુદ્દેશે આ જગતમાં ફરવા આવેલા કવિએ હવે સ્થળકાળની સીમાઓ છોડી દીધી છે. પોતે સર્વકાલીન શાશ્વત બની ગયા છે અને સર્વ દેશમાં વ્યાપી જવાનો ઉદ્દેશ ધરી બેઠા છે.

'પ્રભુ પધારે' કાવ્યમાં પ્રભુ માગણનો વેશ લઈ તારી કુટિરના દ્વારે પધાર્યા છે. વિશ્વના અણુએ અણુમાં જેણે ઉદાર હાથે પોતાનો વૈભવ ઠાલવ્યો છે તે મબલખનો દાતાર આજે ભીખનો ઘર ઘર ટહેલ નાંખી રહ્યો છે. આવો અવસર તો હજારો યુગમાંય ન આવે કે જ્યારે અંજલિના જળમાં સાગર ભરાય, અનહદનો કિનારો ડૂબી જાય અને ઝાકળના ભારથી બિંદુના મૂલ્યનું ગૌરવ થાય. એટલે તો કવિ કહે છે કે એની ઝોળીમાં મમતા આપો. દીનતાને ત્યજી એ અકિંચનની પ્રસાદી લઈ બડભાગી બનો. હિંમતપૂર્વક નિર્ધાર કરી ખુદની ખેરાત કરો.

આંખથી ઓરાં ઊઘડતા આસમાનને ઓળખી લેવા તેઓ 'અગમના એંધાણ'માં જણાવે છે કેમકે એમને અગમનાં એંધાણ થઈ ચૂક્યાં છે. કવિને જ્ઞાન થયું છે કે પંકની માયા મેલી પ્રાણ પ્રયાણ કરશે અને અધર્મનું જોર વધી જતાં શેષશાયી ભગવાન જન્મ લેશે. જગતમાં વ્યાપેલા અધર્મ પ્રત્યે જ નહીં, દરિદ્રતા, દીનતા અને દુઃખ-વિષાદ પ્રત્યે પણ તેઓ સભાન છે. 'બે ફૂલ દિયો'માં તેઓ બે ફૂલ આપવાનું કહે છે. આ બે ફૂલ આપવા એટલે એક તો દીનદરિદ્ર લોકોમાં જ પોતાના નાથને નિરખી લેવા અને બીજું વિવિધ રૂપે, વિવિધ રીતે આપણો ધારણહાર જ વ્યાપી રહેલો છે એને આંખથી જોઈ લેવો. અંતે કવિ કોઈ વેશને ધારણ કર્યા વિના અર્થાત્ કોઈ પણ પ્રકારના દંભ કે ભારને રાખ્યા વિના 'નિરંજન જાઓ' એવી સલાહ આપે છે.

'વેગળી રહો જી મિરાત રે' કાવ્યમાં એમની મિરાતને વેગળી કરી હળવો થાકનો નિરાંત અનુભવવા માગે છે. ઈંડાના કોચલામાંથી મનનો મરાલ બહાર નીકળી આભને મારગ પાંખ વીંઝી રહ્યો છે, જ્યાં નથી છાયા કે નથી અંધારી રાત, તેજ - નિ...ની પર, આભનો મારગ એમને માટે સહેલો છે કેમકે એમના હૈયામાં કંપ જ... જતો વાણી સો પારથી આવે છે. પેલે પાર ઊડી જવા એમને વાયરાનો

તેમ પણ ઓછો પડે છે. હૈયું એવું ભાવથી ભરાઈ જાય છે અને કવિને થાય છે --

'મારી તેજની સોહામણી હો જાત રે '

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૨૩૦)

આભમાં ઊડવાના અને શાશ્વત તેજને પામવાના શુભ સંકલ્પો અહીં પ્રગટો રહે છે.

નિરુદ્દેશે આનંદમસ્તીમાં છલકાઈ જવાના કવિના અભરખા ' અરો આવતો જતો કાલ 'માં પણ પ્રગટ થાય છે. ભવભવના ભમનાર પોતાની પાસે કંઈ ભેગું કરવા માંગતા નથી . એમની ઝોળી ઝૂલતી અને ચાલ રમતી રહે એ જ તેઓ ઇચ્છે છે ભારનો ભય ના હોય ત્યાં જ મોજનો લય રેલાય છે . અનહદમાં પંડને અને પોતાના નાનકડા ઉરમાં અનંતને સમાવે છે. એ 'નિરુદ્દેશે'માં સ્થાપિત થયેલા કવિ ભાવનું શબ્દાન્તરે પુનરાવર્તન જ છે. એમની અનુભૂતિ પુનઃ પુનઃ ભાવાભિવ્યક્તિની અનંત ભંગિમાઓ રચતી રહે છે જેનો પરિચય નિમ્નોક્ત પંક્તિઓ પરથી પણ મળે છે--

'એકલનો અનહદની ભીતર પૂમ સમોવડ પંડ ,
તોય ને નાના ઉરને ગગન લાખ લહું વરમંડ.
ગાન ગળે ઘૂંટાય ને એનો બોલ ઝીલે કરતાલ .'

(સંકલિત કવિતા,પૃષ્ઠ-૨૩૧)

અનંતમાં પોતાનું બિંદુવત્ અસ્તિત્વ અને એ બિંદુમાં અનંતની શોભાનો વિલાસ પામતા કવિ એનું જ ગાન ગળામાં ઘૂંટો રહે છે અને એના જ બોલ હાથની તાળીમાં ઝીલી રહે છે.

'હે શ્રીમંત ! ' પ્રાર્થના કાવ્ય છે. શ્રીમંત અરુણ પાસે નિખિલના શુધ્ધ મોતીને નીરખવા ગહન અંધારની છીપને ઉઘાડવા કિરણજ્યોતિની તેઓ માગણી કરે છે. એની શક્તિ વિમલ સદયમતિ અને ઉદ્યમમાં અભય આપે એવું ઇચ્છે છે. પોતે કર્મરત રહેવા છતાં નિસ્પૃહ બની રહે , અંજલિમાં અનંતને જોઈ શકે એવી પ્રાર્થના કરે છે. અંતરના ગાન ગુંજારવાનો અને આનંદ મોજમાં નિત્ય રહેવાનો અભિલાપ તો એમનો હંમેશનો છે. માટે જ એ આવા પ્રેમ, આનંદન અને અંતરના સહજ ગાનની પ્રાર્થના કરે છે.

'વહેવાર' કાવ્યમાં કવિ મનખાની મૂડી જગના હાટમાં વેરીને નવલો વહેવાર કરવાની શીખ દે છે. લેણાદેણાના ભૂતકાળને ભૂલી, હેતથી લોકના કામ કરતાં મોકળે મને માલિકના સમદર - સુખની મોઝાર રહેવાનું કવિ જણાવે છે.

'તેડે દૂર' કાવ્યમાં તેઓ દૂરના સૂરો પાછા બોલાવી રહે છે .

' મને કોઈ દૂરથી તેડે દૂર,
ભોર વેળાનાં ઝાકળ ભૂરાં
ભેદતો આવે સૂર.'

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૨૪૨)

હળવી લહેરે નેણમાં માઝુમ-નૂર અંજાય છે.. ઝાંઝેરા પંથનો આડે જલ છે પણ એનો સંગ છે એથી પૂરનો છોળે પહોંચવા કવિનો પ્રાણ ખૂબ જ આતુર છે. ભરેલા કુંભને માથે મૂકી, વણ ભરેલો પેલી પાર મૂકી ઉરમાં ઊમટેલા ઉરની છોળે દૂર પહોંચવા તેઓ આતુર છે.

જ્ઞાન-વૈરાગ્યના ભજનની યાદ અપાવે તેવું કાવ્ય છે 'કાયાની માયા' કાચી કાયાને માયા વળગી રહી છે. એને કેમ અળગી કરવી તે પ્રશ્ન પોતાના મનને પૂછે છે. માયાના તો રૂપ હજાર છે, આમતેમ જોવામાં આપણે ફાવી શકવાના નથી. આંખ મીંચી ક્ષણભર નજરથી માયાને ટાળી દઈએ તો યાદને ઓથાર સોણલા પર સવાર થઈ એટલું બધું ઊમટે છે કે તેઓ બે બાજુની ભીડ થતી ભાળે છે. અર્થાત્ આંખ મીંચીને માયાને વેગળી કરીએ ત્યારે માયારૂપ જગત અને ભાવનું સત્ય શાશ્વત જગત બેઉ

બાજુનો ભોઠ ગમે છે. એકેય એવું સ્થળ નથી જ્યાં માયા સમૂળગો ન હોય. કોઈ કીમિયાગર પાસે જઈ જળમાં રહોને ભીંજાઈએ નહીં એવો નવલો લાલોને અને નવું જળ લઈને આવીએ તો એ માયા નિમાડાનો ઘાસ જેવો સળગો જાય.

'મહુવર' કાવ્યમાં મહુવર અને નાગણના રૂપકો દ્વારા ઇચ્છાઓના પાશમાં બંધાયેલ મનના વશીકરણની વાત કવિ કહે છે. અંકાશમાં મહુવર વાગે છે અને પાતાળમાં નાગણ જાગે છે. નાગણ વખના વહેણને રેલોને ઊછળી ઊછળીને આવે છે પણ વૈરાગ્યનો આગ એવો લાગો છે કે ગજવેલને ય ગાળો નાખે એવો છે. ઇચ્છાઓ રૂપો નાગણ એનો આઠ આઠ કન્યાઓ દાનમાં આપે છે. રૂપ-ગુમાનથો ભરેલો હજાર મનેચ્છાઓ પૂર્ણ કરનારી આ કન્યાઓ સાથે કવિનું મન નવો સંસાર રચવા,ભ્રમનો જાળને ગૂંથી ઝાંઝરી દીવાલોથો દેહને બાંધોને સંતરાયમાં રહેવા તૈયાર નથી. મોરવર બોલે છે અને નાગણ ડોલતો રહે છે, તેજના અંબાર રેલાય છે. અમરતના અક્ષયપાત્રને એ ખોલે છે અને સુખનો સમુંદર લહેરાઈ રહે છે. આમ ઇચ્છાઓના મોહપાશરૂપો નાગણને નાથોને મહુવર નાગણ પાસે અમરતના અક્ષયપાત્રને ખોલાવે છે જે સુખના સાગર છલકાવો દે છે. અહીં મહુવર અને નાગણનું રૂપક યોગક્રિયામાં કુંડલિનો -ઉત્થાન દ્વારા આનંદના અમૃતરસને પામવાનો સંદર્ભ પણ સૂચવે છે.

'જુહાર' આ સંગ્રહનું છેલ્લું કાવ્ય છે. કવિ દીઠાં-અણદીઠાં સહુને વંદોને ઝાઝેરા જુહાર ભોને ઉર વારંવાર કહે છે.પંચતત્ત્વો- આકાશ, વાયુ, તેજ, ધરતો ને જલ- સાથે પાંપણના પલકારામાં કાળ આવોને રમે છે. તેને મન કોઈ નાનું કે મોટું નથી. બધાં જીવજંતુ સરખાં જ છે.કણનો અપરૂપ કાયમાં પૂરણ અનંત વિલસે છે, પરંતુ 'હુંકાર'- અહંકારના પાન કરવાં દોહ્યલા છે. જ્યાં સાત સ્વરોનો મેળ સાંપડે છે ત્યાં અલૌકિક ગાન પ્રગટે છે. કવિ અહીં કહે છે કે પંચતત્ત્વોમાંથો બનેલા દેહનો લય કરાવનાર કાળ બધાં માટે સરખો છે.નાનકડા અણુમાં પણ પ્રભુનો વાસ છે .જે અનંત વિસ્તાર આ વિશ્વરૂપ વિભુનો છે એ જ એક નાનકડા કણમાં પણ વસેલો છે. 'હું'પણાનો ભાવ આપણામાંથો જતો નથી. 'હું'અને 'તું'નો ભિન્નતાનો ભેદ મટે અને સાતેય સ્વરનો સંવાદી સ્વર સાંપડે તો કોઈ અલૌકિક ગાન પ્રગટો રહે છે. કવિને આવા અલૌકિક ગાનને ગાઈને જીવનને એના ગુંજારથો સભર કરવાના કોડ છે.

આમ કવિનો નિજદ્દેશે ગાન-ગુંજાર 'ધ્વનિ'રૂપે પ્રગટયો, 'આંદોલન'માં એનો તરંગાવૃત્ત વર્તુળલોલાના વિસ્તારને પામતો અનાહત નાદનો બ્રહ્મલીન 'શ્રુતિ'માં વિરમતો જોઈ શકાય છે.

## શાંત કોલાહલ

'શાંત કોલાહલ 'ના ૭૦ કાવ્યો પૈકી માત્ર છ-સાત કાવ્યો જ શુદ્ધ અધ્યાત્મપરક જણાય છે. અહીં પ્રણય-પ્રકૃતિ- ગોનો અને સ્થળ - પ્રસંગનાં ચિત્રાંકનોનો પ્રચુરતા વિશેષ જણાઈ આવે છે. સંગ્રહ સૌ સ્વજનોને સમર્પિત છે જેના કલકોલાહલમાં પ્રચુરતા વિશેષ જણાઈ આવે છે. સંગ્રહ સહુ સ્વજનોને સમર્પિત છે જેનાં કલકોલાહલમાં કવિનું મન નિત મુદિત પ્રશાંત રહે છે. એ જોતાં સંગ્રહમાં કવિનો આલાપ પણ સ્વજનો પ્રત્યે સવિશેષ છે. પ્રથમ રાગિણી કાવ્યમાં લલિત, તોડી, દેશી, મધુમાધવી, આશાવરી, કેશી, સોહિણી, ભૈરવી એમ આઠ રાગોના લક્ષણ, સમય, સ્વરૂપ, અસર ઇત્યાદિનું કાવ્યમય આલેખન છે. આ આઠ સૉનેટમાં સંપન્ન દાંપત્યનો પ્રસન્નતા પ્રગટ થાય છે.

વિવિધ રાગિણીઓના સંસ્કારથી ઉદ્ભવતા એ શબ્દચિત્રોમાં ગૃહસ્થ જીવનને નજર સમક્ષ રાખીને કવિએ ગૃહિણીના વિવિધ મનોભાવ રજૂ કર્યા છે. અહીં નાયકના મુગ્ધઅનુરાગથી માંડી પ્રેમની સંજીવની શક્તિ સુધીના અનુભવનું આરોહણ થયું છે.સોહિણીમાં પ્રણય-ચાતુર્ય આશાવરીમાં પ્રણયોન્મુખતા ઇત્યાદિ છંદના લય સાથે ભાવોનું માધુર્ય; શબ્દોનું લાલિત્ય અને મનોરમ ચિત્રોની સ્પર્શક્ષમતાને કવિ પ્રગટાવે છે. એમનું રાગ સાથેનું પ્રત્યક્ષ સંવનન અહીં સુપેરે પ્રગટી ઊઠે છે કે કવિની રાગની પહેચાન અને સ્વગત રાગાનુભવ પ્રદર્શિત કરે છે.

'સ્વપ્ન' એ દીર્ઘકાવ્યમાં કવિની સ્વપ્નની દુનિયાના પ્રલંબ વિહારની અભિવ્યક્તિ છે. પ્રિયાથી અભિલગ્ન કવિએ જાગૃતિમાં જે જોયું છે એનું જ સ્વપ્નમાં સંધાન પમાય છે. કવિ ક્યાંક મહાનદને કિનારે એકલા દૂરની અદ્રિકુંજને નિહાળી રહ્યા છે ત્યારે કોઈક અગમ્ય નિવારી ન શકાય તેવું આકર્ષણ અનુભવે છે અને સતત મંદ મંદ કોઈક આલાપ - સાદને સાંભળે છે. કવિને દૂરના સાદનું આકર્ષણ છે કે સ્વપ્નમાં પણ પીછો છોડતું નથી. સ્વપ્નમાં દૂર સરતીનાવની સફરથી શરૂ કરી શૈલભૂમિમાં વેરાયેલા માનવ- અસ્થિમુંડ, ગિરિકાનન ,એમાં વિસ્તરેલ અડાબીડ વનસ્પતિ , વાનરના ચિત્કાર, પક્વ ફળો, થડને વીંટાઈ પડેલો પ્રચંડકાય કર્બુર વાહસ, ઘટાની મહીં દૂર પ્રકાશ-પુંજમાં શ્વેત વિહંગ, શ્યામ શૈલખંડ નગ્ન ગુફામાંથી ઉદ્ભવતું સુરીલું વીણાની સંગ ગવાતું મધુર ગાન , સુંદરીનો અનુનય અને ગર્ભગેહે પ્રવેશ—સુધી ચિત્રો નિહાળતી 'કવિની સુખસ્વપ્નની યાત્રા લંબાયેલી છે. અવનવા સ્થાનોમાંથી દૂરથી સંભળાતો સાદ, સૂરોનું આકર્ષણ અને રમ્ય મધુરતામાં લીન બનતા કવિના મનનો પરિચય તો આપણને મળે જ છે.

'લગની' કાવ્યમાં 'દ્યુતિવર્ણી લખ રૂપ વિશ્વનાં 'કવિની સન્મુખ વિલસી રહે છે. કલગાન અને ગંધસ્પર્શોથી કવિને ઉલ્લાસ ઘેરી વળે છે. કવિ બધાંની વચ્ચેથી માર્ગ મેળવી ઉર અળગું કરી દૂર અજાણ દેશમાં પ્રિયની સન્નિધિમાં જતા રહે છે જ્યાં દૃષ્ટિને રૂપ, કર્ણને શ્રુતિ, સ્પર્શ - ચુંબન કંઈ જ ન હોવા છતાં સર્વનું સાયુજ્ય વિલોપન પામે છે એવું સુખ મળે છે. કવિના મનની સંસ્થિતિ ત્યાં જ હોય એ કવિની લગની છે.

'અહીં સતત કાલમાં ગતિ
લગની ત્યાં મન કેરી સંસ્થિતિ.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૬૭૧)

પ્રણયમાં કવિની આનંદસમાધિનો પરિચય આપણને મળે છે 'પુનર્મિલન'માં. કવિ આનંદમય કોઈ પ્રસન્નતાને ગોરંભ ભૂમિઉરમાં ઝીલે છે. પૂર્વેના મિલનની વચ્ચેનો પ્રલંબ શૂન્યકાળ હવે અભેદ બને છે. અર્થાત્ પૂર્વનું મિલન એ વર્તમાન ક્ષણે પુનઃ પ્રત્યક્ષ બને છે. એને જ કવિ મુગ્ધતાથી. ઉમંગથી સમાધિની સન્નિધિમાં માણી રહે છે.

'નવ પ્રવેશ'માં કવિ પ્રિયના પ્રવેશે ભૂમામાં સમસ્તની વ્યાપ્તિ (વિસ્તૃતિ) નિહાળે છે. સરતી ક્ષણોનો આધાર લઈ કવિ સ્થિર શાશ્વતીનાં દર્શન કરે છે,તો 'ન વાત વ્યતીતની'માં કવિનો સાંપ્રતનો પ્રેમ જડી આવે છે. કવિ મોકળે મન રમવા અને કેવલ સાંપ્રતની સાથે ટકી રહેવાના મનોરથ સેવે છે. આમ કવિના પ્રણયકાવ્યોનો આધ્યાત્મિક સંસ્પર્શ પણ તેમના વ્યક્તિત્વને પ્રગટ કરવામાં ઉપકારક છે.

'સ્મરણ' કાવ્યમાં કવિને પ્રિયની વિદાયથી સૂનું લાગે છે. ક્ષણને આંગણ અતીત આવી ઊભું રહે છે . મેઘને ગોરંભ છાયેલા અષાઢ ગગનથી સૃષ્ટિ પર વર્ષાનું

સામ્રાજ્ય છવાયું હોય છે ત્યારે અતીત લોકથી ત્યાં મૃદુગાન આવે છે. કવિ અતીન્દ્રિય કાન વડે અરવ બોલીની મધુરિમા માણે છે. તેજના તોખાર પર સવાર થઈ કવિના ભવનમાં આવનાર આ અતિથિ કોણ છે તે કવિને સમજાતું નથી. કવિને લય-લહેકો ચિરપરિચિત લાગે છે. સૂર-શબ્દ હૃદયને વિવશ કરે છે પણ કવિના આતુર નયન એ લોકાન્તરવાસીને જ ઢૂંઢે છે. એમના પાણ એક સૂક્ષ્મ સૂરના અનુસંધાને આવેગથી એના ભણી ધસી જાય છે. અહીં પ્રિયપાત્રની ગાઢાનુભૂતિ પણ અધ્યાત્મપરક જણાય છે. બે જણ વચ્ચેની એકાત્મતા વચ્ચે અવર જગનું વિલોપન થઈ જાય ત્યાં --

'નહીં દેશ, નહીં કાલ,
હૃદયને એકમાત્ર તાલ
અનાહત છંદ,
ત્યહીં પ્રશાંત આનંદ'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૨૭૯)

એકાત્મનો અનુભવ પ્રિય માટે હોય કે પ્રભુ માટે હોય અનાહત છંદ અને આનંદની અનુભૂતિ તો એક જ છે.

કવિના દીર્ઘ ભાવચેતનાનાં કાવ્યો પૈકી એક છે 'ઐકાન્તિક દિન'. પુલિનમાં જીવળના તરંગો, ગાતું બુલબુલ, વાયરાની લહર, અગોચર કુહેલિકામાં નિખિલનું પ્રવેલયમાન, ધૂંધળો વિષાદ આમને આમ જ વહી જતી સવારની વેળ, લયસ્થિતિનો અમલ ઊતરતાં વાંધો રહેતો નિતાંત એકલતાનો શૂલ ઈત્યાદિ કવિના વિષાદને ઘેરો બનાવે છે. કવિનું મન આવી ક્ષણોમાં કોઈનો સંગ શોધે છે. સ્વર્લોકનું સદન ઊઘડે છે. ચોમેર સર્વ એનું એ જ છે છતાંય કવિ સમક્ષ ઈતર રૂપ ધરીને પ્રગટે છે અને કવિનું મન ઈહલોક છોડીને બીજા પ્રદેશમાં સરે છે. ઈહલોકથી પર શાશ્વતલોકને નિહાળવાનું કવિને ફાવી ગયું છે. 'અચલ નયને'માં કવિ સહજમાં લય પામી અશેષ બની રહેતા ધરા, વન, વ્યોમને અચલ નયને નિહાળે છે. અનહદના ઊંડાણોના પ્રશાંત નિધિને કવિ નિહાળે છે જ્યાં અરૂપની શૂન્યતા વ્યાપેલી છે. કવિને અહીં વિષયની રેખા તરલ ધ્રુતિના રંગોની છટા, વૃત્તિનો ઉદય કાંઈ જ જણાતું નથી. મન શાંતિમાં પોઢી ગયું છે. ભાવનો જ્યાં અભાવ નથી એવા અરવ લયનો પરાત્પર સમુદાને લહેરાતો કવિ અચલ નયને પામે છે. સ્થળકાળનું નિયંત્રણ જેને સ્પર્શી શકતું નથી એવી વિલક્ષણ ક્ષણોને કવિ અહીં પામે છે.

કવિ પોતાની વિસ્તરતી ભાવચેતનાથી ક્યાંય પણ વિહાર કરી શકે છે તેનો પુનઃપરિચય આપે છે 'પડદો' કાવ્ય. આ કાવ્યમાં કુટિરનાં દ્વાર બંધ છે, બારી ઉપર પડદો છે છતાં એમાં કંઠ કેરા અનાવૃત્ત પૂર્વ-પરિચયની સ્મૃતિથી કવિ પુલકિત થઈ ઊઠે છે. પ્રીત જાગે છે. હૃદયનાં શતદલ ઊઘડે છે ત્યાં પડદો કે દ્વારનો કળ અંતરાય રહેતા નથી. કવિ--

'પુનરપિ બહાર
ચારિ ઓર
સંગ મુજ વિશ્વ સમુદાર.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૨૯૩)

વિહરી રહે છે. આવો મુક્તવિહાર કવિ માટે સહજ છે. 'કાલ' કાવ્યમાં કવિને અણજાણ કાળું ધોર મુખ ધરાવતો કાળ બેઠું કર થકી ગુલાલ વેરતો લાલ દેખાય છે. કવિને મન હવે મૃત્યું કાળું નહીં મંગલમય છે, મહોત્સવ છે.

'શાંત કોલાહલ 'સંગ્રહનું શીર્ષક કાવ્ય જે સંગ્રહનાં કાવ્યોના હેતુને પણ મહદ્અંશે પ્રગટાવી રહે છે.

'સુષુપ્તિનો જે અનુબોધ
કર્મને કોલાહલે તે બહુ શાન્તિ ગોચર !'
(સંકલિત કવિતા.પૃષ્ઠ-૩૦૦)

'ધ્વનિ'ના તરંગાવૃત્ત 'આંદોલન'માંથી ઉત્પન્ન 'શ્રુતિ'ને હૃદયમાં ધારી કવિ કર્મના કોલાહલમાં જે સુષુપ્તિનો અનુબોધ પામે છે તે શાંતિગોચર છે. નિરુદ્દેશે ઉરગાનને ગુંજારતા કવિના 'ધ્વનિ'નું શમન છે કર્મના કોલાહલમાં રહેલી સુષુપ્ત શાંતિના અનુબોધમાં . શુભ્રને આંગણ રમી રહેલ સૂર્યના કોમળ રશ્મિ, જાગી જતી પારિજાતની સુગંધમોહી પ્રસન્નતા , ધૂળમાંથી ધાન્ય ચણતા પંખીઓનો કલબલ અને ચંચળતા, તથા ઘર -હાટ , બાટના અવાજને ઝાંખા કરતી ગૌચર ભણી ધસતા ધણનો હંભારવ - આ બધા કોલાહલથી ઝાકળધોયા નિર્મલ વ્યોમનો આખો અવકાશ ડહોળાય છે . અવકાશ ઝાકળધોયું છે એટલે નિર્મલ છે. પ્રકાશનું રૂપ વિશેષ ઉજ્જવલ ભાસે છે. જ્યારે આવા ઉજ્જવલ પ્રકાશથી વ્યાપ્ત અવકાશ કર્મના કોલાહલે ડહોળાય છે ત્યારે કવિને સુષુપ્તિનો અનુબોધ થાય છે. ક્રિયાશીલ જગતને ચલાવતી અદૃશ્ય- સુષુપ્ત શક્તિ છે.તે દેખાતી નથી , સુપ્ત પડેલી છે પણ જગતને ચલાવે છે. આ ક્રિયાન્વિત કર્મના કોલાહલને પ્રેરી રહેનાર સુષુપ્ત શક્તિનો કવિને અનુબોધ થાય છે તે શાંતિ ગોચર છે. આમ કવિ શાંત કોલાહલ , અણરવ નાદને સાંભળવાની કક્ષા સુધી અધ્યાત્મયાત્રા કરી ચૂક્યા છે. ઉરના ગુંજારને પ્રગટ કરતાં સ્થૂળ શબ્દ -'ધ્વનિ'ના તરંગ - 'આંદોલન' જે 'શ્રુતિ'ને જન્માવે છે તેના થકી કવિ પામી રહે છે 'શાંત કોલાહલ' . રવાન્વિત ધ્વનિમાંથી અણરવ ધ્વનિ સુધીની કવિની અધ્યાત્મયાત્રાનો આલેખ અહીં આંકી શકાય છે.

'રૂપને મ્હોરે' કાવ્યમાં કવિ કહે છે --

'નેણ - લુભામણ રૂપને મ્હોરે રમતો રહે કાળ ,
સાવ ઝીણી તો ય જીવને બાંધે કરોળિયાની જાળ .'
(સંકલિત કવિતા.પૃષ્ઠ-૩૧૬)

કેટકેટલા વેષ ધરીને કેટલાંય નવાં છળ કરતા કાળની ચાલ બેનાં જો આવડે તો સિંહની કેશવાળી ઝાલવી પણ સહેલી લાગે એમ પળે પળે ખેલી શકાય છે . આમ છદ્મરૂપ કાળને ઓળખી તેની ચાલ જો પારખી લેવાય તો જીવનમાં કોઇ પણ કઠિન કાર્ય આપણા માટે સહેલું બની જાય છે.

'લગન' કાવ્ય એક ખેડાયેલું ગીત છે .કવિને પિયાની લગન લાગી છે. કવિ રાતના રૂમઝુમ અંધકારમાં ભીનો સંચળો ઓઢી વનમાં ફરતી ફૂલની ફોરમનો ભાર લઇ વીજળીના તેજે પંથને પેખી રહ્યા છે. ઉરમાં એક આગ લાગી છે. તરુવરપુંજમાં તમરાં બોલે છે, જલમાં હજાર ઝરણાં બોલે છે, અડધી રાતે કવિના મનનો મોરલો મલાર ગાય છે. આમ અવનિને અંગ વીંટાયું , મિલનમગ્ન છે. અહીં કવિ પણ ચિત્તના ચેતોવિસ્તારથી ચરાચરમાં વિસ્તરેલ ચેતનામાં મિલનમગ્ન બની રહ્યા છે.

'અનાદર' કાવ્યનો વાચ્યાર્થ તો તેને પ્રણયકાવ્યની કોટિમાં મૂકે છે પરંતુ તેનો ધ્વન્યાર્થ કોઇક મહામંગલ અભિસારની પ્રતીતિ કરાવે છે. કવિ કહે છે કે જ્યારે પિયુ મારે દ્વાર આવેલ ત્યારે હું અંગના અલંકારમાં ઘેલી બની હતી. મારા જ રૂપની સાથે વારે વારે ખેલતી હતી . જ્યારે ગોરજવેળાનો ઝાલર વાગતો હતો ત્યારે બારણે આવેલ

મેં તારો અનાદર કર્યો હતો. આંગણમાં તારા આવવા - જવાનાં પગલાં મેં જોયાં. ઊતરતા અંધારમાં હવાનો રેજથી એ પગલાં ભૂંસાતાં જાય છે. તું કયા માર્ગે નીકળી ગયો તેનું મને ભાન રહ્યું નથી. એટલે એમની સામે મોટી સમસ્યા છે--

'અવ કિયે સંકેત રે મારે નીસરવું અભિસારે ?'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૨૪)

અહીં પ્રિયમિલનના અભિસારનો અભિલાષા પ્રભુમિલનના અભિસારને ધ્વનિત કરે છે.

'કોણ તે આવ્યું ?' કાવ્યમાં કવિની રહસ્યમય અનુભૂતિનો પરિચય મળે છે. સુંદરમ્‌ના કાવ્યોની 'કોણ ગયું ઝબકાવી ?' જેવી રહસ્યમય અનુભૂતિ અહીં પણ જણાઈ આવે છે.

'કોણ તે આવ્યું આ વળતી રાતના
ઝાકળભીને રે અંધાર ?
આછે ને ટકોરે અડકી બારણે
કોણે કીધ રે ટૌકાર ?'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૨૪)

તેઓ આંગણે આવીને જુએ છે તો અવનિ ઊંઘમાં પોઢેલી છે. કોઈના સંચારથી ડરીને ચૂપ થવાને બદલે તમરાં ધડીએ મૂક ન રહેતાં એકતાન થઈ બોલી રહ્યાં છે. ટકોરા મારનારનો એંધાણો ક્યાંય જડતો નથી. બારણે કરેલા આછા ટૌકારનો ગોરંભો કવિના ઉર-ધબકારમાં ભળતો હજી યે ગુંજી રહ્યો છે. કોઈ વણમાગેલા સુખનો સોડમાં અપાર વિરહ-વેદના જાગે છે. કવિ સોણલાં ઝરતી આંખ લૂછતા નથી. તેઓ કહે છે: ઊંઘમાં હું આવી ત્યારે તું પાસે હતો, જાગીને જોઉં ત્યાં છુપાઈ જાય છે. મુજ ભોળીની સાથે આવા ભૂંડા ખેલ કરે છે તો યે હૈયું હેતથી ઊભરાય છે. કવિને હવે ઢળતી પાંપણે સૂઈ રહેવું નથી પણ જાગીને પ્રિયતમને શોધી લેવો છે એમ હું સમજું છું.

'વેદના' કાવ્યમાં કવિને સતત પરિવર્તન પામતો, સતત સરતો જતો સંસાર શાશ્વત છે અને નવસર્જન અને વિસર્જનનું ચાલ્યા કરતું ચક્ર સનાતન છે એ સત્ય લાધે છે. મૃત્યુ ક્યાંય નથી. એનો નવસંક્રાન્તિનું વાહન છે. સંસારના લયલીન લીલાનું સનાતન સત્ય કવિ અહીં રજૂ કરે છે.

દેશ ઉપર ઊતરેલ વિખંડિતતાનાં ટોળાં અને વિશ્વમાં છવાયેલ વિષાદના ઓળા પણ કવિ-ઉરના ગાનમાં પ્રગટયાં છે. 'જાગ જાગ', 'ફરી યુદ્ધ', 'ભૂલીએ જુદાઈ, ભાઈ ' ', ' હે અભિનવ-પંથ- યાત્રિક' ઈત્યાદિ કાવ્યો દેશની એકતા, શાંતિ અને પ્રગતિના પડકારોને પ્રગટ કરે છે અને ત્યાર પછી પ્રગટે છે દેશપ્રેમનું જયગાન ' પુણ્ય ભારતભૂમિ '. આમ કવિ પ્રણય-પ્રકૃતિના મુગ્ધગાન ગાતાં ગાતાં અંતરમુખ બને છે, ભાવસમાધિમાં લીન બને છે. દૂરના પરમધામની યાત્રાએ જવાના પરિયાણ આદરી રહે છે, ઝાંખી પાંખી દર્શનની -મિલનની ક્ષણોને આનંદી રહે છે અને ભાવસમાધિમાંથી જાગી સંમુખ જુએ છે ત્યારે વાસ્તવિક રૂપ જે જણાય છે તે કેવું છે તે આલેખવાનો કવિનો ઉપક્રમ હવે આરંભાય છે.

## ચિત્રણા

'ચિત્રણા' કાવ્યસંગ્રહ રેખા અને રંગનો વાણો જેના સાંનિધ્યમાં કવિએ જોયો છે તે શ્રી સોમાલાલ શાહને સમર્પિત છે. તેનાં ૧૬ કાવ્યો ચિત્રાંકનોનું ભાવાંકન

પ્રગટ કરે છે. 'ચિત્રણા'નાં પ્રથમ આઠ કાવ્યોમાં દૃશ્યચિત્રો અને બીજા આઠ કાવ્યોમાં વ્યક્તિચિત્રોનું કવિએ અનુભવેલું ભાવાંકન છે. પ્રથમ આઠ ચિત્રપ્રધાન કાવ્યોમાં પારિજાત, બીડમાં બટેર, દ્વારિકા, તમાલ, ખંડેર, સહસધારા, નર્મદા પર શરદની એક સાંજ ઇત્યાદિનું વિગતપ્રચુર સૂક્ષ્મ વર્ણન મળે છે. કાવ્યનું આરંભિક દૃશ્યચિત્ર અંતિમ - પંક્તિમાં કવિનું ભાવચિત્ર બની જતું જણાય છે. અહીં કવિની ચિત્રાંકનકળા સોળેકળાએ ખીલેલી જોઇ શકાય છે. ન્હાનાલાલનાં ચિત્રકાવ્યાં કરતાં રાજેન્દ્રનાં કાવ્યો કવિકર્મની દૃષ્ટિએ આગવી લાક્ષણિકતા પ્રગટ કરે છે. વ્યક્તિચિત્રોના બીજા વિભાગમાં કવિ 'ગાંધી',' મારી બા ',' નિજી છવિ', 'કુ.નમૅશ ',' એક વૃદ્ધ ',' શકુંતલા ',' કુમાર ' અને 'સીતા' ને પાત્રો લેખે પસંદ કરે છે. 'સીતા' અને' શકુંતલા'માં પાત્રોનાં ચિત્રાંકનો હૃદયસ્પર્શી બન્યાં છે. આ ચિત્રાંકનોમાં કવિની જે 'નિજી છવિ' છે તે કવિના સાચુકલા વ્યક્તિત્વની ઓળખ માટે ઉપકારક છે. કવિ પોતાની જ આંખમાં વાતાયન કાચની જેમ ઝિલાતાં વિશ્વનાં વિભિન્ન રૂપોમાં પરિમાણને અને તેમાં કેન્દ્રસ્થ બિંબિત પોતાને જુએ છે ત્યારે કવિને પોતાની નવી જ ઓળખાણ મળે છે. કવિ પોતે જે દેખાય છે તે નથી. તેઓ તો છે --

'ગુંજરતો શબ્દ
શબ્દનો આકાર
પળે પળે આંદોલન વિસ્તરે, ઓસરે ,
સ્ફુરે
ગુંજરતો શબ્દ .'
(સંકલિત કવિતા.પૃષ્ઠ-૩૪૯)

આ શબ્દનો વિહાર આદિમ તિમિરથી આભાવંત, અવકાશનીલ હિરણ્યમય છાયામાં છવાય છે ત્યારે અગણ્ય તેજસ્ફુલિંગો જેમાં ઊડી રહ્યાં છે તેવી નિહારિકારૂપ ભાસે છે. આ તેજના ઉછળતા જલસાગરમાં ઉત્તુંગ શિખરોની ગિરિમાળા છે, તરુતૃણથી પ્રગાઢ વન , પંખીના બોલ ,સિંહનાં નિસ્પૃહ ઊંડાં નેત્ર , ગભીર ગર્જના- સકલવિશ્વ અભિવ્યાપ્ત છે. એ ક્ષણો શબ્દના આવિષ્કારની ક્ષણો છે. સમય સ્તબ્ધ બની જાય છે શબ્દરૂપ સીમિત આકારોનું અસ્તિત્વ શૂન્યમાં વિસ્તરણ પામે છે, આ શૂન્ય કેવો છે ? નીલાંજન . જેમાં સ્પંદિત નિસ્પંદ , નિહારિકાનો તેજઆનંદસાગર અને તેમાં ઊડે છે કવિના અસ્તિત્વના સ્ફુલિંગ તણો છંદ , 'સોઽહમ્ ' અને 'અહમ્ બ્રહ્માસ્મિ'નો અર્થવિસ્તાર કવિની નિજ છવિનો શબ્દાકાર છે. શબ્દનો આકાર પામેલા કવિ અનંત ઊર્જાથી સભર તેજરૂપ બ્રહ્મના અંભોધિમાંથી ઊઠતાં વિશ્વરૂપ અનેક તરંગોમાં માત્ર એક તેજનો કણ છે. બ્રહ્મરૂપ આનંદ - નિહારિકામાં સ્ફુલિંગને છંદ તેઓ ઊડી રહ્યા છે. સમષ્ટિનું સર્જન , આત્માનું સ્વરૂપ, ચૈતન્યની લયલીલા અને તેનો વિસ્તાર, પરમ ચૈતન્ય-સાગરમાં જીવના અસ્તિત્વનું સ્વરૂપદર્શન આ સમગ્ર અધ્યાત્મપરક પ્રશ્નોનું આટલી સહજતાથી શબ્દવિધાન કરી શકનાર કવિની આત્મા અને વિશ્વના અનુબંધની અનુભૂતિ કેટલી સ્પષ્ટ, સચોટ અને શાશ્વત છે તેનો ખ્યાલ આવતાં કવિ, કવિ તરીકે તો અદકેરી ઊંચાઇએ પહોંચે જ છે કેમકે શબ્દનો કમળ - શબ્દની ગૂઢ રહસ્યોદ્‌ઘાટનની શક્તિને તે પ્રકટાવી શકે છે, સાથે સાથે વ્યક્તિ તરીકે પણ અદ્વિતીય આધ્યાત્મિક અનુભૂતિના વાહક રૂપે સાદ્યન્તપુરુષની આભાને પણ તેઓ પ્રગટાવી રહે છે .

આમ કવિની ઉરગુંજાર સ્થૂળ ' ધ્વનિ'માંથી તરંગાવૃત્ત 'આંદોલન'માં વિસ્તરતી ,તેમાંથી ઊઠેલ 'શ્રુતિ'જ્ઞાનને સંગે કર્મના કોલાહલની સુષુપ્ત સ્થિતિમાં -

'શાંત કોલાહલ'માં નિજ છવિનો 'ચિત્રણા'રૂપસાર્વી આવે છે. ધ્વનિનાદથી અણરવ ધ્વનિ સુધીની કવિયાત્રા કવિને શબ્દરૂપ- તેજના સ્ફુલિંગરૂપ આત્મચિત્રને આંકી આપવા માટેનું અધ્યાત્મભાથું બંધાવી ચૂકી છે.

## ક્ષણ જે ચિરંતન

'ક્ષણ જે ચિરંતન' કાવ્યસંગ્રહનાં ૮૪ કાવ્યો પૈકી પ્રણય- પ્રકૃતિનાં શબ્દચિત્રો અને પ્રત્યક્ષ અધ્યાત્મપરક કાવ્યો કવિના ઉરચેતનાના વિસ્તારને જ આલેખે છે અને એ રીતે કવિએ ચરાચર સૃષ્ટિના અનંત ચૈતન્ય સાથે નિજ બિંદુવત્, સ્ફુલિંગવત્ ચૈતન્યનો જે એકાત્મરૂપ અનુભૂતિ માણી છે તે સતત પરિવર્તન પામતી, લય પામતી સૃષ્ટિની એ ચિરંતન ક્ષણોને આ કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં ગાઇ છે. કવિના ઉરસ્પંદનોનું શબ્દવિધાન છે તેમનાં કાવ્યો, અને એ રીતે કવિએ વિશ્વમાં થયેલા તેમના ચેતોવિસ્તાર અને મુહૂર્તો શાં ઉરમાં ઉમટેલા વિશ્વના આલેખનથી પ્રભુમય પ્રચ્છન્ન -વ્યાપ્ત આત્મરૂપ અવસ્થાની જે ક્ષણોને માણી છે તે ચિરંતન છે. આમ 'ક્ષણ જે ચિરંતન'નાં કાવ્યો વધારે ગૂઢ, કવિની આધ્યાત્માનુભૂતિના પરિચાયક બને છે.

કાવ્યસંગ્રહનો ઉઘાડ 'ગાયત્રી'ના ધવલોજ્જ્વલ, કલ્યાણમય વર્ણનથી થાય છે પણ કવિનું વર્ણન હવે ચર્મચક્ષુએ જોયેલું વર્ણન નથી, એમના પ્રાણના સ્પંદનોમાંથી પ્રગટેલું, અનંતના વિસ્તારના પરિમાણને આંબી લેતું અને કવિના આત્માનો અને એ મિષે તેમનો આધ્યાત્મિક અનુભૂતિનો પરિચય કરાવતું વર્ણન છે. 'ગાયત્રી'નાં ત્રણ કાવ્યો પૈકી પ્રથમ કાવ્યમાં વિહંગકલ્લોલથી વાણું વાતા કવિની બંધ આંખો ખૂલે છે અને કવિ પ્રાંગણના પારિજાત નીચે અરુણવસના, સ્મિતોજ્જ્વલ ગૌરમુખવાળી,જ્યોતિર્મય છંદની ચાલવાળી ઋચા ગાયત્રીને સદેહે જુએ છે; જેનાં નયન નિર્નિમેષ આદિત્યનાં વરેણ્ય આશિષ ઝીલે છે એવા કલ્યાણતમ રૂપ અને ઋજુ તેજથી યુક્ત તેજોમય મધ્યાહ્ને તપ્ત મરીચિકા સમભાસતી પદ્મપત્ર સમી નીલ શાંત છે. દિનાન્તના ગોરજ - ધૂંસર અંધકારને અનસ્ત આભાએ ઝળમળ ઝીલે છે ને ગાયત્રી આજે કવિના હૃદયને સ્પંદ નિત્યકાલીન જ્યોતિર્મય છંદ જગાવે છે.

'ગાયત્રી'ના બીજા કાવ્યમાં જે પ્રાંગણના પારિજાત નીચે કવિએ સદેહ ગાયત્રીને જોઇ છે તે પારિજાતનો સુગંધ સમતોલી આવી ઝીણું ગાન ટહુકી જાય છે. કવિના રોમ રોમ હવે સરવા છે. આ સૌરભના ટહુકાને કવિ રોમ રોમના સરવા કાનથી સાંભળે છે. સુરભિનો આ સૂર ઝળહળ તેજ બની જાય છે. અરુણાઇને અંચલ ગાયત્રીનું આભામય રૂપ મલકી રહે છે. એ રૂપનો કંપ કવિની આંખમાં ઝિલાય છે. હવા એને ઝીલે છે અને લહેરોમાં વહે છે. ચારે કોર એનો સુગંધ સુગંધ છવાઇ જાય છે. આમ તેઓ ગાયત્રીને જ્યોતિર્મય છંદરૂપે આંખથી જુએ છે, હૃદયના સ્પંદથી સાંભળે છે. પારિજાતનો તેજોમય સુરભિના ટહુકામાં રોમ રોમના કાનથી સાંભળે છે. આભામય રૂપને લોચનમાં ઝીલે છે અને ચારે કોર સુગંધરૂપે છવાઇ જતી અનુભવે છે. કવિએ યોજેલા ઇન્દ્રિયવ્યત્યયો અને અમૂર્તનો ઇન્દ્રિયગ્રાહ્ય અભિવ્યક્તિ ધ્યાનાકર્ષક છે. કવિ સદેહે જોયેલ ગાયત્રીનું અમૂર્તરૂપ ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરે છે.

'ગાયત્રી'ના ત્રીજા કાવ્યમાં તો જે પારિજાત નીચે કવિ ગાયત્રીને જુએ છે, પારિજાતો ગંધમાં છવાતો અનુભવે છે તે પારિજાત, વિહંગસૂર, પ્રાંગણ, બારણાં, દીવાર કે દ્વાર બધું જ અલોપ થઇ જાય છે. જે સ્થળે કવિએ વરેણ્ય ગાયત્રીને જોઇ હતી કવિ

સ્વયં ત્યાં પહોંચી જાય છે અને રચાય છે આભામય ઘનરાત્રીમાં કવિનું ગાયત્રી સાથેનું રહઃમિલન અને --

'તું
ન તું
ન હું
વિગલન
અનાહત આનંદ-છંદનું
પ્રભવન.'

(સંકલિત કવિતા પૃષ્ઠ-૩૫૮-૩૫૯)

આમ ગાયત્રીનું સદેહ દર્શન અને કવિનું તેના રૂપમાં વિગલન અને એમાંથી અનાહત આનંદ - છંદનું પ્રભવન કવિની આધ્યાત્મિક અનુભૂતિનું શબ્દચિત્ર આંકી આપે છે.

'નવું તારું નામ નીલાંજના . તરંગિણી ' કાવ્ય પણ આજ રીતે ગાયત્રીના તેજ ને બદલે નદીના જલમાં કવિએ શોધેલી આત્માની લયલીન દશાનો પરિચય કરાવે છે . ત્રણ ખંડોમાં વહેંચાયેલા કાવ્યનાં ઉપશીર્ષકો જ કવિની અનુભૂતિનો આલેખ સમજાવી દે છે. (૧) પૂર્વપરિચય (૨) અંતરાલ (૩) સાયુજ્ય . 'પૂર્વપરિચય'માં કવિને અરૂણાઈનો છાંદસ વેળામાં , 'જલની લહર વહી આવે તીર ભણી કરી કલકલ રવ ' એટલો જ નદીનો પૂર્વ પરિચય છે. કોઈ અસીમથી અગોચર ઉલ્લોલિત ઋજુ બોલ કવિ સાંભળે છે , મૌન ગુંજરતું લાગે છે , મનોરમ શાંતિ છવાય છે. રંગ રંગની તરંગછોળ લલિત લાવણ્યમય કાંતિ પ્રગટાવે છે. નદી નજીક આવી કંઈક ભીનો સ્પર્શ આપી દેહમાં કંપ - રોમહર્ષ આપી જાય છે અને પાછી અસીમ અગોચરમાં ઓગળી જાય છે. એવો પૂર્વપરિચય કવિને ' હેતને હિલોળે મંદ મંદ ક્ષણભર શૂન્ય ગહનમાં લય ' પમાડે છે.

'અંતરાલ'માં કવિની ક્ષણિક શૂન્યમાં લય પામવાની અનુભૂતિ વધારે ગહન બને છે. કવિ તીરે પુલિન એકલા ઊભા રહી હૃદયમાં સકલ ને ઝીલી રહે છે. સરલ તરંગ અટકી જાય છે અને વ્હેણમાં ગૂઢ બળથી ખેંચી રહે છે. કવિ અપારવેગના જલમાં ખાલીને આવેગ ખેંચાય છે. આ જલના વેગમાં કવિ તળ - ઉપર ક્યાં વહે છે જાણતાં નથી. હર્ષ ઉછાળ અને કુહર - લોકલોકાંતરની ભીંસમાં વારે વારે ગૂંગળાય છે. જીવંત-મૃત્યુમાં કવિ કોઈ અંતરાલ થકી આવતા સાદને સાંભળે છે. માયાવિની જવનિકા મરીચિકા ઠેલી કવિ તીરે પાછા જઈ તટને સ્પર્શે છે ત્યાં વલયસદૃશ આલિંગને ક્યાંકથી ઉછળી આવી સદય તેઓ ગહી રહે છે. કવિ હૃદયમાં સકલને ઝીલી રહે છે--

'નયનમાં તેજ છલછલ ને
ફરી પરિપૂર્ણ ,
તીર કને , જલની ભીતર ,અવકાશ મહીં , રાખી ભીનું શિર
ઝીલું હૃદયે સકલ .'

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૩૬૦)

આમ ક્ષણિક શૂન્યના ગહનમાં લીન સત્તાનો પૂર્વપરિચય, અંતરાલના સાદને સાંભળી હૃદયમાં સકલને ઝીલી રહેવાનો અનુભવ આપે છે, તો 'સાયુજ્ય 'માં કવિને આ નદી કંઈક જુદી જ ભાસે છે અને જુદો જ અનુભવ આપે છે.

'જલની લહર નહીં , ન વર્ણ-વૈખરી -રવ; કેવલ વ્યંજના ''

(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૩૬૦)

કવિ આજે પોતાની આદિ સ્થિતિને જોઈ શકે છે. કવિને પોતાનો ય પ્રીતિ હવે રહી

નથી. કવિને તરંગિણીનો બોલ - સ્પર્શ --

'સીમિત અસીમ કેરો નવીન વિભવ,
પરિણય ;
પૂર્ણ, ફરી પૂર્ણ પણ ભિન્ન અનુભવ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૬૧)

આપી જાય છે. સ્થાણુની લીલાના - સૃષ્ટિના સર્જનના-રહસ્યને પ્રગટાવી જતી અંબરની સુષમાને ધારણ કરતી નદીને કવિ નવું નામ આપે છે નીલાંજના.

'સ્થાણુની લહરલીલા, અવર ન, તરંગિણી, તું મૌન ગુંજના;
અચલ લોચને અંબરની સુષમાશી લહું તને નીલાંજના.'
(સંકલિત કવિતા. પૃષ્ઠ- ૩૬૧)

જેમ 'પ્રિલ્યુડ'માં કવિ વર્ડ્ઝવર્થ તેમના પ્રકૃતિ સાથેનાં સંવનનોમાં તેમની જીવનયાત્રાનો આલેખ આપતાં અધ્યાત્મવિકાસની રેખાઓ પ્રગટાવે છે તેવી જ રીતે કવિ.રાજેન્દ્રનું આ કાવ્ય પણ કવિની અધ્યાત્માનુભૂતિની આત્મકથા બની રહે છે. 'તરંગિણી' કવિની અધ્યાત્માનુભૂતિનું રૂપક છે. કવિને પોતાની અધ્યાત્માનુભૂતિનો પૂર્વપરિચય 'અગાઈની છાંદસ વેળ મહીં' નીર ભણી કલકલ રવે વહી આવતી જલની લહેર જેવો છે. કવિની અધ્યાત્માનુભૂતિ ધ્વનિરૂપ છે. અગમ્યમાંથી આવતા રવમાં કવિને સૌ પ્રથમ ગૂઢ અનુભૂતિ થઈ છે. 'કલકલ રવ'થી ધ્વનિનો, 'જલની લહર' થી જલમીના વાયુનો સંદર્ભ રચાય છે. 'અગાઈની છાંદસ વેળ'માં ઉદિત તેજમાં પૂર્ણ સંવાદ - તાદાત્મ્યની ક્ષણોમાં થતી આ અનુભૂતિ છે એવો નિર્દેશ છે. કવિની આવી પ્રારંભિક અનુભૂતિથી જ તેમની આધ્યાત્મિક યાત્રા આરંભાઈ છે. અગોચર અસીમમાંથી ઉલ્લોલિત ઋજુ બોલ ઊઠે છે અને પાછો અસીમ અગોચરમાં જ ઓસરી જાય છે. પણ તે કવિને ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિ આપી જાય છે. 'ગુંજરતું મૌન', 'મનોરમ શાંતિ', 'રંગ રંગની તરંગછોળ', 'લલિત લાવણ્યમય કાંતિ', 'ભીંજવણ સ્પર્શ', 'તનુકંપ - રોમહર્ષ' ઇત્યાદિ કવિ આ અનુભૂતિમાંથી પામે છે જે તેમની દૃશ્ય, શ્રાવ્ય, સ્પર્શ્ય ઇન્દ્રિયોને તૃપ્ત કરતાં ચિત્તને અપૂર્વ શાંતિ અને આનંદ આપે છે, વળી ક્ષણભર હેતને હિલોળે ગહન શૂન્યમાં લય પમાડી જાય છે. આમ ક્ષણભરના તાદાત્મ્યમાં સંભળાતો અરવ રવ કવિને જે અપૂર્વ આનંદ આપી જાય છે તે જ કવિની આધ્યાત્મિક અનુભૂતિનો પ્રારંભિક પરિચય છે.

ત્યારબાદ 'અંતરાલ'માં કવિ કાંઠેથી હવે ઊંડા જળમાં આગળ વધે છે. કવિ યોગક્રિયા દ્વારા અધ્યાત્માનુભૂતિને પામવા યત્નશીલ છે ત્યારે તેમનો કાંઠાનો પૂર્વ પરિચય તો ક્ષણિક જ છે, પરંતુ અંતરાલમાં ઊંડા ગયા પછી જ કવિ પરિપૂર્ણ બની સકલને હૃદયમાં ઝીલી રહે છે. ધ્યાનયોગમાં કવિને થતા આ અનુભવની પ્રત્યેક ક્ષણને ઝીલતું વર્ણન કવિ શબ્દોના માધ્યમે સુંદર રીતે અહીં ઉપસાવી શક્યા છે. જોકે કવિની આ અનુભૂતિ એવી તો અગમ્ય છે કે કવિની અભિવ્યક્તિ પણ એ અનુભૂતિ ઝીલતા શબ્દોની સહોપસ્થિતિ અને સાતત્યમાંથી જ પ્રગટે છે. યોગમાં યોજાય છે તે ક્રિયાને તરંગિણીના અંતરાલમાં ઊતરવાના રૂપક દ્વારા સચોટ અભિવ્યક્તિ મળે છે. અમના નદીના -હૃદયના-અંતરાલમાં ઊતરવાની અને પાછા કાંઠે આવવાની ક્રિયાના અંતરાલમાં- સમયાવધિમાં-કવિ જે અનુભવો પામે છે તેનું સંપૂર્ણ વર્ણન કવિ અહીં કરે છે. પ્રથમ તો પ્રસન્ન તરંગ અડી જાય છે પછી વહેણમાં ગૂઢબલથી ખેંચી રહે છે. પરમતત્ત્વ બ્રહ્મથી જ ભરેલી છાયા-છવિ અચલને પણ સ્પંદમય કરે છે, ક્ષણો શૂન્ય બને છે. મિલનનો ઉત્કટ

ઝંખનામાં વિવશ હૃદયનો નિઃશ્વાસ ઝરે છે, મૂર્છનાનો અનુભવ થાય છે , અર્થાત્ ભાવસમાધિ લાગે છે. પછી બાલાનિ આવેશ અપાર જલના વેગમાં કવિ ક્યાં વહે છે તેની ખબર પડતી નથી . લોકલોકાંતરના હજાર દૃશ્યો - જ્ઞાનમોજાઓ -ઉછળતાં રહે છે. પ્રાણ ઉપર ચઢતાં કંઠે આવી જાય છે ત્યારે કવિ વારે વારે ગૂંગળાય છે, એ જીવન મૃત્યુમાં જ અંતરાલમાંથી આવતો એ પરમતત્ત્વનો સાદ કવિ સાંભળે છે ત્યારે શિથિલને સબલ આધાર મળ્યો હોય એવું એમને લાગે છે. મનોરમ શાંતિથી તેઓ સમયની સીમા સુધી અંગના આવેગથી ભ્રમણ કરે છે. કવિનું આ કાલાતીત ભ્રમણ છે, પરંતુ આ ભ્રમણ વિફળ જણાય છે એટલે તરસો મરીચિકા- માયાવિની જવનિકા -ભ્રાંતિના પડદાને હટાવી પાછા તીર ભણી વહી જાય છે. તટને સ્પર્શે છે ત્યાં વારુણી બંધને,વલય સમ આલિંગને એકાએક ક્યાંકથી તે ઉછળતા આવી કવિને ગ્રહી લે છે. આ ક્ષણ જ્ઞાનના સાક્ષાત્કારની ક્ષણ બની રહે છે. કવિના નયનમાં છલ છલ તેજ છલકાઈ ઊઠે છે, પુનઃ પરિપૂર્ણ બને છે. કવિ કંઠે આવી , જલની ભીતર , અવકાશ મહીં , ભીના મસ્તકે હૃદયમાં સકલ ઝીલી રહે છે. અર્થાત્ સમગ્ર અનુભવોને સ્મરી રહે છે. અહીં કવિને યોગક્રિયામાં પ્રાણને ઉપર ચઢાવવાની ક્રિયામાં પ્રાણ કંઠ સુધી પહોંચતાં જ જીવન મૃત્યુનો અનુભવ થાય છે ને સિદ્ધિમાં એમને નિષ્ફળતા અપાવે છે પરંતુ એ નયનને જ્ઞાનતેજથી તો ભરી જાય છે. યોગનાં ઊંડા જળમાં ઊતરેલા કવિ ગૂંગળામણ થતાં પાછા તીરે આવી જાય છે.

એકાત્મ બનવાનો , સાયુજ્ય સધાવાની ક્ષણો તો 'સાયુજ્ય'માં સિદ્ધ થાય છે. જ્યાં કોઈ વહન નથી , વૈખરીનો રવ નથી કેવળ વ્યંજના જ છે એવી ક્ષણોમાં કવિ પોતાની આદિ સ્થિતિ - બ્રહ્મરૂપતા -ને પામે છે. તીર ઉપર રહેલા કવિ કાચબાની જેમ સર્વ કરણોને સંકોરીને , પોતાનીય સીમિત છોડી- માયાને અશેષ ત્યજીને સુષુપ્તિમાં સરેલું મન જાણે કે તેજ- અંધકારનું સ્વપ્ન જોતું હોય એવી અનુભૂતિ કરે છે ત્યારે કવિને એ પરમતત્ત્વનાં બોલ, સ્પર્શ, ઋજુ કંપ અનુભવાય છે. એના મધુર સાંનિધ્યે કવિનાં નયન ઊઘડે છે. આ ત્રીજું નેત્ર - જ્ઞાનનેત્ર છે. અહીં કવિ સીમિત અસીમનો નવીન વૈભવ જુએ છે. પરિણય પામે છે. કવિ પોતે સીમિત અને બ્રહ્મરૂપ પરમતત્ત્વ અસીમ બંનેના વૈભવને પ્રત્યક્ષ નિહાળતા બંનેનો પરિણય - લગ્ન-સાયુજ્ય -પામે છે. કવિ પોતે જ સકલને પરિપૂર્ણ બની અત્યાર સુધી પોતાના હૃદયમાં ઝીલતા હતા તે પૂર્ણ ફરી પૂર્ણ બને છે. આ પૂર્ણતા કવિને એક જુદો જ અનુભવ આપે છે. એ અનુભવમાં કવિ સ્થાણુની લહરલીલાને જુએ છે. પરમતત્ત્વને 'મૌન ગુંજના' રૂપે પામે છે. સ્થાણુની લહરલીલા એટલે શિવની બ્રહ્મલીલાના ઉલ્લેખમાં કવિ ઉપર કાશ્મીરી શિવદર્શનનો પ્રભાવ જોઈ શકાય છે જેની વિગતે ચર્ચા આગળ કરવાની હોઈ વિવેચન ટાળું છું .'મૌન ગુંજના' અર્થાત્ અક્ષરત્વને કવિ પામે છે. આ અનુભૂતિ સિવાય અન્ય કોઈ અનુભવ આ ક્ષણે નથી . 'અવર ન, તરંગિણી, તું મૌન ગુંજના'. કવિ અચલ લોચને - સ્થિર ચિત્તનયનથી એની આકાશ જેવી સુષમાને જુએ છે. આકાશ નિરાકાર , નિર્વર્ણ, નિરંજન છે પરંતુ નીલ -ઇન્દ્રિયોના અંજનથી તે નીલાંજન બને છે. કવિ પણ તેમની નિરાકાર, નિર્વર્ણ, નિરંજન બ્રહ્મરૂપ અધ્યાત્માનુભૂતિને ઇન્દ્રિયો થકી જ ગ્રહે છે. માટે તેમની આ અનુભૂતિ નીલાંજના બને છે. કવિ આ તરંગિણીને નવું નામ આપે છે 'નીલાંજના '. આમ એમની અધ્યાત્માનુભૂતિ-નો ભાવભરતીને સાકાર કરતું આ કાવ્ય છે, જેમાં કવિની અધ્યાત્માનુભૂતિના ઉદ્ભવ, વિકાસ અને સિદ્ધિના આલેખને પામવા સાથે તેનું ઇન્દ્રિયગ્રાહ્ય રૂપ પણ આપણને જોવા મળે છે.

રાજેન્દ્રને હવે તેજ - જલમાં જ નહિ સર્વત્રમાં કોઈક ગૂઢ અનુભવો થવા લાગ્યા છે. 'શબ્દહીન સાદ'માં કવિ આવા રહસ્યમય અનુભવોને પ્રગટાવે છે. મનનું ગગનભરી ઘડી ઘડી કોઈક પુકારે છે. કોનો અવાજ છે એ કવિને લાગે છે કે પોતે જાણે છે છતાં અજાણ છે. બારી બહાર જુએ છે તો ચારે કોર ખાલી પથ, સીમ છે. આથી આ ખાલી ભ્રમ કે ભણકાર હશે એવું કવિને લાગે છે. કવિ અરીસા સામે બેસીને પોતાના વાળ ઓળે છે તો --

'લોચને લોચન મળે મારાં અનિમેષ,
નિજથી જ મુગ્ધ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૬૧)

ત્યાં પીઠ પાછળથી ધીમા સૂરે કોઈક બોલે છે. ક્ષુબ્ધ થયેલ કવિની નજર સૂરની દિશામાં કુતૂહલવશ ફરી વળે છે. માધુર્યને પાશ, પરવશ કવિ તણાય છે. દૃષ્ટિની સૃષ્ટિથી કહીં દૂર દૂર જાય છે.

'ઘડી ઘડી નામ મારું રટનાર નિઠુર, અજાણ!
ઘડીક તું ધરે ભલું મૌન,
મારોય તે સાંભળે તું સાદ,
ઉઘાડું છે ઘર,
આવ અહીં,
અહીં છું હું પ્રયાણતત્પર.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૬૨)

આમ કોઈ શબ્દહીન સાદ કવિ સાંભળે છે. તે સાદ કરનારને કવિ પોતાનો સાદ સાંભળવા આવવા જણાવે છે. ઘર ઉઘાડું રાખી ને સાદની સાથે ચાલી નીકળવા તેઓ તૈયાર જ થઈને બેઠા છે. તરંગિણીની 'મૌન ગુંજના' પામ્યા પછી અર્થાત્ અધ્યાત્માનુભૂતિ માં અવરરવને સાંભળ્યા પછી કવિને શબ્દહીન સાદનું વારેવારે ખેંચાણ અનુભવાય છે. કવિ એ સાદને અનુસરવા તત્પર છે. અહીં એમની અધ્યાત્મયાત્રા એક કદમ આગળ વધે છે. સકલને હૃદયમાં ઝીલતા કવિ કલરવના ધ્વનિરૂપ અનાહતની ઝાંખીને પામે છે. ત્યાર બાદ યોગ સમાધિમાં અરવ રવને સાંભળે છે.

હવે કાવ્યો બની ગયાં છે ' અનંત અવકાશનું તનિક રેખામાં આકલન '. શાંતિ અને ભ્રાંતિની દ્વિધા કવિના હૃદયને સુખલીન કરે છે. કવિ પોતાના એકાંતના ભાવજગતમાં જે જુએ છે તે ભ્રાંતિ છે કે સુખલીન શાંતિ છે? કવિના મતે બંને છે. તેઓ એકાંતમાં કુટિરનાં બારણાં બહારની અપાર શૂન્યતામાં નજરથી વાણી જયાં લુપ્ત, અવગત બને, અર્થાત્ નજરની સીમા જ્યાં અંત પામે છે ત્યાં એક નીલાંચલ આકૃતિને હવામાં અંકુરિત થઈ ઉપસી આવતી જુએ છે. આ આકૃતિ તે અનંત આકાશનું રેખાંકન છે. લયની લહરમાં વહી તે કુટિરની અંદર આવે છે. કવિનું મન તેને આલિંગવા ઉછાળીતું હોય છે ત્યારે જ તે આકૃતિ મલકતી મલકતી દ્વારની બહાર સરકી જાય છે. આ સ્વપ્નની માયા છે, અનાગત એષણાનું પ્રેત છે કે પોતાની સ્વર્ગમાં જવા ઇચ્છનાર ઓર્ફિયસ મતિ છે, કંઈ સમજાતું નથી પણ ઝંખનાના શતશત નેત્રને વિશ્રુતિ નથી. તેતો તે આકૃતિને ઢૂંઢી જ રહ્યાં છે. આ સાશંક અપેક્ષામાં તેઓ ઊંડી ઊંડી વેદનામાં શાંત સુખલીન બને છે, ભ્રાન્ત બને છે. એમને થતી સુખદ ભ્રાન્તિઓની ચિરંતન ક્ષણોનું આકલન જ આ રીતે બને છે આ કાવ્યસંગ્રહ 'ક્ષણ જે ચિરંતન.'

વાસ્તવ જગતમાં જીવવાને બદલે ઘણું ખરું તો સ્વપ્નના ભાવ જગતમાં હવે તેઓ જીવે છે. 'નજરના સેતુ પર' કાવ્યમાં કવિનાં ચરણ ચાલતાં ચાલતાં નિશ્ચલ સ્તબ્ધ થઈ જાય છે. કેમકે નજરનો જ્યાં સેતુ સ્થાય છે ત્યાં અવર સંમુખ કલ્પનલોકમાં કવિનું ઉર હરણફાળ ભરી દોડી જાય છે. અહીં સ્વપ્નલોક નિખિલ જગત વિલોપ થઈ જાય છે. મન નવસ્ફુર્તિની જાગૃતિ પામે છે. કવિ જેને મનની જાગૃતિ કહે છે તે ખરેખર દીવાસ્વપ્નની તંદ્રાવસ્થા છે. આવી જાગૃતિમાં કવિને મુગ્ધ કસુંબલ ભાવનું મિલન, પ્રિય-મોંઘા પરિવારની સંસૂતિ સાંપડે છે. જ્યાં સુખમાં જ ચિત્ત સમાહિત હોય એવાં પવનનો - યમનો કર સ્પર્શે છે. પવન ઊંચે ઉડાડે છે અને પછી પાડે ય છે. ક્યાંયી ક્યાં પડવું કવિના અભિશાપિત ચિત્તને ? ક્ષણપૂર્વે જ્યાં હતો ત્યાં જ અને ફરી નજરનો પથ અળપાઈ જાય છે તથા ચરણનું પરિયાણ ફરી અથથી આરંભાય છે. આમ ચાલતાં ચાલતાં એમનો નજરનો પથ ક્ષણ માટે પણ કલ્પનાલોકને સંમુખ લાવી દે છે. પવનના સ્પર્શથી ભાવપ્રમાદિમાં ખોવાયેલા કવિ જાગે છે અને થંભી ગયેલા ચરણ પાછા ચાલવા લાગે છે. વાસ્તવજગતમાં ફરતાં ફરતાં પણ ક્ષણિક તેમના કલ્પનાજગતને તેઓ નોહાળી લે છે.

'કહીં'માં પ્રિય વિના એમને નિખિલ સૃષ્ટિ તેજછાયાનું કર્બુર ચલચિત્ર ભાસે છે, મન શૂન્ય ક્ષિતિજની મહીં હિજરાય છે. ક્યારેક તો આશંકાની ગગનભરીને ઘોર ડમરી યે વાય છે. તેઓ પૂછે છે કે તારા કાનમાં મારા આર્તનાદ કેરો સૂર ગુંજે છે ખરો ?

'હે સુદૂર !
તને પામીને તો
ફરી પામીશ હું ખોવાયેલ મને,
બોલ મૃદુ સ્વને !
કહીં છો તું ? પ્રિયે ! કહો ?
કહીં ?'

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૩૬૪-૩૬૫)

પ્રિય મિલનનો તલસાટ આ કાવ્ય પ્રગટ કરે છે તો 'કને એટલું એ કંઈ દૂર' પ્રિય વિણ કવિહૃદયની એકલતાને પ્રગટ કરે છે.

'હૃદયનું જે હૃદય
કને એટલું એ કંઈ દૂર !
ગાનમાં એનું નામ લઈ લોક લોકમાં ભમે સૂર !.......

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૩૬૫)

માઝમ રાતના તારલિયા અંધારમાં કવિના આકુલ નયનનો વેદનાનો ઝુરાપો અહીં પ્રગટ થાય છે, તો એમના મનોગતમાં વસેલો મનોમયીને તે "એકાન્ત શયન'માં જુએ છે.

'જાગીના ઉઘાડ કને એકાન્ત શયન
બહિર વિશ્વને લહે તેમ
તને લહે, મનોમયિ ! આ નયન.'

(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૩૬૫)

હેમંતની ગાઢ નીરવ રાતમાં સચલ હવાનું હિમ ઝમે છે. કવિના મનનું હરણ અવકાશને સંધારપથ ચરણ ઠેકતું દોડે છે, જેના મર્મમાં વાગેલા બાણની વેદના બંધાયેલી છે. આ હરણની એક ફાળ ગગનગામી છે, એની નીચે કાળ અટવાઈ વિમૂઢ બન્યો છે. દૂરની

ક્ષિતિજપાર સુધાનો સાગર છે ત્યાં મરણ નથી. તે કહે છે કે મનોમયી પ્રિયા પણ બંધ આંખે નીગળતી રાતને નિહાળી રહી છે. એના બિડાયેલા હોઠમાં વાત ઢળે છે અને એના ઝૂકતા મુખની જેમ સુખદુઃખ ઝૂકે છે. માયાની આ છાયા રાજેન્દ્રને અનિદ્ર સ્વપ્નની સોડ એકાંત શયનમાં આપી જાય છે.

'મનોમયિ !
માયાની છવાય ઋજુ છાયા, આવરણ ;
અનિદ્ર સ્વપ્ન સોડ, એકાન્ત શયન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૬૬)

'ભણકાર' કાવ્યમાં કવિ પ્રિયનો મૃદુ સાદ સાંભળી જાગી ઊઠે છે. છાયામાં છાયા ભળી જાય એવી મુખર ઝલ્લીરવે ગળતી ઘડીમાં બોલના મૌનને કવિ કળી રહે છે. એમને પ્રિયની આહટનો સુમંદ પદધ્વનિ સંભળાય છે. તે ક્યાંક નિકટમાં છે એવી જાગૃતિ થાય છે પણ હવામાં ઢળેલી શૂન્યતા માત્ર જણાય છે. થાય છે કે --

'સ્વપ્નની ભ્રમણા મુજને ભલી
અવ ન જાગવું જ્યાં ન લહું તને.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૬૭)

આવો દૃઢ નિશ્ચય કવિ પલમાં ભૂલી કવિની રિક્ત ઊઘડતી આંખમાં 'સકલનાં પરિધાન ઉજાસનાં' ભરાઈ જાય છે. અને પ્રિય પાસ હોવાના ભ્રમનું ગાન ત્યાં ગવાય છે. આમ કવિ રિક્ત આંખોમાં મિલન માધુરી માણવાના વ્યસની બની ગયા છે.

'પ્રિયે' કાવ્ય કવિની નિજ છવિને - એમના સાચા વ્યક્તિત્વને અને કાવ્યતાના હેતુને પણ પ્રગટ કરે છે. શબ્દરૂપ કવિનું અસ્તિત્વ શ્રુતિગોચર ન થતાં ભણકારને સ્તિમિત નયને ઝીલે છે. એ જ ભણકાર કવિના નયનથી ઝમે છે, ગગનને ભરીને કવિ હૃદયમાં શમે છે. 'ચિત્રણા'માં 'નિજ છવિ'ની જેમ કવિ અહીં પણ પોતાનો જે પરિચય આપે છે તે આ છે --

'હૃદયથી પ્રગટે ઈહ બોલ તે
અરવ હોઠની ભીતર સ્પંદતો,
દૃગનું નેજ બની અવકાશનાં
કહીં ઊંડાણ મહીં ગરકી જતો.
ત્યહીં એકલ નિહાળી તને, ફરી
નિજ ધરી ધ્વનિરૂપ ટહુકતો.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૬૭)

કવિપ્રિયા સહજ ચમકે છે, એના ભણકારનો શબ્દ શ્રુતિગોચર થતો નથી પરંતુ સ્તિમિત નેત્રમાં એને ઝીલી રહે છે. પ્રિયાનો આ ભણકાર એમની આંખમાં ઝમે છે અને ગગનને ભરીને એમના હૃદયમાં વિરમે છે. આમ ધ્વનિરૂપ ટહુકારથી કવિ પ્રિયાને સાદ કરે છે અને શ્રુતિગોચર ન થતા, અણરવ ધ્વનિરૂપે કવિ પ્રિયાને પામી રહે છે. તેમના નયનમાંથી ઝમી પ્રિયનો વિસ્તાર ગગનને ભરી દે છે જે અનંતનો વિસ્તાર પાછો હૃદયમાં શમે છે. આમ એમનું ધ્વનિરૂપ અસ્તિત્વ ધ્વનિરૂપ પ્રિયાને પામે છે. પ્રિયના વિસ્તારને માણે છે અને પાછો વિશ્વના વિસ્તારને હૃદયમાં ભરી બેસી જાય છે. આમ કવિની મૂળભૂત અનુભૂતિનો સ્વનો અનંતમાં વિસ્તૃતિ અને વિશ્વનો સ્વમાં સંસૃતિ જ છે અને આ એકાત્મમાંથી ઉદ્ભવતા અદ્વિતીય આનંદની પ્રાપ્તિ એ જ છે કવિની આધ્યાત્મિક અનુભૂતિ. કવિની પ્રણયાનુભૂતિ અને અધ્યાત્માનુભૂતિ એકમેકમાં સંકળાયેલાં જોઈ શકાય છે.

'તારો પહું કાગળ'માં પણ રાજેન્દ્ર પ્રણયના સ્થૂળભાવોની પેલે પાર અધ્યાત્મની ઉરવાણી પ્રગટાવી રહે છે, અક્ષરમાં રૂપાંતરે અંકાયેલી સૂરની શ્રુતિને નિહાળે છે અને રિક્ત નેત્રની દૃષ્ટિના શૂન્યમાં કવિ પામે છે --

'વ્યથા મહીં
આનંદને ,
ઇપ્સિતને ,
તને,
તને.'

(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૩૬૮)

આમ કવિની ભાવસમાધિના કલ્પનામિલનની ચિરંતન ક્ષણોને સાકાર કરી છે આ કાવ્યસંગ્રહ ' ક્ષણ જે ચિરંતન 'માં.

'સ્વપ્નવિરહ'માં પણ તેઓ નિદ્રિત નયને સ્વપ્નના આલોકે ભીડ વચ્ચેથી બહાર સરી જાય છે. પણ એ બાજું કોઈ જ નથી. કવિ કહે છે 'તું હિ પ્રિયતમ એક તું જ'. સ્વપ્નમાં કવિ પ્રિયતમ સાથે ગતિ કરે છે.

'તારી જોડાજોડ
ગતિ એ કરી લીધી હોડ,
સાહું તવ બાંય ,
મુખ ફેરવી તું જુએ
છાયા માત્ર .'

(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૩૭૦)

એમને પ્રિયતમની ઓળખ મળતી નથી . બંને વચ્ચે હજાર જોજન ધસી આવે છે. એમનો આત્મા પંચતત્વોમાં ભળી જવા સજ્જ થાય છે. તેઓ આદિમ ઉપાની સુષમાની ઋચા ગાય છે; મંદ પગલાંએ કોઈ જાણે કે કોઈ નજીક આવી રહ્યું હોય છે. તેઓ નયનમાં પ્રિયતમને પરોવી લે છે , પણ સ્વપ્ન ભંગ જાય છે, ફરી આવતું નથી અને કવિને જાગૃતિ થાય છે કે --

'સોડ મહીં સૂતો, તને ભૂલ્યાં મારાં નિંદ્રિત નયન.'

(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૩૭૦)

જે પ્રિયતમ પોતાની સોડમાં સૂતો છે , આતમરામમાં રમી રહ્યો છે તેને મોહનિંદ્રામાં પડેલાં નયન ભૂલી ગયાં છે.

'શયને' કાવ્યમાં એકાકી કવિ ,કોઈ અજાણ વનભૂમિમાં તળાવતીરે ગહનમાં છવાતી અપાર્થિવ કુમાશની મંદ ગતિને તંદિલ નયને નિહાળી રહ્યા છે. આ અકળ વરસતી પ્રીતિ કોની છે તે કવિને સમજાતું નથી . અહીં પોતે અને પ્રિય બંને મનથી એકમય બનેલાં મનોમય દૂર કેમ છે તેનું રહસ્ય તેઓ સમજી શકતા નથી . તો 'આપણ' કાવ્યમાં તેઓ પ્રિય અને પોતાને શીતલ લહર અને સૂરજ હુતાશ રૂપ બતાવી એકરૂપ બતાવે છે.

'સ્થિર ગતિશીલ
રુદ્ર મહાકાલ
શીતલ લહર
તું

હું
સૂરજ હુતાશ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૭૨)

પ્રકૃતિ સાથેનું ઘેરું સંવનન એમનાં કાવ્યોમાં હવે વધારે પ્રગટરૂપ ધારણ કરે છે. 'ઉત્તરાફાલ્ગુની'માં નિમ્બતરુની મંજરીની સુગંધ કવિને સતાવી જાય છે. જ્યાં કોઈનોય ઓળો કે ભણકાર નથી એવી સંગમૂની તિમિરવેળામાં એ જે અનુભવે છે તે આ છે --

'હું મને યે ન લહું,
નિકટનું સહુ બને એવું કંઈ દૂર
તો
દૂરનું સન્નિકર્ષ આહા,......
આદિ અંધાર કેવળ, અને બે અમે
વિહરતાં
શૂન્યમાં અગણ પ્રગટે તરંગ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૭૨)

આહ્લાદની છોળ રેલાય છે, નક્ષત્ર વેરાય છે અને એકાન્તની આ કેલિક્રીડા નિમ્બતરુની સુગંધ સિવાય બીજું કોઈ જાણતું નથી.

કવિને સ્વપ્નમાં સકલ એષણાઓ સાકાર થતી લાગે છે. આથી 'ખોલું નહીં નેણ' કાવ્યમાં નેણ ખોલીને સ્વપ્ન સરી જવા દેવાનું ગમતું નથી. જ્યાં નિયતિનું નિયંત્રણ ન હોય એવા સ્થલકાળમાં કવિને ભ્રમણ કરવું છે. લગાર જાગૃતિ થતાં જ નિધનનું દ્વાર ખૂલે છે અને એમના નયન અંધકારમાં પ્રિયને ઢૂંઢી રહે છે. પણ પોતે રચેલી મનોગત આકારની ભ્રાન્તિ ઓગળી જાય છે. તેને જાળવી રાખવા કવિ મથે છે છતાં તેનું વિસ્મરણ થઈ જાય છે. આમ કવિ પોતાની આત્મચેતનાના આયાસથી પ્રભુચેતનાના આકારની ભ્રાંતિને કલ્પનાબળે રચે છે. પણ નિશ્ચિત આકારનું સ્મરણ કવિને પ્રયત્ન કરવા છતાં ય રહેતું નથી એટલે જ તેઓ સ્વપ્નને સરી જવા દેવા માગતા નથી, નેણ ખોલવા માગતા નથી. સ્વપ્નમાં થતી ભ્રાન્તિના આકારને તેમને સાકાર કરવો છે. કવિ જેનું શીર્ષક ખાલી કૌંસ છે -- ( ) --માં તે અભાવગહન નિદ્રામાં કરી શકે છે. સ્વપ્નોદય થાય છે અને કવિ અંધકારમાં નીલ, સ્વર્ણ, શ્વેત, શ્યામ સકલ વર્ણને નિરખી રહે છે અને રમી રહે છે--

'શબ્દથી સાકાર
સાકારનો શબ્દ
હિલ્લોલિત હાલો
(વિસ્તરતું, તરતું
તરંગવલય),
અંધકાર,
નિદ્રા.'
(સંકલિત કવિતા. પૃષ્ઠ- ૩૯૫)

આમ ફરી પાછું અહીં જીવ અને શિવનું-કવિ અને પ્રભુનું કવિઅપેક્ષિત એકાત્મરૂપ- સ્વ-રૂપ પ્રગટ થાય છે. એ સ્વ-રૂપ શબ્દથી સાકાર છે અને સાકારનો શબ્દ છે. શબ્દથી જે સાકાર તે ઓમકાર રૂપ પ્રભુનું ધ્વનિરૂપ છે અને એ અમૂર્ત બ્રહ્મચૈતનાનું સાકારરૂપ વ્યક્તિ-કવિ પોતે -- છે. એમનો શબ્દ એ છે ' સાકારનો શબ્દ ' માટે જ કવિ પોતાને 'ધ્વનિરૂપે'

ઓળખાવે છે અને પ્રભુને પણ 'ધ્વનિરૂપ' ઓળખે છે. આ ધ્વનિનું રૂપ તેજોમય છે. 'સપ્તર્ષિ મારું મન' કાવ્યમાં તેઓ આવા રૂપને પ્રગટાવે છે.. એમનું સપ્તર્ષિ મન દૂરસુદૂર રહેલા નિશ્ચલ ધ્રુવરશ્મિ તારકની અહર્નિશ પ્રદક્ષિણા કરે છે. હૃદયમાંથી ફૂટતા ધ્વનિરૂપ શબ્દનો ઉદ્‌ગમ તે મંત્ર છે અને એ મંત્રના ગુંજારવથી આ બ્રહ્માંડ પ્રપૂર્ણ છે જ્યાં 'તું - હું' શૂન્ય છે. વ્યાપ્ત છે. તેજોમય શબ્દનો શૂન્યમાંથી થતો આવિર્ભાવ અને શૂન્યમાં થતી વ્યાપ્તિ એ જ છે અનંતનો વિસ્તાર અને તેમાં વિલસી રહેલું અનંત, શૂન્યમાંથી શબ્દનો ઉદ્‌ભવ, વ્યાપ્તિ, વિલય અને ફરી પાછો શમી ગયેલા શબ્દની શૂન્યમાં શોધ. આવિષ્કાર અને સંગમન સંવિલય. આ જ છે રહસ્ય બ્રહ્મની લીલાલીલાનું. બ્રહ્મના લટકાંને લહી તેમાં બ્રહ્માંડને પામવાની કૃતાર્થતા જે પામી શકે છે તે સ્વયં બ્રહ્મરૂપ બની જાય છે. કવિની આ અનુભૂતિ તેમના કાવ્યોમાં જુદાં જુદાં રૂપ ધરી પ્રગટતી જ રહે છે. 'આગમની' કાવ્યમાં કવિનું વિહંગમન પાંખ છાવરી મૌનમાં વિહાર કરે છે. મૃત્યુને તરી જઈ અમૃતનું પ્રદાન કરે છે ત્યારે કવિ પોતાની અનુભૂતિને આ જ રીતે પ્રગટાવે છે.

'અનંતમાં કેવલ
એક નાદ માધુર્યનો,
સંસૃતિ, રે સમગ્ર આ
પ્રકાશનાં પુદ્‌ગલ વર્ણે વર્ણમાં સોહંત,
સંકીર્ણ છતાં સંવલ'
ખૂલી જતી કૈં ક્ષિતિજોની પાંખડી
ને પદ્મને
કોમલ રશ્મિની ઝડી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૭૬)

અનંતમાં માધુર્યનો કેવલ એક નાદ - બ્રહ્મનાદ - ઊઠે છે, એની સંસૃતિ પ્રકાશના વર્ણે વર્ણના પુદ્‌ગલથી સમગ્ર સૃષ્ટિને- ચરાચર વિશ્વને- શોભાવી રહે છે. આત્મચેતનાના પદ્મને કોમલ રશ્મિની ઝડી સાંપડે છે અને બ્રહ્મજ્ઞાનની ક્ષિતિજોની પાંખડી ખુલી જાય છે. આમ ધ્વનિનો પ્રાદુર્ભાવ, એનું સંસરણ, વિશ્વમાં વ્યાપ્તિ એ જ વ્યક્તિ અને સૃષ્ટિના અસ્તિત્વનું સ્વરૂપ છે, અધ્યાત્મરૂપ છે. હૃદયપદ્મરૂપ આત્મચેતનાને વિશ્વચેતનાના - બ્રહ્મચેતનાના તેજરશ્મિની ઝડીનો સ્પર્શ બ્રહ્મજ્ઞાનની ક્ષિતિજની પાંખડીઓને ખોલી નાંખે છે. બ્રહ્મનું ગૂઢ રહસ્ય અહીં પ્રગટ થઈને પ્રત્યક્ષ બને છે અને 'ક્ષિતિજ' કાવ્યમાં કવિ આને સ્પષ્ટ કરતાં કહે છે --

'અપરિમેય તણી શ્વસવા હવા
ક્ષિતિજની ભણી મેં ગતિ આદરી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૭૭)

આવી અવનવી ક્ષિતિજો કવિ સામે ઉઘડતી જાય છે ત્યારે કવિ પોતાને પ્રભુથી સાસૂત્ર અને સર્વને પાછળ દૂર વહેતા જોઈ રહે છે, દિશાઓને ક્ષિતિજમાં વિલીન થતી અને અગમ્યરૂપોને એકમાં શમી જતા જોઈ રહે છે. એમને લાગે છે કે પોતે કંઈક અણદીઠ બનતું નિરખી રહ્યા છે. એ વખતે કવિની સ્થિતિ એવી બને છે કે --

'બાહિર હું, હું જ ભીતર એ સ્થિતિ!' (સંકલિત કવિતા, પૃષ્ઠ-૩૭૭)

'મૌનગતિ'માં પણ કવિની એ અનુભૂતિ આ રીતે પ્રગટ થાય છે --

'તેજ મહીં તેજ,
અબ અંતરાલ નહીં,
(અહીં) ઉભય મિલન મહીં એક.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૩૭૭)

'નવું તારું નામ નીલાંજના ,તરંગિણી 'માં રૂપકાત્મક રીતે ત્રણકાવ્યોમાં વર્ણવેલી તેમની અધ્યાત્માનુભૂતિને કવિ અહીં ત્રણ લઘુપંકિતઓમાં પ્રગટ કરી આપે છે. એમની હૃદયઆવેગ મૌનકમંડલુ ભરી દૂર દૂર ક્ષિતિજની પાર શ્રુતિપથે સરી જાય છે. હવે એ શુન્ય નજરમાં ગગનના તારક અને કવિના નિદ્રિતનયન વચ્ચે વિસ્તીર્ણ અંધકાર નથી અને રણકી રહે છે સોનલ પાંખોનો ટહુકાર.

'શ્વાસોચ્છ્વાસ'માં શ્વસનની અંજલિમાં પ્રાણની સંગાથે અખિલ વિશ્વનું તેઓ પાન કરે છે, ત્યાં શબ્દ સ્પંદમાન છે એ શબ્દના સ્પંદની ગતિનો આકાર જ નાદ , વાદ , રંગ , છાયા , માયા , ભ્રાંતિ, ચલિતની સ્થિતિ , નંદન, બંધન -- આ સૃષ્ટિનું સર્વ સંચલન દૃશ્યમાન છે. કવિ ઉચ્છ્વાસમાં પવનનું વિમોચન કરે છે તેની સાથે પ્રાણ સંગાથે જે વિશ્વનું પાન કર્યું હતું તે વિશ્વ પણ ઉચ્છ્વાસ સાથે વમન પામે છે ત્યારે કવિને શબ્દના આકાર રૂપ સૃષ્ટિ જુદી લાગે છે. શબ્દ મુછિત બને છે, તેમાં છે શાંતગીતિ , પ્રીતિ, શાંત-તરંગ- અર્ચના , સંવરિત લયબિંદુ. સૃષ્ટિરૂપે આકારી શબ્દની મુર્છનામાં જે શાંતિ , પ્રીતિ અને લયનો અનુભવ તેઓ કરે છે તે અનુભૂતિને નીચેના શબ્દોમાં અભિવ્યકત કરે છે.

'હું જ તે
અકુલ પારાવાર નિરાકાર,
એકલ સ્પંદ શુન્ય
કેવલ ગુંજન.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૩૭૮)

કવિ શબ્દના આકારે સ્થિત સૃષ્ટિનો એક અંશ છે . નિરાકાર પારાવારનું એક બિંદુ છે. શબ્દના સ્પંદના આકારને ધરી રહેલા કવિ શબ્દની મૂર્છનામાં એ નિરાકાર પારાવારમાં ભળી રહે છે અને નિસ્પંદ શુન્યની ઝંખનાને સાંભળી રહે છે. કવિની અધ્યાત્માનુભૂતિનું વર્ણન અહીં પણ કાશ્મીરી શિવદર્શનથી પ્રભાવિત છે , જેની વિશેષ ચર્ચા અન્યત્ર છે. 'અંતરીક્ષ મહીં 'કાવ્યમાં પોતાના વિહંગરૂપ મનની અંતરીક્ષમાં તરલ, સરલ, અચલ ગતિનું તેઓ વર્ણન કરે છે.

પ્રકૃતિકાવ્યમાં હવે કવિ રાજેન્દ્રનું ગુઢ-ઘેરું સંવેદન પ્રગટતું જાય છે જેની પ્રતીતિ આપણને'પ્રભાત' ,' હેમંતની એક રાતે','ગોરજમલિન પલે','ઝલમલ ઝલમલ નદીજલ - લહરી' ,' અદકો ચઢે હેલે', ' રાત્રિ ',' ધવલ અંધકાર',' દીર્ઘ નિશા મહીં','છાયામયી રાત', 'બિંદુ જલ','તરુ', 'ઘનછાયું નભ','ઝરણું','ફળની રાતે', 'મધ્યરાત્રે' ઈત્યાદિ કાવ્યોમાં થાય છે.

'ક્ષણની તરલ ભૂમિએ 'માં કવિની કાવ્યયાત્રાનો પ્રારંભ પાછો પડઘાય છે. નિરુદ્દેશે આ જગતમાં ફરવા આવેલ કવિ પોતાના એ ઉદ્દેશને ફરી ફરી આ રીતે ગાય છે.

'ક્ષણની તરલ ભૂમિએ સરલ ચરણે રે જાઉં ચાલી,
એકતારે ગાન ગાઈ ;
મારગે મળી જાય તે સકલ આપતાં મધુર તાલી,
સંગનો અમલ પાઈ.'(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૩૮૧)

નિખિલના સહુ રંગનો સંગ મુગ્ધભાવે વિલસી રહેલા કવિનો અંતરાત્મા શબ્દગુંજનાની મધુરિમા માણતો માણતો નિસ્પંદ શબ્દનો, કર્મના કોલાહલની સુષુપ્તિનો શાંત કોલાહલ -અણરવ રવ સાંભળી ચૂકયાં છે. આથી જ આવા નિખિલનાં નિસ્પંદ પારાવારમાં ભળી આનંદનો ગુંજના સાંભળવા ચિરંતન ક્ષણોને કવિ વારે વારે માણી રહે છે. આ ક્ષણો શાશ્વત સાંપ્રતની ક્ષણો છે છતાં સતત ગતિશીલ હોઈ તરલ છે. હવે જગતની ધરાને ખૂંદીને તેના અવનવા રૂપોને મુગ્ધભાવે જોવાને બદલે ક્ષણની તરલ ભૂમિ ઉપર તેઓ પ્રયાણ કરી રહ્યા છે. આ પ્રયાણ એમને માટે એટલું સહજ છે કે સરલ ચરણે -નિર્વિઘ્ને ક્ષણની તરલભૂમિ ઉપર તેઓ ચાલી જાય છે. એમની ઈચ્છા પ્રથમથી જ જે હતી તે પ્રેમને સન્નિવેશે પોતાનો આગવો કેડો રચી તેજ -છાયાના લોકમાં પ્રસન્ન વીણાની પૂરવી છેડી આનંદસાગરના જલમાં જીવનનૈયાને સરતી મુકવી . કવિનો આ ઉપક્રમ હજીય કાયમ છે. તેઓ કહે છે --

' જાઉં રે એકલ વાયરે કેવલ કેશે ,
પ્રાણમાં નવીન પ્રાણ , નવે ઉન્મેષે ,
ઊડતી આ કંઈ રજથી મલિન વેષે ,
નિત્યનુતન કાલમાં નિરુદેશે. '
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૩૮૧)

નિરુદ્દેશે સંસારનું મુગ્ધભ્રમણ કરવાને બદલે કવિ નિત્યનુતન કાલનું નિરુદ્દેશે ભ્રમણ કરે છે. કવિનો મુગ્ધભાવ હવે સંસારના રહસ્યને પામી શકયો છે. આથી જ કવિ નવા પ્રાણ અને નવા ઉન્મેષે નિત્યનૂતન કાલની સાંપ્રત ચિરંતન ક્ષણમાં અંતરના એકતારાના ગાને, પ્રીતિને સન્નિવેશે નહીં ,કલ્પનાની પાંખે ભ્રમણ કરે છે. આ ભ્રમણમાં કવિને માંઝમરાતના અંધકારમાં ઊઘડતાં ગહન ગગનમાં તેજની તારલવાણી સંભળાય છે. અંધકારમાંથી ઊઘડતું રહસ્યદર્શન કવિએ 'ધ્વનિ'નાં પ્રારંભિક કાવ્યોમાં પ્રગટ કર્યું છે તે અહીં પણ જોઈ શકાય છે. એમની અધ્યાત્માનુભૂતિ મૂલતઃ ધ્વનિરૂપ છે પરંતુ કવિ પોતાના સર્વ કર્ણોથી એને ગ્રહે છે. તારલાની વાણી સંભળાય છે, દૂરથી ઓરું આવતું કંઈક અંગને વીંટળાઈ સ્પર્શે છે, લહેરની છોળે કલકલગાન ગાય છે , ઉરની જોડે રંગ રાગ રમે છે. આવી અભિવ્યકિત એમની ઈન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિ અને આત્મા સાથે જોડાયેલી ચિત્તવૃત્તિઓના માધ્યમે જ આત્માને રતો આનંદ વ્યકત કરે છે. દૂરથી ઓરું આવતું કંઈક પાછું અળગું થઈ અનંતમાં વહી જાય છે, ત્યારે નિખિલને અનુરાગે કવિ ઉરમાં ઊણપ જાણે છે અને આવરતા અવકાશના વેષે તંબુરનો તાર વાગી ઊઠે છે તેઓ કહે છે --

'પગલું મારું જાય રે અસીમ દેશે ;
કોઈ અનાહત નાદને ઉન્મેષે ,
આનંદ આનંદે નિરુદ્દેશે . '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૩૮૨)

આમ કવિનો નિરુદ્દેશ ઉદ્દેશ હવે સ્થૂળમાંથી સૂક્ષ્મ બન્યો છે. સંસારપર મુગ્ધ ભ્રમણ કરતા કવિનાં પગલાં હવે અસીમ દેશમાં ભ્રમણ કરે છે. તેમની હૃદયવીણાના સ્પંદમાંથી પ્રગટના ધ્વનિને બદલે હવે કવિ કોઈ અનાહત નાદને સાંભળી રહ્યા છે . એમનો મુગ્ધ આનંદ હવે આનંદપારાવાર બન્યો છે. આમ ' નિરુદ્દેશે' કાવ્યથી પ્રારંભાયેલી કવિયાત્રાના આધ્યાત્મિક વિકાસનો આલેખ આપણને આ કાવ્યમાં પરાકાષ્ઠાની ઊંચાઈએ પહોંચેલો જોવા મળે છે.

'પગલોની કંઈ રેખા'માં એમને તીરની રેતીમાં પડેલી પગલોની રેખા જેને વાયરો હરી જાય છે ને નિશિસોણલે દેખા દે છે. ધવલ પાંખે નાવ નભના નીલીમ નીરમાં સરી જાય છે. આ નાવનું ભીતર આવતાંજતાં લોકથી ભીડે ભરાય છે. કોઈની જોબનપાંદડી ધોરેથી ઝાકળ ઝરે છે અને બેઉ કુંજથી વિહંગકંઠની કેકા આવે છે. પ્રતીકાર્થે તીરની રેતીમાં પડેલી પગલોની રેખા એ આતમતીરને આરે દેખા દેતી અનાહત નાદની અરવ પગલી છે. ધવલ પાંખથી સરતી નાવ એ આત્માનું અવગાહન છે. વાસ્તવજગતની ઝાકળસ્મૃતિ જોબન-પાંદડીથી ઝરી જાય છે, ત્યારે બેઉબાજુથી કુંજથી આવતી વિહંગકંઠની કેકા સંભળાય છે. કવિને થતી પરમની અનુભૂતિ ધ્વનિરૂપ છે. આ કેકારવની શ્રુતિ થતાં જ કવિ મિલનમાધુરીના આનંદને જે રીતે માણી રહે છે તે નીચેના શબ્દોમાં પ્રગટ છે.

'તિમિર કેરે આવરણે ઉર
નિજ દલેદલ ખોલે,
હોઠથી હરફ નીકળે ના પણ
મન મહીં મન બોલે,
ધેનમાં ધડી જાગરણે જીવ
આમથી તે આમ ડોલે;
ઝુરતાં રે બે જણ મીંચેલી આંખમાં મળે ભેગાં.
(સંકલિત કવિતા, પૃ૦-૩૮૨-૩૮૩)

અંધકારમાં કવિનું ઉર ખૂલે છે, મનોમય ગોઠડી અને મિલનનો આનંદ કવિ આમ જ માણ્યા કરે છે.

'ગાને ગાને 'માં માધવી મલયલહરીની જેમ મન ફાવે ત્યાં જતી એમની ઉરવાણી ગાને ગાને ખેલતી સૌના કાને કાને ટહૂકે છે. આ વાણીને કોઈ તરસ્યું ભાન ભૂલીને ઝીલે છે. આ તીરને જલ હિલોળ વાગે ને દૂરને કિનારેથી રમતું મોજું દોડી આવે છે. આત્માની -ઉરની વાણીના હિલોળથી દૂરના અરવ સૂરનું મોજું દોડી આવે છે અને અરવ અંકાશને ય તે એના મોકળા સૂરની રેશમ સોડમાં લે છે અને વ્હાલથી સૌને વશ કરી જાણે છે. આમ કવિની ઉરવાણીનું અરવમાં મોકળા સૂરની રેશમ સોડમાં સમાઈ જવું એ સ્થૂળ ધ્વનિનું નાદબ્રહ્મમાં વિલોપન છે એના સૂરોની મુક્તવ્યાપ્ત ધ્વનિ સમગ્ર અવકાશને ઘેરી રહે છે. આવા સૂરોનું ગાન પ્રેમથી સહુને રીઝાવે છે.

'નીંદર ભૂલ્યાં નયન'માં કવિનું ઘેલું મન પરિમલની પાંખે દૂરનાં ઉડ્ડયન કરે છે. આમતો કવિને મન વિસ્તારની એકાત્મ સ્થિતિનો આનંદ વારે વારે આવા કલ્પનોડ્ડયનમાં સાંપડે છે પરંતુ કોઈક ક્ષણે એ શકય બનતું નથી તો કવિનો આત્મા તે એકાત્મમિલનમાધુરીને માણવા વલખી ઉઠે છે. 'તવ સૂર'માં પાછા 'મનમાનસને પ્રાન્ત કલમધુર રણકત, હંસિની ' ' એમ સૂરો ગુંજી ઉઠે રહે છે. મૃદુ રવથી નિલીમ ગહન નીલિમ ગહન કંપિત બને છે અને લહર લહર સહ અસીમ હિંદોલિત બને છે. શિશિરના અંધકાર - આવરણ સમી શાંતિ છવાય છે. અરૂણકિરણ જેવી સ્વરકાંતિ ત્યાં સર્જાય છે અને પળપળ અભિનવ સ્પંદન જન્માવતું સૂર સૌંદર્ય વિલસી રહે છે. 'તવ સૂર સિંજની ...... નંદિની ! ' બની કવિને આનંદ આપી જાય છે.

કવિનો આ મિલન -આનંદ ઘડી બે ઘડીનો હોય છે. દૂરના અરવ સૂર એકાંતમાં ગાઢ આનંદની અનુભૂતિ કરાવે છે પણ દૂરથી આવી નિજમાં સમાયેલ ચૈતન્ય-પારાવાર પાછો દૂર ચાલી જાય છે. ' અલગ મારગ'માં કવિની આ અનુભૂતિ શબ્દાકાર બને

છે. અંગના ઉલ્લાસનો પડઘો કાનન બનીને પડે છે પણ સરી જતી ક્ષણ નવા જ રૂપે પ્રગટ થાય છે. સંગની ક્ષણ સરી જતાં વેદના છવાય છે. આમ સુખની ભીતર જ છાની વેદના રહેલી છે. મન પાછું ત્યાં જ વળી વળીને જાય છે અને આપણે કેવી રીતે વાળી રહીશું એમ કવિ પૂછે છે.

'સકલની સાથે'માં કવિ કોઈનોય પરિહાર કર્યા વિના સકલની સાથે પોતાનો કરુણ - મધુર સૂર મેળવે છે. તેઓ કહે છે કે એક સ્વરના અન્ય સ્વર સાથે મિલનથી રાગ- રાગિણીઓ પ્રગટે છે. જો દલના દ્વાર બંધ હોય તો ફૂલની મહેક ફેલાઈ શકતી નથી. કવિ સકલ સાથે પોતાના સૂરને મેળવે છે ત્યારે ઉરના અસીમ આભમાં નિખિલના 'વસ્નૂર' ભિલાઈ રહે છે. આમ કવિના સૂરનું સકલ સાથેનું સંધાન અખિલ-બ્રહ્માંડના તેજને વિસ્તરીને અસીમ આભ જેવા બનેલા કવિના ઉરમાં પ્રગટાવી રહે છે.

બંધ આંખે એમને પ્રભુનું જે દર્શન થાય છે તેના કરતાં ઉઘાડી નજરે વાસ્તવજગતમાં થતું દર્શન જુદું જ છે. આધુનિક કવિતાના પ્રભાવમાં કવિની અનુભૂતિનું આકાશ જગતની વિસંવાદિત અછાંદસને પ્રગટાવે છે. 'પ્રભો' કાવ્યમાં વક્રોક્તિ પ્રગટ થાય છે. પાંચ ખંડ પૈકી આ કાવ્યના પ્રથમ ખંડમાં તેઓ જમના જલમાં નહાવા ગયેલાના અહંકારનાં ચીરને ચોરી લેતા, નિજ સંગ નિજ રતિ માણતા કોઈકની અભાનદશામાં આક્રમણ કરતા, કદંબની ડાળથી ઉતરી આવી આલયનું ખંડેર કરતા પ્રભુને, ગળું પકડીને જલમાં ઝબોળી રુંધાયેલા શ્વાસથી બડબડ પાણી પીવડાવી સજા આપી હંમેશની આવા અપકૃત્ય કરવાની ખો ભુલાવી દેવાનું કહે છે. કોઈના બોલની પરવા જ ન હોય તેમ તે પોતાનો પાવો બજાવી રહે છે. અંતે સૂરના માખણ નાંખું દાણ તું ભલે આપે કોઈ તારાથી ભોળવાય તેમ નથી કેમકે આ જુદો જમાનો છે એમ જણાવે છે.

બીજા ખંડમાં તેઓ કહે છે કે પ્રભુના નામની અહીં બધાંયને સૂગ થઈ છે. બધાં ઇચ્છે છે કે તું અહીંથી ટળે તો નિરાંત, પણ તું ક્યાં જઈશ? રાતી કીડીના ઊંડા પેટાળમાં પણ તું ઠરીઠામ નથી જ. શેરડીના બે ઝીણા તારમાંથી બનાવેલા સાણસાઓ જ તને બહાર લાવવા બસ છે. જો તું અંધારના ઓળાની આડશે છુપાઈ જઈશ તો કેસરીની ચાંચ તિમિરના કણે કણ ચૂંથી તને ખોજી લાવશે, ત્યારે તું ભયથી કંગાલ બની થરથર ધ્રૂજી રહ્યો હોઈશ. તને તો જલાવી દીધો હોય તો પણ તારા પ્રત્યેના ગુસ્સાની આગ ઓલવાવાની નથી. ગદાના પ્રહારથી તારાં હાડકાંના ચૂરેચૂરા કર્યા હોય તો કણેકણ થકી તું જો નવી કાય ધરે છે તો તારા પર કેટલી સૂગ થઈ?

ત્રીજા ખંડમાં પ્રભુ ભૂખરૂપે દેખાય છે. ઊડતા પંખીની ચાંચમાંથી પડી ગયેલો દાણો અકસ્માત તારી હોજમાં આવી પડે તો તેને હડપ કરી જતી ભૂખની વાંતરીઓ વેગ કવિએ જોયો છે. આવા ભિખારી પ્રભુને કંઈક આપવા તેઓ બોલાવે છે પણ કામ કર્યા વિના કંઈક કેવી રીતે અપાય? એને કંઈક આવડવું જોઈએ. રસ્તાની ધાર ઉપર પસાર થતા પાતળા તાર પર વાંસના આલંબન વિના આસાનીથી દોડી શકે, બે હાથની હથેળી પર ઊંધે મસ્તકે પથરાળ ભૂમિ પર ચાલી શકે તો ઠીક છે. ભૂખ્યા વૈતાળની જેમ રઝળવાની તારે જરૂર નથી. છતાંય તું રઝળે છે તો તારું ભાગ્ય ફૂટેલું છે તેમાં હું શું કરું?

ચોથા ખંડમાં પ્રભુ કાલયવનના શિકારી કૂતરાની હુંકાતી જતી ક્ષિતિજની ભીંસમાં દિશાહીન રઘવાયો રઘવાયો દોડે છે, તેને હાંફ થઈ છે, પહોળા પોપચામાંથી લાલ આંખ ઊછળી પડે છે. રજથી ભરેલાં ભવાં ઝુંડ જેવા વાળ અને એવાં

બેહાલ પ્રભુને કવિ ભોંય પર પડેલાં સૂકાં પાંદડાંની નીચેની ગુફામાં આશ્રય લેવાનું પૂછે છે, જ્યાં કોઈ મુચકુંદ સૂતો ન હોય, ભમતા પવનનો અંગૂઠો અડતો ન હોય, ત્યાં તે ભૂકંપથી પાનનો પહાડ ભાંગશે અને કેવળ અંધારના ખંડેર રહેશે. કવિ કટાક્ષમાં પૂછે છે તેં જો પીપળાને પાણી પાયું હોય કે રખડતા કૂતરાને રોટલો નાખ્યો હોય તો તો તારું સત્યાનાશ - કોઈ જ બચાવ નથી. નિબિડ જંગલમાં હિંસક જાનવરનાં ટોળાં તને ખાઈ જશે. તારાં જ કરમ તારે ભોગવવાં પડશે. આમ પ્રભુને ઉઘાડી આંખે લોકોની હૃદય વંચનાની કલમથી તેઓ કંડારે છે. લોકોના મન, હૃદયમાં સ્થપાયેલી પ્રભુ કૃષ્ણની મૂર્તિ જન હૃદયના સ્પંદનોને જગવી શકતી નથી. જનગણમનમાં છવાયેલી નાસ્તિકતા પ્રભુને જ્યાં હોય ત્યાંથી શોધી તેના અસ્તિત્વને મિટાવી દેવા કોપાયમાન છે. બુભુક્ષાનો વેશ ધરી પ્રભુ ભટકી રહ્યા છે પણ તેનો કોઈ ઉગાર નથી. હિંસક જાનવરોના ટોળાંથી ભરેલા જંગલરૂપી સમાજમાં પ્રભુનો કોઈ બચાવ નથી.

પાંચમા ખંડમાં કવિ કહે છે કે બધેથી જાકારો પામી અકસ્માત મારે આંગણે આવી ચઢયો છે તો ભલે અહીંતો સર્વને માટે આવકાર છે. હવે તારે ભય પામવાની જરૂર નથી, કેમકે લોકલોકની બધીય સીમાઓ તેમના આંગણે લોપાઈ જાય છે. કોઈનીય પાછળ પડેલું કોઈ આંબી ન શકે એવું નોંધણું એ સ્થળ છે, માટે સંશયવિહીન બની આવવા કવિ પ્રભુને જણાવે છે અને કહે છે કે તને થાક લાગ્યો હશે તો ભૂમિના સકલ ભારને અંગ ઉપરથી ખંખેરી, હવાના પાત્રમાંના ઝાકળજલથી મુખ ધોઈ લે અને પછી શૂન્યતાના આસન પર શાંત થઈને પોઢી જા પ્રલય પછીના ઉત્થાન સુધી.

અહીં કવિ બંધ આંખોએ અંતરચક્ષુથી અનંતમાં વ્યાપેલા બ્રહ્મરૂપ પ્રભુને પોતાનામાં ઊતરતો કે પોતાના ચૈતન્યરૂપ પ્રભુને અનંતમાં વિસ્તરતો જોતા નથી પરંતુ ચર્મચક્ષુથી ઉઘાડી આંખે વાસ્તવિક જગતમાં ફેલાયેલી નાસ્તિકતા વચ્ચે પ્રભુની કૃષ્ણરૂપ, ક્રોધરૂપ, ભૂખરૂપ, ભયરૂપ લીલાઓને નિહાળે છે. કુંઠિત બનેલી ચેતનાના બંધ દ્વારોમાં પ્રભુ પ્રવેશી શકતો નથી. જાકારો પામી કવિના અંતર આંગણે જો આવી જ ગયો છે તે અંતરની શૂન્યતાના આસને, નિષ્ક્રિયતાની સુષુપ્તિમાં શાન્ત થઈ પોઢી જવા તેઓ જણાવે છે. હૃદયચેતનાની કુંઠાને તોડીને ભસ્મીભૂત કરી શકે એવો પ્રલય આવશે અને ત્યાર પછી જે ચેતનાનો ઉદય થશે તે જ પ્રભુને હૈયામાં ધારી શકશે. અહીં કવિની અધ્યાત્મ-અનુભૂતિનો વળાંક જોઈ શકાય, અધ્યાત્મ-અનુભૂતિની ચરમ સીમાએ પહોંચ્યા પછી કવિ ઉઘાડી આંખે વાસ્તવજગતને નિહાળે છે અને હવે પછી વાસ્તવજગતના વિષાદને પ્રગટાવવાનો કવિનો ઉપક્રમ અહીંથી જ આરંભાય છે.

હવેના પછીનાં કાવ્યોમાં નગરજીવનની કુંઠિતતા, ક્ષણોની ભીંસ, દંભની ભભક અને જીવનની યંત્રવત્તતા 'મુંબઈમાં', 'બોલાવતું હશે કોણ?', 'મધ્યરાત્રિએ શહેર', 'પાયસંગમ', 'ખળખળ...ખળખળ', 'જે નથી તે' ઈત્યાદિ કાવ્યોમાં પડઘાય છે. આ ભીંસ વચ્ચે ય કવિ રાત્રિના અંધકારમાં તેમના અરવ ધ્વનિનો અવાજ સાંભળી લે છે, નિયોન - વિદ્યુતલાઈટો વચ્ચે પણ તેજકિરણનો ચમકાર તેમના હૃદયપદ્મને ખીલવી ગાનના ગુંજારવથી ભરી જાય છે.

તો 'ચોળી રહું ભભૂતિ', 'તારી યાદ', 'સામેના ડુંગરિયે', 'હેતને હેલે', 'પાવાના સૂર', 'રે યાદ તારી', 'નહિ વ્હાલીડા...' ઈત્યાદિ કાવ્યો પ્રણયની પ્રતીતિ કરાવતાં હોવા છતાં અધ્યાત્મના કવિસ્વભાવનો સ્પર્શ પામ્યા વિના રહેતાં નથી. દા.ત. 'ચોળી રહું ભભૂતિ' માં --

'નિજ ભૂલીને સ્વપ્ન ચરાચર
અધખૂલેલી
પાંપણ દ્વારે જાગે .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૩૯૬)

'રે તારી યાદ'માં --

'આઠે બાજુથી એવું આવરે મને
કે મારું આખું ભરાય ઘર સૂનું ,'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૪૨૭)

ઇત્યાદિ પ્રતીકાર્થે અધ્યાત્મભાવને પ્રગટાવે છે.

કવિના ચિત્રાત્મક વર્ણનોમાં 'ઉંબર ઉપર '.' ધૂલિ',' નિશાન', 'મેળા', ' પુરાતન વડને ' ઇત્યાદિ કાવ્યોમાં પણ રાજેન્દ્રનો સ્વભાવતો પારખી શકાય છે. દા.ત. ઉંબર ઉપરમાં 'ઇહને અવર બેઉ લોક મારાં લહે છે નયન એક સંગ ' -- કવિના નયન બેઉ લોકને નિરખી રહે છે. 'ધૂલિ'માં ગતિમાન રથચક્રની સંગ ધૂલિ અંતરિક્ષમાં ઊંચે ઊડે છે, અપાર જલમાં પરિપ્લાવિત એકમય ને અગાધ બને છે. કણકણનો અંતરતમ ઇહા ધરી એ જે મોહિની સ્વરૂપ પ્રગટાવે છે તેનો અંબર-ધરા મહીં અનુપમ વૈભવ વિલસી રહે છે. ' પુરાતન વડને' માં કવિ બીજી જ ક્ષણને પોતાને ભૂલીને પોતાને નિસર્ગમાં ભળતાં જુએ છે. અને નીલાછંદે વહી રહેલી અથરની ગતિને કળી રહે છે.

આમ છતાં કવિનો નગરજીવનની સંવાદહીન અવસ્થામાં પણ અંતરના સાદને સાંભળવાનો અને છુપાયેલા નિગૂઢને શોધીને તેના સાદને માણવાનો પ્રક્રિયા તો ચાલુ જ છે. ' નિગોપન શોધન'માં કવિ કહે છે કે નગરનો શાંત કોલાહલ ભવનના તુરિય માળ લગી આવતાં નિતાંત શાંત થઇ જાય છે. અહીં પોતાના ભુવનમાં પડ્યા પડ્યા પણ કવિ પેલી પારની અગોચર સૃષ્ટિને આંગણ પારિજાતના પોમળ પાથરણે તું અને હુંની ગોષ્ઠિ રચી રહે છે. કોણ કોને શોધી રહ્યું છે આ સંતાકૂકડીની રમતમાં એ એમનો પ્રશ્ન છે પરંતુ પરમ સંતૃપ્તિની પળે આંખ મીંચાઇ જાય છે અને કવિનું સકલ અસ્તિત્વ નિરતિશય આનંદમાં લય પામે છે. ત્યારે તેઓ માણી રહે છે --

'દેહ , સંસૃતિ ,સંવત્સર , કલ્પ કાંઇ નહિ;
કેવળ પરિમાણ શૂન્યતા ,
નિસ્પંદ અવસ્થિતિ .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૪૦૧)

પણ આંખ ઉઘડતાં કવિ મિલનસંમુદાની નિઃશેષતાના આનન્ત્યમાંથી પુનઃ પોતાના ભવનના અંધકારાવિલ ખંડમાં ઉલ્કાપ્રપાતથી પણ વધારે વેગથી આવી પડે છે. આમ નિગોપન - શોધનની રમતનો દાવ કવિને માથે મુકી તિરોધાન પામી જતું પરમતત્ત્વ કોની આડમાં તિરોધાન પામ્યું છે તે કવિ શોધતા જ રહે છે.

ટહુકો એ જ એમનું જીવન છે. 'મૌન મહીં ' કાવ્યમાં એમની વાણી મૌનમાં લીન થાય છે ત્યારે કવિના મનમાં કોઇ ગ્લાનિ કે દુઃખ નથી પણ એમનું મુખ તોય ટહુકાર કરવા ઉઘડતું નથી ત્યારે આ અનુભવ મરણ સમાન લાગે છે.

કવિ પરમની અનુભૂતિને ધ્વનિરૂપ ગણે છે. તેનો સાક્ષાત્કાર તેમને પંચેન્દ્રિયો દ્વારા થાય છે. ટહુકો તેજોમય હોઇ આંખને ભરી દે છે. એનો અરવ સાદ કાનને ભરી દે છે. શીતલ સ્પર્શની લહર રોમ રોમને પુલકિત કરે છે. કવિ તો ટહુકાને રોમ રોમના કાનથી સાંભળે છે. મૃદુ ગંધ મનને મહેકાવી ઉઠે છે ત્યારે એક સ્વાદ રૂપ

ઈન્દ્રિયોનું સુખ આ તત્વ કેવી રીતે આપે છે તેનો પરિચય આપણને 'રસ' કાવ્યમાં મળે છે. હવાનો જેમ જલનો પ્રવાહ વહી જાય છે. જલમાં માછલીની જેમ આવરણહીન પદ્મપ્રભ અગ્નિ રમે છે. બેઉ પાંખ પર મૌન ધરી એક અચલ વિહંગ- ચાતક અભીપ્સાનો શ્રુતિહીન સાદ કરી ઝૂમે છે ત્યાં --

'નહીં હવા, ન પ્રવાહ,
નહીં અગ્નિ મીન,
ન વિહંગ,
માત્ર
પદ્મભેદરિક્ત સ્વાદ,
માત્ર
રસ.'

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૪૧૨-૪૧૩)

આમ સ્વાદના પદ્મરસથી રિક્ત એવા સ્વાદનું રસપાન કવિ કરી રહે છે. ઇન્દ્રિયજ્ઞાનને એટલી તીવ્રતાથી તેઓ પામે છે કે એક ઇન્દ્રિય બીજી ઇન્દ્રિયોનું કામ કરી લે છે. ઈન્દ્રિયવ્યત્યય કવિ રાજેન્દ્રની કવિતાનું મહત્વનું લક્ષણ છે. કવિ ટહુકાને રોમ રોમથી સાંભળે છે. સૌરભની ઓઢણીનો સ્પર્શ અનુભવે છે. અહીં પદ્મરસભિન્ન રસને માણે છે. આમ પાંચેય ઇન્દ્રિયોથી પરમચેતનાનો આવિષ્કાર કરે છે, જે તેમની પ્રાણશક્તિને જાગૃત કરી અનંતમાં વિસ્તરવાનો અને આનંત્યને પોતાનામાં સમાવી લેવાનો અદ્‌ભુત અનુભૂતિનો સાક્ષાત્કાર કરાવે છે.

કવિને હવે પરમધામ દૂર લાગતું નથી. તેઓ પોતાને આગળ વધતા રહેવાનું, પ્રગતિના પંથે ચાલતા રહેવાનું જણાવે છે 'બઢે ચલ' કાવ્યમાં.

'વિહાર અવ શ્વેત અભ્રમય લોકથી ચે ઊંચે
પ્રદેશ, અવ સિદ્ધિનું પરમ ધામ તે દૂર ના,'

(સંકલિત કવિતા,પૃષ્ઠ-૪૧૧)

પરંતુ હવે કપરા ચઢાણ છે : કેડી નથી, ચઢવાનો આધાર નથી. આથી નિજ બધું ત્યજી, રિક્ત કરી, ધૈર્યથી કેવલ ઇપ્સિત સ્થાનમાં પરમપૂર્ણ લક્ષ ભણી ચાલવાનું છે. જે ભૂમિમાં જવાનું કહે છે તે તેમની કલ્પનાભૂમિ છે. એ એવી ભૂમિ છે જે પ્રસન્ન છે, જ્યાં જ્યાં સર્વ પશુ અન્નથી તુષ્ટ છે, જ્યાં જલ પ્રસન્ન છે, હૃદય આર્દ્ર રસપૂર્ણ અને સંતૃપ્ત છે, જ્યાં સૂર્ય પ્રસન્ન છે અને દૃષ્ટિમાં વિજ્ઞાનનું તેજ ભરેલું છે, હવા અને ગગનમાંથી શ્રુતિની સ્પર્શી સંમુદા મળે છે, ભૂત અને ભવિષ્યની તેજોમય સંપદા મળે છે અને જ્યાં સમસ્ત દિશાઓ કવિના પગલામાં લીન થાય છે એ સિદ્ધિના -પ્રસન્નભૂમિના દેશ ભણી તેઓ પોતાને આગળ વધવા આદેશ આપે છે.

રાજેન્દ્ર 'પચાસમે' વર્ષે અનુભવે છે કે આયુષ્યના શિશિરની લાંબી રાત્રિ સરી ગઈ છે અને હવે સૌમ્યપોત જલઝાકળની હવાને હિરણ્ય - દ્યુતિ- સ્ફૂરતિના પ્રકંપ ગાને જાગૃતિ રેલાઈ રહી છે. કવિ અતીતને ભૂલીને અંગાગ સૂર્યના ઉષ્ણકિરણને ઝીલીને એ તેજ કિરણની ગતિને પ્રમાણી એ નવીન પથના મુગ્ધ યાત્રી બનવા માગે છે. તેજ કિરણની ગતિમાં એમની અનુભૂતિ છે--

'તે શાન્ત રૂપ લહું ભાસ્વર - તેજપુંજ,
એ તે નહીં અવર કેવલ હું જ, હું જ''

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૪૧૮)

અહીં પોતાને ધ્વનિરૂપને બદલે તેજરૂપ બનેલા તેઓ અનુભવે છે.

'રે સામો વાય છે પવન'માં હાથનો આકડણી ઊંચે સાદે પોકારતા રહે છે પણ ક્યાંય એ જેને શોધે છે તેનો દાદ મળતી નથી. એ જ રીતે 'નજરું નાંખી જાય ન' કાવ્યમાં પણ કવિ કોઈ માયાવી નગરમાં રહેતાં દૂર દૂર ભમતાં સાજનને શોધી રહ્યા છે. 'નયન અણજાણ'માં કવિને ટીકી ટીકીને જોઈ રહેલા છતાં ઓળખાણ વિનાના ઉદાસીન અને અણજાણ નયન પિયુના લાગે છે. 'નહિ રોકું'માં કવિ વેદનાનું વરદાન દઈ સાંઢણી પર સવાર થઈ પિયાને નહિ રોકે તેમ જણાવે છે. 'એકલતામાં' એમના વેણનો પડઘો કોઈ પાડતું નથી. વળતો કોલ દિયે એવું કોઈ અજાણ્યા મલકમાંથી ઊતરી આવી કવિને અડકીને હોંશથી કાંઈ ઝાલતું નથી. કવિનો બોલ એકલો પહાડની પેલી પાર આઘેરા આભમાં વહી જાય છે, વાયરો એના હિલ્લોળને આછરતો જાય છે. 'સ્વપ્નનું ઋત' કાવ્યમાં રાત્રિની વિદાય થતાં જે રતિ-માધુર્યની અનુભૂતિ થાય છે તે કેવળ સ્વપ્નની ભ્રાંતિ જ છે. કવિ સ્વપ્નની તળાવપાળે વિહાર કરે છે, ડૂબકી મારીને તરે છે અને સંગાતિમાં રમે છે.

'હુલામણો વિવર્ત આણ્યા ઋત
રૂપવર્ણનો.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૩૨)

સ્વપ્નમાં કવિને જે સત્ય_નો સાક્ષાત્કાર થાય છે એના હુલામણા વિવર્તમાણ રૂપવર્ણની સંગાતને તેઓ માણી રહે છે.

આપણે આગળ જોયું હતું કે 'શાંત કોલાહલ' કાવ્યમાં કવિએ નિરુદ્દેશ સંસારનું ભ્રમણ કરવાનું છોડીને ક્ષણની તરલભૂમિએ કલ્પનાલોકમાં ભ્રમણ કરવાનું આરંભ્યું છે. અહીં 'ચાલ્યા જ કરું છું' કાવ્યમાં એમની એ જ ચેતોવિસ્તારની અધ્યાત્માનુભૂતિનો પરિચય આપણને ફરી મળે છે. કવિ ઊઘડતા આલોકના સપ્તવર્ણના સોપાને સોપાને સ્વૈર વાયુના નિજાનંદછંદને ઝીલતાં, છાયાહીન તપનતપ્ત રેન એકલતામાં, નીરવ દુરાદ્ય મરીચિકાની ભણી અન-અભિનીત અંતરે અંતરે વિસ્તરતી જતી છાયા પર તુષારોની ભૂમિ પર સમુલ્લસિત ડગ માંડી સતત ચાલ્યા જ કરે છે. એમનો કલ્પનાવિહાર આગળ વધે છે. દિશાઓમાં વ્યાપેલા અંધકારનો કાળો પાંખના આચ્છાદન નીચે, ચામઘંટના આછરતા જતા ધ્વનિસંગ અલસિત સ્પંદને પોતાનાથી ય પોતાને ભિન્ન જુએ એવા લોકમાં અતલ ઊંડી ખીણમાં મણિમય સિંહાસને ચરણ ચાંપીને કિન્નર, કિન્નરી, કિંશુક જુદા જુદા દેહને ધારીને જલપ્રપાતની ઝરમરના મેઘધનુષ્યના સેતુ પર થઈને ઉત્તુંગ અદ્રિની પાંડુ જટાએ આરૂઢ જાહ્નવીને ખોળે, મયંકની અજસ્ર કૌમુદીમાં કવિ ચાલ્યા જ કરે છે. કવિની આ ઉન્નત વિહારની અનુભૂતિનું વર્ણન કરતાં જણાવે છે --

'હવાનો બુદ્બુદ જેમ પાણીનાં ભીતર ભેદી જાય બહાર
હવાથી ય ઊંચે ઊંચે,
કોઈ સ્પંદહીન શૂન્યતામાં,
કેન્દ્ર થકી દૂર દૂર પણ કેન્દ્ર મહીં.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૪૩૫)

આમ એમનું ભ્રમણ સંસારમાંથી કલ્પનાલોકમાં અને હવે કેન્દ્રમાં રહીને પણ કેન્દ્રથી દૂર દૂર સ્પંદહીન શૂન્યતામાં સતત ચાલ્યા જ કરે છે.

'ત્રિપદી'માં હાઇકુઓમાં પણ કવિએ અંધકાર, પ્રેમ, વિરહ, મિલન, એકાન્ત જેવા વિષયોનું નિરૂપણ કરતાં 'એકાન્ત'માં આ જ કલ્પનોદ્દ્ઘાટનની અનુભૂતિ પ્રગટાવી છે.

'બહે નયન
ચોરું વિશ્વ નહિ આ,
પરું સોણલું.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૩૭)

'તપોભંગ'માં પ્રથમતો એકાન્ત જંગલમાં જૂના વડની જટાજાળમાં સ્થિત કવિ પોતાને નિહાળે છે પરંતુ નૂપુરની કિંકણીની મૃદુ સ્પર્શથી પ્રાણ આંદોલિત થાય છે અને એ રાગિણી સ્પંદહીન કેવલ વિવિક્તિ શેકી કવિને મુક્ત કરી, દીપ્તિમય પર્વે ક્ષણ ક્ષણની શાશ્વતીથી યુક્ત કરે છે. આમ શૂન્યમાં સ્પંદહીન તેજોમય શાશ્વતથી ક્ષણ ક્ષણ હવે યુક્ત બની રહે છે. આ રીતે એકાન્તમાં વિસ્તરતી એમની અનંતની યાત્રા શાશ્વત ક્ષણોનું વરદાન આપી જાય છે. તેઓ આ ક્ષણોને સતત ઝંખે છે, માણે છે, તેના વિરહમાં ઉદાસ બને છે. એ સાન્નિધ્યમાં વિસ્તારની અંત અનંતને અંતરમાં ભરી આનંદમુદ્રાને માણવાની ચિરંતન ક્ષણોને, ઝીલી છે કવિએ આ કાવ્યસંગ્રહ 'ક્ષણ જે ચિરંતન'માં.

## વિષાદને સાદ

'વિષાદને સાદ' કાવ્યસંગ્રહનાં ૧૭ કાવ્યો જેને હૈયે લોકસંવાદની ઝંખના છે એવા શ્રી ભોગીલાલ ગાંધીને એમણે સમર્પિત કર્યાં છે કેમકે લોકની વિસંવાદિતા અને વિષાદને મહદ્‌અંશે આ કાવ્યો પ્રગટાવે છે. જગતના દુ:ખોથી ત્રસ્ત બની વિરતિથી વૈરાગ્ય ભણી વ્યક્તિની ગતિને તો આપણે સામાન્ય રીતે જાણીએ છીએ પણ અહીં તો કવિ બંધ આંખોએ જે આનંદસમાધિને માણે છે તે આંખ ખોલતાં જુદો જ અનુભવ કરાવે છે ત્યારે એમનો સાદ વિષાદગ્રસ્ત બને છે. એમની આંખ ખુલતાં છીનવાઈ ગયેલી ભાવમસ્તિની આનંદ સમાધિનો એમને વિષાદ છે અને બીજો વિષાદ છે આંખની સામે ઉઘડતા વાસ્તવનાં બેરૂપ ચિત્રનો. લોકોના ઝઘડા, દ્વેષ, સ્વાર્થ, હિંસા, અસંવાદિતા, સ્વકેન્દ્રીપણું, છલનાં આ બધા ભાવોનું દર્શન એમને જે અનુભૂતિ કરાવે છે તેનું નિરૂપણ છે 'વિષાદને સાદ'નાં કાવ્યમાં. કવિ આ પડકારોનાં કારણોમાં રહેલી રાષ્ટ્રીય સમસ્યા, મુક્તિનો માર્ગ અને પરિત્રાણનો પણ વિચાર કરે છે અને એ વિષાદની વાણીનું વહન કરતાં દુ:ખી બંધુની સંગે પોતે હંમેશા છે એમ હૈયાધારણ પણ આપે છે.

કાવ્યસંગ્રહનું પ્રથમ શીર્ષક કાવ્ય 'વિષાદને સાદ'માં તેઓ લખે છે કે બંસીમાં તેમના પ્રાણ સાનંદના સૂર વહાવતા હતા, ગગન-ધરાને ભરી દેતા પૂર ઉમટતાં હતાં, જેની લહરે લહરે પ્રકંપિત સચેતન શાંતિ પ્રગટતી હતી, તે જ વેણમાંથી આજે વિકલ વિષાદ નીગળે છે. વિવરમાં પ્રાણ રુંધાઈ ગયો છે, અહીં પહેલાં અનુભવેલી શ્રુતિક નાદ કરતાં ભિન્ન શ્રુતિ અને નાદ સંભળાય છે. એકબીજાના હાથમાં હાથ પરોવી રમણહિલ્લોલ કરવાનું મૂકીને હવે બધાં દૂર દૂર પોત પોતાની ધૂનમાં મતભેદથી વહેંચાઈ ગયા છે. તેઓ કહે છે--

'મારી કામનાનું અન્ન થઈ જે આવશે તેને થઉં
એકાદ કવલ ગણી'.

(સંકલિત કવિતા, ૪૪૧)

જઠરની આગથી ઉદ્વિગ્ન વ્યક્તિની આવી ઇચ્છાને કવિએ પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. કવિ અનંતના સંવાદી છંદને ગાતા હતા તેના બદલે હવે સકલના અભાવનું આવરણ સ્વને એક છંદ રચી રહે છે. એમને જીવન આનંદસભર લાગતું હતું એના બદલે જીવનની રિક્તતાને ભેદીને તેઓ મરણશીલતાનો અનુભવ કરે છે. એમનાથી છીનવાઇ ગયેલા એમના એકાત્મસાનંદને, વિષાદને સાદ નિમંત્રે છે. કવિ કહે છે કે કાલિન્દીને તીરે સહુ આનંદ કાજે રાસમહીં મિળાં ફરી આવો.

અહીં એમની કાવ્યાનુભૂતિમાં એક વળાંક આપણે જોઇ શકીએ છીએ આત્મરતિમાં લીન કવિ બંધ આંખોએ સ્વપ્નલોકમાં વિહાર કરતા આનંદસાગરમાં ડૂબેલા હતા. તે આંખ ઉઘડતાં જબકીને વાસ્તવ જગતને જુએ છે. જગતમાં વ્યાપેલી વિસંવાદિતા, વિચ્છિન્નતા, ભૂખ અને અભાવનો વિષાદ કવિઉરનો સાદ બની પ્રગટે છે. એક બની સહયોગથી આનંદકિલ્લોલને સહુ માણી રહે તેમ તેઓ ઇચ્છે છે.

'અગ્નિ, તેજ, આગ અને ભસ્મ' કાવ્યમાં પણ કવિ ત્રણેય ખંડોમાં જગતની વિરૂપતાનું આલેખન કરે છે. એમને વિચ્છેદ અને બુભુક્ષાની સ્થિતિના વ્યતીતમાં નજર નાખવી નથી અને ક્ષિતિજની પેલી પાર અંધ ભવિષ્યનો અંધકાર છવાયેલો છે. કવિના અંતરે આશા છે કે --

'સુલોહિત જ્વાલામય સૂર્ય જેમ
આપણી ત્યાં ગતી,
આપણું જ ત્યહીં નવલ પ્રભાત,
જ્વલંતનો ફેલાય પ્રકાશ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૪૪૨)

બીજા ખંડમાં તેઓ કહે છે કે યુગે યુગે કાલતીર્થે ભૂમિ ઉપર અધિકારમગ્ન યજ્ઞ મનની યજ્ઞવેદીની આગમાં થતો રહે છે. નૂતન ઋચા, ઋષિ અને ઉદ્ગાતા છે. આ યજ્ઞમાં કવિ બધું જ સ્વાહા કરી દેવા માગે છે- ઇપ્સા, આશા, વિચંચલ ગંધ, નામરૂપ રંગ, માત્રાસ્પર્શ કામ, રસ, સ્મૃતિ અને સ્વપ્ન, વેદીમાં હુંકારતું મન જલે છે, ભૂખ, આકાંક્ષા અને ઇચ્છાઓના હજાર હજાર તણખાઓ ઊડયા કરે છે. સકલ રિદ્ધિસિદ્ધિનું યજ્ઞમાં હવન કરી દીધા પછી રહે છે --

'આપણો નિઃશેષ મહીં વ્યાપ્તિ,
જ્વાલાપુંજ થકી અગ્નિકુંભ લઇ પ્રભવંત
આભાપુરુષ.
ન અન્ય.
પુનઃ તે આપણો જ પ્રાપ્તિ'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૪૪)

આમ નિઃશેષ બની પોતાને પ્રાપ્ત કરવા સકલને મનોયજ્ઞમાં હોમી દેવા કવિ જણાવે છે.

ત્રીજા ખંડમાં શિવ- ભસ્માંગદ રાક્ષસની કથાના નિરૂપણ દ્વારા તેઓ જણાવે છે કે પ્રભુ જ રાક્ષસ ઉપર દયા કરી અને મોહિનીરૂપે પ્રગટ થઇ સંકટનું નિરસન કરે છે. ભસ્માંગદ ભારેલો અગ્નિ છે. ભારેલા અગ્નિનો પ્રકોપ પ્રભુ પણ ખાળી શકતા નથી.

'ઘટમાં ઘડયાં કાંઇ ઘનેરુ'માં કવિ કાળની ચાલને અવળી ગણાવે છે. 'મેલ' કાવ્યમાં પ્રતીકાત્મકરૂપે કટાક્ષ કરી યોગનિદ્રામાં પોઢેલ વિષ્ણુના કાનના મેલમાંથી પ્રગટેલા ભય, અંધકાર, સંકર્ષણ, છલના, ભોગવિલાસ, કામના, આકાંક્ષા,

અભિલાષા બધાં જ આગળ વિષ્ણુ હતપ્રભ છે. એક માત્ર આધિપત્ય છે 'જિષ્ણુ'નું. બધા ભયગ્રસ્ત છે. આર્ત સૂર દશે ય દિશાઓમાં ઊઠે છે. જાગતિક વિષ્ણુનું જિગીષુ સાથે યુદ્ધ થાય છે તેમાં કામુક કૃષ્ણનો ચક્ર ચક્રો સહજ સંહાર થાય છે. પ્રતીકાત્મક રીતે પશુ પંખી ગયા છે તે જાગી ઊઠે તો જીવવાનો અધિકાર ધરાવનારનો સામે જુએ એવો કવિ કટાક્ષ કરે છે. 'વિષાદને સાદ'ની કવિતામાં તેઓ ભગવાનની લીલાને મનભરી માણવાને બદલે તેની વિક્ષુબ્ધ સ્થિતિનું વર્ણન કરે છે.

'ભાષા'માં એમની ભાષાની વિવિધ લાક્ષણિકતાઓ પ્રગટ થાય છે. ભાષા સાહચર્યનું સાધન છે જે બધાને વિચ્છિન્ન કરે છે. અમોઘલ ભાષા કુટિલ ગરલ પણ બની રહે છે. ભાષા મુખર નહીં ગૂઢ પણ હોઈ શકે. અગણ્ય નમતારકની વાણી, તેજોમય વાણી, પરાગની શ્રુતિમાં સરતી અમૃતની મૃદુ આલિંગનગીતિ અને રસમય અખિલાઈની વાણી. વાણી વિદ્વેષનું મૂળ બનવી જોઈએ નહીં. 'વિભક્તિ' કાવ્યમાં તેઓ ગાંધીપ્રભાવ ઝીલે છે. સ્વાર્થ, લોલુપતામાં રાચતો સાંપ્રત સમય ફરી ફરી મહાભારતના દાવ લઈ આવે છે પરંતુ સૂતરનો તંતુ દોતારી- ચોતારી મહીં જેમ જેમ વળ લેતો જાય છે તેમ તેમ નવું બળ પ્રગટતું જાય છે. એકનું અન્યમાં સમર્પણ, પરસ્પર ભક્તિ અને શાંત અકુંઠિત શક્તિ પ્રગટાવે છે.

'સેના' કાવ્યમાં સ્વાર્થ-હિંસાની અતૃપ્ત વાસનાની કોઈ ઇતિ નથી તેમાં શાશ્વતી પ્રેત ઘૂરે છે. અગન સંસ્કાર અને સ્વધાનો સંગ એ શાશ્વતીના પ્રેતને બીજા ભુવનોના પંથે અત્યારે દોડાવી દેવો જોઈએ. જ્યાં સ્વાર્થ- હિંસા છે ત્યાં પ્રભુનો વાસ નથી. 'હિરણ્યકશિપુ'માં પ્રહ્લાદ અને હિરણ્યકશિપુની કથાનું નિરૂપણ છે. 'વસતિયજ્ઞ' વસ્તીવિસ્ફોટની સમસ્યામાંથી જન્મતી પરિસ્થિતિનું વર્ણન કરે છે. 'શાર્દૂલ અને શક્તિ' શાર્દૂલ-આરૂઢ શક્તિનું અવનત અજાગૃત થવું અને શોણિતમાં સંવેગની ઉષ્માથી ભીતિશૂન્ય આરોહણ કરવું એ અશક્ત અને અજાગૃત સમાજમાં ક્રાન્તિથી વિકાસના પંથે પળવાનો નિર્દેશ કરે છે. 'નદીજલ'માં અસંવાદિતા અને દ્વેષ, 'જુદાઈ'માં સ્વાર્થ - સ્વકેન્દ્રીપણું, 'પૂતનાનો પ્રેમ'માં છળ - આ બધાં દૂષણોથી મુક્ત થવાનો ઉપાય 'મુક્તિ'માં અને 'પરિત્રાણ'માં ભીષણ આવેગના ભ્રમણમાંથી બહાર નીકળવાની પ્રક્રિયા અને અંતે શાશ્વત વેદનાનો સંગ કવિ તેમના બંધુઓ સાથે જ હંમેશા છે એવું બાંધવોને ગગનસોપાને ડગ માંડવા સાથે રહેવાનું વચન 'સર્વકાલીન સંગ'માં પ્રગટ થાય છે.

આમ 'વિષાદને સાદ' કવિની ચિરંતન ક્ષણોને છીનવી જનાર વાસ્તવિક જાગૃતિની સ્થિતિમાં જોયેલા રાગ-દ્વેષ, વિસંવાદ, છળ-કપટ અને ભૂખમરાથી ગ્રસ્ત માનવો પ્રત્યે પ્રગટતા અને પોતાને આનંદવિમુખ બનાવતા વિષાદના સાદને પ્રગટાવે છે. કવિના કલ્પનાલોકની સ્વૈરવિહારલીલાઓને બદલે તેઓ ઉઘાડી આંખે સમાજની વાસ્તવિક સ્થિતિનું વર્ણન કરે છે. સુંદરમ્ વાસ્તવનાં દુઃખોથી સુંદર સમાજરચનાના સ્વપ્ન તરફ ઢળતાં સત્ય-શિવ-સુંદરના માર્ગે પળે છે. જ્યારે રાજેન્દ્ર સુંદર-શિવ-સત્યના ક્રમે અનુભૂતિ કરે છે. સુંદરમ્ વાસ્તવિક જગતની કુરૂપતાના સત્યને જોઈ તેના કલ્યાણનો માર્ગ વિચારતા કલ્પનાના સૌંદર્યલોકમાં વિહાર કરે છે જ્યારે રાજેન્દ્ર સ્વપ્નવિહારમાં અનંતમાં વ્યાપી આનંદસમાધિ માણી પાછા જાગૃત થતાં વાસ્તવ દર્શન કરે છે. વિરતિમાં વૈરાગ્યની ભાવના બુદ્ધમાં પણ આપણે જોઈએ છીએ જે સુંદરમ્ પ્રગટાવે છે. પરંતુ બ્રહ્મલીન થયા પછી વાસ્તવના વિષાદને રાજેન્દ્ર અહીં પ્રગટાવી તેમાંથી મુક્તિ અને આનંદની પ્રાપ્તિનો માર્ગ સૂચવે છે. હવે કવિની સ્થિતિ આ પાર કે પેલે પારની વચ્ચેની રહી જાય છે. જાગૃત અવસ્થાના વાસ્તવને અને તંદ્રિત અવસ્થાના

સત્યને પૂર્ણપણે પામી શકતા નથી. બંને અવસ્થાની વચ્ચે ખેંચતાણ ચાલુ જ રહે છે. કવિ આનંદ અને વિષાદની વચ્ચે ઝોલાં ખાતા રહે છે અને એમનું ઉર જે ગાન પ્રગટાવે છે તેની અભિવ્યક્તિ આપણને મળે છે તેમના હવે પછીના કાવ્યસંગ્રહ 'મધ્યમા'માં.

**મધ્યમા**

'મધ્યમા'માં 'દૈનં દિની'ના ૩૨ અને 'નિદ્રિત નયને'માં ૩૦ એમ કુલ ૬૨ કાવ્યો છે. સંગ્રહનાં કાવ્યોનાં ઉપશીર્ષક સૂચવે છે તેમ પ્રથમ ૩૨ કાવ્યોમાં કવિએ રોજબરોજના એમના વ્યવહારિક જીવનની નિજી અનુભૂતિઓને અભિવ્યક્ત કરી છે જ્યારે 'નિદ્રિત નયને'નાં ૩૦ કાવ્યોમાં નિદ્રામાં જોયેલા સ્વપ્નોનું આલેખન છે. કવિ જાગતા અને સૂતા જે કાંઇ જુએ છે તેના પ્રતિભાવ રૂપ તેમનાં હૃદયસ્પંદનોને પ્રગટ કરે છે. 'મધ્યમા'નાં કાવ્યો, કવિ પોતાની જાગ્રત અને નિદ્રિત સ્થિતિની મધ્યની સ્થિતિમાં આવન-જાવન કર્યા કરે છે. પ્રથમ કાવ્યની અંતિમ પંક્તિમાં આ વાત સ્પષ્ટ થઇ જાય છે.

'ઉભય આ જાગ્રત સુષુપ્તિ.'(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૭૧)

આ વિચારનો પરિચય સંગ્રહનાં અન્ય કાવ્યોમાં પણ આપણને મળે છે.

કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય 'નિરાહાર'માં કવિ નગરને પથ નિત્ય આવન-જાવનમાં આજે ચરણ ધરવાના નથી એટલે એમનો દિવસ નિરાહાર છે. પ્રવૃત્તિ એ આહાર હોય તો કર્મના કોલાહલમાંથી નિવૃત્તિ એ નિરાહાર કહી શકાય. તેઓ આજે ઘરના એકાંત ઉપવનમાં મધુમાલતીની છાયામાં કોઇ આશય વગર સમયનું ભાન ભુલાવી દે તેવી તંદ્રામાં પડી જાય છે. સૂર્યની ગતિનો કોલાહલ જાગૃતિની દશામાં જે સંભળાય છે તે અહીં પ્રવેશી શકતો નથી. ઢળેલી પાંપણના અંધકારમાં જેની લેશમાત્ર કલ્પના ન હોય એનો સહજ સંચાર થાય છે. પરિચયપ્રસન્ન કોમલ સ્મિત એમને સ્પર્શી રહે છે અને રોમે રોમે કંપ લહર ઊઠે છે. ફૂલ-પરિમલ સમી સન્નિધિનું આવરણ ચોમેર છવાય છે. કવિ એ સન્નિધિનો સમાવેશ પોતાનામાં થતો જુએ છે, અંધારાનો (રાત્રિનો) અંધકાર જેમ સંધિકાળના પ્રહરમાં ઉજાસને જોઇ રહે તેમ તેઓ આંખના અંધકારમાં ઉદય પામતા ઉજાસને જુએ છે અને પરિતૃપ્તિનો અનુભવ કરે છે. ગીતિલયમય નીરવતા, દીઠ - અદીઠને સમુદય ચરાચર સકલ નિઃશેષપર્યંત અચલને અંગ વ્યાપી રહે છે. અહીં કવિ જાગ્રત અવસ્થામાં સુષુપ્તિનો અનુભવ કરે છે, જેમાં પામે છે ગીતિના લયથી અન્વિત નીરવતા, સ્થૂળ અને સૂક્ષ્મ જગતનો એક સાથે ઉદય અને જડ-ચેતન સકલ જગતનું નિઃશેષપર્યંત અચલના અંકમાં વ્યાપન. કવિ જાગ્રત એટલે ક્રિયાશીલ જગત અને સુષુપ્તિ એટલે સકલ સૃષ્ટિની ભીતર વસેલું ચૈતન્ય-ઉભયને એક સાથે પામી પરિતૃપ્તિનો આનંદ માણી રહે છે. સમગ્ર કાવ્યસંગ્રહ કવિની જે અનુભૂતિને અભિવ્યક્ત કરે છે તેનું આ પ્રતિનિધિ કાવ્ય છે.

મહદ્અંશે આ કાવ્યસંગ્રહના પ્રથમભાગના કાવ્યોમાં રોજબરોજ સંપર્કમાં આવતી વસ્તુક્રિયાઓ, પ્રસંગો, પ્રકૃતિ ઇત્યાદિ અનુભવોનો કવિહૃદયમાં ઊઠતો પડઘો જ ધ્વનિત થાય છે. આમ વર્ણનપ્રચુરતા સહેજે દેખાઇ આવે છે. 'બપોરનો નીંદ', 'પ્રતીક્ષા', 'ઝીણી ઝર્મરે', 'રામકલી', 'કાગકંઠે પંચમનો સૂર', 'લીલામય', 'અમાસને મેળે', 'વ્યવધાન', 'દીપનિર્વાણ', 'આણી દિયો, ચંદ્ર', 'કરાલ ગગન', 'એકલ રોહિણી', 'સંકેત સંદેશ', 'અગાશીના', 'એકાંત', 'નિશિગંધા', 'કુંજવીથી', 'રાત્રિ નહીં', 'નિશીથે', 'આંસુનું લાવણ્ય' ઇત્યાદિ કાવ્યો કવિના દૈનિક જીવનની વિશેષ પ્રતિક્રિયાઓને પ્રગટાવે છે. કાવ્યમય વર્ણનની છટાથી વસ્તુ કે પ્રસંગનું પ્રત્યક્ષ કરી આપવાની કલા અને તેના પ્રત્યે કવિના ઉરમાંથી પ્રગટ થતો પ્રતિચાર - પ્રતિભાવ

આ કાવ્યોમાં જોવા મળે છે પરંતુ તેમાં કવિનો નિજી છબીને પ્રગટાવતો ધ્વનિતો આપણને સંભળાય છે જ. દા.ત. 'અપોરની નીંદ' કાવ્ય. અહીં શાશ્વતીનો વેણુ સંમોહન વહાવે છે. સમ ઉપર શાંત બનેલા સૂર સાથે નૃત્ય- લય - ગતિ થંભી જાય છે અને કોલાહલશાંત ખંડમાં કવિનું મન ચિરંતન સાથી સંગ રમતું વિરમે છે.'ઝીણી ઝમેર'માં તેઓ ઝીણી ઝમેરમાં નિજને કેન્દ્ર રહી ચરાચરમાં ભરેલા બ્રહ્મરૂપ આનંદવિભોરને નાચી રહેનો જુએ છે. 'રામકલી'માં જેને આજ સુધી આંગણી પણ અડાડી નથી એવી શ્રુતિની પાંખ જાણે ખુલી હોય એવું કવિને લાગે છે. 'લીલામય'માં અસીમથી આવી અનંતને ઉર તરંગિણીને હિલોળે વહી આવતા અને સકલની સાથે ઝીલતા એક શબ્દને કવિ ઝીલી રહે છે. 'અમાસને મેળ'માં આ ગુંજારવ ધ્વનિ ધીમે ધીમે અગોચરમાં કાંત તિમિરને અંક શમી રહે ત્યારે તેઓ કંપ વગરની કમનીય કોઈ આભાને નિહાળે છે. એ વખતે કેવળ નિરાકાર દીસે છે. આકાર નિરાકારમાં ઓગળી જાય છે. દૃશ્યજગતની પાછળના અમૂર્ત સૂક્ષ્મ જગતનું કવિ આ રીતે દર્શન કરે છે. 'આણી દિયો ચંદ્ર'માં હવામાં પ્રાણનો મંદ સૂર રેલાય છે . આ રીતે અનંતમાં જવા આતુર એ આવર્તને આવર્તને કેન્દ્રથી વધુ દૂર જાય છે. 'એકલ રોહિણી'માં તેઓ વહનગભીર ધ્વનિસભર અનંત આભમાં તરંગ તરંગને હિલોળે ગાથામય બોલ. અખંડપ્રવાહ. વેદનાનો દાહ અને નિજ લયનો આનંદ પામે છે. એમના પ્રાણ પલે પલે તૃષાર્ત બને છે અને પલે પલે પાન કરે છે. આમ તૃષા અને પાનની અનુભૂતિને એકસાથે જ કવિ માણતા રહે છે. 'નિશિગંધા'માં શબ્દવિણ આવેગના રાગમય ગાને હેલાનો આનંદ પામી રહે છે. 'રાત્રિ નહીં'માં ક્ષણની કલાએ શાશ્વતીના ઝળહળેત પ્રાચુર્યની અવિચ્છિન્ન અનુભૂતિ સમુદ્રાસભર અંતરની આર્દ્ર રસમય રતિને પામે છે. 'આંસુનું લાવણ્ય'માં કવિને લાગે છે કે વાણીમાં ન ઉચ્ચારી શકાય એ બધું જ એક આંસુનું જલબિંદુ કહી જાય છે. ગીતિમૂર્છનાને સૂર એક સાથે તેના પ્રભવ અને પ્રલયને તેઓ જુએ છે. એમાં એમને શાશ્વતીનો પૂર્ણ પરિચય થાય છે. શાશ્વતને 'અનંત અંબરમય સ્પંદન -લહર' રૂપે તેઓ પામે છે.

આમ વર્ણનોમાં પણ નિજી અનુભૂતિના સ્પંદનો રવીન્દ્ર પ્રગટાવી રહે છે તો કેટલીક કવિતાઓ આપણને વિશેષ અધ્યાત્મપરક લાગે છે. કવિની ઉઘાડી અને બંધ આંખે જોવાતા જગત વચ્ચેનો વિરોધાભાસ એમના અંતર અને બહાર વચ્ચેનો અણમેળ એમને આ પાર કે પેલે પારની મધ્ય સ્થિતિમાં મૂકી દે છે. 'ઉઘાડી ને મીંચી આંખે 'માં એમના આ ભાવ પ્રગટ થાય છે. કવિ જેને પ્રાણમને ચાહે છે ,જેની અખંડ ઝંખના કરે છે. તે જ્યારેજ્યારે સ્વપ્નમાં જુએ છે ત્યારે ખોવાઈ જાય છે. કવિની બહિર્મુખ અને અંતર્મુખ દૃષ્ટિનો મેળ ખાતો નથી.

'બહિર્મુખ ને અંતરે વળેલ દૃષ્ટિનો અણમેળ ''

(સંકલિત કવિતા .પૃષ્ઠ- ૪ ૭૬)

આથી જાગૃત અને સ્વપ્ન બંનેને મેલીને બીજે જવાનું મન થાય છે. જાગ્રત અને સ્વપ્ન સિવાય કવિને તો એ અચળ મૌનનો શાંત નિર્મમ વેળાથી પણ આગળ જવું છે.

'શૂન્ય મહીં પાંખ ન વીંઝાય . જાય એકમાત્ર ધ્યાન .
અહીં તો અંધાર એ જ તેજ . અહીં તૃષા એ જ પાન .
વિરહે મિલન . મિલનબિંદુએ નેહ .
પ્રગટે ઉભય જ્યહીં નેહ .
લહું એકરૂપ ઉષ્ણ ને શીતલ જલ .'

(સંકલિત કવિતા.પૃષ્ઠ- ૪ ७૬)

આમ જ્યાં દ્વંદ્વ એકાકાર બને છે એવી સ્થિતિમાં એમને જવું છે.

'હું જું તે ધામ' માં મલયના પરિમલ મંથર પ્રમોદનો જ્યાં સ્પર્શ પામી રહે તે ધામને તેઓ શોધી રહ્યા છે. પ્રવીણ કાન્તનો ચંદનમાં જ્યાં ઉત્કર્ષ થાય તેવા ધામને આડે પહાડ તેઓ જોતા રહ્યા છે. એમને કહેવું છે કે --

'અજાણ્યા ઓળંગી ન અપાર કે દૂર,
મારગના કઠણ ને કોટા''
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૮૭)

કઈ બાજુ ચરણ ધરવા તે એમને સમજાતું નથી. ભ્રમિત કરતા કોટાળો કંટકિત ઓટા માર્ગ છે. ગોધૂલિ સમયે થાકેલો કાયાનું નૂર ઓસરતું લાગે છે. જીવનની આંખોની સાથે રાત પણ જાગે છે. ઝાખો ઝાખો નજરનો ભેજ ઝમઝમ ભારખું ય આકાશ ભરી દે છે. અંધાર ઉજાસ ભળે છે. તારકનો મૃદુ મંદ શ્રુતિ મૌન અનુરાગથી ભીંજે કે અંતરમાં ટમટમ તારે રેલાય છે. શિશિરની ઠંડકમાં શાંત પણ નિભૃત આધાર પામે છે. પણ બધાં વિવર્ણતા સઘળે ભરી જાય છે. મર્મરવિહોણ રિક્ત અચેતન જંગલ વનને સંજીવની દઈ પલ્લવિત કરી જાય એને કવિનો પ્રાણ વારે વારે પોકારે છે. આમ કવિ નિર્જન અને અહર્નિશ ચેતનાસભર, ઝળહળ ક્રન્દ-પ્રમોદનો જ્યાં સ્પર્શ છે તે ધામને ઢૂંઢી રહ્યા છે.

'આગમનો સૂર'માં એમનું ઉર પંખાળા પીંછાવાળો જંગલનો મોર બની ગયું છે. એકાંત કુંજમાં કલાપ ખોલી નાચે છે. આકાશમાં ઈન્દ્રધનુ અંકાય છે. આગમનો સૂરે વિશાળ પ્રોમાન્ત ભર્યું છે. સ્પર્શોનો પુરોગામી હવા અંગ-પરિમલ લઈ આવે છે અને પાણ આવેગથી ચંચલ બને છે. એમનું મન વિભ્રમિત થઈ જાય છે. એક મન દૂર દૂર ગયું છે ત્યારે બીજું તરંગિત તન બની નવનવા સ્વપ્ન નિહાળે છે. અનિશય ક્ષીણ સૌનની ગતિમાં વાણી રુંધાઈ જાય છે. નીરની મર્યાદાને લોપીને કવિનું ઉદ્વેગ- ઉચ્છલ- મન પોતાના જ નાદને સાંભળે છે. ઝરણાંના કણે કણ અને કોમળ ઘાસનો અણુએ અણુમાં બેસી જાણે ઊઠે છે ત્યારે કવિ ભાન ભુલાવી દે એવી આગમાં બંધાઈ ચૂક્યા છે. પોતાનો સંગ સુહૃદને પણ વનમાં ચરાચર લોકમાં, પ્રમુદિત પ્રેમ, ઉદ્દામ હાસ-ઉલ્લાસે, રાગમય ગાયે હૃદયનો તાળો દઈ આંખમાં બાળી ભરી નિખિલના લોકમાં શ્યામનો હેલીને ઝીલવા તેઓ નિમંત્રે છે. આ ભાવદર્શન કવિઉરમાં ઉઠતા અકારણ આનંદ અને એ આનંદનો ઘનસમાધિમાં મનની સ્થિતિ-સ્વામીની ગતિ, હૃદય-આવેગથી પ્રકૃતિમાં પ્રચ્છન્ન પ્રભુના નાદની ગતિ અને આ ઉલ્લાસને ઝીલી શકે એવા સુહૃદ સંગ રાગમય ગાનમાં એ ઉલ્લાસનું પાગદર્શ કરે છે. અણુઅણુમાં વ્યાપેલા પ્રભુને કવિ શ્યામરૂપ ગણી એના અમાપપણાની હેલીમાં નિખિલના લોકમાં ભીંજાવા પ્રભુને આમંત્રે છે.

'નીલિમાથી નીલ' કાવ્યમાં કવિ કહે છે કે નભની નીલિમાથી કવિના વર્ણહીન દેહ પણ નીલ બની શોભી રહ્યાં છે. કવિનું વર્ણહીન દેહ એટલે કવિનું અસંપ્રજ્ઞાત ચેતન. કવિને પોતાની આદિ સ્થિતિ કઈ ગુહાને આધાર રહેલી છે તેની જાણ નથી. કવિ તો બંકિમ પથે સહજ નિરુદ્દેશ ગતિને ધારણ કરી રહ્યા છે. કવિના જીવનવહેણની ગતિ - મનોગતિ તરંગ તરલ બને તો ક્યારેક ગભીર શાન્ત બને છે, તો ચિંગળ પુલિને સનાતન હોય છે. આ જીવનમાં વનસ્પતિ અને પ્રાણીનો પૂરિત બેલે છે વારે વારે પંખીના ટોળાં પણ ઉભરાય છે. ભાનભાનના જીવો ભાવવિભોર બની અહીં આવે છે અને જાય છે. આ મૌના મેળાનો કલશોર મચી રહે છે. પ્રતિરોજ નવીન પ્રકાશ - ઉદય અને અસ્તના ક્રમે આપણે જોઈએ છીએ. કવિ પળે પળ કોઈક અભિનવ મિલનમાં હર્ષ પામી રહે છે. વાણીના પૌરાણિક અર્થને તેઓ જાણે છે. જળનાં મોજાં ઉછળી ઉછળી કિનારા ભાણી જાય છે પરંતુ એમના અંગમાં કોઈ અનુભૂતિ થતી નથી. તેઓ સ્થિર-અચલ

છે. કમલ નિલય છે તેનો ય સ્પર્શ નથી. કવિ અવકાશના એકાંતનું એકાન્ત માણી રહે છે. એમનો આત્મા ઊંચે ઊડે છે. આ ઉન્નત સ્થિતિમાં જે બ્રહ્માનંદને તેઓ માણી રહે છે તે નીચેની પંક્તિઓમાં પ્રગટ છે.

'અંકાશની નીલિમાએ નીલ
બિંદુએ બિંદુએ હું તે અનંતને સાહું,
મર્મે ઊંડાણ ધરી ચાહું.
એ વિણ ન જોયો કોઈ રંગ,
કોઈ નહીં સંગ,
ભીતર ભરાઈ કલકલ રહે એ જ હસી રહે ખિલખિલ.
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૮૬)

કવિ નીલરંગી અવકાશના રંગે રંગાઈ પોતાની અંદરના અવકાશને આનંદ-ઉન્માદથી ઉછળી રહેલું અનુભવે છે.

'અનનુ ખેંચાણ' માં કવિને ઘણું ઘણું નજીક આવીને ક્યાંય દૂર સરી જતું લાગે છે. આવું અશરીરી - અપાર્થિવ આકર્ષણ કવિને સતત ઝંખના આપે છે. પ્રાણને અજંપ કરે છે. એના અભાવમાં એમને વેદનાનો અનુભવ થાય છે. એમને સમજાતું નથી કે 'પોકારું હું કોને તાર સુરે ?' અને લખે છે--

'નિખિલ બ્રહ્માંડ મહીં પલકમાં ઘૂમી
વેણ મારાં મને જ આવરી રહે ઝૂમી'
મારે જ વિરહ ઝૂરું એવી તે શી રતિ ''
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૪૬૦)

આ આત્મરતિ કવિને ક્યારેક દુઃખ આપે છે તો ક્યારેક અપાર આનંદ આપે છે

'વાચાળ'માં કવિને થાય છે કે પોતે મોકળા કંઠે પાગલ બનીને એવું ગાન ગાય કે એ નાદની વાઝણીથી પોતાનું ય ભાન ભૂલી જાય. 'અવચ્છિન્ન'માં ઇનાહત નૃત્યમાં અવચ્છિન્ન બનેલા સર્વને મહાકાલના મુખમાં તેઓ સરતું જુએ છે. આ વિશાળ આકાશ જેવું ખુલ્લું મુખ ધરી રહેલા અદીઠ નિશ્ચલમાં સકલ કોળિયો બનીને પ્રવેશી રહ્યું છે. વિધવિધ દૃશ્યમાન આ લીલાને દૂર એકાન્ત તરુતળે ક્ષેત્રપાલ નિહાળી રહ્યો છે. આ ક્ષેત્રપાલ લીલાનું સર્જન કરનાર પ્રભુ છે.

'ફગાવી દે બોજ 'માં કવિ શિર ઉપર ભાર ઉપાડીને ક્યાં જવું, પોતાનું ચિરંતન ધામ ક્યાં છે તે સમજાતું નથી. નિરંતર અભાવનું આકુલ ક્રંદન તેઓ અનુભવે છે ત્યારે જ કંઈ ધામમાં નિત્ય કોલાહલ થતાં દૂરનો ય ઝીણો સૂર કવિને સંભળાય છે. જતનથી ધરી રાખેલા બોજને ફગાવીને ખાલીપણાની તેઓ મોજ માણી રહે છે. એમના પગને પાંખ ફૂટે છે આકાશની નીલિમાની એ ઝાંખ એમને નડતી નથી અને અગોચર, અનંત એમની સંમુખ આવી ઊભું રહે છે.

'અનંતને અગોચર જાણે નહિ દૂર એક તસુ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૪૬૪)

કવિ મનોમન સ્વપ્નમાં પ્રયાણ કરે છે. આ સ્વપ્ન છે કે સત્ય છે તેનો એમને પડો નથી. એમનો અનુભવ છે કે --

'અવકાશમય બની રહેલને નાદ સંગ નેડો,
આપ મેળે બાજી રહે ઝીણું અંતર.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૪૬૫)

'વિરહને એકાન્ત પુલિને'માં પણ કવિનું મન અંગથી બહાર નીકળી જાય છે. શ્વાસ શિથિલ બની જાય છે. મન કેવળ ભાવન બની સમગ્ર નિખિલને ભરી રહે છે જેમ વ્રજવનિતા ઉચ્છ્વાસે-નિઃશ્વાસે અગોચર બોલ 'માધા માધા' વહાવતી હોય અને સામું વેણ ' રાધા રાધા' પોકારી ઊઠે. તેમ કવિ પણ તનુહીન પ્રિયાને વિરહને એકાન્ત પુલિન , કવિની પાસે જ નિરંતર તેમના આકુલ અંતરે વસી રહેલી હોવાનું અનુભવે છે. દૂર હોવાનો તો માત્ર આભાસ છે.

'સજલ આનંદ
ઝરે કલ કલ છંદ .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૪૬૭)

અહીં એકાંતમાં તેઓ આનંદ અને સ્પર્શસુખ માણી રહે છે.

'દૂર નહીં દૂરનું ગગન'માં નદીપૂર વહ્યું હોય એવો ઉન્માદ અનુભવે છે. એમનું અંતર લગીરે ય વિલંબ કર્યા વગર વનમાં વાટ જોઈ રહેલા કોઈની પાસે પહોંચી જવા અધીર છે. કાંઠા વગરના પારાવારમાં દૂર દૂર સીમાહીન નજર નાંખી તેઓ જુએ છે તો આભની અટારીએ થઈ રહેલી વનવેલ દેખાય છે. એમની બધી જ બાધાઓને દૂર ઠેલી હવાને હિલોળે અંગનો બધો ય બોજ મેલી ત્યાં પહોંચી જાય છે. દૂર રહેલું ગગન એમને દૂર લાગતું નથી. આમ દૂર અગોચરમાં પહોંચાડી દે છે કવિને એમની મનોગતિ.

'નહીં છોડું'માં કોઈ અણદીઠ અગોચરનો સાક્ષાત્કાર તેઓ પામે છે તેને છોડી ન દેવાનો સંકલ્પ પ્રગટ કરે છે. આ ગૂઢ અનુભવમાં કવિની વાચા મૌન બની જાય છે અને તેની પ્રીતિકથા કવિ સાંભળી રહે છે. એમને લાગે છે કે--

'પ્રત્યેક પગલું નવ નિરંતર મુજ મહીં વસે.'(સંકલિત કવિતા,પૃષ્ઠ-૪૬૮)

'નિદ્રિત નયને'નાં ૩૦ કાવ્યો પૈકી ૭ કાવ્યો કવિની સ્વપ્નમાં પણ ગૂઢ એકાત્મ ભાવની અનુભૂતિના અને અરવ નાદની શ્રુતિના આનંદને પ્રગટાવે છે. અન્ય કાવ્યોમાં સ્વપ્નમાં જોયેલ દૃશ્યો, સ્થળો, પ્રસંગો, અગોચરમાં અવગાહન ઈત્યાદિનું એમણે નિરૂપણ કર્યું છે. સ્વપ્ન- અવસ્થાની અનુભૂતિ સ્વપ્નની અસંગત ચિત્રાવલી અને કવિના અપરિચિત સ્થળોનું પણ દર્શન કરાવે છે. પરંતુ સ્વપ્નમા પ્રગટતી દુનિયા વ્યકિતની જાગૃત અવસ્થાની અભિપ્સાઓ અને અજાગૃત મનની અનુભૂતિ કે ઈચ્છાઓને સ્પર્શતી હોય છે. એ રીતે જોતાં સ્વપ્નમાં પોતાને અને વિશ્વને જે રીતે તેઓ જુએ છે તે તેમના જાગૃત-અજાગૃત મનોવિહારનું જ બિમ્બ છે . તેઓ કયાંક મુસાફરીએ નીકળ્યા છે , કયાંક દરિયે ફરવા નીકળ્યા છે. તો કયાંક વિસ્તરેલા રણને જુએ છે , કયાંક પિરામીડને જુએ છે, કયારેક જલની ભીતર સ્વેચ્છાએ ગતિ કરે છે. કવિને અંતરિયાળ ભુવર્લોકમાં ભ્રમણ કરતા હોય એવું લાગે છે. ત્યાં જાણે કે સહસ્ર સૂર્યનો ઝળહળતો સુકોમળ પ્રકાશ સ્વયં નિતાન્ત મંદ સ્પંદને ગંભીર નાદમાધુર્ય વહાવી રહે છે. પ્રકાશની આ પ્રસન્નગતિ કયાંથી રેલાય છે એ કવિને ખબર પડતી નથી . કવિ જુએ છે તો --

'સામે નથી ક્ષિતિજ,
દૃષ્ટિને નથી અંતરાય
દૃષ્ટિ ડૂબી જાય છે નિઃસીમનાં ગહન ઊંડાણમાં.,
ડૂબી જાય છે સ્વકીય કેન્દ્રમાં
નાદનો તેજોજ્જ્વલ માધુર્યનું જયાંથી છે પ્રાગટ્ય .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૫૦૩)

'વૃક્ષારોપણને કાજે' માં કવિએ ખોદેલ ઊંડા ખાડામાંથી મહાનિર્વાણનો સમાધિમાં પોઢેલા સિદ્ધાર્થનું શબ નીકળે છે.કવિને આ નિમીલિત નયનનો નિભૃત

પ્રશાન્ત મુખમુદ્રા પોતાની મુખમુદ્રા જેવી લાગે છે. કેમેરાનો લેન્સ ખાડામાં અચાનક પડી જાય છે અને ખાડામાંથી ધૂપગંધ ઊમટી આવે છે. આ સુગંધિત ધુમાડાના અંધકારમાં કવિ બુદ્ધના શબને આપમેળે સરી જતું જુએ છે. ઉપાડેલી માટીનું આનંદ આવરણ કરે છે એના ઉપર કવિ એક લીલી ડાળ રોપે છે તેની છાંયને કવિ બહુ શાખાએ વિસ્તરેલી જુએ છે. આમ બુદ્ધની સમાધિમાંથી બહુશાખાએ વિસ્તરેલી છાંય શાંતિ અને નિર્વાણનાં માર્ગના પ્રચારની દ્યોતક બને છે. ખાડામાંથી નીકળેલું ભિક્ષાપાત્ર અને બુદ્ધનું શબ શાંતિ અને અહિંસાનું થઈ ગયેલું દફન સૂચવે છે.

'તારું હું નિહાળું' માં કવિ અમીટ અને મુદિત નયનથી એનું જ ઉજ્જવલ વદન નિહાળે છે જેની દૃષ્ટિમાં પ્રથમ પ્રહરની ઉષ્માનો મર્મસ્પર્શ છે, જે મનમાં કોઈ સાંતનો રોમહર્ષ જગાવે છે. જેનો બોલ ઉચ્છલનો ઉલ્લસનો-સોમ સોમ ભરી રહે છે. કવિ બંધ આંખોએ આનંદસાગરમાં લીલા કરનારની સંગે પોતાના સકલ ભાવને ભીતરમાં ગહે છે. જ્યાં સીમાહીન અવકાશમાં કવિ વિગલન પામે છે, તે શૂન્યવત્ વિસ્મયને વેણ કવિ પોતાને જ શોધી રહે છે. તેઓ તિરોહિત પોતાને જ જોઈ શકતા નથી, ત્યાં જ મંદિરના ગર્ભને ,ઘુમ્મટ પ્રલંબિત એક ગુંજરતો ધ્વનિ સુણી રહે છે. 'હું ....હું....હું.....' કવિને અહીં સ્વપ્નમાં 'હું'ની જે પ્રાપ્તિ થઈ છે તેનો સંગત-અસંગત આલેખ અહીં જોઈ શકાય છે.

'કોઈ મને બોલાવી રહ્યું છે'માં કવિ જે સ્વપ્ન જુએ છે તે વિસ્મયસભર અને કવિના નિરંતર સ્થાયી ભાવને પ્રગટ કરતું છે. કવિને નિદ્રામાં કોઈ બોલાવી રહ્યું છે. કવિ સ્વપ્નમાં જ જુએ છે કે તેમની આંખ ઊઘડી જાય છે ત્યારે એક શ્વેતકાય પાછળ આવવા કહે છે અને કવિ પાછળ પાછળ નર્મદાને તીરે જાય છે. તેની પાછળ પાણી ઉપર ચાલે છે અને સામે કાંઠે વનમાં પ્રવેશે છે. ત્યાં વિસ્તરેલા એક વડ નીચે સમયની રજ નીચે વિશાળ વલ્મિકને જુએ છે. કવિને દોરીને લઈ જનાર આંગળીનો સ્પર્શ કરે છે અને રાફડાના પડ ખેરાઈ પડે છે ત્યાં પદ્માસને બેઠેલા અંગિરસને કવિ જુએ છે. અંગિરસ વાણબોલે કવિને બોલાવે છે. તેઓ શ્વેતદેહીને શોધે છે પણ તે તો તાપસની નેત્રદ્યુતિમાં મલકતા હોય છે. કવિ તાતખોળામાં નજીક સરે છે. તાપસ માથે હાથ મૂકીને કવિના કાનમાં કોઈ લય ભણે છે જેનો ગુંજરણ ધ્વનિ કવિ લખ આકારે રમતો જુએ છે. અનવધિકાલના ચલચિત્રને કવિ નિહાળે છે. તાપસ કવિને જણાવે છે કે સમયના પરિપાક આ અચલ વિંધ્યમાં તારું ય સ્થાન છે. કવિ પ્રણામ કરી આંખ ખોલે છે તો પોતે ગિરિશિખરની ધારે ઊભેલા હોય છે. એક અવાવરું કેડી ઉપર ડગ ભરે છે. તે મુખ ફેરવી કવિને દિશા સૂચન કરે છે ત્યાં કવિને હાથી કરતાં ય મોટું ક્યારેય ન જોયું હોય એવું પશુ ખીણની ગુફામાં દેખાય છે. તેની ડોક દેવદારુ જેટલી ઊંચી છે, જે લીલોતરીનું ચર્વણ કરી આગનો ઉચ્છ્વાસ કરે છે. જેની નીલ પીઠ ઉપર એક મરાલ યુગલ છે, જેની પૂચ્છથી રોકાઈ રહેલા કાસારના જલમાં ખીલેલાં પદ્મ પર શગશગ મોતી ચમકે છે. વૃંદગાનમાં કવિ અપાર્થિવ કંઠનો ઉલ્લાસ સાંભળે છે. અટ્ટહાસ્ય વેરીને હવા વહી જાય છે. કવિની કાયા ફરફર ઊડે છે, કેડીની આડે પ્રમાદથી પડેલા અજગરને ઓળંગીને કવિ વનની બહાર આવે છે. રેવાને સામે તીરેથી કવિ પોતાના નામની પોકાર સાંભળે છે. ઊંચે હાથે કવિ 'આવું છું'નો સંકેત આપે છે. જલ એમ ધરા છે. કવિ કિનારે અડે છે અને બેઉ ક્ષણભર સ્તબ્ધ બની જાય છે. કવિ નર્મદાના કેડ ઊંડા પાણીમાં સમીપ જાય છે ત્યારે વારણા લેતી હોય તેમ બેઉ છોળથી ઝબોળતી રેવા કલકલ હસી રહે છે. કવિ પામે છે અરુણાઈનો અંઘોળ.

'શ્વેત શ્વેત'માં કવિ આભાસમય નગરમાં પોતાના ગતજન્મનું ગામ, ગલી, ઘર, સ્વજનોને જુએ છે. જૂજવં આભાસ, એકરૂપ વિલાસ કવિ જોઈ રહે છે અને એમની દૃષ્ટિ શૂન્યમાં ભળી ઢળી જાય છે.

અન્ય કાવ્યોમાં કેટલાક વ્યવહાર-અનુભવોના પ્રસંગોનું વર્ણન સ્વપ્નની અપેક્ષાનના સાથે છંદના આહ્લાદમાં પ્રગટે છે. તેમાં ય ક્યારેક પ્રણય, પ્રકૃતિ કે અન્ય સાથેની કવિની અનુભૂતિ કવિના ગુણવિશેષને પ્રગટાવી રહે છે. દા.ત. 'તુહિનના પોલનો'માં --

'લહું નવ ચપલક ક્ષુતિ,
મલકંત વદનનો પલવ થાકગી.
આપણા આનંદનું વહન
અને
નિખિલનો સંગ આપણું ય આવરણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૧૪)

નો 'પાછલા પહરનો ચાંદનો'માં કવિ કહે છે પાછલા પહરનો ચાંદની બની પારિજાતનાં ફૂલ ઝરે છે. આંગણે ઉપવન કોઈના ચોરેલ્યન મંડાઈ રહ્યાં છે. મૌવરને મૂક કવિ આહુતિનો યજ્ઞ માંડે છે. પૂરની લહેરોને નાનેરી ભલાઈ સાથ દરની બહાર આવે છે, સૂર્યકુંડમાં પડે છે, પ્રજ્વલિત ઝાળ - અગ્નિમાં નાહીને સંધ્યારે કેસરની વર્ણ ધારણ કરીને ફૂલ ફૂલ ઉપર તેનો છંટકાવ કરે છે. એ પારિજાત કવિ પ્રિયા પાસે છાબ ભરીને લાવે છે અને તેના મલકતા વદનની સુરખીનો સ્પર્શ - સુરભીને પામી રહે છે. કવિ આવા વસંતસંપાત દલે દલે ઓસભીના પારિજાતને પામે છે. કવિ પોતાની યોગનિષ્ઠ અધ્યાત્મની અમૂર્ત અનુભૂતિને પારિજાતના કલ્પનમાં રજૂ કરે છે. 'નેત્રના ચંચલ સ્મિતે'માં પણ 'વિશ્રંભથી તેજનાં કિરણ વરી રહેલ હરણ'માં કવિની સુંદર કલ્પના જડે છે. 'સ્વર્ણના સૂર્ય'માં યજ્ઞની ઊંચી અગ્નિમય જ્વાળામાં કવિ નીલ ગગનને નિર્મમ નિરીહાને સોહાવતી ધવલયષ્ટિના જુએ છે. 'આ અર્ધ રાત્રિએ'માં કવિને પરિચય નહીં એવી વાણીનો વિશ્વમાતાનો સ્પર્શ થાય છે. ધ્રુવલોકથી અનંતનો યાત્રી વસુંધરા વાસી કવિ માટે સંદેશ લઈ આવે છે. તેઓ આનંદથી - દુઃખથી નહીં - વ્યાકુલ બની ઓનિતંત્રોની સુમંદ ઝંકૃતિની સાથે વહી રહેલ તરણ-કરણ હૃદયગીતિ સાંભળે છે. કવિ એ નાદમાં લીન બની પછી સરવમાં લય પામે છે તેનું તેમને ભાન રહેતું નથી.

'નાદલીન મારી
નાદહીન લયસ્થિતિ કવ થઈ
તે ન જાણતિય જાણું.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૩૩)

નો 'સમય તે કહીં'માં કવિ પોતાની સાથે સંકળાયેલા જે એક નવા જ રસમય પરિવારને સ્વપ્નમાં જુએ છે તેનું જાગૃત અવસ્થામાં ચિહ્ન પણ જણાતું નથી.

'મુજથી સંલગ્ન,
સ્વપ્ને લહ્યો
નવ અભિનવ રસમય પરિવાર?
ક્યાં ય એનું ચિહ્ન નહીં'

જાગૃતિએ
સકલ ને પામ્યું તિરોધાન "
(સંકલિત કવિતા પૃષ્ઠ- ૫૩૩)

આમ તેઓ જાગૃતિએ જે સકલ જુએ છે તેને સ્વપ્નમાં તિરોધાન પામતું જુએ છે. નાદહીન સ્થિતિમાં અરવ નાદની શ્રુતિને પ્રમાણે છે. કવિની જાગૃતિ અને નિદ્રામાં કવિનો આનંદ વિષાદનો મધ્યનો સ્થિતિનું ગાન છે આ 'મધ્યમા'નાં કાવ્યો. પરંતુ કવિના લોચન ઉઘાડ્યાં હોય કે બંધ --બહુને પરમ માયા છે અને કવિ બંધ કે ઉઘાડા લોચને સઘળું જોઈ શકે છે, પામી શકે છે, એ ઉન્નત દશાનું ઉદ્ગાન તેઓ કરે છે હવે પછીના કાવ્યસંગ્રહ 'ઉદ્ગીતિ'માં.

## ઉદ્ગીતિ

કાલના અકુલ ખોળે સમર્પિત આ કાવ્યસંગ્રહ 'ઉદ્ગીતિ'માં ૧૦૮ કાવ્યો છે. પ્રત્યેક કાવ્ય એમની ઉન્નત મનોદશાનું ઉદ્ગાન રજૂ કરે છે. મહદ્અંશે તો પ્રકૃતિ અને પ્રણયની પાર્શ્વભૂમિકામાં કવિના ઉરમાં ઊભરાતા વ્હાલનું અને અંતરનો ઉન્નત અનુભૂતિનું આલેખન આ કાવ્યસંગ્રહનાં કાવ્યોમાં જોવા મળે છે. કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય 'કાલના અકુલ ખોળે' જેને કવિએ આ કાવ્યો સમર્પિત કર્યાં છે તે છે. કાવ્યની પ્રારંભની પંક્તિ છે --

'ખેલતી મારી કુલીન કાયા કાલના અકુલ ખોળે,
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૩૬)

કવિનું અસ્તિત્વનો નામ રૂપ છે. તેમની સાથે તેમના કુલનું નામ સંકળાયેલું છે પરંતુ કાલ તો અનંત છે. તેના મૂળને પામવું, તેના આદિ રૂપને જાણવું શક્ય નથી. એવા અકુલ કાલના ખોળે કવિની કુલિન કાયા ખેલી રહી છે. આ કુલીન કાયા કેવળ હેતનો તેજલ છોળે ઝૂલણ ઝોલણ પામતી અકુલ કાળના ખોળે ખેલી રહી છે. આ અકુલ કાલની અતિગમ્યતા અગણિત શોકર વિવર્તન ભીતર જાત જાતની વાણી છટાઓ ધરતી વ્યોમને ગહન વ્યાપી રહેલ છે ને સકલ કિરણની છાયા કવિને આવરે છે. કવિનો ગંભીર હળવો હલર - ગીતિ ગુંજરતી જાગૃતિમાં નીંદ અને નીંદમાં જાગૃતિનો અનુભવ કરાવે છે. એક નાનકડા ફૂલની સુગંધ આખાય આકાશને ભરી દે તેમ કવિ આંખ ઉઘાડી હોય કે બંધ સઘળું ય જાણે કે જોઈ રહ્યા છે 'બહુને રે બે કંઈ બહુનો પરમ માયા' બહુને એટલે ફૂલને અને કવિને. બહુનો એટલે ખુલ્લી અને બંધ આંખ લહાના દર્શનની માયા. આમ એમની આંખ તજીમય દકુકાને અહીંતે તેજોમય ગંધને પામી રહે છે પણ મીઠા સૂરનો નાદ કવિને ક્યારે ય છોડતો નથી.

'મંજરી' કવિને સોણલાંની પાંખે લઈ જાય છે. બીજુડી દવનું દહાણું આપે છે. એના નયણે તારા ઝમે છે. કવિનાં લોચનમાં તેજનો અણસાર કવિ સર્વત્રમાં પામે છે. 'મહેક' કવિને નયણે કોડિ નરવાં અમી પાય છે. ડાળીએ બેઠેલ ફૂલનો વગડો અનેરી મહેક વાય છે. 'અજંપાનો આણ'માં લોભે લાગી માંજરની મહેક પીતી કોયલ બેફામ બોલી રહી છે. મનમોજીલો પવન મહેકને મળે છે અને વેણનો છોળ્યું વને વનમાં વાગી ઊઠે છે. કવિ ઉપર એનો અસર એ છે કે --

'કોઈ બોલે ને કોઈનો બોલે રંગ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૩૯)

કવિની નજર પણ ખેલમાં આવો સકલને સંગ રમી રહે છે. 'ઉધામા'માં આંખ

મ્હોરેલી મંજરીથી વન મહેકી ઊઠે છે , વાંસળીએ કવિનું મન વીંધાઈ જાય છે. કવિનું મન વીંધાય છે અને તનને પાંખ ફૂટે છે અને આ પ્રિય-મિલનના ઉમંગમાં વાતા પવને વીંધાય છે. ઊડતે પાલવ ગગનમાં ન સમાય એવા સ્વપ્ને કવિ પોતાના ઉરમાં ઝીલવા જોઈ રહે છે. ક્યાંક દૂર ખીલેલા ફૂલની ફોરમના ઢગલે કવિ ઢંકાઈ જાય છે. પોતાનું ઘર છોડીને કવિના કાન રઘવાટમાં કવિના નયનમાં આવીને વસી જાય છે. કવિ કહે છે કે વાંસળીએ મન ભલે વીંધ્યું કેમ કે હું એકલો આવ્યો નથી સાથે આકુળ પૂરા ગોકુળના ગ્રાહકના ધણને ય લઈ આવ્યો છું . પ્રણય - પ્રકૃતિ સંગ ગોપીભાવનું નિરૂપણ એ આ કાવ્યસંગ્રહનાં કાવ્યોની વિશેષતા છે .

'ટીખળ 'માં કેસૂડાંને વેશે જંગલથી છેતરાઈ જતા ટીખળનો ભોગ બનતી નાયિકાની હૃદયકથા છે. 'ઝાંઝરિયાં પાવો' વાગે છે અને કવિના દિલના દરવાજા ઊઘડી જાય છે. આંખમાં સોણલું સંતાય છે. ભાન ભૂલીને ગોપી જમનાજીને પાછે દોડે છે . 'મારો અષાઢ મેહુલો ગાજે'માં અષાઢ મેહુલો ઘનશ્યામ છે. 'અમે'માં કવિ ભયથી ભરેલો હોવા છતાં ' વગડો સૂનો માણીએ 'ની શીખ આપે છે. અરણ્યોની જેમ સાગરને છાતી ધારણ કરી પવન પાણીએ દિનરાત રમવાની તેઓ વાત કરે છે. 'અગનમાં' કવિને વનફૂલની કોઈ અગન અડકી છે જેનાથી કવિનું રમતીયું મન રાતું રંગાયું છે. એમની આંખ મીંચાય છે ને ઊજળો દિન ઊઘડે છે. એમાં આણદીઠનાં સ્વપ્નો ઊઘડે છે અને કવિ ચિંતનનો વિસ્તાર અનુભવે છે.

'ચરણે ચંચલ આંખો ધરણી ચંપાય,
એમ ચહુ ય ને દિઠ માંરે ટહુકે છવાય ;
મારાં ઊડતાં અંચલ કાજ ઓછું આ ગગન .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૫૪૨)

દિક્-કાલને આવરી લેતી કવિની મનોગતિ માટે આકાશ પણ ઓછું પડે છે. 'માઝમ'માં કવિના ઘરની સામેથી ખેતરવા દૂર માઝમનાં પાણી વહી જાય છે. કવિ એમાં રમતી માછલીઓની જેમ એનો કોઈ છેડલ જાણતાં નથી માત્ર એક નાવલિયાના પાસે બલબલા ગીતો આપો જતી કવિની આંખમાં સમાયેલ છે. અને કવિ જોઈ રહે છે --

' આકાશને ય અંગ અંગ અડકંત છોળ ,
નીતરતો વાયરો આ ભીને અંઘોળ .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૫૪૨)

'નહિ ફોરું, નહિ ધાર 'માં કવિના પ્રાણ નો વેગ પાવાના ટહુકારે વહે છે. ચોગમ ઝાકળનાં જલ વરસે છે . ફોરું કે ધાર દેખાતી નથી એવાં ઝાકળ ના જલ કવિ-ને ગીતના લયનો ગુંજારવ આપી જાય છે. 'પોશે પોશે'માં ઘેલા ઉરનાં ગાનના હિલોળમાં ને હોંશે હોંશે ચડે છે . આયખાનો રાતો રંગ ત્યાં ઊઘડે છે અને પળ પળ મિલનનો સંતોષ કવિ માણી રહે છે. 'યાદ'મા આખું ય આયખું ગાળી રહેવાની વાત તેઓ કરે છે. 'ગોરજટાણે'માં કવિને સ્વપ્નનો ભંડાર મીઠો લાગે છે. 'નિર્ઝરી'માં કવિ માટીના અદ્ભુત ગુણની વાત કરે છે.

'માટીની મ્હોરી આ મારી વન-ભોમ- નિર્ઝરી. '
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૫૪૬)

માટીની ગંધનાં રૂપ નયનમાં રમે છે , એની છાયા ને ધૂપ વરસે છે , એનો ટહુકાર ગગનમાં રેલાય છે. ચપટીક ધૂળ જીવને આનંદ આપે છે, નીંદરનો સંગ ઉમંગ જગાવે છે. તુલસીક્યારે પળેપળ નવી મંજરી પ્રગટાવે છે. સમગ્ર સૃષ્ટિ એ માટીની જ માયા છે. 'અનંતતાનું ગાન'માં કવિ તારાનો જનવાસ મેલી એ તારા સંગાથે જઈ સાથે ઘર

માંડવાની સંબંધનીની સેવણાને પ્રગટ કરે છે અને એ રીતે એકલ રહી રોજની કાઠમાળથી રહેવાની પોતાની મનીષા પણ પ્રગટાવે છે. 'શીખ'કાવ્યમાં કવિ દુનિયાના વ્યવહાર સામે પોતાના મનને ઘણીવાર શિખામણ આપે છે એ જ રીતે મનમાં જે હોય તે બધું ય બોલવાનો અને કાળજાને કંપ આપ્યું ઓવારી જવાનો શીખ આપે છે. આવાં બીજાં કાવ્યોમાં 'ચૈતને' . ' અલગ મારગ' ,' પોરો ' ઇત્યાદિ ગણાવી શકાય.

પ્રણય અને ગોપી-ભાવને પ્રગટાવતાં કાવ્યમાં 'એણે' ,' ઝિરઝિરિ', 'કાલિન્દીને તીર' ,' મોરલીનું સૂર ',' લગની ',' બધું બેઠી આવી',' રાસ ' ઇત્યાદિને ગણાવી શકાય .

'તું' કાવ્ય કવિની સ્વકીય છબિને પ્રગટાવે છે.

' તું જાણે તું નહિ ' '
'ભણ્યો જરી ય દૂર ન થાવું,
વગર કારણ ગુંજવું- ગાવું ,
અમસ્તું ઝાંઝર વાજતે જાવું .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૫૫૧)

નિરુદ્દેશે ગુંજરવાનો કવિનો ઉદ્દેશ અહીં પ્રગટ થાય છે. તેજનું કિરણ અડતાં કાળની આડ આરપાર થઈ જાય છે. એમને નેપુરને નહિ અંગને પુલક, બોલીને નહિ ઉરનો હલક, પાણીપોચી કાંઈ ઝલક ઝીલવી છે. કવિની આગંતુકની એષણાંનો તંતુ અહીં પણ સંધાતો રહ્યો છે.

પ્રકૃતિવર્ણનનાં કાવ્યોમાં ' શીમળો જાગી ',' ખળખળિયે',' ઝાકળ', 'ખેતરને પંથે ',' લાલી ','વેલને'આય રે પવન ',' ફાગુન',' ભીને અંગ',' કેસૂડો', 'ફાગણનાં ફૂલ',' ચૈત્રની સવાર ',' વાયરો','કોરો અષાઢ ',' વાદળીને ',' વાદળ-છાયા',' મેઘ ',' ભીના વને ',' ઝરણું ',' રિમઝીમ સાવન વરસે','ગગન ગાજે','શ્રાવણી વિરહ ',' લીલી ધરતી', ' પૂનમરેણની વાજે પાવો ',' ટાઢ',' પોષ', 'હાકમાં', 'મોનકેતુ ',' સાંજનો તડકો ',' સાન્ધ્ય ગીત ',' અંધકારે ',' હવા','દિન અવસાને' ઇત્યાદિ કાવ્યોની દીર્ઘ પરંપરા છે.

એ જ રીતે પ્રણય અને વેદનાના ઉઘાડના કાવ્યોમાં ' વાતવાતમાં', 'એકાકિનો ',' વેદના',' વણબોલે',' અંદેહ',' નેહ',' અફળ મનીષા',' આવું છું', 'મિલન રાતની વેળા',' નહીં જવા દઉં' વિરહને વરી','વિદાય' ઇત્યાદિ કાવ્યો ગણાવી શકાય. આ સિવાય ' શીમળો જાગી' ,'પરબે','કાયને કોઈ'નાં શબ્દચિત્રો 'ફણગે ફૂટયું વહાલ 'માં માતૃપ્રેમ, ' શૈશવનો સાદ'માં બાળપણની યાદ કાવ્યના વિષય બને છે.

અન્ય કાવ્યોમાં જે કાવ્યો કવિની આનંદસમાધિના સ્થાયીભાવને પ્રત્યક્ષ યા પરોક્ષ રજૂ કરે છે એમાં 'કલબલ' કાવ્ય આપણું ધ્યાન ખેંચે છે. કાબરનો કલબલ કેશરી રંગમાં વેરાઈ છે અને એનાથી આંગણ અને ઓસરી ભરાઈ જાય છે. પરોઢના કેશરી રંગથી કાબરનો કલબલ કેશરી બનીને આંગણ- ઓસરીને ભરી દે છે. એ રંગમાં - કેશરી કલબલના રંગમાં કવિની આંખ પળેપળે પલકતી પાંપણમાં અંજાતી જાય છે. આ કેશરી કલબલ આમતેમ હાલે છે અને તેની પગલી અંકાય છે પંચમની વેલના છંદે. કેશરી કલબલની પગલી - ધ્વનિની પડઘો - પંચમની વેલનાં છંદે કવિઉરમાં અંકાતી જાય છે. એ વાયરાની પાંખમાં વળી વળીને જાય છે. કવિ આ કેશરિયા કલબલના છંદમાં એવા ખોવાઈ જાય છે કે જાણે વાદળ છવાઈ ગયું હોય તેમ ઘરની દીવાલ કે આભઊંચા ડુંગરા

કશું દેખાતું નથી. આ સ્થિતિમાં એમણે ક્યાંય કોરી નથી અને ક્યાંય ભીંજાઈ નથી એવો છલકેલો છોળમાં ગાયું છે. એવા કોઈ મહેરામણમાં ભળી ભળીને આનંદ સાગરમાં મળી રહે છે. એમને ધ્વનિ તેજરૂપ લાગતો હતો, ગંધરૂપ લાગતો હતો, તે ધ્વનિ અહીં રંગરૂપ લાગે છે. કેશરિયો રંગ કવિઉરમાં જે પગલાંને આંકી જાય છે તે આનંદસાગરની છોળથી ભીંજવી જાય છે.

'મનાઈ' કાવ્યમાં માંહ્યલો વાતની વેણને બોલવાની મનાઈ કરી કોઈ ફૂલની ગંધના અગનપુરમાં તણાઈ, નમણા રેલાતા તેજમાં હોઠને બંધ કરી એકલ એકલ ગાઈ રહે છે. 'નેમ'માં એમણે સૂર્યકિરણના સ્પર્શથી કમલ ખીલે તેમ પ્રિયાના મુખદર્શનનો નેમ લીધો છે. તેઓ નિશદિન નેણના અંધકારમાં જાગૃત રાત્રિની ઝંખનાને ભરી પૂર્વાકાશની જવનિકા સમી પ્રિયની નમણી પાંપણ ઉઘાડતી જુએ છે અને જાણે કે કોઈ ઓથાર સરી જતો હોય તેમ એમનું હૃદય મુક્ત ઝરણાની જેમ દ્રવતું અનુભવે છે. જલની ભીતર અજવાળું પ્રગટે છે, શરીર તંતુએ ચેતનની લહર ઊઠે છે, ગુંજરવ સંગ મહક વહે છે, ચંચલ ચાલે સમીર વાય છે ત્યારે કવિને લાગે છે કે --

'અહીં પ્રગટેલ તરંગ ન સીમિત, વિસ્મિત વધતે પ્રેમ.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૭૪)

પ્રેમના તરંગના મોજાં વધતાં જ જાય છે. એમનું આ પ્રણયકાવ્ય પણ હોઈ શકે પરંતુ પ્રેમનું શુદ્ધ સૂક્ષ્મ સ્વરૂપ પ્રિય પ્રભુને અપેક્ષે છે જે અહીં પ્રગટ છે.

અન્ય કાવ્યોમાં 'મન', 'કનકો માયા', 'નયન', 'નયનના આંસુ', 'શમણાં', 'વાણી', 'તૃપ્તિ' ઇત્યાદિને પણ કાવ્યના વિષય બનાવે છે. 'મારું મન ડોલે'માં કવિનું મન ડોલે છે સરવર જલની જેમ એની ઉછળતી છોળે. કલકલ હવાને હિલોળે છોળ કમલની જેમ દલદલ ખોલી પરિમલ ઢોળે છે, વનની અમરાઈમાં મંજરીની ગંધના અમલે ગાતી કોયલની જેમ કંઠ ખોલે છે, એકલાં એકલાં એની હરખ માતી નથી ને વાયુની સંગે વહી જાય છે અને ગગન ગુહામાં કોઈકને ઢંઢોળે છે. કવિ હવાના માધ્યમથી ગગનમાં પોઢેલા કોઈકને ઢંઢોળવા પહોંચી જાય છે. હવા સંગે એ સુરભિ બની જાય છે અથવા તો ગાનનો ધ્વનિ બની જાય છે. 'ઋજુ મન'માં ઋજુ, મંજુલ મનની વાણી શરદકાલીન ફોરમતા વનફૂલ જેવી લાગે છે. જેનો રણકાર વાયરો ચારેકોર રમતો કરે છે, લહર ઉપર લહર ઊઠે છે, છોળના હાલરડાંલયે એમનું હૃદય રોમ રોમ ફૂલી રહે છે. કવિને કુંજની વંજુલમાં નમણી વાણીને જુએ છે તો તેમને આખાય આકાશનો સ્પર્શ થાય છે, ઉરનો હર્ષ રેલાય છે, આયખાના બધાં વર્ષ ઓગળી જતાં લાગે છે. એ સૂરનો અને ફૂલનો સંગ ભળીને તેઓ એકરૂપ બની રહે છે.

'સૂરની ભેળો સૂર ને હું તો ફૂલની ભેળો ફૂલ.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૭૭)

'મુખર નયન'માં કવિના માનસહંસનું ઉડ્ડયન તેઓ આ રીતે વર્ણવે છે.

'અંગ મહીં ઋજુ કંપ, લહું મારા
પાણને ફૂટતી પંખ,
અણમોલી કોઈ ઝંખનાને બળ
વીંઝાય રે વેગવંત.
માનસહંસને ઊંડાં આકાશનાં આલોકે લાધિયાં ઉડ્ડયન.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૫૭૭)

કવિ રાજેન્દ્રનાં ઘણાં કાવ્યોમાં યોગક્રિયાના અનુભવો ધ્વનિત થતા જોઈ શકાય છે.

ઉપર્યુક્ત પંક્તિઓમાં પણ પ્રાણાયામને અને અનુભવાતો કંપ, પ્રાણનું સ્ફુરણ, અગમ્યનો ઝંખના અને પ્રાણના બળે મસ્તકના ગગનમાં પહોંચવાનો ઉડાન પણ ધ્વનિત થાય છે. 'અનુરાગ'માં કવિ પોતાનો કોઈક પરમઅનુભૂતિનું કાવ્યમય નિરૂપણ કરે છે.

'પ્રિય-અનુરાગ પરાગે,
મન મુજ ચિંતવન મહીં અહરહ
ગુંજનમય કતિપય રાગે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૫૭૮)

પળપળ વ્યાકુલ હોવા છતાં મન એકાંતમાં છલોછલ ઉલ્લાસથી સભર બને છે. મૃદંગ અજંપ બને તો પાયલ વિવશ બનીને શાંત રહેતો નથી અને ફૂલદલથી ફાગે રમતો રણકો ઉઠે છે. નયન ઉમંગના ગુલાલથી લાલ બને છે અને હૃદયમાં ભીને ચંચલ વ્હાલ ઉછળી રહે છે. કવિનો નજરનો પાસે જે છે તે સકલ દૂર સરે છે અને કંઈક બીજું જ રૂપ ધારણ કરે છે. કવિને સમજાતું નથી કે આ કયું સોણલું છે --

'જે હો તે પણ રીઝું,
રીઝું હું પરમ સુહાગે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૭૯)

આમ પ્રિય-અનુરાગપરાગને પામી કવિ ધન્ય બને છે.

'વાણી'માં વાણી ફૂલનો પ્રથમ ગંધ જેવી ફોરે છે અને દિલના બંધ છોડી મોકળા આકાશમાં મહાલે છે. વાણી પરોઢના આકાશનો અરુણાઈ ઝીલે છે. પાંદડાંનો પાંખ ફરકે ને વનરાઈ ગાઈ રહે છે, પાગલ હવા ઘડી ભાનમાં તો ઘડી અંધ બનીને ભમે છે ત્યારે કવિને પોતાનું સોણલું સાચું પડતું લાગે છે. ગમતું સકલ એમને વીંટળાઈ વળે છે અને તેઓ સહુનો સાથે નાચી ઉઠે છે. ચોગમ રેલાય છે તોય એમના નાનકડા ઉરમાં દુનિયા ડુલી જાય એવાં પૂર ક્યાંથી ઊમટે છે એનું કવિને વિસ્મય છે. વાણી થકી કવિનો એ સંકલ્પ છે કે --

'સહુને રે પ્રાણ વસવું,
મોંઘું હસવું, એવે ઢંગ,
આજ શી વાણી ફોરતી
જાણે ફૂલનો પ્રથમ ગંધ''
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૮૦)

ઉન્મેષ પામેલી વાણીના ઉદ્ભવનો હર્ષ અહીં પ્રગટ છે.

'માયા'માં ઉરનો અગન ગાનમાં તેઓ ઝરી જાય છે, પડઘો ય ડૂબી જાય એમ રેને નીરવ ગગન ઝીલે છે. અવની પર પ્રથમ પહોરનો અરૂણરંગ રેલાય છે અને કવિનું વિકલ મનપંખી માયાનો સંગ છોડી ઉડે છે. 'ઉઘડેલા નયન'માં ઝાકમઝોળ કામનાઓના ગાન સોણલાં રમી રહે છે. ઝાકળના જળ પર તેજ અને છાયા લઈ પ્રાણનો માયા ઝૂલે છે. સાંજના સમયે શ્યામલ ગમગીની છાવરી રહે છે, કમલદલ બીડાય છે, પાંપણ જલનમીની બને છે. કવિ તિમિરને અંક તે જ તારલ-બિંબ બની જ્યાં તૃણનું શયન છે ત્યાં એ ઢળે છે. આમ કવિનો ઉરનો અગન, મનનો વિકલતા, ઝાકમઝોળ શમણાં, પ્રાણનો તેજ-છાયાનો માયા, તિમિરમાં તારકતેજ સંગ કવિનો એકમયતા અને શાંતિ-કોમળ તૃણના સુખનો અનુભવ -આ બધું જ તેમના અનેક કાવ્યોમાં એક યા બીજી રીતે પડઘાતું જ રહ્યું છે.

'અણજાણે'માં એમણે કોઈના વ્હાલને અણજાણે અવગણ્યું અને હવે એમને કંઈ ગમતું નથી. દૂર એકાંતમાં સરી જઈ ઉરના પ્રાણનો ઉમટેલો શોક નીરવ આભમાં

ગમી જાય છે. કવિને ગગનની ગહનતા ગૂઢ અનુભવો આપે છે. એમ પ્રાણ વ્યાકુળ પ્રાણના અર્ઘ્યપાન હરિ પણ લે છે. 'એકલો'માં પણ તેઓ એકલા રાતનું ગગન નિહાળે છે અને અનુભવે છે--

'હોઠ-મૂંગા મનનો રણકાર
ઝીલું અંતરના કાને .
તેમ ગગનમાં છવાઈ નજરે
મન નીરખતો જાણે
અંધકારના પટ પર
કાજલ અંકિત છવિ મહેલો .'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૫૮૪)

અંધકારમાં તેઓ પોતાની કલ્પનાછવિને નિહાળી રહે છે.

'આકુલ અપેક્ષા'માં પણ રાત્રે તારલીઓ એમની સાથે જાગરણ કરે છે. બંનેનાં ~~લોચન લાચાર બની એકબીજા~~ સામે મીટ માંડી રહે છે. જાગતા ય જાગી જવાય એવો ભાવ ક્યાંક વાગે છે. કવિ પૂર બહારે તાર સાંધે છે અને ત્યાં કારમો સોપો છવાયેલો જુએ છે. ગૌરજ ટાણે ગાતા ગાતા જ અંકુરની માળા ગૂંથી હતી તે ફોરમના ઢોલને વળગે છે. કવિને સુખદુઃખની જ્વાળા જેવો અનુભવ થાય છે. એમના શીતલ અંગને સોનલવરણું લોહિણ મળે છે. આમ અહીં કોઈક સૂરનું સંધાન અંતરમાં આગ જગાવી રહે છે. શીતલ અંગો હવે સોનલવરણી અગનઝાળથી ચમકી ઊઠે છે.

'અનુનય'માં તેઓ કહે છે કે પોતાના ગગનમાં આવેલો મોંઘો મેહ અમોલખ ફોરાંનો નેહ ભીંજે છે. આ મેહ એ જ ઝરણ છે, એ જ હરિયાળું વન છે. પંખી સદાએ એનું જ ગાન રેલાવે છે અને કોકિલ માટીનું ગુમાન પણ એના લીધે જ છે. અહીં મેહ અને નેહનો અનુનય એક સમાન છે. 'તરલ મન'માં મન ઘેલું છે તે એક પળ પણ થોભવા રાજી નથી. ઘડી ઘડી એના નયનમાં નિરાળા રંગ રમે છે, મનની પગલીએ નગ્ન જલની લહરીઓ ભીના મહેર અંકાય છે. મન કોઈ સ્થળે ઠરતું નથી. એનું ઉડ્ડાન હવે વણરોક્યું છે. નભના તારલાના કૂલમાં પોતાની જ ધૂનમાં તે શેષનો ફેણનો મણિ ધરી રહે છે. સમયનું સોમપાન કરી એના ગાનમાં કંઈ સ્વપ્નિલ રાગિણી ઝરે છે અને તે જુએ છે --

'ઓગળી ધરા, ઓગળ્યાં આકાશ, ઓગળ્યાં એનાં ભુવન .'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૫૬૬)

એમનો મનોમયી અદ્વિતીય અનુભવો કરાવે છે.

'અવળો સિન્ધુ'માં અવળો સીનની ઓળખ હવે થઈ છે. ઝાઝા અજવાળે આંખ આંધળી બને છે. અનાદરનો અંધાર ઊજળો લાગે છે. સઘળે હરિનો અલગારી સાયરો છે. નજરથી જે દેખાય છે તે મહોરાં છે. એ જોઈને હરિને પિછાણી શકાતા નથી. હવે તો ખાલી અવકાશમાં નિરખી શકાય છે. એમને હરિ એકલો બહુરૂપી છલ આચરતો અને જુદા જુદા વેશે ભવને ભોગવતો અર્થાત્ લીલા કરતો દેખાય છે.

'ખોવાયેલો તું પોતે'માં ખોવાયેલી નાયિકા બારીએ બેસી બહાર જુએ છે પણ ઘરમાં સાહ્યબાને ગોતતી નથી. સાહ્યબો ઢોલિયે સૂતેલો છે એનો ઝીણો બોલ હવામાં વાય છે. એવું દેન છવાય છે. આ વિજોગણ નાયિકાનો ઢોલિયે સૂતેલો સાહ્યબો કવિના અંતરમાં પોઢેલો પ્રભુ છે.

'પાગલ પથિક'માં કવિ મિલનની કેડી પર ભ્રમણ કરતા એક પાગલ પથિકની વાત કરે છે. આ પાગલ પથિક તે કવિ પોતે જ અથવા તો જે મનસી તેઓ

અનુભૂતિઓને ઝીલે છે તે કવિનું મન છે. આ પથિક આવતાં-જતાં જળનો લીલાને જાણે છે. આ આવન-જાવનના ક્યાંય થોભા રહેતા નથી. એનો કોઈ દિશા કે આરો નથી અને એનું ક્યાંય ઘર નથી. એને ખાલીખમ આકાશનો જાદુ અસર કરી ગયો છે. ઝોળવામાં જ્યાં કંઈ ન ઊગે તેનાં વનફળ સ્વાદિષ્ટ લાગે છે. સરોવરનો ભીનો પવન આવી અગન અડકે છે - આગ લગાડે છે. એને એ પણ ખબર નથી કે કેટલા જોજન એણે કાપ્યા છે અને કેટલા જોજન બાકી રહ્યા છે. કવિ પથિકરૂપે પોતાની જ જાતને જણાવે છે--

'મન મોહ્યું ક્યાં? નેણ ક્યાં રહે તાકી?

જોઈ લે જરા

કોણ આ તારી છાંયમાં છાનું

ઝંખતું પાણિગ્રહણ?'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૫૬૪)

પોતાની છાંયમાં પોતાને પામવાની અહીં વાત છે. 'યા દેવી સર્વભૂતેષુ છાયારૂપેણ સંસ્થિતા' જે છાયા પ્રકૃતિનો અનંત વિસ્તાર છે કવિ એ જ અનંતનો અંશ છે. પોતાની છાયામાં પોતાને પામવું એટલે અનંત પરમતત્ત્વમાં આત્મતત્ત્વને જાણવું એમ હું સમજું છું.

અસ્મિતાને પ્રગટાવતી કવિની અનુભૂતિ -કોલાહલમાં અરવની ઓળખાણ 'ઘાટે' કાવ્યમાં પ્રતિધ્વનિત થાય છે. ઘાટ ઉપર આવતાં-જતાંનો કોલાહલ છે. બધાં પાર જવા વ્યાકુલ અધીર છે. કવિને જ્યાં જવાનું છે ત્યાં પવન કે વાયુ- શ્વાસપ્રાણ - કોઈ સંગાથે આવવાનું નથી. કવિને જવાની લેશમાત્ર ઉતાવળ નથી. એમની વાણી કલકલ નદીજલની જેમ તરલ લહેરની છોળે બેઉ આરે રેલાય છે. કવિ નજરમાં હોલાણ-અંધારે મોકળો મારગ મેળવી રહે છે. ત્યાં આવન-જાવન ઓસરી જાય છે. ઉજાસ આથમે છે અને નાવ અંધકારમાં પડે છે. અંધારામાં ઉડુગણ-ગાને તારના અવાજો શમે છે. તુનકનો અસવાર કવિ પોતે છે. તે સરળ હલેસે સ્હેલતો જાય છે, તરસવિહીન તોષના ભાવથી અરવનો અમલ પીતો જાય છે અને પાંપણ ભીતર અડતી હવાને બીજા જ દેશમાં ઓળખે છે. એમનું અસ્તિત્વ વાસ્તવ અને કલ્પનાનાં બે જગતની વચ્ચે વહેંચાયેલું છે. એમની એકાંતની ભાવયાત્રામાં દૃશ્યમાન જગતથી જુદા જ જગતને તેઓ જુએ છે. આ પમણ કાવ્ય સાંગોકિયાને રૂપકાત્મક રીતે રજૂ કરે છે એવું મને લાગે છે. કવિ દૃશ્યમાન જગતની ઘાટની કોલાહલ વચ્ચે પોતાની જીવન-નૌકા અથવા તો શ્વાસની ગતિને નદીજલની જેમ બેઉ આરે રેલાતી જુએ છે. એમનું ચિત્ત -નાવ જેમ જેમ હૃદયની ઊંડાણમાં -ઊંડા જલમાં સરતું જાય છે તેમ તેમ આવન -જાવન ઓસરી જાય છે. અવાજો શમી જાય છે. ચિત્તનો અસવાર, કવિનો આત્મા સરળ હલેસે સ્હેલતો જાય છે, અરવના અમલને પીતો જાય છે. પાંપણ ભીતર એમને બીજા જગતની હવાનો સ્પર્શ થાય છે તેમાં સાંગોકિયામાં હૃદયગ્રંથિભેદ પછી ઊઘડતા સૂક્ષ્મજગતનો નિર્દેશ હોવાનું માની શકાય છે.

'ઓટને તરીમાં કવિ કેવળ ઊછળતાં પાણીને પેલે પાર નજર માંડી, ઊજળા-કાળા કોઈ અંધારનો ઝાંખ જ્યાં નડતો નથી એવા અચલ ભણી સુકાનને હાથ લઈ, પવનનો પૂરો પાંખ ખોલીને હોડીને છોડવા આદેશ કરે છે. અહીં પણ પ્રાણના વેગે આત્મચેતનાનું ઉત્થાન પ્રતીકાત્મકરૂપે જોઈ શકાય છે.

'પિંજરની બહાર'માં કવિ સંકાશી આયના સામે ઊભા રહી પોતાને જુએ છે તો લાગે છે કે પોતે પિંજરમાં પુરાયેલા છે પરંતુ અંદરથી એક હડસેલો વાગે છે જે તેમને આંખની બારીથી દૂર દૂર ફેંકી દે છે. કવિ પોતે બંધનથી મુક્ત છે પરંતુ દૂર

નિઃસીમમાં પહોંચેલી કવિની આંખ તેમને અન્ય જગતમાં પહોંચાડી દે છે. આ જગત એ એમની એષણાનું જગત છે કલ્પનાનું જગત છે. અહીંનો ઘરનો નિરાળો છે, ફૂલમના બાગને ફેલાવતો પૂંવાળો વાયરો અટકે છે. હૈયું હામ ભીડી પાંખ વીંઝવા ઊછળે છે. કવિ ટહુકયા વિનાનું ગાન સાંભળે છે અને લેશ પણ હાલ્યાવિના આભમાં રમે છે. તેઓ કૃતાર્થ થઇ ગાઇ ઊઠે છે--

'આથમે ન દિન એવો, ચાંદની - રૂપાળો મને
આવ્યો સૂરજને ચાંદ.
જો વાદળું નહિ ને અમીથી વરસેલો.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૫૬૭)

કવિ દિન-રાત શીતળ તેજના અમીવર્ષણને ઝીલે છે. 'પિંજરની બહાર' એ એમની દેહભાવને ભૂલી સૂક્ષ્મ જગતમાં વિહારની અનુભૂતિને વર્ણવે છે.

'અંતર'માં એમનું અંતર ઝીણું ઝીણું બોલે છે. મૃદુલ લહરે હિલોળે હૃદય નીરવ નિલયમાં રમે છે. એના અનુકંપનથી હવાના ગુંજરણે ગગન છવાઇ રહે છે. ધરાનો ઉમંગ ઝરમર ઝરણામાં ઊછળતો રહે છે ત્યારે અણુ અણુ સુનિરંજિત રતિની કાંતિમાં કોળી ઊઠે છે. કવિ નિઃસીમના નાનકડા બિંદુને પ્રાન્ત, અર્થાત્ અનંત સમયનો એક નાનકડો ક્ષણ, પોતાને આંગણ એટલે કે અંતરમાં પ્રહર પ્રહરની મુકુલિત કેવલ શાંત રાગિણીને ઝીલે છે અને હૃદયદલ અરૂણકિરણના સંચારથી ખુલી જાય છે.

'શાન્તિ'માં બંધુના ઉદ્બોધનથી પોતાની અને સર્વની અવિચલ મન - શાન્તિની, પદે પદે પરિપૂર્ણ બની હૃદયને પરમપ્રેમની સંતૃપ્તિની, સંઘર્ષમાં પોતાની જ સુશીલ તેજની કાંતિની અભિલાષા સેવે છે. 'આંસુ'માં આંસુ ગમના ગુમાન જેવા લાગે છે અને મોહ્યલે સુખ એની ઓળખાણ માણી શકાય છે, તો 'નજર'માં 'નિજરૂપનું જ અવરનાં દૃગથી નિજ નયને થતું અંજન' મળે છે. જે પ્રાણની ઉચ્છલ ગતિની લહેરે એમના મનને રંજિત કરી રહે છે. અહીં આત્મરૂપનું ગુરૂએ આપેલા દિવ્યચક્ષુથી કવિના નયનમાં થતું પરમના સાક્ષાત્કારનું અંજન અભિપ્રેત છે. 'અનુભૂતિ'માં તેઓ પોતાના નયનમાં પલપલ અભિનવ પરિચયને પામી રહે છે. નીરવ નિલયમાં ચરણની ગતિથી ઊઠતા મૃદુ છંદને સાંભળે છે. તાજા ખિલેલા ફૂલની મધુમય સુગંધને માણે છે. કવિને આ ક્ષણના ચૌંતનનો સ્પર્શ લાગે છે. હવેની ખુલી આંખોએ ય પરમના પરિચયને તેઓ પામી રહે છે અને સ્વપ્ન જાગૃતિ સમું અને જાગૃતિ સ્વપ્ન સમી બની જાય છે.

'અમાપ ગગન'માં નજર સામે કેવળ અમાપ ગગનને તેઓ જુએ છે અને ઇચ્છે છે કે--

'ખાલી આ અવકાશ
હોય પરિપૂર્ણ એવી ધ્રુવ શાન્તિ '
હવે કેડી નૂતન , નીરવ નિમંત્રણ લહે કરણ.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૫૬૬)

અમાપ ગગનમાં પહોંચાડતી નૂતન કેડી કવિના કરણોને ( મન, બુધ્ધિ, ચિત્ત અને અંતઃકરણ અને ઇન્દ્રિયો ) નિમંત્રણ આપે છે. અહીં એમની અમૃતની યાત્રાનું સૂચન છે. એજ રીતે 'રૂપનું મુકુર'માં કવિ અચળ નયને એવા રૂપને નિરખે છે કે જેના આધારે પોતાને ય સાચી રીતે ઓળખી શકે છે. દાસની ભીતર પ્રહરના શણગાર પ્રેમ પૂર્વક સજે છે. અંતરને ધ્યાનયોગમાં યોજવાની તૈયારીનું સૂચન છે. અળગાને એક અને એક ને અળગ

એવો અનંતની ક્રીડાના નિજરૂપ સકલને જુએ છે. અહીં પ્રચ્છન્ન બિમ્બ જે અલગ અલગ છે તેને કવિ એક રૂપે જુએ છે અને પોતાનો અહમ્ જે એક છે તેને અલગ રૂપે જુએ છે. હાલ્યાચાલ્યા વગરની સ્થિરતામાં છંદના રંગને ઊડતો તેઓ નિહાળે છે. અર્થાત્ પ્રાણાયામની સ્થિર છતાં નિયમિત ગતિમાં કવિને આનંદની અનુભૂતિ થાય છે અને ત્યારે જ કવિ શૂન્યમાં અનહદને વિધ વિધ વર્ણે અને રૂપે નિહાળે છે.

'બાલોને અનહદ સોહે કે<br>
વર્ણે બહુલ અંગ '<br>
કેવલ સૂને સદન સહજ સુખનો મલય-મેરૂ .'<br>
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૬૦૧)

ત્યારે જ શૂન્યસદનમાં-શૂન્યની અવસ્થામાં- સહજ સુખને માણી રહે છે. આવી જ એમની અનુભૂતિ છે 'અરૂપ અંજન'માં. કવિ પોતાના નયનમાં જ પ્રિયના રૂપનું અંજન આંજીને બેઠા છે એટલે હવેતો વિમલ નજર નિખિલને નૂતન તેજે નિહાળે છે.

'નિગોપન'માં છલના થૈ છુપાયેલાને શોધવાની ક્રિયામાં પ્રિય પ્રભુની છુપાવાની કે કવિની શોધવાની કોની યુક્તિ ફળશે તે કવિ જાણતા નથી. 'નેણથી દૂર' માં કવિની ખાલી નજરને આવરી લે છે તેમાં રૂપહીણી મૂર્તિને અને વેદનાની મુખ ભરતીને કવિ માણે છે. કડવો અંધાર એ જ અમોઘલ તેજ છે એવો કવિને અનુભવ થાય છે.

'ન અટૂલો'માં કવિ સ્વપ્નના સ્પર્શે નિરાકારને સાકાર થતું જોઈ રહે છે. પલકારામાં વિતેલું સકલ વિલીન થઈ જાય છે. ક્ષણનો વિસ્તાર થાય છે.એક પળ ગગન સમાન બની રહે છે કવિના મનનો બિન મંદ્ર-વિલંબિત સૂર રેલાવે છે. કવિ જે સુખદ સ્વપ્નદૃશ્યો નીહાળે છે તે અનુભવ અવનવા જરૂર હોય છે પરંતુ સ્વનો રણકાર અને આનંદનું સુખ એ જ ફલશ્રુતિ છે . કવિ સરોવરતીરે મરાલયુગલની પાંખ પર પાંખ ઝૂમી રહેલી જુએ છે . નેપુરની ઘુઘરી સાથે ગાન ઝૂલે છે. ગાનમય ચુંબનમાં તેઓ પરમસુખનો એવો તે ભભાન અનુભવ કરે છે કે તે અન્ય બધું ભૂલી જાય છે.

રાજેન્દ્રની આત્મરતિ એ જ પ્રભુપ્રીતિ છે એવું આપણને ઘણીવાર લાગે છે. 'શમણું' કાવ્યમાં કવિ શમણામાં સૂતેલા જાગીને શમણું જુએ છે. જેમાં તેમનું મન રૂપી હરણ આથમણો પંથ મેલી ઉત્તર ભણી દોડે છે. હરિયાળું ગાઢ વન અને નિઃસીમ જીવન હોવા છતાં ય એમને તો માત્ર ખાલી અવકાશ જ દેખાય છે. શમણામાં જે દેખાય છે તેને ઓળખે છે તો અંગમાં કંપન જાગી ઊઠે છે. આંખ મીટ માંડી રહે છે, કવિ કહે છે--

'પરણ્યા સંગાથ<br>
રાતે રંગ આવી પરણું ''<br>
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૬૦૫)

આમ એમની કલ્પનાનો સાક્ષાત્કાર અથવા તો અધ્યાત્મનો ભાવાનુભવ કેટલો ઘેરો ગાઢ અને ગૂઢ છે તે જોઈ શકાય છે.

'તૃપ્તિ'માં ઘેલું મન મેળામાં જેને જોઈને મોહ્યું હતું તે એવનું અમથું કરતાં સાવ અજાણ્યા માર્ગે આવે નજર આગળ એ જ અનુપમ રૂપ સોહતું કવિને દેખાય છે. એમનું તૃપ્તિ - હોયું હૃદય મન ભરીને ટહુકે છે. અહીં પૂર્ણ પ્રાપ્તિની તૃપ્તિનો અનુભવ કરાવી શકે ત્યાં સુધીનો કવિનો આધ્યાત્મિક વિકાસ આપણે જોઈ શકીએ છીએ. આમ એમની ઉન્નત અવસ્થામાંથી ઊઠતું ઉન્નત અનુભૂતિનું ગાન કવિને પૂર્ણ અનુભવ અને પૂર્ણ પ્રાપ્તિનો પરિતોષ આપી રહે છે. હવે પૂર્ણ પરિતોષને પામ્યા પછી ચિંતનસમાધિમાંથી પ્રગટતું જ્ઞાન અને એ જ્ઞાનનો તેજોમય આભાને પ્રગટાવતું દર્શન 'ઈક્ષણા' કાવ્યસંગ્રહમાં અભિવ્યક્તિ પામે છે. 'ધ્વનિ'નાં કાવ્યોનો મુખ્ય વિષયનો

આનંદ ક્રમશઃ બ્રહ્માનુભૂતિના આનંદને પ્રગટાવે છે. કવિને અવનવાં ગૂઢ કલ્પનાતીત અનુભવો થયા છે તેમાંથી ફલીભૂત થતા ચિંતનનું ડહાપણ પ્રગટ થાય છે હવે પછીના કાવ્યસંગ્રહ 'ઈક્ષણા'નાં કાવ્યમાં.

ઈક્ષણા

'ઈક્ષણા'નાં ૭૫ કાવ્યો કૈલાસવાસી મહામહોપાધ્યાય શ્રી ગોપીનાથ કવિરાજને સમર્પિત છે. તેમના આધ્યાત્મિક આંદોલનો ઝીલીને કવિએ પોતાની અધ્યાત્મ-વૃત્તિને સંકોરી છે. કવિએ આદરેલું નિરુદ્દેશ ભ્રમણ વન-ઉપવન, સરવર-સાગર, ધરા-ગગન, દૃશ્ય અને અદૃશ્ય જગતની ચેતનાને ઝીલતું ઝીલતું પૂર્ણ અનુભવ અને પૂર્ણ પરિતોષને પામી રહે છે ત્યારે સત્યાસત્યનું દ્વંદ્વ, ભ્રમ અને સ્વપ્નનો વિસ્મય શમી જાય છે. કવિને જે આત્મદર્શન લાધે છે તે અધ્યાત્મદર્શનનું ચિંતનજ્ઞાન હવે તેમનાં કાવ્યોમાં પ્રગટ થવા લાગે છે અને એ રીતે કાવ્યના વિષયો આપોઆપ બદલાઈ જાય છે. ગોરજવેળા, ચાંદની, અંધકાર, સરોવરતીર, ઝરણાં, ફૂલો ઈત્યાદિ પ્રકૃતિ, વસ્તુદર્શન અને પ્રણયને વિષય કરતા કાવ્યશીર્ષકને બદલે હવે પ્રતીક્ષા, દૃષ્ટિ, બિંબ, કાળ, સંજયદૃષ્ટિ, શૂન્યને, અરવને ઈત્યાદિ જેવા કાવ્યના શીર્ષકો કવિના ચિંતનજ્ઞાનને પ્રગટાવે છે. 'ઈક્ષણા'નાં કાવ્યો 'પ્રતીક્ષા'થી 'રટણા' નો વચ્ચે કવિની અધ્યાત્મસ્થિતિના આલેખન રજૂ કરે છે. આ સંગ્રહનાં કાવ્યો યોગસાધનાપથે પળેલા કવિના ચિંતનો ક્રમિક વિકાસ અને આધ્યાત્મિક અનુભૂતિઓના વર્ણનને સમાવે છે. પ્રત્યેક કાવ્ય કવિની મનઃસ્થિતિનો ખ્યાલ આપવા સાથે તેમનો ક્રમ યોગસાધનાની સળંગ પ્રક્રિયાના આલેખને પણ રજૂ કરે છે.

'પ્રતીક્ષા'માં કવિની દૃષ્ટિ પળ પળ નિગૂઢ ભાવિના ઉઘાડને પ્રતીક્ષતી રહે છે. તરંગનો ઝાકને ઝીલીને અકલ્પને નિમુગ્ધ દૃષ્ટિ હેરી રહે છે પણ ક્ષણ સરી જતાં પુનઃ પ્રતીક્ષા પ્રારંભાય છે. 'સંકોચ-વિજૃંભણ'માં સંકોચ વિજૃંભણ ભાવની સંગતિ સમસ્ત વિશ્વ કરી રહ્યું છે. એના આકર્ષણે નેહ-સ્નેહના કંઈ કેટલાય રવ અંતરમાં ઊઠે છે. દિક્કાલને વિવર્તે જે વૈભવ રચાય છે તેનો સેવના કવિને રહી જાય છે. સંકોચ-વિજૃંભણનો ભાવસંગતિ એ જ લીલામય રમ્ય નિગૂઢ શાશ્વતી છે.

'સ્ફુરિત'માં સંકલ્પને સર્ગ સૃષ્ટિનું નિર્માણ-સંહાર પ્રગટે છે. અભાવની શૂન્યતામાં સ્પંદનશીલ એકલું જ વિશ્વરૂપ બને છે તે નિજ તત્ત્વને ધારણ કરી એકલે અંતરે જે સ્ફુરિત થાય છે તે માયાવિની રૂપધારીને આકર્ષતી રહે છે. 'દૃષ્ટિ'માં કવિના અંતરમાં નિગૂહિત રહેલ અગ્નિથી ધરા - સાગર - વાયુ - અંબર ભીંજાય છે અને વર્ણ-વિચિત્ર અંબર લાવણ્યના સ્પર્શે વિમોહિત કરે છે, તો કવિ ઇચ્છે છે કે ભલેને એકાકાર એ ઝૂમી રહે અને એના પરિરંભણમાં પવન થ રહી લે. અહીં કવિની દૃષ્ટિ અંતર્મુખ બની દેહના પૂરવે જળ, વાયુ, આકાશ તત્ત્વોને અગ્નિથી - પ્રાણાગ્નિથી ભીંજાતા જુએ છે, ત્યારે અમને વિમોહિત કરતાં ચેતનાના સ્ફુરણના સૌંદર્યના સ્પર્શથી તેઓ પોતે અને સકલ વિશ્વ એક ધારે એ રમણામાં યોજાય એમ ઇચ્છે છે.

'બિંબ'માં કવિ દર્પણમાં પોતાને જોતા અન્ય સર્વ વિસારી જાય છે. પરંતુ જે સોચિઃ, સમન્વિત છે તે અભિન્ન થઈ હૃદયે વસી જાય છે. મધુ મૌન અંતરના કંઠમાં ગુંજતું નથી પરંતુ કવિના ઉરે સર્વ બિંબિત છે એટલે એમને થાય છે કે તેઓ સર્વને જાણે કે ન જાણે એથી કોઈ ફેર પડતો નથી. તેઓ પોતાના ઉરમાં સર્વને બિંબિત થયેલા જોઈ શકે છે. પોતે તો છે જ, પોતે પોતાને જોઈ શકે તો સર્વનો પરિચય

આપોઆપ મળી જવાનો છે. 'એકલક્ષ'માં કાલના એનર્કાર પાશ્ચિમના કૂલોનો વર્ણનનો ઓપેલો કલાનો વિરક્તિનો વિહ્વળતા, ટહુકનો કોયલનો વાચાળતા, અને ટહુકાના કંપનસમોરે ખીલેલા કંકુડાના રાગનું મંગલ મૌન આ બધું જ એકલક્ષ આપે છે. કવિ વિહ્વળતા, મુખરતા અને મૌનનું મંગલ સર્વ ક્રમશઃ અનુભવી ચૂક્યા છે. અર્ધપાશો શાંતિ પૂર્ણ વિસ્તરેલો પ્રસંગ ક્ષણોનો પતીતિને વટાવી ચૂક્યા છે. આથી હવે બધું જ એક જ ક્ષણમાં બની રહે છે. કવિ ઇચ્છા અને એ જ ક્ષણે ઇચ્છાપ્રાપ્તિના આનંદને માણી રહે છે.

'કાલ'માં કવિ કાલના એક હાથમાં કંજ ફૂલને અને બીજા હાથમાં ટાંક પાતક જુએ છે. એમનો નેત્ર નેત્ર- વર્ષીણ અભિપ્રાય છે અને કાલનો આણ સર્વત્ર પ્રવર્તે છે એટલે પાપ્યાં ઉઘાડે છે. 'સંગ્રામ'માં કવિ દેવાસુરના સંગ્રામને વિલોકી આહત-રક્ત બિંદુઓથી અનેકનો ફરી ફરી ઉદ્ભવ જુએ છે. એમને લાગે છે કે --

'અસંગ હું જો રહું બોધિસત્ત્વશો,
તો દુર્ગ ખૂલે સુખપૂર્ણ શૂન્યનો.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૬૧૨)

શૂન્યના દુર્ગને ઉઘાડવા કવિને બુદ્ધના જેવી અસંગતા જરૂરી હોવાનું જણાય છે. આ જ ભાવને 'અસંગ'માં પ્રગટ કરતા કવિ પોતાના જ વૈભવ અસંગ રહી યમુનાતટે જલમાં રમી રહે, કાલિનાગની ફેણ ઉપર શિવનૃત્ય - તાંડવ કરી રહે અહીં જ ગોકુલ અને ત્યાં વનોપવન બને, ગોપિનો જેમ મોરલો હોઠે ધારણ કરે. ગોપીના ઉરની પ્રીતિ મધ્યે ય પોતે સ્થિર રહે. અમીનું આસ્વાદન કે દવાનલ બંનેય એમના માટે સમાન બની રહે અને અંતે તેઓ લખે છે --

'હું રાસ ખેલું વ્રજકુંજમાં વસી,
ને હું કુરુક્ષેત્ર વિશે ય સારથિ.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૬૧૩)

સંગહીન કર્મનો યોગ કવિને સુખપૂર્ણ શૂન્યના દુર્ગ ખોલી આપે છે. અને ત્યાર પછી તો પોતે પ્રભુત્વને પામે છે. પ્રભુની વિવિધ લીલાઓ વિષે પોતે જ રમી રહે છે. પૂર્ણત્વને પ્રભુત્વને પામવાનો સ્થિતિનો વિચાર કલ્પનામય ભાવજગતમાં અનુભવવાની એનો-વિસ્તારની સ્થિતિ. ચિંતન સમાધિની ક્ષણોના આનંદની અનુભૂતિ કરતો જુદો છે. કવિ કલ્પનાના ભાવ જગતમાંથી ક્રમશઃ ચિંતનના જ્ઞાન જગતમાં -યોગક્રિયાની સમાધિના જગતમાં પ્રવેશતા જાય છે ત્યારે જ ગોપિ-હૃદે- પોતે પાછળ દેખા બનતા કવિ 'મારે શું' કહે છે. સમસ્થિતિને પામવાનું જ્ઞાન પ્રભુત્વને પામવાનો માર્ગ છે એ તેઓ આત્મદર્શનમાંથી પામી શક્યા છે.

'આત્મરસ'માં કવિ નિગૂઢને ગ્રહણ કરીને જ્યાં સૌ વર્ણ લીન પામે છે એ રહસ્યને અને એકાંતયોગે આત્મરસને પામી રહે છે. 'ક્રીડનશીલ'માં પણ અનિત્યરૂપની લીલાને કવિ નિત્ય ક્રિયાશીલ બની નિહાળે છે પણ કવિને 'પ્રતૃપ્તિનો પ્રેમ તૃપ્ત નિરાયતનો' છે. કવિને પૂર્ણપરિતોષ મળ્યા પછી ય નિરાકારને પામવાની તૃષાનો ઉરમાં મહાલતો છે. કવિના નિગૂઢદેશમાંય પરમ ઉદ્દેશ છે. 'બીજ'માં કવિએ પોતે ભોમી નાખેલ બીજમાંથી વિલસતું વૃક્ષ ઉગેલું જોઈ, તેને નીરખવામાં સંતોષ અને સ્વપ્નની સાકારતા પમાડે છે પણ કવિના પાણ નિગૂઢ વેદના અનુભવ છે કેમકે તેઓ પોતે 'હું' અને 'તત્ત્વ' બંને ય છે. પોતે અને જેને ભોગે છે, પોષે છે, તે પોતે છે.

આમ કવિ બ્રહ્મરૂપ ઈશ્વરનો સર્જન, પોષણ અને સંહારની લીલામયતામાં અનુભવે છે.

'તું - હું' માં તેઓ કહે છે કે હું- તુંના દ્વૈતમાં જ જે અભિન્નતા પામી રહેલાં તેનો જ આ પ્રફુલ્લ સૃષ્ટિ છે. જ્યાં દ્વૈત અભિન્ન બને છે ત્યાં પ્રફુલ્લ સૃષ્ટિનું સર્જન થાય છે પણ દ્વૈતમાં પરસ્પર ક્રીડા કરતાં આપણે સૌ તો અનશ્વર છીએ. જીવ અને શિવની -આત્મા અને પરમાત્માની અનંત ક્રીડારૂપ જ સકલ સૃષ્ટિ છે.

'જ્ઞપ્તિ'માં પ્રભુના બહુવર્ણનો વિલાસ પોતાનો પણ છે. દલેદલમાં રહેલી સુગંધમાં કવિની પણ પ્રગતિ છે. આ પર્વનો પ્રસંગ બની રહે છે જેમાં તેઓ માણી રહે છે -

'શો શૂન્યને અંક નહાય પ્રભવ
આનંદનો ' ગુંજનશીલ વૈભવ ''
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૧૫)

એમને શૂન્યમાંથી પ્રભવતા આનંદનો વૈભવ ગુંજનશીલ તો લાગે છે જે પરમતત્ત્વની ધ્વનિરૂપ અનુભૂતિનું પરિચાયક છે. યોગક્રિયામાં કુંડલિની-ઉત્થાન દ્વારા પોતાનામાં રહેલી ગુપ્ત શક્તિનું જ્ઞાન અને દર્શનમાંથી થતા અનુભવોનું અહીં વર્ણન છે. સ્પંદિત વેદના, પૂર્ણ સમર્પણ, રંગરંગનો વૈભવ, ફૂલનો સુગંધ અને શૂન્યમાંથી ગુંજરતો આનંદ એ બધા જ યોગ સિદ્ધિનો સાક્ષાત્કારની ક્ષણે થતા અનુભવોને અહીં એમણે વ્યક્ત કર્યા છે.

'એ અંતિમે'માં તેજ- છાયાની જેમ બેઉ અંતિમે ભાવ- અભાવની અનુભૂતિને પામવાની છે અને સ્વાધીન બનીને વિધિ- નિષેધની બાધા કે દેહની પાળને પણ વટાવી જવાનું કહે છે. મૃત્યુ ઉપરનો વિજય છે આ, મૃત્યુંજય બનવાની સ્થિતિ છે.

'હિંદોલ'માં અહીં હોવા છતાં અન્ય લોકમાં અમૃત ઝૂલણે તેઓ હીંચી રહે છે. આ જાગૃત જેવું છે તેવું જ સ્વપ્નમાં પણ છે. બેઉ પંથની સંયુક્તિ એક ચોકમાં થાય છે. તેઓ નીલ - પિંગળ છાયા રૂપેની જુએ છે. મનોવિહંગ પાંખાળો પાંખ મેળવી રહે છે. કવિ મનોવિહંગથી નીલ-પીંગળ છાયનું દર્શન કરે છે. જે ઇન્દ્રિયગ્રાહ્ય અધ્યાત્માનુભૂતિનું પણ દ્યોતન કરે છે. નીલ રંગ ઇન્દ્રિયોનું અને પીંગળ રંગ શુદ્ધ બ્રહ્મનું સૂચન કરે છે. બ્રહ્મના સગુણ અને નિર્ગુણ રૂપની સહોપસ્થિતિ તેઓ જુએ છે. પોતે સગુણ અને સમાધિમાં યુતિ પામતું બ્રહ્મ નિર્ગુણ છે. 'અંધળો'માં અહંકાર યુક્ત બની પોતાને ય તેઓ પિછાણતા ન હતા. જે સમીપ છે તેનું સત્ય પણ માણી શકતા ન હતા. પરંતુ સમીપે સ્પર્શ આપ્યું કુંજન મંગળના નેત્રથી અંધળો સગી ગયો અને કવિ-હૃદયમાં પરિવિસ્તાર સંપન્ન થયો. યોગક્રિયામાં સમીપે સ્પર્શ આપ્યું ગુંજન એ પ્રાણશક્તિથી અનાહત ચક્રમાંથી સંભળાતો નાદ છે. હૃદયગ્રંથિભેદ થાય છે ત્યારે હૃદય નિર્મળ, નિર્વિકાર બની જાય છે. પ્રેમાર્દ્ર બનેલું હૃદય વિસ્તાર પામે છે તો તેમાં સકલ સમાઈ શકે છે.

'પંજરદૃષ્ટિ' માં અંતરમાં અપરોક્ષ દૃષ્ટિ પામી અગોચર-વિભુને પ્રત્યક્ષ જોઈ રહે છે. 'પ્રવાસી'માં પોતાને ભીતરના અગમના પ્રવાસી ગણાવે છે. મનો વેગે સંચાલિત સર્વ નૂતન રૂપે કવિમાં પ્રમન્વિત આવી મળે છે અને એ તિરોહિત પણ થાય છે. 'ઉપેક્ષિતનું આલિંગન'માં તારુણ્યના ઉન્માદમાં જેની અવજ્ઞા કરી હતી, તે દૂર ક્ષિતિજની ગતમાં ઝૂલતું પાથિવના સુખ માટે પગલાં ઘટે છે. એના ઋજુ સ્પર્શથી થરથર ઉત્ફુલ્લ અને કવિ વિસ્મય યુક્ત બને છે. કવિ પૂરના પ્રવાહમાં સંસ્થિત અંતરંગને આલિંગન દેતું નિહાળે છે. 'પ્રવાહ'માં સરિતાના સમયના પ્રવાહમાં જલમધ્યે સ્થાણુની જેમ રહી નિર્મળ માધુર્યના પ્રવાહને તેઓ પમાણે છે. 'સંનિકર્ષ'માં ઉછાળભર્યાં

ઉછાળનો પ્રગાઢ સ્પર્શ પામી પુરાતન અજાણ્યો પ્રતિકંપ પામે છે. 'નાચિકેત'માં જ્ઞાનાગ્નિશીલ તૃપ્ત, નિઃશેષ મરણના કેવળ એક ભાગે નાચિકેતને સ્પર્શીને જગતના આ પ્રપંચ મહીં અગ્નિરૂપ નાચિકેતાને જુએ છે. એના જ બળે સહુ જીવોનું અસ્તિત્વ હોવા છતાં એ વિરક્ત છે. તે મૂર્તરૂપે કાલબળને આધીન નથી તે એના અમૂર્તરૂપથી સંસૃતિ સંચાલિત છે. મૂર્તિરૂપ નાચિકેત કે કાલબળને આધીન બન્યો ન હતો અને અમૂર્ત અગ્નિરૂપ સંસારને પ્રકાશ દે છે - એમ બંને રૂપે કવિ નાચિકેતને પ્રમાણે છે. 'લાવણ્ય'માં લાવણ્યની સન્નિધિ વિના બધું અકારું લાગે છે. એમના નયનની લાલસા, હૈયાની વિહ્વળતા, પરાભવની પીડા, કામ્યપ્રીતિ -આ બધા માટે કોનો દોષ જોવો એ સમજાતું નથી. 'કામિની'માં ભ્રાન્ત કામિની નિજને શું હવે પિછાણતી નથી અને તે એક જ કેમાં નિમગ્ન છે, કેની જાણ ઉપર અન્યનું નામ નથી એવું એ ભવોભવની સંગતિ કાજે દીવાની બની છે. ઉત્કંપૂર્ણ રતિભાવમાં રસાનુભૂતિ પામેલ સર્વ અંગ જાણે કે પોતાના જ કેન્દ્રમાં નિમગ્ન બન્યાં છે એવું કવિ 'રસાનુભૂતિ' કાવ્યમાં અનુભવે છે. પરાકાષ્ઠાને પામેલ વિશ્રાંતિ આવી મળી હોય એવી પ્રશાન્તિમાં કવિ આનંદ અને વિહ્વળતાના નિર્મળ ભાવકિલ્લોલ લીલામાં ઉભયને -આનંદ અને વિહ્વળતાને -ભિન્ન છતાં અભિન્ન હોવાનું અનુભવે છે. અહીં આત્મા અને પરમાત્માની ભિન્ન તથા અભિન્ન સ્થિતિ પણ પ્રતીત થાય છે. 'તણાવ મધ્યે'માં તેઓ જીવન વાયુવેગ ધરી રહેલું જુએ છે. ભાવસમાધિના આવેગમાં તેઓ તણાય છે. પ્રાણવાયુના વેગને ધરતું સતત સરતું કાલથી પ્રભાવિત સમગ્ર જગત, જેની ઓળખની રેખા કવિ પરખવા મથે છે. નિરપેક્ષતાના અજવાળે તે જગતની આકૃતિઓ જડસમુદ્રમાં લુપ્ત બનેલી જુએ છે. અપેક્ષાઓનો બળપૂર્વક -સંયમપૂર્વક અંત થાય છે ત્યારે જ બ્રહ્મરૂપ સાગરમાં લુપ્ત થયેલું સ્થૂળ જગત જણાય છે. કવિ પણ એ જગતના ભાગરૂપ હોઈ એના વિચ્છિન્ન છોળ ઉપર છોળ ઉછાળતા પ્રવાહોમાં પોતાનું નિજત્વ શોધી શકતા નથી. બસ પછી તો એમને એ જ સ્થિતિમાં સમાહિત બની મુકામ ધરી વ્યોમે વિલીન બની ઋજુગાન ગાવું છે. વ્યોમમાં વિલીન બનવું એટલે યોગક્રિયામાં પ્રાણને સહસ્રાર સુધી પહોંચાડી શૂન્ય શિખરે -આકાશમાં સ્થિર બનવું અથવા તો વ્યાપ્ત બનવું. બ્રહ્મનું રૂપ આકાશ જેવું પાતળું સૂક્ષ્મ અને નિર્વિકાર અને પાત્રના રંગને ધારણ કરતું નિર્વર્ણ છે. 'છાયાપ્રભેદ'માં કાલતરંગમાં વહેતું મુખ એકના એક ભાવે ફરી જોવા મળતું નથી. વિભિન્ન પ્રતિબિંબ એનું આભાથી નૂતન નિજી રૂપમાં પ્રગટે છે. કવિ એ પુરાતનની ઓળખ પામી રહે છે ભલે ને એ સદા નવીન સ્વાંગ સ્થપે આવે. 'અનંદ નંદ'માં વહેલો પરોઢે હવાનો ઝાંખો લહરમાં અંધારઢળ્યો હિરણ્યવર્ણ તેજમાં નિકુંજપણે અનુનર આભા ધરે છે ત્યાં ખગકંઠ ગાન વ્યોમને છાઈ વળે છે અને આ સર્વ કવિના સર્વમય લોચનમાં પ્રવેશે છે ને અંતર અકામ -કામના રહિત શાંત બને છે. 'પ્રયાણ'માં કવિને પ્રતિકૂલ બધું ઉવેખો ' તું આવશે ' એવો ભરોસો જ હતો. કવિને તેમના અગમપંથ વિહાર કાજે એક દૃઢભાવનું પાથેય બહુ છે એનાથી જ તેમનું અક્ષયપાત્ર ભરેલું છે. જ્યાં ચરણ પડે ત્યાં આપણું જ રાજ એમને લાગે છે. એમના શબ્દોમાં જોઈએ --

'ચાલો પ્રયાણ કરીએ શુભ વ્હાણું વાતાં,
ઝીલંત નવ્ય દ્યુતિ, મંગળ ગાન ગાતાં.'
(સંકલિત કવિતા, પૃ૭૬-૭૭)

'વિહાર'માં માધુર્યે વહાવતી પ્રીતિ પુષ્પિત થાય ને પ્રાણથી કંઈ સહજ રૂપ પ્રગટે છે. એનો સંગ ભુવનત્રયનો વિહાર સધાય છે અને કવિ આનંદનો પરમશાંતિ

અને અપાઃ સુધા પામી રહે છે . 'શાન્તિ'માં શાન્તિથી જ નૂતન બિંદુઓનું પાણજાળ નિર્માણ સિદ્ધ કરવાનો અને તેનો માટે નિરોહ થૈ થૈ રમી રહેવાનો એમનો ખેવના છે. 'પ્રિયકાન્તને 'માં તેઓ જણાવે છે--

'તારે દૂરે પય વસ્યો થઈ કૃષ્ણરૂપ ,
રાધા સ્વરૂપ ધરતી પગલી પડી તે ,'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૬૬૩)

અહીં કૃષ્ણરૂપ પય ઉપર રાધારૂપી પગલી જેની નયનમાં વસેલા રૂપનું કવિ વર્ણન કરે છે.

'લીલા-૧' માં એમણે જે કેવલ શૂન્યતા નિહાળી હતી તેને અહીં તેઓ ચિરંતન ભવ્યતાએ ભરી ભરી જુએ છે. 'લીલા-૨'માં જે એકરૂપ અને અભિન્ન હતું તે ય સાપની કાંચળીની જેમ અળગું ઉતરી ગયું . તેઓ આત્મવિલોપન અને આત્મવિસ્તારની એષણાને આ રીતે પ્રગટ કરે છે--

'પ્રત્યેક આ અણુની આગ મહીં જળીશું
ને વાયુ જેમ વહશું ગગને અમેય'
ને એ અમૂર્ત જલ-બિંદુની નીલિમામાં
વ્યાપી રહે હૃદય-સ્પંદન-સૂર સૂક્ષ્મ.
એને જ અણુ મહીં વાય અનાદિ ફૂંક,
ને પછી એકરસ તન્મય ચંદ્રિકામાં .
હું નેત્ર બંધ કરીને સહુ કૈં વિલોપું .
હું નેત્ર બંધ કરીને સહુ કૈં વિલોકું .'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૬૬૫)

કવિ એકરસ તન્મય બની રહે છે ત્યારે બંધ આંખે સ્થૂળ જગતને વિલોપી રહે છે અને બંધ આંખે થતાં મધુર દર્શનનું બિમ્બ વિલોકી રહે છે. યોગક્રિયામાં જે એકરૂપ અને અભિન્ન હતો એ દેહભાવ સાપની કાંચળીની જેમ સરી ગયો ત્યારે જે પંચતત્ત્વોમાંથી કવિનો દેહ બન્યો છે તેમાં જ પુનઃ અભિસ્થાપન થઈ જાય છે. યોગમાં હૃદયગ્રંથિભેદ થતાં દેહનો પ્રત્યેક અણુ પ્રકાશિત અને દિવ્યચેતનાથી સભર બને છે ત્યારે આત્માનો સૂક્ષ્મજગતમાં પ્રવેશ થાય છે. કવિને પ્રત્યેક અણુની આગમાં જલી વાયુની જેમ ગગનમાં વહી અમૂર્ત જલબિંદુની નીલિમામાં વ્યાપી રહેવું છે. અહીં કુંડલિની - ઉત્થાન થતાં શક્તિનો જે બોધ પ્રગટે છે તેનાથી હૃદયગ્રંથિ ભેદાય છે. દેહભાવ દૂર થાય છે ત્યારે દેહનો પ્રત્યેક અણુ એ આગમાં જલી પરિશુદ્ધ થતાં ચમકવા લાગે છે. મન વાયુની જેમ ગગન - પ્રદેશોમાં વહી કોઈ અદ્વિતીય લોકમાં વિહરવા લાગે છે ત્યારે અમૂર્ત જલબિંદુ અર્થાત બ્રહ્માનંદસાગરમાં સૂક્ષ્મ સંગીત - અનાહતનાદ ગુંજી ઉઠે છે- વ્યાપી રહે છે. આ છે નાદ બ્રહ્મનું સ્વરૂપ આ જ પૂ: અનાદિ ફૂંક વેણુમાં વાતા હતા . કવિ એનો રંગ નીલ કલ્પે છે એની નીલિમામાં કવિનો આત્મા વ્યાપ્ત બને છે. આમ કવિએ નીલ રંગો અંતરાત્માનુભૂતિ તેના ઇન્દ્રિયસંવેદ્ય ગુણને પ્રગટ કરે છે. 'સ્મશાને' માં એમને જીવતાં કેવળ મૃત્યુપુંજ છવાયેલો છે એવા અંતરના સ્મશાને કોનું ધ્યાન ધરવું તે સમજાતું નથી. ત્યાં હળવો કરુણ કોનો સંભળાય છે તેનો ભેદ માત્ર વર્ણવી શક્યા હોય જાણે છે. સકલનો જે આધાર છે એવા અવકાશને વ્યાપવા તો અવધિહીન શૂન્યતાને કદાચ આ રીતે તેઓ નિહાળી રહ્યા છે. એવું મારું મંતવ્ય છે. તેઓ ઉચ્ચારી શકે એવું નામ એમાં રહેલું નથી છતાં તેનો આભાસ પ્રતીતિ એમને થાય છે. જેનો અનુભવ તેઓ કરે છે તે અકળ .

અણદીઠ, અનામને આ સ્વરૂપે ગ્રહણ કરે છે--

'અહીં નહીં શ્રુતિ, ન દૃષ્ટિ, ન અન્ય, એવું
કો સ્પંદશૂન્ય શ્રુતિમાં શ્રુતિ થૈ રહેવું'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૨૬)

નિષ્કંપ તેજમાં તેજને ભળી જવાની આ અનુભૂતિ છે.

'તૃતીય નેત્ર'માં કવિને પોતાનાં બે નેત્રો ઉપરાંત ત્રીજું ય નેત્ર મળ્યું છે જે દિક્કાલની પેલે પારનું દર્શન કરી શકે છે. સમુદ્રાપભર શૂન્ય જ છે દિગંત નહીં એમ કવિને 'શૂન્ય' કાવ્યમાં લાગે છે તો 'ચાહના'માં સકલને પોતાનામાં કેવી રીતે ઝીલે છે તેની વાત કરે છે. તેઓ પોતાના નાના અણુને ય ચાહે છે. એથી જ રૂપ-અરૂપને હવે ઝીલતો અખંડ વ્યોમમાં વહે છે અને સંભવ તો પોતાના બાહુઓમાં બધું સમાવે છે. આ રીતે ઘડીક શૂન્યના સ્તરે પોતે ખોવાઈ રહે છે તો ઘડીક ક્રીડા કરતું સમસ્ત અક્ષરલોક કવિ હૃદયમાં ધરી રહે છે. શ્વાસ-પ્રશ્વાસની જેમ ડોલતા ગોકુલના મધુવનમાં તેઓ ખેલતા રહે છે. 'શૂન્યમાં' કાવ્યમાં જ્યાં શ્રુતિ-અંધકારનો ભેદ રહેતો નથી એવા શૂન્યમાં તેઓ પોતાને જુએ છે. ત્યાં ગતિ-અગતિનો પણ ખ્યાલ આવતો નથી, રવ સંભળાતો નથી, કંઠસ્વરનો પ્રતિધ્વનિ ઊઠતો નથી. કેવળ એક ઉન્મતતાનો આ એક અનુભવ છે. એમનું મન આ રીતે ઊંચે ઊઠે છે અને નિરાલંબ સ્થિતિનો અનુભવ કરે છે. 'સુદામાની ઉક્તિ'માં સુદામાની ઝોળી ખાલી કરી પ્રભુએ અકિંચનનું ઘર સ્વર્ણિમ કરી દીધું એનું વર્ણન છે. અહીં સુદામા મારી દૃષ્ટિએ કવિનું હૃદય છે જે એષણાઓથી રિક્ત બને છે ત્યારે જ એમનો એષણાનું ઘર - હૃદય સુવર્ણ તેજથી ભરાઈ શકે છે. સુદામાના તાંદુલ એ સંગોપનતુચ્છ દ્રવ્ય હતું એણે હરી લીધું એમ કહી શકાય.

'સ્વભાવમાં' કાવ્ય નિરંતર વિશ્વમાં ભમી જે ઝોળીમાં મેળવ્યું છે તેનું વિસર્જન અને ઝોળીને કેન્દ્ર રહિત બિંદુમાં સર્વની અખંડ નિવૃત્તિનું કવિને થતું દર્શન વ્યક્ત કરે છે. હવે બહાર કે ભીતર કોઈ અભાવ રહ્યો નથી. તેઓ સ્વભાવમાં-પોતાના ભાવમાં - અધ્યાત્મભાવમાં સંપૂર્ણ રમી રહ્યા છે. ભગવદ્ગીતામાં કહ્યું છે કે 'સ્વભાવો અધ્યાત્મ:' પોતાનામાં અને સર્વમાં સ્થિત ચૈતન્યનું દર્શન એ 'સ્વ: ભાવ:'- સ્વભાવ છે. કવિ એમાં પૂર્ણ રમમાણ બની રહેવાની સ્વાનુભૂતિ પામે છે. 'સંસ્થિતિ'માં નદીનું પ્ર: કિનારા તોડી સર્વને નિજમાં સમાવતું અનંતમાં વહે છે. પતાકાત્મક રીતે ઉરમાં ઊઠેલા આવેગના પૂર્ણ સંકાશની અનલેખ રિદ્ધિ, વાદળી જેવી બલિષ્ઠ ભાવના અને પર્વતની તત્રધારણા. નિર્મલ સંસ્થિતિને પામવા કાંઈ પ્રાપ્ત થઈ છે ત્યાં એમને સંભળાય છે અનાહત નાદ. કોઈ સંતમાંથી આહત પામી ઊઠતો કલનાદ નહીં પણ સ્વયંનો જ નિષ્પન્ન ઝીણો દીર્ઘ આરવ હવે સંભળાય છે. તેઓ ધ્વનિના કલનાદની ખળખળનો શાંત રવ સાંભળે છે. કવિની નિજી આધ્યાત્માનુભૂતિ તેમનાં કાવ્યોમાં એક ઘા ઝીણું સ્વરૂપે પડઘાતી જ રહે છે. 'અભેદને ભેદ'માં જે દૃષ્ટિની ભીતર તે જુએ છે તે જ બહાર જુએ છે. અહીં અભેદને ભેદ મહાસુખનો તેઓ અનુભવ કરે છે.

'ઈક્ષણ' કાવ્ય કવિની ગૂઢ અનુભૂતિની ઈન્દ્રિયગ્રાહ્યતાને તેમના અન્ય કાવ્યોની જેમ જ અહીં પ્રગટાવે છે. વિશ્વના કેન્દ્રરૂપ બ્રહ્મની આસપાસ એમની નર્તન- પ્રદક્ષિણા છે. કોમલ - કાંત દર્શન કવિને અગ્નિના - યોગમાં પ્રાણાગ્નિના અર્ચિથી જણાય છે. મનમાં પરમને પામવાની વ્યાકુલતાનું બીજ, ઊજાસનો રાગ વહાવે છે. કવિ ઉન્મત્ત સ્થિતિનો અનુભવ કરે છે પણ આ અનુભૂતિની ક્ષણિકતાનો એમને ખ્યાલ છે --

'જાણે કે હું નાગી મહીં સમાવૃત,
સાદ કિંતુ જ્ઞાનમાં જ વ્યાહૃત.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૩૦)

'રતિ' કાવ્યમાં રતિનો પ્રવાહ આત્મીયના પ્રાંત ભણી વહી જાય છે અને એ રીતે કવિને જે બહાર દેખાય છે તે સર્વ પોતાનું બની ચિત્તમાં આવી રહે છે. પ્રિયદર્શના ભૂંસાઈ જાય છે. કોઈ અભાવ રહેતો નથી. કવિ કહે છે કે 'મારું' અને 'તારું' સમર્પણના ભૂમાની પ્રાપ્તિનું એ મંગલપર્વ બની રહે છે. 'અનંતને પંથે'માં અનંતપંથે ઋજુ વક્રરેખાને અંતે આદિબિંદુમાં સહજ મિલનની તેઓ ઝંખે છે. એનો જ પ્રભાવી પંથભૂતનો છાયા રમી રહેલો આ સૂક્તિમાં દેખાય છે. કવિનો દેહ ભલે શૂન્ય છે પણ એ આસને પ્રતિષ્ઠિત એમનું મન બેઠો રહ્યું છે. 'સંધાન'માં ઋજુ કેન્દ્રમાં તેઓ પોતાનું સંધાન કરવાનું જણાવે છે. તેઓ માત્ર નીલવર્ણને ઓળખે છે. એમણે પોતાની વ્યથા અને શાંતિ બધું જ સમર્પિત કરી દીધું છે. વ્યથાને ભૂલીને શાંતિને પ્રાપ્ત કરવાની સ્થિતિથી કવિ અહીં આગળ નીકળ્યા છે. નજરથી નજરના સધાને પ્રત્યાનુ અંતર લુપ્ત થઈ જાય છે. એ જ રીતે 'દૂરનો પ્રાન્નિધ્ય'માં તેઓ કહે છે 'હે દૂરિહ મારી ઋજુ નિત્ય સામનો'. વિયોગની અંદર છુપાયેલા યોગની જેમ દૂરનો પ્રતિબિંબ પમાણે છે તૃષાને હૈયે પણ તૃપ્તિને માણીને ગાનમાં લીન બની પરમ શાંતિને 'અનંતનો મુક્ત મુદાનો પંથ' માણી રહે છે. 'ખાલી ઘટ'માં કવિ ખાલી ઘટના કારણે જ અનંતના વિહારને માણી રહે છે. ઘટ ખાલી હોય છે ત્યારે જ તેમાં તરંગના હિંડોળથી ઊર્ધ્વગમન શક્ય બને છે. તો 'ગૂંગળામણ'માં કવિ શૂન્યમાં રત્નને શોધી રહેલા મરજીવાની ગૂંગળામણનો અનુભવ કરે છે. એમને અમૃતપાનની તૃષા છે નિર્મલ તેજ વહાવતા રત્નને કારણે મૃત્યુની ગૂંગળામણને તેઓ વહોરી લે છે. અહીં પ્રાણશક્તિ ઊંધે ચઢતાં કંઠના વિશુદ્ધચક્રમાં પ્રાણ પ્રવેશતાં મૃત્યુની ગૂંગળામણનો અનુભવ થાય છે. યોગના આવા અનુભવને પણ કવિ નિર્મલ તેજની પ્રાપ્તિ અર્થે સ્વીકારવા તૈયાર છે. 'અભેદ'માં ગોપી ભાવે કવિ વેણુના બોલે નીરવ શાંતિને પામે છે. એકમય બનેલા કવિના અંતરમાં વ્યક્તિ-વ્યક્તિનું અંતર રહ્યું નથી. કવિ એ બિંદુમાં સમષ્ટિને સમાતી જુએ છે. લક્ષને જોતાં બિલ્વમંગળની આંખે જે ઝાંખી કરી ધન્યતા પ્રાપ્ત કરી તેને પોતે ખુલ્લી આંખે જોઈ શકતા નથી એનો રંજ તેમણે 'બિલ્વમંગલ' કાવ્યમાં વ્યક્ત કર્યો છે. 'ચલો'માં ચિત્તનો નીરવ વન્યભૂમિએ જવાનો કવિનો ઉપક્રમ છે. 'ઉન્મના'માં મુક્તનો સેતુ ધરી મન અંધકારના અવકાશને વીંધતું શૂન્યમાં લય પામતા સ્વપ્નમાં પડે છે. કવિ કહે છે --

'પ્રકાશના પુંજની હે રે મૂર્છના!
તે હું સુણું નીરવ મારી જલ્પના!'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૩૪)

'શૂન્યના આસને'માં કવિ પ્રભુને શૂન્યના આસને બિરાજી રહેવા જણાવે છે જેથી તેમની સીમિત દૃષ્ટિ અનંત બને. પ્રભુને શાશ્વતભાવથી સ્થિત બનવા પોતાના શ્વાસોચ્છ્વાસ ધરી દેવા તૈયાર છે. સ્વયં પ્રભુ હંમેશા નિગૂઢ રહે અને જ્યાં એ નિગૂઢ છે એ આનંદસંતની સૌમ્ય ગુહામાં કવિ અપાર નીલ નભને ભેદી પહોંચી જાય છે. કવિ કૌમુદીમાં જેમ ઇન્દુને જુએ છે તેમ વિરાટને બિંદુમાં પામે છે. પ્રેમ ભાવે એકરૂપ બનેલો વિરાટ વિશ્વનો ચેતનાંશ તેઓ બિંદુમાં પામી રહે છે. 'મોરલી'માં મોરલી સ્વયં કંઈ બોલતી નથી છતાં કવિના ઉરને એ બોલતું કરે છે. કાનન અને વ્યોમને દ્રવતું કરે છે. 'વસંતને વાણી'માં વસંતના કોમલ સ્પર્શમાં તેઓ માણે છે 'વ્યાપી રહ્યું કાનનછાયું ગુંજન'

અને વસંતના વર્ણથી સહુ વિશ્વને પોતાનામાં સાહી લે છે. 'નવી ઓળખાણ'માં એમને પોતાની જ નવી નવી ઓળખાણ થતી જણાય છે. 'હવે'માં તેઓ અનુભવે છે અનંતના મહાસાગરની ગતિમાં હિલ્લોળાતા સર્વની સંસ્થિતિ. 'સયુજા'માં કવિ પળે પળે નવાં નવાં રૂપ ધરતી સૃષ્ટિની સાથે તન્મય બની પ્રગાઢ રાગોદ્દભવ . હર્ષ. ક્રંદન અનુભવતા રુદ્ર- રમ્ય તત્ત્વો સાથે ગર્વથી મુગ્ધ વિહાર કરે છે અને એમ લાગે છે કે--

'એના બધા ભાવઉછાળ ચંચલ.
શમંત મારા ઉર માંહી મંગલ.'
(સંકલિત કવિતા .પૃષ્ઠ - ૬૩૭)

'કંટકપંથ'માં એમણે અજાણ કેડીનો કંટકમાર્ગ પસંદ કર્યો છે પણ સંકલ્પના શીલથી તેઓ પોતાના નીલ રમણીય ધામને સામે જ જોઈ શકે છે. 'દર્પદુર્ગ' માં પોતાના તે કેન્દ્રમાં સ્થિત રહેવાનો અનુભવ કરે છે. 'વિવર્ત'માં કવિને અંધકારમાં માત્ર સ્ફુલિંગવત્ સ્મૃતિ રહે છે તો 'નિરીહ'માં કવિ નિરીહનો સ્પર્શ ઇચ્છે છે--

'અભાવની કિંચિત હો ન ધારણા ,
હું પૂર્ણમાં પૂર્ણ . રહો વિભાવના .'
(સંકલિત કવિતા .પૃષ્ઠ- ૬૩૯)

'ઝાકળમાં' કાવ્યમાં આદિ પ્રભાતે સ્વર્ણિમ પદ્દમનું પ્રાગટ્ય અને દિગંત વ્યાપી મધુ ભ્રુંગ-ગુંજન કવિના રોમમાં વિલોમ કંપન જગાવે છે. કવિ પોતાને 'દ્યુતિ શબ્દશો' નિહાળે છે. ઝાકળમાં ભીના નમને હર્ષ પામતી સૃષ્ટિને માણે છે. પોતાનું સ્વરૂપ ધ્વનિરૂપ તેજનું બનેલું છે કે તેજરૂપ ધ્વનિનું બનેલું છે એવું તો પોતાનાં અનેક કાવ્યોમાં કવિએ પ્રગટ કર્યું છે. 'હિમાગ્નિ' માં હિમાગ્નિની જેમ કોઇ વેદના આવે પણ છે અને હિમાગ્નિ જેવી જ સાંત્વના પણ મળે છે . અગ્નિનો બાળવાનો અને હિમનો શીતળતા આપવાનો ગુણ હિમાગ્નિમાં એક સાથે રહેલો છે. 'કર્ષણ'માં કવિ અનિત્ય ક્ષણમાં વિલસીને શમી જતી વિશ્વની લીલાને નિરંતર નિહાળે છે. તેઓ ઉચ્છલ તરંગની સંગ ખેલે છે પણ નિઃસીમ નીલ દ્યુતિનો શ્રુતિશાંત સિંધુ રસનિગૂઢ વિવિક્ત લોક પ્રત્યે આકર્ષે છે. આ કર્ષણમાં કવિ સહજ ભીતર તણાય છે. અંગ હવે કોરું રહેતું નથી. જલમાં જલમીન બની તેઓ ન્હાય છે. 'તૃપ્તિ'માં નીલ સિંધુમાં ક્ષણએક ડુબી જ્યાં બહાર આવે છે ત્યાં વેગવંત કોલાહલે ઉન્મન પ્રચંડ રમણે ઉછળતી લહર માં કવિ વૃષ્ટિમય શીકર ઝીલે છે. એ વર્ષામાં નાહી રહે છે. નેત્ર બિંદુઓની વિભિન્ન વિભિન્ન વર્ણ છટાને મીટ માંડીને જોઇ રહે છે અને મુગ્ધ સંચિત રસોત્સવમાં લીન બને છે ત્યાં મનભાવન મૃદંગ અને વેણુગાનની સાથે કવિના ચરણ ઝંકૃત બને છે. પ્રાણ તૃપ્ત બને છે. 'ઝાંખી'માં વિરલ રૂપની સ્વપ્નમાં તેઓ ઝાંખી કરે છે અને જાગ્રત જગતમાં નિત્ય શોધે છે. એમનું પ્રત્યેક પગલું અદમ્ય દ્યુતિમાં મંડાય છે અને દૃષ્ટિ બધે છવાઇ રહે છે. એમની યાત્રા સદૈવ અનુકૂળ શાંત નથી છતાં તેઓ આશા રાખે છે કે --

'સંકલ્પ અંતર તણો હું લહીશ મૂર્ત .
કોઇ સવાર શુભ કામ્ય બને મુહૂર્ત .'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૬૪૧)

'અંકિત'માં તેઓ ભૂમિ-ગગને ઋતુના વિવર્તને નિહાળે છે. કોઈક અચલ કેન્દ્રની આસપાસ સપ્તર્ષિ ઉદય - અસ્તનું વિશ્વ એક જગ્યાએ વિલોપન પામે છે અને બીજી જગ્યાએ નવું રૂપ ધારણ કરે છે. ત્યાં એ જ શ્રુતિવિભિન્ન બધો હુલાસ અર્થાત્ અરવ

## પત્રલેખા

'પત્રલેખા'માં ૪૬ કાવ્યો કવિએ સ્નેહી-સ્વજનોને લખેલા કાવ્યમય પત્રોનો સંગ્રહ છે. જેમાં એમના સ્વ-ભાવ - સ્થાયીભાવ -ને પ્રગટ કરતી પંક્તિઓ આપણને ક્યાંક ક્યાંક મળી રહે છે ખરી. દા.ત. કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય 'પત્ર'ની પ્રારંભિક પંક્તિઓ પ્રિયાને ઉદ્દેશીને કહેલી હોવા છતાં પત્રમાં 'નવ અક્ષર' પ્રકૃતિનો શાશ્વત અક્ષરભાવ અથવા તો અક્ષરબ્રહ્મ ઓમ્‌ને નિર્દેશે છે. 'મંગલ શાશ્વતી'માં પ્રિય પ્રમુખ કવિ પોતાની અધ્યાત્મ- સંવેદનાઓને પ્રગટ કરતાં ગતિશીલ સમષ્ટિમાં જીવન કંઈક નવું જ ધારણ કરી લઈ જતો જણાય છે. ત્યજવું, પામવું, એક જ ભાવમાં પૂર્ણતાનો કવિને અનુભવ થાય છે. પ્રકૃતિમાં સ્ફુટ થતી પ્રસન્નતા, આપૂર્ણતા થકી જ પ્રગટે છે. કવિ જ્યાં મરણ છે ત્યાં જ નવ જન્મનો પણ અને મિલનની મંગલ શાશ્વતી ક્ષણ નિહાળે છે. 'ઊંઘ આવતી ન હતી'માં કવિના નિરુદ્દેશ ભ્રમણની એષણા પુનઃ અભિવ્યક્તિ પામે છે.

'મારે
ભર્યું નિરુદ્દેશે ય ભ્રમણ ......
આ દિશ ઓ દિશને હિલોળ ઝૂલું - રમું.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૪૮)

'ગગને સ્ફુરણ'માં તેઓ પત્રના અક્ષર આકારને પામે છે. જે નિરાકાર બ્રહ્મનો અક્ષરરૂપ આકાર ઓમ્ કહી શકાય. 'ઉન્મના'માં દૂર દૂર દૃષ્ટિ માંડી શૂન્યના અનુસંધાને શૂન્ય થઈ રહે છે તો 'એકાન્તે'માં કવિ કિરણને કોલાહલ અનંત ભિતિનું આવરણ જુએ છે. 'દૃગમાં'માં આખું યે આકાશ ભીતર ધસી આવે છે અને ભીતરની નિરાકાર પૂર્તિ કેવલ ધવલપુંજ મહીં જુએ છે. 'જોઉં'માં બે અક્ષરના સાયુજ્યે કવિ એકશબ્દના પ્રભાવને જુએ છે. બે અક્ષર એટલે 'પ્રેમ'ના સાયુજ્યે કવિ એક શબ્દ એટલે ઓમ્‌નો પ્રભાવ જુએ છે. અથવા અક્ષર એટલે કે જે ક્ષર નથી તે આત્મા અને પરમાત્માના સાયુજ્યે એક શબ્દ "ઓમ્"ને જુએ છે એમ પણ કહી શકાય. કવિ એ શબ્દ પ્રભવના મૌન સ્પર્શી સ્પંદ પામતું અવિરત ગુંજનનું અસીમ ગગન નિહાળે છે. આ જ રીતે 'એકાન્ત નિલય', '.....ને', 'આઘાત', 'પીંછું', 'તવ નામ', 'શાન્ત રતિ', 'વન પ્રવેશ', '.......ને જન્મ દિને', 'પૌરુષ્ય', 'દિવેશનિવાણી ભિક્ષુણીને', 'કારાગારમાંથી', 'હે આત્મીય', 'હે અપરિચિતા', 'કોકિલદાહની છાયામાં', 'ધ્યાન', 'વ્રજવતી', 'દેવાતીરે', 'અન્તર્દૃષ્ટ', 'દેવાન વહેણ', 'નદી કહે', 'નળ સરોવર' ઇત્યાદિ કાવ્યોમાં પણ એમના આધ્યાત્મિક વ્યક્તિત્વને પ્રગટાવતા સ્ફુલિંગો મળી રહે છે. ભાવોનું પુનરાવર્તન અને પંક્તિઓની એકવિધતા હોવાથી અહીં બધી જ પંક્તિઓ આપવાનું હું યોગ્ય સમજતી નથી પરંતુ ઉપર્યુક્ત કાવ્યોમાંથી કવિની વૈયક્તિક અનુભૂતિ વૈશ્વિક અધ્યાત્માનુભૂતિના પરિમાણને સ્પર્શે છે. આમ 'પત્રલેખા' સંગ્રહનાં કાવ્યોમાં કવિનો સ્વ-ભાવ સુપેરે પ્રગટ થાય છે. એમણે અન્ય કાવ્યોમાં પોતાના જે અનુભૂતિ-ચિંતનને પ્રગટાવ્યાં છે તે ગુંજનનો ધ્વનિ, સ્વપ્ન-જાગ્રત અવસ્થા, અનંતમાં વિસ્તાર, આનંદ પારાવાર અક્ષર રૂપ આકારની પ્રાપ્તિ. શૂન્યમાં શૂન્ય થઈ રહેવાની અનુભૂતિ તેજોમય અનંતનો આવિર્ભાવ ઇત્યાદિ ભાવસ્થિતિઓ આ સંગ્રહનાં કાવ્યોમાં પણ જડી આવે છે.

## પ્રસંગસપ્તક

'પ્રસંગસપ્તક'માં સાત પદ્યનાટકોનો સમાવેશ છે. 'અહલ્યા', 'કૈકયી', 'રેણુકાનો પુનર્જન્મ', 'સત્યા', 'શકુંતલા', 'પૃથાની વરપ્રાપ્તિ', 'અર્જુન' -- એમ પૌરાણિક કથાઓ પર આધારિત સાત પ્રસંગોનું કાવ્યમય નિરૂપણ છે. એમને પ્રિય તપોવનસંસ્કૃતિની આબોહવામાં પાત્રોના જીવનની મુખ્ય ઘટનાને કેન્દ્રમાં રાખી આકર્ષક સંવાદોના માધ્યમે નાટ્યહૃદયની ભાવસુષમાને પ્રગટાવવાનો એમણે પ્રયત્ન કર્યો છે.

## પંચપર્વા

'પંચપર્વા'માં પ્રથમ કાવ્ય 'નમોનમઃ'થી પ્રારંભાઈ 'તથાસ્તુ' સુધી કુલ ૬૭ કાવ્યો પાંચ પંક્તિઓના બનેલા છે. ગઝલના શેરની જેમ અન્ત્યાનુપ્રાસમાં ઢળતી એક એક પંક્તિ પૃથક્ વિચારને રજૂ કરે છે. આ કાવ્યોમાં કેટલાંક કાવ્યો પ્રણય,વ્યવહાર ઇત્યાદિને વિષય બનાવે છે તો કેટલાંક કાવ્યોમાં કવિની નિજી છવિ ઉપસાવતાં સ્વાનુભૂતિનાં સ્ફુલિંગો પ્રગટી રહે છે. જો કે કવિ એક વખત અધ્યાત્મયાત્રાની ચરમ-સીમાએ પહોંચી ચૂક્યા છે એટલે અવાર-નવાર કવિએ માણ્યું તેને સંભારવાનું કે ફરી ફરીને માણવાનું જ કામ બાકી છે. આથી હવે પછીનાં કાવ્યોમાં જે પ્રગટ કરે છે તે અનુભૂતિ કવિએ અગાઉના કાવ્યોમાં પ્રગટ કરી છે તે જ છે. પરંતુ આપણે જોઇ શકીએ છીએ કે કવિની આ ક્ષણિક અનુભૂતિ ક્રમશઃ શાશ્વત બનતી જાય છે એટલે તો કાવ્યોમાં તે પુનઃ પુનઃ પ્રગટતી રહે છે. સંગ્રહનું પ્રથમ કાવ્ય 'નમોનમઃ' જ સમગ્ર કાવ્યસંગ્રહનું અને કવિની અધ્યાત્મસિદ્ધિનું પ્રતિનિધિકાવ્ય બની રહે છે. ઐક્યના ટહુકાથી વળતી વિદાયની વચ્ચે જીવન-અનુભૂતિના પૂર્ણ આલેખને તેઓ કહે છે 'નમો નમઃ'. મિલન અને વિદાય બંને પ્રસંગોનો આ કદાચ વ્યવહાર -આચાર ગણીએ તો કવિએ એ બંને ક્ષણોની વચ્ચે જ પામ્યું છે -માણ્યું છે તે સર્વેને 'નમો નમઃ' પાઠવી આત્મસાક્ષ્ય સ્વીકાર કરે છે.

'મળી કરી બે કર ઐક્ય આપણું
ટહૌકી રહ્યું હર્ષ થકી નમોનમઃ.'
(સંકલિત કવિતા ,પૃ૭૩-૭૩૭)

મિલનવેળાનું બે કરનું ઐક્ય અને પ્રગટતા હર્ષના ટહુકાને કવિ નમે છે. ત્યાર પછી યાત્રાપથમાં આમ જ એક પછી એક મળતા સર્વની એકતાને , સ્વીકૃતિને કવિ નમે છે. આ રીતે મળતાં જતાં - સાથે ભળતાં જનોનો વિરાટ સંઘ થાય છે. જેના ઉદ્‌ઘોષનો આરંભ નભમાં ગાજી ઊઠે છે. એમણે આ રીતે અખિલાઈનો આનંદ માણ્યો છે. હવે એ નાદ ઉરમાં ડૂબે છે. તેઓ તેમના જીવનકાળમાં જ અખિલ વિશ્વને પોતાના નાનકડા ઉરમાં સમાવી એકાત્મઆનંદને માણી શક્યા છે , પોતાની બિંદુવત્ ચેતનાથી ચેતનાના પારાવારને પામી શક્યા છે, અંતરમાં રણકતા બ્રહ્મના અણરવ નાદને સાંભળી શક્યા છે

તે સ્વચૈતનારૂપી નાદ હવે ઉરમાં ફૂબી રહ્યો છે. કવિની ચૈતના બંધનમુક્ત થઈ વિદાય લેવાની છે ત્યારે ય કવિ કહે છે --

'મારી જણાતી વળતી વિદાય ..હા
કશીક પામું લય હું . નમોનમઃ ..'
(સંકલિત કવિતા.પૃષ્ઠ- ૭૬૭)

કવિ જ્યાંથી પ્રગટ થયા છે ત્યાં જ પાછા જવાના છે એટલે જ એ વિદાય માત્ર નથી . વળતી વિદાય છે. જે ચૈતન્યમાંથી પ્રાગટ્ય છે તેમાં જ લય પામવાનું છે અને કવિ પોતાની ચૈતન્યલીલાને સમેટી લે તે પહેલાં સૌને પાઠવે છે 'નમોનમઃ'. આમ નમસ્કાર મિલન અને વિદાયની ઔપચારિકતા તો છે જ પણ અહીં એમના આત્મસાક્ષ્ય અનુભવોનો સાદર સ્વીકાર છે. અન્ય કાવ્યોમાં પણ કવિની સ્વાનુભૂતિને પ્રગટ કરતી પંક્તિઓ મળે છે જેનો ભાવ એમણે અત્યાર સુધીના કાવ્યોમાં પ્રગટાવ્યો છે તે જ છે. દા.ત. 'જાઉં રમી' માં

'સવારનું વરેણ્ય ભર્ગ તો સપનું .

ગભીર નીરને વિલોલ દોલ જાઉં રમી .'
(સંકલિત કવિતા .પૃષ્ઠ- ૭૬૮)

'બાધા નયનની'માં કવિ પોતાની નજર આકાશ પર ફેરવે છે તો નયનની બધી બાધાઓ લુપ્ત થઈ જાય છે. તો 'વ્યોમની બાધા નડે ના'માં ચિત્તના આવેગથી એકોને એવો તાલ દે છે કે જ્યાં કંઈ નથી ત્યાં લક્ષ્યને પહોંચવા વ્યોમની બાધા પણ નડતી નથી. 'સેતુ'માં 'તુંથી અવર' કંઈ જોતા નથી. 'નિરંતરનું વહન'માં એમને હથેળી સૂર્યનું નિકેતન લાગે છે એમાં નિરંતરનું વહન છે. સૂર્યનો સથવારો કરવાની શીખ આપતા કવિ હથેળીમાં જ સૂર્યનું ગગન હોવાનું જણાવે છે. 'સ્વાહા'માં શબ્દવંત વ્યોમ એમને વળગી રહેલ છે જે પ્રયત્ન કરવા છતાં અલગ થતું નથી. એટલે 'અહમ'ને સ્વાહા કરીને. યજ્ઞમાં હોમીને પોતાના અસ્તિત્વને શબ્દવંત વ્યોમરૂપે તેઓ પામે છે. 'વ્યંજન મળ્યું'માં શબ્દબ્રહ્મની પ્રાપ્તિ નોંધ પ્રમાણે રજૂ થઈ છે.

'એકલો સ્વર કંઠની ભીતર હતો અવધાનમાં .
પ્રાણને આવેગ એને હોઠ પર વ્યંજન મળ્યું .'
(સંકલિત કવિતા .પૃષ્ઠ- ૭૭૧)

શબ્દબ્રહ્મનો આકાર 'ઓમ 'કારનો કવિ અહીં ઉલ્લેખ કરે છે. 'અ' અને 'ઉ' સ્વર કંઠની ભીતર હતા ને હોઠ ઉપરનો વ્યંજન' મ' પ્રાણને આવેગ આવી મળ્યો. આ રીતે નાદબ્રહ્મનો પ્રગટ ધ્વનિ અને આકાર કવિને પ્રાપ્ત થાય છે. 'ન્યાલ ન્યાલ'માં તેઓ તન્મય બની ને ન્યાલ થઈ જાય છે. તો ' ખડો રહ્યું'માં સોધી વરાળની જેમ વ્યોમમાં ચડી અનંતકાલની પરિક્રમા કરી મસ્ત પ્રાણવંત નિશ્ચયને અડો રહે છે. 'સુખનો પિયાલો 'માં તેઓ એકરૂપ બનતા જાય છે. એમની હૃદયની ગાંઠ છૂટી ગઈ છે, મમેદના સહીને તેઓ સુખનો પિયાલો પીએ છે અને પ્રિયાને - પરમતત્ત્વને જોઈ જોઈને તન્મય - એકરૂપ બનતા જાય છે. 'ઉપાડીએ ડેરો 'માં એમનું મોક્ષ માર્ગે પરમગતિને પહોંચાડવાનું કાર્ય આ જન્મમાં પૂરું થયું નથી એટલે જન્મનો ફેરો હજી બાકી રહ્યો હોવાનું તેઓ જણાવે છે. 'શૂન્ય ભેળું શૂન્ય'માં ચિરંતન ક્ષણની અભેદ અવસ્થાને પામી રહે છે. તો 'સ્વપ્ન'માં તરંગે ખીલતા રંગની સ્વપ્નલીલાને સ્વપ્નમય થઈ તેઓ માણી રહે છે. 'તૃપ્તિ અને પ્યાસ'માં તૃપ્તિ અને પ્યાસ ભેળા રહી ભેદનું ભંજન કરતા જણાય છે.

'તન્મય'માં ભીતરમાં તન્મય બની પોતાને જ ભૂલી જાય છે અને 'સુષુપ્તિ કાજ'માં કોઈ જુદાઈનું ભાન અંતરમાં ન રહે એવી સુષુપ્તિ માટે સુમન-શયન કવિ સજ્જ કરે છે. 'કર્તવ્યમાં સંસારના'માં કવિ ગીતાબોધ આ રીતે વ્યક્ત કરે છે --

'હન્ય દેહી નહિ, ન હન્તા ; મેં કલેવર વસ્ત્રશું ,
ધાર તે શોધે ન. હો કર્તવ્યમાં સંસારના.
કાલની દંષ્ટ્રા મહીં મહુને લહી, નિર્ભ્રાન્તના
ઘાવ ઊઠે યુધ્ધક્ષેત્ર શંખ-ધનુ-ટંકારના.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૭૭૮)

'જોઈ છે મેં'માં અમને અંધારમાં પણ રંગની છટા દેખાય છે. 'એટલું આવતું આવ્યું'માં કવિની સ્વાનુભૂતિ પુનઃ પ્રગટે છે. કવિ પોતાને ભરેલી છતાં ખાલી, ગાનના ગુંજરણમાં રાચતો, પોતે જ ઝરણ, ભૂમિની ગંધ અને હવા રૂપે હોવાનું જણાવી રામ નામે ગગન ભરીને નાચે છે. કવિની બ્રહ્મમય અનુભૂતિ અને જીવનઉદ્દેશ આ રીતે પ્રગટ થાય છે એમ હું માનું છું. 'રાખવી ઘટે'માં કવિ આખરી ચકાણે હામથી કાર્યભાર પાડવા, સૂર્યકિરણથી મોહની વાદળીના ધામે પહોંચવા, ત્યાં જ દૃષ્ટિ રાખી પ્રાણમાં એક નામની લગની રાખવા કહે છે તો દૂરતા સ્હેજમાં ટળી જાય છે. 'ધામ સૌ સૂનાં'માં પણ આ જ ભાવ પ્રગટવા માટે સકલ વિશ્વને ઝીલી રહે એવા બિંદુ વિનાનાં સૌ ધામ સૂનાં છે એમ કહે છે. એકબીજાની ભિન્નતા મિટવા માટે જેટલા દૂર એટલા જ ઊણા છીએ પરંતુ વિશ્વનું બિંબ ઝીલી શકે એવા એક બિંદુના હોવાથી સૂના ધામ ચૈતન્ય સભર બની જાય છે. હૃદય પ્રેમ સભર બનતાં વિશાળ બને છે અને દૂરતા -ભિન્નતા ટળી જાય છે. 'હૃદય કેળવી લીધું' માં એકાન્ત બનવાનું કૌશલ્ય કવિએ કેળવી લીધું છે. 'કર્મસુ કૌશલમ્ યોગમ્' ગીતાવચન પ્રમાણે એમને આવો યોગ હવે સિધ્ધ છે. પરંતુ અહીં કાર્યમાં નિઃસ્પૃહ રહેવાનું કૌશલ નહીં શૂન્યમાં શૂન્ય થઈ ભળવાનું કૌશલ કવિએ સિધ્ધ કર્યું છે. 'દિશા બધી ય છે નિવાસ'માં કવિનો પણ 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્'ની જેમ સર્વ દિશામાં નિવાસ છે. દેહને છોડી જનાર પ્રાણવાયુ રૂપ વ્યક્તિનું અસ્તિત્વ પણ દિશાઓ છે. મૃત્યુ એ મૃત્યુ નથી. શ્વાસરૂપે જીવંત રહેતો વ્યક્તિ મોતને આંબી શકે છે. મરણ સનાતન છે તે વાત 'અળગા થઈ રહેવાય ના'માં તેમણે દર્શાવી છે. તો 'જાગરણમાં પોઢવું'માં પોતાની સુષુપ્તિ અને સ્વપ્ન અવસ્થાનો નિર્દેશ કરી હંમેશા જાગરણમાં પોઢવાના પોતાના સ્વભાવ લક્ષણની વાત કરે છે. 'નિરંતર'માં અંધારને ઉર તેજે ખાળી નિરંતર ઝંખવાનો ઉપક્રમ દાખવે છે. 'એક સંગ સહી'માં ફક્ત સ્વકીય તેજનો જ એક સંગ સહી હોવાનો તે જણાવે છે. તો 'હૃદયે નમું'માં કવિ એકલા અણદીઠ ભોમમાં ભમે છે. 'શબ્દમાંથી સર્યો શબ્દ'માં કવિ પોતાની અધ્યાત્માનુભૂતિનું વર્ણન કરે છે. દૃષ્ટિમાં રૂપના ભેદ ભુલાતા નામરૂપ નિઃશેષ થઈ જાય છે. અખિલને મૌન ગુંજન આવરી રહે છે. ત્યાં જ ઋક અને સામનાં (ઋગ્વેદ અને સામવેદનાં) ગાન સંભળાય છે. તેઓ પોતાની બ્રહ્માનુભૂતિને વ્યક્ત કરતાં કહે છે --

'શબ્દમાંથી સર્યો શબ્દ, શબ્દે ભળ્યો,
ને સકલ સર્વતઃ રામના રામના.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૭૮૮)

એ જ રીતે 'કોણ નહીં', 'નામ જોડ્યું રામનું', 'સંનિધિમાં રહું', 'કાં મને તાવો'માં પણ કવિના સ્થાયી ભાવો પ્રગટ કરતી પંક્તિઓ જડે છે. 'ત્યાં કર્યું તર્પણ', કવિ જ્યારે જ્યારે દર્પણમાં જુએ છે ત્યારે ત્યારે સ્વકીય રૂપનું

અર્પણ કરે છે. એમને નિતાંત સ્વપ્ન સત્ય જેવું લાગે છે. દર્પણમાં પોતાની એકમાત્ર હયાતી જોઈ પોતાની સમગ્ર લાલસાનું ત્યાં તર્પણ કરે છે. 'ના કે ભૂલ છે'માં 'ઊર્ધ્વમૂલમ્ અધઃ શાખઃ'ના અશ્વત્થનો ખ્યાલ પ્રગટ થાય છે. એ જ રીતે 'નિમંત્રણ સર્વને ',' અપવાદ છું ',' દોરું છું ',' મૂકી દીધી કલમ' ,' મનોમને ગગન વરે ', 'જુગાર શાશ્વતનો સાથે',' શાપ નો રહેતો ',' આ મુહૂર્તે ',' ન હોય વિવાદ ', 'લાચાર છું ',' શ્વાસ પોકતો ',' ખોલતો નથી',' આમરણ જેવું ',' ધવલ શિખા જલે', 'અનુભવનો હિંડોળો ',' આનંદના ગોલોકમાં ',' શબ્દ નો વ્યાપી રહ્યો ' વગેરેમાં પણ કવિની અધ્યાત્મપ્રભાને પ્રગટ કરતી પંક્તિઓ છે જેમાં પોતાની અધ્યાત્મના સ્ફુલિંગો પ્રગટાવતી સંવેદનાઓને વિધવિધ રીતે શબ્દસ્થ કરી છે.

'તથાસ્તુ'માં તેઓ સંકલ્પસિદ્ધ બની ગયા છે. તે જે પણ સંકલ્પ કરે તેને કોઈ અદૃશ્ય શક્તિ તથાસ્તુ કહેતી રહે છે. આવી શક્તિનું પોતાનામાં પ્રાગટ્ય કવિ ચંદ્રાર્કયોગે ઇચ્છે છે.

'તને જે મળે શબ્દ સામર્થ્ય એનું .
પ્રગટ થાય ચંદ્રાર્ક યોગે તથાસ્તુ.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૮૧૪)

એમને જે શબ્દ મળ્યો છે - શબ્દબ્રહ્મ ઓમ - એનું સામર્થ્ય ચંદ્રાર્કયોગ - ચંદ્ર અને સૂર્યનો યોગ કરાવતો સુષુમ્ણા નાડીને જાગૃત કરતો યોગ - દ્વારા પ્રગટ કરવું છે. ત્યાં જ અનંતતાનો સાગર ઘૂઘવતો દેખાય છે. તેઓ એને આચમનમાં લેવા ઇચ્છે છે. શૂન્યમાં અનાહત નાદ જેવો ગીત રહેલો છે એવા મર્મને તે અનુભવે છે. આમ'તથાસ્તુ' કાવ્ય કવિનો આ સંગ્રહની કૃતિઓમાં પ્રચ્છન્ન રીતે પ્રગટેલ અધ્યાત્મસ્ફુલિંગોનું સંકલન અને આકલન જ નહીં કવિની - સંકલ્પથી માંડી સાધના, અનંતની અનુભૂતિ અને અનંતમાં વ્યાપ્તિ સુધીની - અધ્યાત્મયાત્રાના આલેખને પણ રજૂ કરે છે .

કિંજલ્કિની

'કિંજલ્કિની' કાવ્યસંગ્રહનાં કુલ ૧૦૧ કાવ્યો કવિએ પોતાની વ્હાલસોયી દુહિતાઓને સમર્પિત કર્યાં છે. એમના કાવ્યસર્જનના મુખ્ય વિષયો પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્માનુભૂતિ આ કાવ્યસંગ્રહનાં કાવ્યોને પણ વિષયભૂત કરે છે. આ કાવ્યો પૈકી લગભગ ૩૫ કાવ્યો પ્રણય, ૩૦ પ્રકૃતિ, ૧૦ યૌવન પાંચ એક વ્યવહાર જ્ઞાન તથા અન્ય વિષયનાં છે અને બાકીનાં કવિની અધ્યાત્માનુભૂતિને પ્રગટ કરે છે. આ રીતે જોતાં કવિનાં આ કાવ્યોમાં પ્રેમ એ મુખ્ય વિષય છે. કવિનો પ્રિયતમા પત્નીનો પ્રેમ , નાયિકારૂપે પ્રિયતમ પ્રત્યેનો પ્રેમ, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ , પ્રાકૃતિક તત્ત્વોના ઐન્દ્રિય અનુભવમાંથી પ્રાપ્ત થતો આહ્લાદ અને પ્રાપ્ત થતી એકાત્મ-અનુભૂતિ 'કિંજલ્કિની ' કાવ્યસંગ્રહનો મુખ્ય ધ્વનિ છે.

'શ્વાસની સુરભિમાં ',' મારા ઊછળતા અનુરો ',' વ્હાલવર્ષણ',' કુસુમિત પોતો',' પાગલ રે મુજ પ્રીતિ',' પ્રથમ મિલન','હૃદયને આવેગ',' વ્હાલ' ઇત્યાદિ કાવ્યો તો પ્રત્યક્ષ ' પ્રેમ'ને વિષય કરે છે. પરંતુ આ બધાં કાવ્યોમાં પ્રેમની પ્રગાઢતા, અનુભવાતી એકાત્મતા કવિની સંવેદનાની આધ્યાત્મિક ભૂમિકાએ રજૂ થાય છે. એમનો સ્થૂળ પ્રણય હવેનાં કાવ્યોમાં ક્રમશઃ પ્રગાઢતા પામતો પરમ આધ્યાત્મિક અનુભૂતિનો

ક્યારેક પ્રગટી રહે છે. દા.ત. કાવ્યસંગ્રહના પ્રથમ જ કાવ્ય 'શ્વાસની સુરભીમાં'ની પંક્તિઓ --

'બાહુમાં રહ્યાં એકમેક માણી ;
ગાનમાં રેલી ઉર માયામય હરખની પોક રહેતાં.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૧૭)

અહીં કવિ અને કવિ પ્રિયા બંને એકાત્મ બની સંસારના સુખદુઃખ આનંદથી ઝીલી રહ્યાં છે એ ભાવ આત્માને પરમાત્માને એકાત્મ બની માયામય વિશ્વની દેહપોટાને સહન કરતાં ઉરમાં સમતાને ધારણ કરી નિજાનંદમાં જીવી રહ્યાં છે એ રીતે પણ ઘટાવી શકાય એવું મને લાગે છે.

'મારા ઊછળતા અનુરાગ'માં પ્રિયનું નામ કવિના ઊછળતા અનુરાગે પ્રાણના ઝીણા ધાગામાં પરોવાય છે ત્યાં --

'કોઈ હવામાં તરતું
મારી નજીક સરતું.
મને
વાદળ વીંટી વળતું, આલિંગનમાં લેતું લાગે.
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૮૧૭)

અહીં પ્રણય અને પ્રકૃતિ પ્રત્યેની સંવેદનશીલતા ક્રમશઃ ગૂઢ અધ્યાત્માનુભવમાં પરિણમતી જતી જણાઈ આવે છે. એ જ રીતે 'વ્હાલવર્ષણ',' દાન અનુરાગ ',' કુસુમિત પ્રીતિ', 'પ્રથમ મિલન',' હૃદયને આવેગ ',' ભૂલી ભૂલી ',' ક્યારેક ',' રહો રહો '', 'પ્રેમના મરમ બોલે ',' આવશે ',' સ્મૃતિ',' એકલ ',' સ્વપ્ને',' અનિદ્ર ' ઇત્યાદિ કાવ્યની પંક્તિઓમાં પણ કવિના પ્રણયની પ્રગાઢતા તેમને નિખિલમાં પોતાની ભીતર ડૂબવાની, પ્રકાશમાં વિસ્તરવાની, શબ્દવિહીન બોલને પામવાની, તેજમાં તેજ બની ભળવાની, પરમ સંમુદાની ક્ષણોને પામવાની કે ખોવાની અનુભૂતિઓનો પરિચય કરાવે છે. કવિને અણદીઠની શોધ છે ખરી. અદીઠને કવિ ઇન્દ્રિયગ્રાહ્ય માધ્યમોથી પામવા પ્રયત્ન કરે છે પરંતુ તેનું રૂપ પ્રગટતું નથી. આથી પ્રગાઢ પ્રણયભાવે અદીઠને પ્રિયતમાના રૂપમાં પ્રગટતું જુએ છે. દા.ત. 'પાગલને સંથાર' કાવ્યમાં તેઓ પ્રિયતમા રૂપે જ એ અદીઠને ઠપકો આપે છે.

'વ્હાલનાં યે વેણ નવ તું લેતો મને ?
શો ય તે હૃદય- જલન? કે અવહેલના અકારણે '
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૭૦)

ફાગણફોરી સોમનો પાવો બાજે અને ઊડતે ગુલાલ ઝાંઝર ઝૂલી ચપળ ચાલનો લ્હાવો લેવા તેઓ કહે છે, ઘરના અંધારને છોડીને બહાર કૂંજનકેલી વનમાં ગયા બાદ થતી અનુભૂતિ વર્ણવતાં લખે છે કે--

'નીરથી સરી જાય રે નદીજલ,
ગઈ તે પાછી આવતી ના કોઈ પલ,
કુસુમ ચૂમી વાય રે મલય પવન,
પાગલને સંથારે ચરાચર
ખોલતુ નિખિલ ભુવન ;
મોરલીમાંનો સુર વહે જવ આવની અધર કને.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૭૦)

આમ અહીં કવિની અનુભૂતિનું અદ્વૈત તત્વ પ્રિયાના પરિવેશે પ્રગટ થાય છે. આગળ જતાં ગોપીરૂપે -નાયિકારૂપે પોતાની લાગણીઓનું નિરૂપણ તેઓ કરે છે ત્યાં પણ પોતાને જેની ઝંખના છે તે રૂપ નારીરૂપ છે -પ્રિયતમાનું છે -એ ખ્યાલ વધારે સ્પષ્ટ થતો જણાય છે. 'કુમારવયનું સોણું', 'ગામ્ય કન્યાના ઓરતા', 'સોળમે', 'ઢળ', 'ખેતર ખોળે', 'તારા કાનમાં', 'કંકુ તારે કારણે', 'કમળ ફૂલ' ઈત્યાદિ યૌવનમાં પગ મૂકતી નાયિકાના યૌવન સહજ ગુણલક્ષણોને પ્રગટાવતાં કાવ્યો છે. 'સોમેલ ખેતરે' 'ચાંદનીમાં', 'બકુલતરુ નીચે', 'હેલી પરોઢે', 'લહેરિયું' ઈત્યાદિ કાવ્યો પ્રકૃતિને વિષય કરે છે પરંતુ અહીં પ્રકૃતિ તેજ, અગ્નિ, જલ, વાયુ અને માટી એમ પંચતત્વોના માધ્યમથી કવિના પંચભૂત પ્રાણ સકલને પામે છે, માણે છે. ઈન્દ્રિયાનુભવ કવિને ગૂઢ તત્વોનો પરિચય પામવામાં માધ્યમ -સહાયક બને છે. તેઓ કોઈ પણ એક સ્વરૂપને પૂર્ણ પામી ન શકતા હોવા છતાં લીલારૂપ સકલને સકલમાં પામી લે છે. હવે પોતાને આનંદબોધમાં નવડાવી જતાં તત્વોનાં રૂપ, રંગ, ગંધ, તેજથી અણદીઠના આકારને પામવા પ્રયત્ન કરે છે. આકારને જોવા ઝંખે છે. જે નિરંજન -નિરાકાર છે તેનો આકાર કવિએ અક્ષરરૂપ ઓમમાં જોયો, તો ક્યારેક પ્રણયભાવની પ્રગાઢતામાં પ્રિયતમાના નારી સુલભ લલિત લાવણ્યમાં જોયો તો ક્યારેક ગહન આકાશની નીલરંગ કવિની શ્યામની કલ્પનામાં સાકાર થતો જોયો. દા.ત. 'ચાંદનીમાં' કાવ્યમાં કવિ 'દુધિયા તળાવ મહીં વાદળિયો વાન' જોઈને અનંત પ્રેમમાં પ્રભુને પામે છે. 'બકુલતરુ નીચે'માં તેઓ લખે છે--

'આ નિખિલ વહાલને તે સૂર ભીંજે.'

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૮૫૧)

'હેલી પરોઢે'માં તેઓ જ માત્ર પ્રકૃતિને પ્રેમ કરતા નથી, પ્રકૃતિ પણ તેમને પ્રેમ કરે છે. એમના બેઉ બાહુ પ્રાણને હેલારે આભને આલિંગવા માગે છે ત્યાં વાદળાંની આંગળી એમના વીંખાયેલા વાળમાં રમતી લહાય છે. માત્ર કાળજું જ અણસારથી સમજી શકે એમ એમની પાંપણને ચૂમવા કોઈ નમતું જણાય છે અને --

'પાંપણું હલે ને નીર લ્હેરાતું લ્હેરાતું જાય રે ચોમેરની પાળ.'

(સંકલિત કવિતા,પૃષ્ઠ-૮૫૭)

હૃદયદલના સ્પંદથી વિસ્તરતી આનંત્યની લીલાને કવિએ કેટલી સુંદર અભિવ્યક્તિ આપી છે અહીં! આ પ્રાકૃતિક વર્ણન કવિના હૃદયપદ્મના કંપથી ઊઠતા જલ તરંગોનો અનંતમાં વિસ્તાર છે. એ જ રીતે પવનની લ્હેરની જાદુઈ અસર જુઓ 'લહેરિયું'માં --

'વનમાં વા'નો લહેરિયું,
સડકે જેનાં અંગેઅંગ એનું ઝળકી ઊઠે જોબનિયું.

(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૮૬૧)

આ અધ્યાત્મના અરૂપતેજની લહેર છે જેનો સ્પર્શ પારસની જેમ વ્યક્તિના જીવને ઝળકાવી મૂકે છે. તો 'ઝરમર'માં --

''ઝીણી ઝીણી ઝરમર મેહ મીઠો વરસે,
પાતળા પાલવ તળે ઉર મારું તરસે.'

(સંકલિત કવિતા,પૃષ્ઠ-૮૬૨)

અહીં તેઓ પોતાને નાયિકા સ્વરૂપે પ્રગટ કરે છે. પ્રકૃતિના અમૂર્ત કલ્પનો એમના અધ્યાત્મસંવેદનાને કેટલી સુંદર રીતે પ્રગટ કરી શકે છે તે પણ અહીં જોઈ શકાય છે. વરસાદ, અંધકાર, પ્રગટતો પ્રકાશ, પાનખર, વસંત, ફાગણ, બપોર, ઉનાળો સપાટ, શ્રાવણ, પવન, ઝરણ, સાગર, ગગન - બધું જ કવિને અનુભવ વિશેષ આપવા સાથે આનંદ પારાવાર અને જીવનની ધન્યતા આપી જાય છે. 'સાગરતીરે'માં કવિ કહે છે તે જોઈએ --

'જલ નીપજ્યાં છે ઊંચે આભમાં,
નીચે ઊતર્યાં છે તેજ.
ઝૂલતું હૈયું આ એના છંદમાં,
ઝીલે નીતરંત હેજ.
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૮૦)

તો અન્ય કાવ્યોમાં કવિની સ્વપ્નલીન દશા, નીરવ રવનો શ્રુતિગુંજાર, અભેદની તૃપ્તિ, પરમની પ્રાપ્તિ ઇત્યાદિ અનુભૂતિ પ્રગટ થાય છે. દા.ત. 'અવજ્ઞા', 'સોણલાંને સથવારે', 'આકુલ બોલ', 'અવહેલા' ઇત્યાદિમાં દૂર ગગનમાંથી આવતો સૂર અને કવિ ઉરે જાગતો લયહિલોળ, વિરહમાં ઊઠતો આકુલ બોલ અને વિજનપથના એકાંતે વિરહગાનમાં સ્વપ્નાવસ્થામાં પ્રાપ્ત થતું મિલન-આ બધું પુનઃ પુનઃ પ્રગટતું જ રહે છે.

'સજનવા'માં એમણે પ્રકૃતિના જે માધ્યમોથી આનંદની ઘનસમાધિ માણી છે તે બધાં જ એક સાથે એમણે અહીં ગણાવ્યાં છે. કવિ પ્રિયતમ રૂપે પ્રભુને 'ચલ રે સજનવા' કહે છે અથવા તો આત્મરતિમાં રાચતા તેઓ કદાચ પોતાના મનને જ કહે છે. 'ક્યાં જવું છે? સરવરના જલ કલ-તરલ છે. રજની અમલ-ધવલ છે. સુભગ મિલન-મધુ-પલ છે. પવન-લહર સાથે પરિમલ આવે છે, વૃક્ષ-વૃક્ષથી મૃદુ મર્મર મનને ભાવે છે, નાવ તરંગલયમાં વહી રહી છે. રતિ સુખનો આ વિરલ લ્હાવો છે, વન નિદ્રાધીન અને સમય અરવ- નીરવ બની ગયો છે, જગત સહજ સ્વપ્નમય લાગે છે ત્યારે બધાં જ રમણમાં એક સરખાં રીતે મસ્ત છે. હૃદયનો ઉલ્લાસ અહીં સફળ થાય છે. હૃદયોલ્લાસને સફળતો બનાવનાર આ પ્રાકૃતિક તત્ત્વો છે. જે કવિને પૂર્ણાનુભવ કરવામાં માધ્યમ બનીને આવે છે, ઉદ્દીપક બનીને આવે છે. એ જ રીતે 'એકાન્તે', 'મનોમન', 'આવજે હો', 'પથભૂલેલ', 'વિદાય', 'ભણકાર' ઇત્યાદિમાં કવિની એકાંત સ્વપ્નિલ અવસ્થાનું સુખ, હૃદયના આનંદનો અનુભવ અભિવ્યક્તિ પામે છે.

'અહીં'માં એમનું મન સુરભૂમિને ઝંખતું નથી પરંતુ એમને તો અહીં પળે પળ રંગ બદલતું જગત ભમી ભમીને જોવું છે. 'વ્હાલ' કાવ્યમાં શું પ્રિય છે તે જણાઈ આવે છે. કવિ કહે છે 'વ્હાલ મારું અબીલ ગુલાલ'. એમને રંગોનો, ફાગણના ટહુકાનો, આમ્રમંજરીનો, અંતરિયાળ ઝૂલતો હવાના હિલોળનો માયા છે. એમનું વ્હાલ અંગ અંગ ઉપરણાં રંગે, પાગલ બની ભમતું રહે, એમ સૌનો સંગ રચો રહેલ છે. એમનું વ્હાલ એટલે પાન વગરની ડાળીથી ફોરમતો ફાલેલો ફાલ, ભેરી, ડફના ટકોરે તાલ, જંપ ભુલાયા હૈયાના હાલહવાલ.

'અલબેલો'માં કવિ પોતે જુદાં જુદાં તત્ત્વોના માધ્યમે પોતાની ઇન્દ્રિયોથી અદીઠને પામ્યા છે તેનું સાકારરૂપ અહીં આલેખ્યું આપે છે. એ છે ઉજળા ઘટુલે ડુંગરને શિર ચઢતો કોઈ અલબેલો જે આભના વેરાન વીંધતો એકલો જાય છે. એનો

ઘાસની ઝૂંપડી આથમણી બાજુ છે. ઊંડી કરાડની ઓઝરીના ધોળા નર્તનતા નીર વેણ ઝીલ્યાં છે. આ અલબેલીનો નીચેનો દેરાવ માવ કોરો છે અને ભીનું ઝદિયાનું ઝમતું મલીર છે. એની તો ચાલ પણ સીધા માર્ગની નથી. આડી અવળી છે. એના પગના ઠેકે રૂપાળું કડલું બોલે છે અને બોલથી એનું ચીર હવામાં હિલોળે છે. પડઘાની જેમ ચારે કોરથી ઊડીને હરખાતા પોપટો આવે છે. આ અલબેલી કોઈની ય રોકી રોકાતી નથી. એણે જે પગલું ભર્યું તે પળવાર પણ સ્થિર રહેતું નથી. આ તો નિરંતર સંસૃતિમાં પળતી કાલરૂપી વિશ્વ સુંદરી છે. જેના ભાલે સૂરજ જેવો ઊજળું બેડું છે. ઊંડા અંધારના ઓઝરિયા રવના દૂધમલ નીરને ઝીલતી તે આકાશ વીંધતી ઊગમણેથી આથમણે જાય છે. એનો નીચેનો દેરાવ માવ કોરો એટલે કે માટીનો-પૃથ્વીનો- બનેલો છે. અને ઝદિયાનુ ભીનું મલીર એ સાગર છે. પગના ઠેકે કડલું બોલે છે. વિશ્વસુંદરીની કાલરૂપી ગતિ જ જગમાં સજીવતા-ક્રિયાત્મકતા - કોલાહલ નાદ જગવે છે. હવામાં હિલોળે એનું ચીર પ્રગટે છે. ધ્વનિના પડઘાની જેમ ચારે કોરથી હરખાતા પોપટ ઊડી આવે છે. પોપટ વાણીનું પ્રતીક છે જે નાદ અલબેલીનો પ્રગટે છે તે અનેક ચેતનાઓ દ્વારા પડઘાય છે. સમયની ગતિ એટલી ચંચલ છે કે એક પળ પછીનો પળ બિલકુલ નવો જ છે. એક ક્ષણ પણ જેનું પગલું સ્થિર નથી એવી આ કાલદેવી વિશ્વરૂપિણી છે. કવિ કોલિયે પોઢેલ કોલાને જગવાનું અને તેજના તીર લઈ લેવાનું કહે છે. પોઢેલો કોલો તે કવિનો આત્મા છે. એણે જાગીને તેજના તીરને ગ્રહી લેવાના છે. એ તેજકિરણનો પથ છે જે શાશ્વતસુંદરી સુધી પહોંચાડશે.

'વાંસળીને વેહ બાંધ્યો જાય રે પવન
એવા પરશે આંતરીયે લગીર.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૪૪)

જેમ વાંસળીના વેહને બંધ કરીને પવનને આંતરી શકાય છે તેમ આ અલબેલી કોઈની રોકાતી નથી પણ પવનને બાંધીને એટલે કે યોગથી પ્રાણને નિયંત્રિત કરીને નાદ નીપજાવી શકાય છે. એવા કોઈ નાદના સ્પર્શે આપણે આ અલબેલીને લગીર આંતરી લઈએ. અહીં પ્રાણજય દ્વારા મૃત્યુંજય બની શકવાનો નિર્દેશ છે. આમ કવિનો અધ્યાત્માનુભૂતિનું સ્વરૂપ કોઈ ભક્તના હૃદયમાંથી પ્રગટતા પ્રભુનું સાકારરૂપ નથી. પરંતુ પોતાના પ્રણયભાવની મસ્તી જ તેમના પ્રકૃતિ પ્રેમના ઇન્દ્રિયગ્રાહ્ય ગૂઢ અનુભવોને સાકાર કરવા અલબેલી નારીનું રૂપ ધરી આવે છે. કવિને પરમને પામવાની ઉત્કંઠા તો છે જ. મનનો બપૈયો બોલે છે પણ ઝંખનાના વનને પાર કરી જવાનો માર્ગ એમને જડતો નથી ત્યારે 'બપૈયો બોલે' કાવ્યમાં તેઓ નોંધે છે--

'બપૈયો બોલે રે વનમાં વેગળે,
ટહુકે વીંધાયલ કાન,
રૂદિયાનો ડૂમો વળગ્યો રે ગળે,
ઊંડે અકળાય પ્રાણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૮૫૪)

કવિ મીટ માંડીને બેસી રહ્યા છે પણ બધી માયાજંજાળથી અળગા થઈ આડા વગડાનો પાર કયો આધાર લઈને જવું તે કવિને સમજાતું નથી. 'છોળનો છાલક'માં દૂરના દેશ સૂરનો ગભીર વાણી છોળની છાલકનો ફરફરમાં વિખરાતી જણાય છે.

આમ 'કિંજલ્કિની'નાં કાવ્યોમાં કવિની ધ્વનિરૂપ પરમની પ્રાપ્તિ પછી પ્રણય અને પ્રકૃતિના પ્રગાઢ સંવનનમાં પ્રીતિરૂપ અનુભૂતિ ફળતી જાય છે. કવિ ઇન્દ્રિયોથી જાણેલા - માણેલા આનંદઘન અનુભવોનું સાકારરૂપ જોવાનો હવે પ્રયત્ન કરી રહ્યા છે. આ રૂપ પ્રિયતમરૂપે ઘનશ્યામમાં ક્વચિત્ પ્રગટતું જણાય છે તો બહુધા પ્રિયતમારૂપે અને ક્યાંક પ્રચ્છન્નપ્રકૃતિમાં સકલને સાંકળી રહે એવો દિક્કાલથી પર નિરંતર વિશ્વમૂર્તિ રૂપ નારીસ્વરૂપે તેઓ પોતાના અનુભૂત અદીઠને સાકાર કરવા પ્રયત્ન કરે છે.

વિભાવન

'વિભાવન' કાવ્યસંગ્રહમાં સૌથી વધારે ૧૬૩ કાવ્યો છે. કવિએ શબ્દના સામર્થ્યે અત્યાર સુધીમાં જે કંઈ પ્રગટાવ્યું છે તે સર્વનું વિભાવન છે આ કાવ્યસંગ્રહનાં કાવ્યો. એટલે જ કવિ પ્રયોજેલાં કાવ્યસ્વરૂપો - હાઈકુ, બાયણાં, મુક્તક, ગીત-ગઝલ, છાંદસ અને અછાંદસ બધું જ અહીં સમાવિષ્ટ છે. કવિના સર્વ અનુભવો પણ અહીં સાકાર છે. તેમણે અત્યાર સુધીમાં જે કાંઈ જોયું, જાણ્યું, માણ્યું છે તેનું વિભાવન આ કાવ્યસંગ્રહમાં પ્રગટ છે. માટે જ કવિના અથથી ઇતિ - ધ્વનિથી પ્રારંભાયેલી કાવ્યયાત્રામાં અત્યાર સુધી પ્રગટાવેલાં બધાં જ સંવેદનોનું વૈવિધ્ય અને કાવ્યરૂપોનું વૈવિધ્ય પણ પણ પ્રગટ કરે છે. પ્રણય, પ્રકૃતિ, શબ્દચિત્રો, વ્યક્તિચિત્રો, પત્રો, વિષાદ, નગરજીવન જેવા અનેક વિષયો સાથે 'મુક્તિયાત્રા', 'હે ગુર્જરી', 'હે બંધુ', 'વાગીશ્વરીને' ઇત્યાદિ કાવ્યશીર્ષકો પણ આપણને જડી આવે છે પરંતુ જે સંવેદ્ય છે તેનું વિભાવન વધુ ગાઢ - તીવ્ર હોય છે. આથી આ બધા જ સ્થૂળ વિષયો પણ અહીં વધુ સૂક્ષ્મ બનેલા જણાય છે. હવે કવિ પોતાની અનુભૂતિ પ્રત્યે મુગ્ધ બનીને નહિ અચલ બનીને જુએ છે. લાગણીની મુગ્ધતાને બદલે, વિસ્મયના આનંદને બદલે મહદંશે પ્રગટે છે સંકલ્પની દૃઢતા અને આપણને જણાઈ આવે છે કે કવિ પામવાનું તો પામી ચૂક્યા જ છે.

'વિભાવન' કાવ્યસંગ્રહનું પ્રથમકાવ્ય 'નિશ્ચય'માં આવી સંકલ્પ-દૃઢતાનો પરિચય મળે છે.

'મેં તો દિશા અચલ તારકતેજ પ્રેરી
લીધી, વિમુક્ત વિચરું.'
'સ્પર્શીત ભૂમિ પણ પામું હું વ્યોમઅંક.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૮૩)

કવિની સ્થૈર્યલક્ષિતા અને અનુભૂતિની સૂક્ષ્મતા અહીં પ્રગટ પણે પામી શકાય છે. તો 'કલ્પતરુ હેઠળ' માં જુઓ કવિનો તૃપ્તિકર ઓડકાર. હવે કવિને કોઈ જ અભાવ નથી કલ્પતરુ હેઠળ જાણે તેઓ બેઠા હોય તેમ સિદ્ધિઓની રેલમછેલ, નિશ્ચિંતતા, શાંતિ અને ઉલ્લાસથી પિંડ પરિપૂર્ણ થઈ ગયો છે. 'શૂન્ય સાગરે' કાવ્યમાં જેને જ કવિ શોધે છે તેને ઉરમાં શોધવાનું જ ચૂકી જાય છે. કવિને પોતાના જ ઉરમાં શૂન્યસાગરે તરંગની ગતિરૂપે -શૂન્યમાં પ્રસ્પંદરૂપે તે તત્ત્વો જડે છે. 'તૃપ્તિને પ્યાપ'માં તેઓ એનું જ નામ રટો રહે છે અને આકાશમાં ઝિલાયેલા શબ્દને સાંભળે છે, એટલે કે સહસ્રારમાં અણરવનાદને -પરાવાણીને સાંભળે છે. એમના ઉરના નિસ્પંદમાં દૂરદૂરનો સાદ આવે છે અને કવિ યોગ-વિયોગની ઇક્ષણામાં પ્રતિક્ષણ તૃપ્તિ અને પ્યાસને પામ્યા કરે છે.

કવિને જે મળે છે તે પાછું છીનવાઈ જાય છે. કવિ પામ્યાનો તૃપ્તિને માણે છે અને ફરી પ્યાસ જાગે છે. આમ આલોક અને અન્યલોકના દર્શન વચ્ચેનો આવન-જાવન, સ્વપ્ન-જાગૃતિની અવસ્થાનો પરંપરા ચાલ્યા જ કરે છે. 'ચિન્મય વર્ષા'માં તેજમય ધ્વનિનો સાક્ષાત્કાર અને એમાંથી જડી આવતી પોતાની ઓળખને કવિ રજૂ કરે છે. એમને એના કવિ રજૂ કરે છે. કવિને એના નીલરંગની ઝાંખી થતી નથી, તેજની નિર્ઝરી વહેતી જણાતી નથી, વ્યોમનું આનંત્ય કયાંય ભળાતું નથી, અંધકાર કે રાત્રિ કદાચ દર્પણની છબી બની અલોપ થઈ ગયાં છે ત્યારે જ કવિને પોતાની ઓળખ મળે છે. ઊંડા મૌનમાં નજર મંડાઈ જાય છે અને ચિન્મય વર્ષા છંદનું ગાન સંભળાય છે. ચિત્તમાં ઊઠતા છંદનું આ ગાન કવિની અંગણાનું ઇષ્ટ છે. અન્ય કાવ્યોની પંક્તિઓ પણ કવિની એ ગુંજન - રંજનની અનુભૂતિને પ્રગટ કરે છે. દા.ત. 'અંજન'માં --

'આ હવામાં એહનું ગુંજન ......
તાલમેળા વિશ્વમાં રંજન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૬૬)

'ભસ્મને આસન'માં કવિ વાસનાની ભસ્મના આસન ઉપર બિરાજે છે, શૂન્યની ક્રિયા (રિક્ત) હૃદયગુહાને સભર કરે છે. પ્રાણ કુંભક- રેચક ભૂલી સ્થિર થાય છે. ભિતર-બહારના ભેદ દૂર થાય છે અને કવિ આ અરવ નભના અનાહત નાદના લાખ લાખ ફુહા બુલંદ બની ગાઈ રહે છે. 'જોગણ જતિ'માં કવિ અનુભવે છે--

'હોવું ને હોવાપણું રહેતું નથી,
એમ સૂરતાનો સલુણો સંગાથ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૬૭)

એકાન્તના એકતારે આપણે જોગણ - જતિ બની જઈએ છીએ. એકાન્તનું વૈરાગ્યપ્રેરક ગાન કવિને નિઃસ્પૃહ અને સભર બનાવે છે.

'લગની તણખો'માં અધ્યાત્મની ચિનગારી કવિહૃદયમાં આગ લગાડી ગઈ છે --

'એક તણખો લગનો ખરતાં ખર્યો,
જાળ એની વિસ્તરી દાવાનલે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૮૬૮)

નાદબ્રહ્મના એક સ્પંદમાંથી પ્રગટયો છે લીલામય જગતનો સકલ કોલાહલ. આ કોલાહલથી અસંગ થવાનો મનોરથ હોય તો મૌન થવું જરૂરી છે. મૌનમાંથી અરવ નાદ ઊઠે છે. સર્જન-વિસર્જનનો અનંત લીલાનો આ મહાયજ્ઞ અજાણ્યા પાગલે આદર્યો છે જેનો કયારે ય અંત નથી. કવિને તો મરણ પણ મહોત્સવ લાગે છે. 'અમેતો અમે'માં કવિ કહે છે કે --

'અમે નામ તો સાંભળ્યું છે મરણનું,
મળે તો ઉમંગે ભળો નાચવાના.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૯૦૧)

કવિની અનુભૂતિ અસામાન્ય છે. એમને ઝળહળતા અંધાર અને મૌનના અવાજ અનુભવાય છે. 'ભ્રમણને માર્ગ'માં જોઈએ --

'મારે નિરંતરનું થતું રહેજે ભ્રમણ તે માર્ગમાં
એવાં ય તે છે ધામ જોયાં ઝળહળત અંધારનાં.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૯૦૨)

કવિને ભ્રમણનાં માર્ગમાં સૌંદર્યશૃંગારના હાટ જ્યાં ત્યાં મંડાયેલા જડે છે. આ સૌંદર્ય રંગીન રેશમી વાતાવરણના સ્પર્શમાં ફૂલની અણજાણી મ્હેંકની સુગંધમાં , સૂર્ય , ચંદ્ર , અંગારના તેજના દર્શનના અને પરોઢે ઊઠતા કોમળ વિપ્રભ - ગંધારના ભૈરવીગાનમાં પામે છે. પરમતત્ત્વ આમ સુંદર છે અને કવિ સૌંદર્યનો ઇન્દ્રિયો થકી સાક્ષાત્કાર કરે છે. એમનો પરમાત્મા દીન-દુઃખિયામાં વસેલો નથી , જગતના સૌંદર્ય-ધામોનો સ્વામી છે.

'ઓલિક અઓલિ' પ્રણયકાવ્યની કક્ષામાં ઢળતું કાવ્ય છે. પરંતુ પરમને ઇંગિત કરે છે.

'નાહું એ મન મુજ સમું ધરતું હશે ,
કર્મના કોલાહલે અવધારણા.'
સામસામે છે છતાં યે કેટલાં
દૂર જોજન દૂર લાગે આંગણાં ?
હોશિયો ઉપવાસનું વ્રત છે લીધું ,
દ્વાદશીને ઉદય થાશે પારણાં.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૦૪)

કર્મના કોલાહલે - લીલાહીન પ્રભુને પણ જોજન વટાવી મળવાની અવધારણા કવિએ જે તપ આદર્યું છે તેનાથી ફળશે. 'અલગારી 'માં કવિ પ્રભુને પ્રેમની ખુમારી માણી રહેલ અલગારી કહે છે.

' તું છો અંજન બધાંનું , સર્વનું તને અંજન,
ખુમારી પ્રેમની માણી રહેલ અલગારી .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૦૫)

'દ્વિધા'માં તેઓ બેભાન અવસ્થામાં પોતે શું મેળવ્યું છે તે સભાન અવસ્થામાં વિચારે છે.

'સેજનું માંડી રહ્યો છું શૂન્યમાં ,
મૂર્છનામાં શું હશે મેં મેળવ્યું ? '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ-૬૦૫)

'સોપો'કાવ્યમાં એકાંતમિલનનો રમણી રૂપે કવિ સ્વચેતનાનો પરમચેતના સાથે સાક્ષાત્કાર પામે છે તેવું સ્પષ્ટ જણાઇ આવે છે. રમણીરૂપી પરમચેતનાને જણાવે છે કે 'ચાલ ટોળાની મહીં જઇએ ભળી ' ' ત્યારે તે રમણી 'વ્યવહારજગતના ટોળામાં ક્યાંક 'ખોવાઇ જઇશું તો ?' એવો ભય વ્યક્ત કરે છે. તે એકલો દૂરને ટોચે રહે છે. પોતાના મિજાજમાં આખો દિવસ મોકળા ફરીને કવિ સાંજે પાછા ફરે છે ત્યારે --

' શ્વાસની હોડે થઇ અસવાર હેઠો ઊતર્યો .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૦૬)

કામનાઓના અશ્વ ઉપર સવાર કવિનું મન હેઠું ઊતરે છે . કવિને શંકા છે કે તેની આંખમાં અંધાર આંજેલ હશે એટલે જ તેને સાથી સ્નેહનો જટ્ટો દેખાતો નથી પણ કોઇ અંધારામાં કરે તેમ હળવે પગલે કોડિયે દીવો કર્યો. કવિનું અંતરમન પ્રકાશથી ઝળહળી ઊઠ્યું અને ત્યારે

'આવ પાસે આમ તો બેઠાં અમે,
છે અહીં એકાન્તનો ને મોકળો સોપો સર્યો .'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૦૬)

'યાત્રા'માં કવિ નિત્યની યાત્રાએ જ્યાં લગી રગોમાં રક્તની ઉષ્મા છે ત્યાં લગી ચાલવા પોતાને આદેશ કરે છે. આ યાત્રા કવિને પળના ખંડમાં - ક્ષણાર્ધમાં અણુ જગમાં ધરેલા અનંતરૂપ, શબ્દને લય મંત્ર સંગીત, અલખ-લખનું દર્શન આપી જાય છે. કવિને શૂન્યના શિખરને ય બાકી રાખવું નથી. ત્યાં જવા પક્ષીએ કવિને ઊડવા માટે પાંખ આપી છે. કવિ સતત ચાલવા માગે છે. ક્યાંક ઘર બાંધીને અટકી જવા માગતા નથી. કવિનો પંથ હવે અંતહીન છે અને છતાં ય પગમાં જરાય થાક નથી.

કવિના વિવિધકાવ્યોમાં અભિવ્યક્તિ બદલાય છે પણ અનુભૂતિતો એ જ છે: 'શોધ'માં કવિ જેની લોકમેળે શોધ કરે છે તેની ક્યાં ય ઝાંખી થતી નથી. 'સૂર્યના આલોકમાં' તેઓ કોઈ અપ્રતીમ નૂરનો અનુભવ કરે છે. ઊમટેલાં તારલાં દસ્યુટોળાં ક્યાંય નાશી જાય છે સૂર્યના આલોકમાં. આંખ મટકું મારવું ભૂલી જાય એવું હજારે કોકમાં જોવા મળતું નૂર તેઓ જુએ છે, અદ્વિતીય છે.

'નયન ભીતરના ફલક'માં અણદીઠનું પ્રગટ સ્વરૂપ તેઓ આલેખે છે. અણદીઠા દેશથી આવતી, અવકાશમાંથી ઊતરતી આ સુંદરીને તેઓ હળવે હળવે ધરતી ઉપર પગ ધરવા કહે છે, માથે રહેલી ગાગરનું જલ છલકાઈ ન જાય માટે. આ સુંદરીની પલકોમાં લજ્જા ભલે લપાયેલી હોય. ગાલ ઉપર તો રાતી ટશરો થઈ તે મલકે છે. લજ્જાથી લાલ બનેલું મુખ મલકે છે. ચેતનાના સાગરને ગાગરમાં ભરી, શિરપર ધરી હળવી ચાલે ચાલતી આ સુંદરી કવિની કલ્પનાનું અદીઠ છે. તેના કપોલ પર મલકતી લજ્જાની લાલ ટશરો ઉદિત સૂર્યની અરૂણિમા છે. તેની હળવી ચાલ કલ્પનાના-ચેતનાના પ્રાગટ્યની મંદ પ્રક્રિયા છે. કર્ણમાં હિલોળાતા મણિમય કુંડળ સૂર્ય-સોમ છે અને સંધ્યા-ઉષાના સંક્રાન્તિકાળે રંગની રેલાતી લહરોનો એમાં સંકેત છે. એનો પ્રગટતો ઝીણોનાદ કંકણ-કાંચીનો રણકાર, કોયલથી યે મીઠાં વેણ. આ બધું કવિની કલ્પનાનું ચિત્રાંકન છે. ફલક ઉપર અંકિત આ ચિત્ર તો ક્ષણિક જ છે માટે ઓળપાઈ જાય છે. પણ અદીઠના આ સાકાર રૂપને કવિ નયનફલક ઉપર હંમેશ માટે ધારી રાખે છે.

'આપણો આરો નથી'માં કવિને ગોપીભાવે પજવતા કૃષ્ણની પાસે અમને ગયા વિના આરો નથી કેમકે હૈયાએ ચાહેલો વર એ જ છે અને વ્રતમાં પણ એને જ ગાયો છે. અહીં કવિનો પરમના સાકારરૂપની મૂંઝવણ પ્રગટ છે. પ્રભુરૂપે સ્થાપિત કૃષ્ણના સાકારરૂપ પાસે આવીને એકવાર તેઓ અટકે છે. એના વિના બીજારૂપને કેવી રીતે જોવું તે જાણતા નથી --

'ધીટ બોલાવે, ગયા વિણ આપણો આરો નથી,
'એ જ વર હૈયે ચડ્યો, વ્રતમાં અવર ગાયો નથી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૧૦)

તો કવિને ક્યારેક લાગે છે કે પોતાની પૂરી ઓળખાણ હજી પોતાને થઈ નથી. 'ઓળખાણ'માં નોંધે છે કે --

'મારી હજી ય ઓળખાણ થઈ મને લગીર.
મેળા મહીં ભળી હું જાઉં એકલો રહી,
ગાતો રહું છું ગાન મસ્ત હોશને ખમીર.'
'મારે ન જાતિ, ના મલિન ચદર, છું હું કબીર.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૧૦)

એમની નિર્ગુણ સનાતની શ્રધ્ધાભૂમિના અહીં દર્શન થાય છે.

શબ્દની શક્તિને પ્રગટ કરતાં તેઓ જણાવે છે કે એકે ય શબ્દ નિઃસત્વ નથી. શબ્દ એ જ અર્થ છે. એ જ મંત્ર છે અને તેમાં જ આગ્નેય શક્તિ છે. તેનું રૂપ ધ્વનિમય, સ્પર્શમય છે, સાકાર પ્રકાશ મય છે. આવા વીજળી જેવા શબ્દની તેજ રેખાને જે ધારણ કરી શકે છે તે વીર છે. આમ બ્રહ્મના ગુણોથી ભરેલો 'શબ્દ' જ છે. 'બૈન્દવ આલોક'માં નીલગગનમાં સોહતા મંદિરનો સ્વર્ણિમ કલશ અને એનાથી ઊંચી ગૈરિક ધજા પવનના આંદોલને મંત્ર ઉચ્ચારે છે, અદ્ભુત સંકેતથી રહસ્યના મર્મને પામે છે. ઝૂકેલા નયને પાંપણ બૈન્દવ આલોક છે. 'અફલ'માં નદીકિનારે અગ્નિસંસ્કાર પામી નામશેષ બનેલી કોઈ કાયાની છાયા અફલ સાગરે ભળી જાય છે. સાગર 'પારાવાર' છે ચેતનાનો સાગર. તેમાં માનવચેતનના પ્રાણ જ ભળી જાય છે. 'મરીચિકા-૧'માં કવિને મનોહર અનંત એકાન્ત અને શૂન્યતાનો ઠાઠ દેખાય છે, તો 'મરીચિકા-૨'માં મિથ્યા કેવળ ભ્રાન્તિ દેખાય છે.' 'પુનર્જીવન'માં કવિ ચિતા પર ચઢેલા શીતલ શબમાં ગગનનિગૂઢ ધ્રુતિથી અતીત કોમલ ગીતિના સુધાબિંદુના નિસ્પંદને પુનઃ પ્રાણનો સંચાર પામે છે. અણુ અણુમાં એનો કંપ છવાય છે. અંતરિક્ષના અનંત શૂન્યમહીં ગંભીર સૂર જાણે નજીક આવતો જાય છે. વાણી કાવ્યને વહી લાવે છે. કવિ ગીત છે 'પૂર્ણપરિચિત હેતસિક્ત કંઠ' અને વીજની ત્વરાથી પાછા આવે છે પોતાને સદન. આમ ધ્રુતિ- અતીતગાનથી થતો પ્રાણનો સંચાર તેઓ અનુભવે છે.

'નિકુંજનો ગુંજ'માં કવિ 'શબ્દશૂન્ય શ્રુતિ - નિકુંજનો ગુંજ' રૂપ શ્યામને નિતાંત નીરવતામાં પ્રાણની સુમંદગતિએ પામે છે. 'ઉરને દહર'માં શબ્દથી સભર આગગન અને શૂન્ય અવકાશમાં અનંત સ્ફુરણનો આધાર પોતાના ઉરમાં જુએ છે. 'નીમીલિત નેત્ર'માં નિમીલિત બેઉ નેત્રની મધ્યમાં એકરૂપ બનેલા સૂર્ય-ચંદ્રને જુએ છે જે કવિની યોગસાધનાની અનુભૂતિનું ચોતન કરે છે. શૂન્યમાં અનંતનું સ્ફુરણ એ સાક્ષાત્કારની પળનું અને ભ્રુકુટિમાં સૂર્ય-ચંદ્રનું એકરૂપ બનવું એ સુષુમ્ણાનું સંચલન સૂચવે છે. 'વસંત'માં કવિનું ભ્રમરગુંજારવ કરતું વસંતમન પુલકિત પુષ્પદલમાં શ્યામલ બની રહે છે. આવા કૃષ્ણરૂપને કવિ પ્રકૃતિતત્ત્વોમાં ઝંખે છે. 'અવશિષ્ટ તૃષ્ણા'માં આ જ ભાવને પ્રગટ કરતાં તેઓ જણાવે છે--

'નીલામ્બર શ્રુતિ
ઉન્મની આંખ.
હે પ્રેમલ !
અરૂપને આકુંચને દિસો
રૂપ કૃષ્ણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૨૭)

'શૂન્ય સદન'માં કવિ યોગમુદ્રાના શૂન્ય સદનમાં લીન છે. 'અનુરણન'માં વિજનવનમાં ઠાલું એક નામ રહે છે. તે નામનો ધ્વનિ પર્ણને આંદોલિત કરે છે અને પર્ણમાં, કુંજમાં, નિતાંત ગગનમાં રમી રહે છે. એ ધ્વનિ કવિના શૂન્યધામ, એકાંત કુહરમાં પણ રમી રહે છે. 'બોધ'માં કવિને સકલસંસાર નિરાકાર થયેલો લાગે છે. હૃદય કોનાથી તન્મય બની રહેલ છે તે કવિ જાણતા નથી. સમાધિયોગની સ્થિતિ કવિને સહજ છે. 'પ્રાણાયામ'માં યોગસમાધિમાં પ્રાણને અસ્તિત્વના કેન્દ્રનો ઉત્ફુલ્લ પદ્મદલે પહોંચાડી તેઓ અનુભવે છે ભૃંગનું ગુંજન, તીક્ષ્ણ તીણા ડંખ, મધુસ્પર્શ, રોમાંચ અને ક્ષણનો કાલાતીત નિસ્પંદ અનુભૂતિ. અસ્તિત્વના કેન્દ્ર સમું હૃદય ઉઘડે છે ત્યારે તેઓ નાદમય ધ્વનિ, મધુરસ્પર્શ, સુગંધ, રોમાંચ અને ક્ષણનો કાલાતીત અનુભૂતિ પામે છે. આ જ પૂર્ણત્વનો પરિસીમા છે. આ પૂર્ણતાની ક્ષણે હૃદયમાં નિતાંત શૂન્યતા છવાય છે અને એ

શૂન્યને કર્પણ પ્રાણ પુનઃ સ્પંદિત થાય છે. આ જ રીતે 'વિશ્રામ યોગ', 'નેત્રનું કિરણ', 'ભીતરને શૂન્ય' પણ કવિ હૃદયના સૂનકારમાં ગુંજે અને તેજ રૂપ અગોચરને પામી રહે છે. તો 'પ્રથમ વૃષ્ટિ', 'નિશીથે', 'મધ્યાહ્ને', 'દિનાન્તે', 'એકાન્તે', 'પ્રભાતે' ઇત્યાદિ કાવ્યો પણ એમને સ્વરૂપમાં લીન થવાનો અનુભવ આપે છે. 'વેદના'માં કવિને આધ્યાત્મની ઉત્કંઠા અને વિકાસનો આલેખ મળે છે.

'બંદે ધારાનાં પૂર ભરી ખળખળતાં
એવી તરંગિણીના તીરે
ઊભી એકલ
છોળે છોળમાં તારા જીવનની જાણે તાણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૫૦)

કવિ આલોક અને પરલોકના બેઉ કાંઠાને સમાવતી તરંગિણીને તીરે ઊભા રહીને એને છોળે છોળમાં પરમ તત્વના સાદના ખેંચાણને અનુભવે છે. તેઓ વહેણમાં ઝુકાવે છે. કેમકે મિલન- વિરહના ભેદ ટળી ગયા પછી ડૂબવું કે તરવું કંઇ શેષ રહેતું નથી. 'ઉદાસી'માં તેઓ નિસર્ગ સાથેનું તાદાત્મ્ય આ રીતે પ્રગટ કરે છે.

'નિસર્ગ કેરનું
નિજ કંઠ મહીં ગુંજી રહ્યું ગાન.
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૬૧)

કવિની અત્યાસુધીની આધ્યાત્મિક વિકાસયાત્રાને પ્રગટ કરે છે 'ત્રણ મુક્તક'માંનું આ મુક્તક.

'એની ઝાંખી ક્ષણ તણી
વિરલ ખાંખે, હાય,
તલસે અંતર માહરું,
ઊઘડતી પાંખોએ આકુલ
ગગન ભેદવા જાય.
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૬૬૪)

કવિને જે તલસનો ઝાંખી થઇ છે એને તેઓ થીર બનાવવા ઝંખે છે, તલસે છે, વ્યાકુલ બને છે. પાંખ ઊઘાડી ગગન ભેદવા તત્પર બને છે. આમ 'વિભાવન' કાવ્યસંગ્રહ કવિની કાવ્યયાત્રાનું વિભાવન અને અધ્યાત્મયાત્રાનું વિભાવન એક સાથે પ્રગટાવી રહે છે.

દ્વા સુપર્ણા

'દ્વા સુપર્ણા'ના કુલ ૧૧૫ કાવ્યો પૈકી 'કૃષ્ણગીતિ'નાં ૩૯ અને 'અવધૂતી'ના ૭૬ કાવ્યો છે. જેમ બધી નદીઓનું પાણી એક જ સાગરને મળે તેમ કવિના વ્યવહાર જીવનના સર્વે રસો હવે એક બિંદુમાં સ્થિર થયા છે. એમની કાવ્યયાત્રામાં નિરુદ્દેશ ઉરગુંજાર એક દૃઢ ઉદ્દેશથી યુક્ત બને છે અને એ રીતે હવે એમના બધા જ વિષયો આધ્યાત્મમાં પરિણમ્યા છે. પ્રણય, પ્રકૃતિ અને વ્યવહારજ્ઞાન બધું જ ક્રમશઃ સ્થૂળમાંથી સૂક્ષ્મ બની એકાત્મના આહ્લાદને પ્રગટાવતું ગૂઢ ચિંતન જ્ઞાનરૂપે પ્રગટતું રહ્યું છે. એમણે જોયેલા - જાણેલા - માણેલા અદીઠ તત્વનો સેન્દ્રિય અનુભૂતિ સાકારસ્વરૂપને પામવા એમને યત્નશીલ બનાવે છે. પ્રણયની પ્રગાઢતાથી

સુંદર પ્રિયારૂપે તેને સાકાર કરે છે. તો જે નીલ નભમાંથી ગંભીર નાદને તેઓ પામે છે એ અનાહત નાદને જન્માવનાર નીલાકાશનું સાકારરૂપ ઘનશ્યામ -કૃષ્ણ છે. એ નીલાકાશને જલમાં પ્રતિબિંબિત થતું તેઓ જુએ છે. તરંગિણી નીલાંજના બની રહે છે. વનનો ટહુકો અને તેજનું વાદળ પણ કવિ નીલરંગી જોવા લાગે છે ત્યારે સકલમાં પ્રચ્છન્ન શ્યામનું એમને સ્મરણ થાય છે. વળી અંધારના રૂપોનું કવિને આકર્ષણ છે. અંધાર રંગલીલાઓનો લોપ કરી અભેદનું સર્જન કરે છે. આપણામાંથી પ્રગટતી આપણી છાયા પણ એ વખતે આપણામાં ભળી રહે છે અથવા તો અનંતમાં વિસ્તરી રહે છે. સર્વત્ર છવાયેલી શ્યામલતામાં તેઓ ઝળહળતા તેજનો સાક્ષાત્કાર પામે છે. તેજના અંધાર અને અંધારના તેજ કવિ અનુભવે છે ત્યારે વિશ્વમાં વિસ્તરેલ શ્યામરૂપ, સમગ્ર અવકાશમાં છાયેલ નીલરૂપને સાકાર કરે છે માત્ર ઘનશ્યામ-કૃષ્ણરૂપે.

કવિ 'દ્વા સુપર્ણા'માં બે પાંખની જેમ 'કૃષ્ણગીતિ' અને 'અવધૂતો'નાં ગાનને પ્રસરાવે છે. 'કૃષ્ણગીતિ'નાં કાવ્યોમાં સાકાર કૃષ્ણને તેઓ વિષય બનાવે છે પરંતુ એ અનુભૂતિમાં પોતાની - નીલનભ, વસંત, ટહુકો, વાંસળીનો નાદ, ગુંજારવ, અશ્વ ઝણકાર ઇત્યાદિ - સૈન્દ્રિય અનુભૂતિઓને અભિવ્યક્ત કરે છે. અહીં નરસિંહ-મીરાં જેવા શૃંગાર કે દયારામ જેવો દાસીભાવ કે વૈષ્ણવનો ભક્તિભાવ પ્રગટતો નથી. માત્ર કવિ કૃષ્ણરૂપમાં શોધે છે પોતાની ગૂઢ અનુભૂતિનું સાકારરૂપ. કાવ્યસંગ્રહના પ્રારંભે જ 'પ્રિયતમ' કાવ્યનો ઉઘાડ જુઓ--

'પ્રિયતમ, નીલ રૂપ તવ ચાહું
લહો નિરંતર અપલક નજરે
દૃગની તરસ નિવારું.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૯૮૩)

કૃષ્ણનું રૂપ કવિ પ્રકૃતિમાં જ પામે છે. અથવા તો પ્રકૃતિપ્રાપ્ત અનુભૂતિને કૃષ્ણમાં સાકાર જુએ છે. કૃષ્ણ પ્રગટ નથી પરંતુ કૃષ્ણનું નીલરૂપ આકાશ પ્રગટ છે. એ રીતે કવિ અડધા ઉઘાડેલા કમલ નયનમાં અનંતને સમાયેલું જુએ છે. અધર ઉપર મોરલીના મૃદુ ટહુકારે નિખિલ છવાયેલું જુએ છે. આ રીતે કવિ પોતાની સૈન્દ્રિય અનુભૂતિને કૃષ્ણરૂપમાં સાકાર જુએ છે. પ્રકૃતિના સંપર્કમાં જે છે તે જ કૃષ્ણના સાકાર રૂપદર્શનમાં છે. સમાધિની અર્ધનિમીલિત આંખોમાં તેઓ અનંતને સમાયેલું અને અધર ઉપર ધરેલી મોરલીના ટહુકારે નિખિલને છવાયેલો જુએ છે. મોરલીના ટહુકાનો નિખિલમાં વ્યાપ એ જ અનાહત નાદનો અનંત વિસ્તાર છે. કવિ પોતે ય હૃદયસભર રાગને લલકારે છે, શબ્દ શમે છે તેની સાથે નીલિમા પણ શમે છે અને કવિ પોતાના કે બ્રહ્મના રૂપનો ભેદ જોઈ શકતા નથી. કાલચો પર બનેલી એ ક્ષણના સમયાવરણ પર કવિ નિહાળે છે.

'પુલકમય અંગ મુદિત મારું,
પ્રિયતમ, નીલ રૂપ તવ ચાહું.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૯૮૩)

અહીં કૃષ્ણને નહીં કૃષ્ણના નીલરૂપને તેઓ ચાહે છે કેમકે નીલરૂપ અદીઠ કૃષ્ણમાં એમને સાકાર લાગે છે. એ જ રીતે સંભળાતો સાદ-ટહુકો, કૃષ્ણનો મોરલીના ગાનમાં સાકાર બને છે. 'નીલ રૂપ'માં કવિને એવું જ કહેવું છે કે--

'સુંદર તવ રૂપ નીલ, નંદકુંવર કહાન,
કાલિન્દી નીર-કુંજ ટહુકે તવ ગાન.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૯૮૩)

આમ્રમંજરીમાં ઊડના ટહુકાથી જેમ ગગન ભરાઈ જાય છે, ક્યારેક પ્રિય સુંદરીના કંકણ-નેપુરના રણકારે ગગન ભરાઈ જાય છે એ જ રીતે અહીં કૃષ્ણના ચરણનેપુરના છંદમધુર નાદે 'ભુવન ભુવન વિપુલ ગહન ગગન ગાજી રહે છે. લહરની તરલ તાનમાં કવિનું હૃદય ઉલટભર પ્રસન્ન થઈ રહે છે પરંતુ જે રૂપને પ્રતિબિંબ જુએ છે તેને કૃષ્ણમાં સાકાર કરે છે તેની પ્રતીતિ હવે પછીના વર્ણન ઉપરથી થઈ જાય છે.

'નીલ રંગ હલદ હુઓ,
હલદ ભયો લાલ,
લાલ ધવલ તેજપુંજ;
સહુ રા તે નિહાલ.
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૮૩)

લાલ, પીળો અને વાદળી મૂળ રંગ છે. મેઘધનુષ્યનો વર્ણપટ જે સાતરંગોથી રચાય છે તેમાં પણ નીલથી લાલ રંગ સુધીનો રંગવિસ્તાર છે. આ ત્રણેય કે સાતેય રંગોમાંથી ઊઠતા ધવલ તેજપુંજમાં સહુ ન્યાલ થઈ જાય છે. ધ્યાન માટે સાતરંગ સમાવતું વર્તુળ કે સાતરંગના દડાઓની કલ્પના કરવાની પધ્ધતિ ધવલ તેજદર્શનની પહેલાંની રંગલીલાનું દૃશ્યવિધાન છે. કવિ રાજેન્દ્રની સાધના યૌગિક છે. આથી કવિના યોગક્રિયાના સંવેદનોનો સ્પર્શ તેમનાં કાવ્યોમાં સહજ જડ્યા કરે છે. કૃષ્ણનો રંગ નીલમાંથી પીળો અને પીળામાંથી લાલ અને અંતે ધવલ તેજપુંજનો દેખાય છે. એમની અધ્યાત્માનુભૂતિ તેજ રૂપ છે ઇન્દ્રિયરાગની રંગલીલાના માધ્યમે જ કવિ ત્યાં પહોંચે છે જે આમાંથી ધ્વનિત થાય છે. એમણે ગાયેલું કૃષ્ણનું આ રૂપ કોઈએ ગાયું નથી નીલાકાશમાં ઉદયભાનુંની રંગલીલાના અંતે પ્રગટતા તેજપુંજને જોઈને જે ધન્યતા અનુભવી છે તે અહીં કૃષ્ણના સાકારરૂપમાં કવિ પગટતી જુએ છે અને ત્યાર પછી કૃષ્ણની મોહિનીથી ભક્તને ચઢતી પ્રેમાનંદની ભરતી કવિને પણ ચઢે છે. જે કૃષ્ણના સાકારરૂપ સાથે જોડાયેલી છે. તેમણે કહ્યું છે--

'ભવની ભૂર તરસ લહે
અમીયલ વિષપાન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૬૮૪)

કવિએ અત્યાર સુધી પાંચેય ઇન્દ્રિયો પૈકી આંખ, કાન, નાક અને સ્પર્શ થકી જે માણ્યું છે તે પુનઃ પુનઃ કવિતામાં ગાયું છે પરંતુ સ્વાદેન્દ્રિયોથી અમૃત પાનનો ઉલ્લેખ કવિના સમગ્રના કાવ્યોમાં ભાગ્યે જ મળે છે. કૃષ્ણભક્તોના ગાનમાં 'અમીરસપાન' પ્રધાનતઃ જોવા મળે છે તેનું પાન કવિ અહીં કરે છે. કવિએ અંધારમાં તેજને અને તેજમાં અંધારને જોયો છે. મૌનમાં રવ અને રવમાં મૌનને સાંભળ્યું છે. તેવી જ રીતે અહીં 'અમીરસપાન' નહીં 'અમીયલ વિષપાન' કરે છે. ભવની તરસને ભાંગતું આ વિષપાન પણ અમીયલ છે.

'પ્રણામ'માં તેઓ કૃષ્ણરૂપને ઋજુ હૃદયે પ્રણામ કરે છે પરંતુ રૂપવર્ણનની સ્વાનુભૂતિ અપેક્ષિત જ છે. કવિ અને કૃષ્ણ વચ્ચેનો સેતુ મૃદુલકિરણ છે. કવિના મનનું અભિસરણ અહેતુ છે. અન્ય ભક્તોની જેમ ગોપીભાવે પ્રિયતમની પ્રાપ્તિ - રાસરમણ કે દાસ બની ચરણોમાં રહેવાની વાત કવિ કરતા નથી. એમના તો મુદિત મનનું અભિસરણ નિરુદ્દેશ - અહેતુ છે. આનંદસમાધિમાં સદાય લીન રાખે એવું અફીણી દૃશ્ય પછી તે પ્રણય, પ્રકૃતિ કે કૃષ્ણ ગમે તે હોય. માટે તો કવિ પલક પલક પર મલકતું 'વદન નિત્ય અભિરૂપ' જુએ છે. સુકોમલ અનલ પ્રેમાગ્નિના ચિતિમય સ્પર્શ

પુલકલહરનો ભારે અણુ અણુ હર્ષે પામે છે ત્યારે કવિ લખે છે--

'અંતર સકલ વિસરે ,
અધરે રમતું
મધુમય નવ નામ .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૮૪)

'ઘટમાં' કાવ્યમાં તેઓ તેજ કે ક્રંદનને બદલે 'ઘટમાં ઘેરાયો ઘનશ્યામ' જુએ છે.

'પીળું રે અંબર એને શામળે તે વાન
મારો ખીલ્યો રે ફાગણિયો લલામ.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૮૫)

'ફાગણિયો લલામ' કવિનો અધ્યાત્માનંદનો અણુ અણુમાં છવાતો ચૈતન્યસભરતાનો છોળ છે. કવિનો આધ્યાત્મિક આનંદ કોરો કે મોળો જ માત્ર નથી. એમાં તો ફાગણના રંગ એનો ઓનાશ , એનો સુગંધ , ગીતોનો ગુંજ અને મધુરતાનો આસવ ભરેલો છે. તેઓ પાંચેય ઇન્દ્રિયોથી તેમનો અધ્યાત્માનુભૂતિને ગ્રહે છે ત્યારે તો 'આનંદ આહો જામ'કે અભિનવો આનંદ ગાતા તત્વસિધ્ધ કવિઓ કરતાં રાજેન્દ્રની અનુભૂતિ સાવ જુદી જ લાગે છે.

અન્ય કાવ્યોની પંક્તિઓ પણ કવિના સ્વ-ભાવને દર્શાવે છે. કૃષ્ણપ્રત્યેના ભક્તિભાવને નહીં કૃષ્ણના રૂપવર્ણનમાં પોતાની જ નિજી છવિને તેઓ ઉપસાવે છે. શૂન્યતામાં ઊઠતા પ્રસ્પંદને અને જુઓ હૃદયકુંજમાં છવાતા તેજપુંજને કવિ કેટલો સુંદર અભિવ્યક્તિ આપે છે ! જુઓ 'તારકતેજ'માં --

'અહીંનો નીરવતામાં લયનો હિલ્લોળ કોઈ લહું રે સમીપ ,
ઘન રે જામિનો ભારી નમણી સોહાય તારકતેજને પ્રદીપ.'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૮૫)

કૃષ્ણના ગોપીઓના વસ્ત્રાહરણના પ્રસંગનો સંદર્ભ લઈ કાળરૂપી કાલિન્દીના કાંઠે કદંબવૃક્ષ ઉપર ,આવરણહીન અંગે થતો કૃષ્ણનો સંગ અને એ સંગથી રોમરોમ કંપ જન્માવતી પ્રીતનું પ્રાગટ્ય તેઓ બતાવે છે. જ્યાં સુધી ચિત્ત અનાવરણ ન થાય ત્યાં સુધી પરમતત્ત્વનાં દર્શન થતાં નથી અને એ દર્શન થતાં જ રોમરોમ ઝળકી ઊઠે છે. વાસનાના વસ્ત્રો સરી પડે છે અને નિર્મળપ્રેમનું પ્રાગટ્ય થાય છે .

'કાળની કાલિંદરીના તીરના કદંબે
સંગ તો શ્યામનો આવરણહીન અંગે ,
કોઈ રે કંપન વહી જાય રોમ રોમ - એની પ્રગટંત પ્રીત.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૬૮૫)

અહીં પ્રકૃતિ, પ્રણય અને પ્રેમ બધાંનો એક સાથે અભિવ્યક્તિ છે. 'ફાગ'માં કવિ પલક પલક રંગભરી નૈન પિચકારી બની જાય છે અને કાન ઉપર ઉલટથી રંગ નાંખી રહે છે. 'કુંજનું ઇજન'માં તેઓ ખીલેલા નયનના સિંદૂરમાં નીલ નૂરને ભળી જતા જુએ છે. 'વિરહ-કાતર રાધાની વ્યથા 'માં પ્રેમાતુર રાધાના પ્રાણનો ઉત્કંઠા અને પ્રગટો ઊઠેલા વિરહાગ્નિની તીવ્રતા વ્યક્ત કરતાં કવિ કહે છે --

'વ્યાકુળ મારા પ્રાણ ખોળે નવ ખોળો ,'
'જલતીને લઈ જમુનામાં ઝબોળો ' '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૮૭)

'સાદ'માં પણ ઉરનો મીઠો સાદ દેતી ગોપી મનની આગને શમાવના મધુર સંકનો ઝંખના કરે છે. તો 'થાકી'માં એ ઊગમણી કુંજથી રેલાતા ટહુકાના અનુસંધાને દોડી આવે છે. 'વેદના' માં એ યૌવન શ્યામલ વનને વિસ્તરેલું જુએ છે જેમાં દૂરના પાવાના હવામાં આંદોલનો જાગે છે. 'કહીં શ્યામ 'માં તે અરૂણકિરણના સદનમાં શ્યામને ગોતી લાવવા સહિયરને કહે છે. 'પગેરું'માં કવિની અધ્યાત્માનુભૂતિનું સાકારરૂપ હજુ સ્થિર થયું નથી તેની આપણને પ્રતીતિ થાય છે. કવિ નીલરૂપ કૃષ્ણનું નામ પણ લે છે અને દિક્સુંદરીના થાળા પણ સાંભળે છે.

'ટહુકે એનું નામ લઉં . દિશસુંદરીના સુણું થાળા ,'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૬૧)

એમનું સદોદ કૃષ્ણરૂપ છે કે નારી રૂપ છે તે હજી નિશ્ચિત જણાતું નથી . ક્યારેક કૃષ્ણરૂપે તો ક્યારેક દિક્સુંદરી રૂપે એને જુએ છે. ' વિકલતા'માં વિકલ બનેલી નજાકતા જ વન વનમાં ભમતા એના સાદને શોધે છે. એમની ઝંખનાનાં વન તેમની પાસે જ છે. પણ કવિતો કહે છે કે તેઓ જેની પગલી શોધે છે તે તો તેમની પાછળ જ વિચિત્ર વેશે દેખાય છે.

'જેની પગલી ઢૂંઢત તે
તવ પાછળ વિચિત્ર વેશે ,
કરકંકણ કશું દરસાઉં ?'
(સંકલિત કવિતા. પૃષ્ઠ-૬૬૨)

અહીં કોની પગલી ઢૂંઢી રહ્યા છે તે સ્પષ્ટ છે. એમને કૃષ્ણને શોધવાની ઝંખના નથી પણ પોતે જ પરમ આહ્લાદને અનુભવે છે તે આહ્લાદના કારણને મૂર્તિમંત જોવાની ઇચ્છા છે. તેઓ આ રૂપ દિક્સુંદરીના સ્વરૂપે સાકાર કરે છે. સ્પર્શ વિના એના કેશમાં કોણ કમલ ગૂંથે છે તેને તું જોતો નથી . એ છે કવિ જેની પગલી ઢૂંઢી રહ્યા છે તે વિચિત્ર વેશે પ્રગટ થતું રૂપ. આ રૂપ પ્રગટ નથી. આથી કવિ માત્ર કેશમાં કમલને ગૂંથતા હાથની જ કલ્પના કરી શકે છે અને ' કરકંકણ'નો ઉલ્લેખ એમની માનસપ્રિયાનો સંકેત કરે છે. તે કવિપ્રિયા રાધા છે. વિશ્વસુંદરી કે દિક્સુંદરી છે તે આપણી ધારણાનો વિષય બને છે.

નીલ નભ અને ટહુકો જ કૃષ્ણરૂપવર્ણનના મુખ્ય આધારો છે જેનો પુરાવો 'નિશિ-અંધારે' , ' બંસીરવ',' અભિસારે' વગેરે કાવ્યોમાંથી પણ મળી રહે છે. 'સાવનમેહ'માં શ્યામલ વન એકલ કવિને ઘેરી લે છે. દૂર વિકલ તેઓ હેરી રહે છે. એમનો મનમોર સ્નેહનો હેલીને તરસે છે ત્યારે કવિ ગુંજનરવ સાંભળે છે. આકુલમાં રવનો ઝીણી ઝાંઝરીનું શ્રવણ એ કવિસ્વભાવ છે -નિજ સ્થાયીભાવ છે પણ એ ઝીણો રવ કરી રહી જાય છે. વરસો હૈયાની લગનને છીપાવતો નથી.

' રિમઝિમ રિમઝિમ રવ ગુંજન કરી
ધરે સકામ અબોલા .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૬૬૪)

કવિહૈયામાં ઉન્માદનો -આનંદનો કે ઝંખનાનો લહેર ઊછળે છે - ઢળે છે અને હણુ હણુ વહેતો અનુભવે ત્યારે પહોંચી જાય છે. ' સુન્ન સ્વપ્ન પણ તુટે 'એટલે કે તેઓ શૂન્યતામાં જ અદૃશ્ય સૌંદર્યને જુએ છે તે સ્વપ્ન પણ સરી જાય છે. 'હેલી'માં સાવનહેલી રૂપ સાંવર વરસી રહ્યો છે. સાવનરૂપી કૃષ્ણ હોય તો એના ઝાંઝર ઝરણાંના જ હોય ને ' એનો લય ઢળતો તરુવરડાળ છે . નભમાં લટકાં કરતી વીજ તાલ આપે છે. હેલીરૂપ સાંવરનું વર્ણન તો ધ્વનિરૂપ જ છે . એ ધ્વનિ પાછો નિખિલમાં વિસ્તરે છે .

'નિખિલ મલ્હાર પંચમ ગુંજન પર
બજત હવાનો પાવો.
વસન ધર્યાં તે વસન રહ્યાં નહીં
વિરલ લહરનો લ્હાવો ;
સંગ તવ અંગઅંગ ભીંજેલો .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૯૯૫)

સાવર સંગ વસ્ત્રહીન થઇ અંગઅંગ ભીંજાવાનો લ્હાવો કવિ પામે છે. અર્થાત્ વાસના મુક્ત બની પ્રેમવર્ષામાં ન્હાવાનો આ લ્હાવો છે. 'ઝુલાવ ' કવિના હૃદયોલ્લાસને પ્રગટાવતું કાવ્ય છે. ગોપીભાવે પ્રિયતમને સાવનની ઝરમરમાં હળવે ઝુલાવા કહે છે. એમના હૃદયોલ્લાસનો આ ઝોલો છે. આજ તો ભવન ગગન બની ગયું છે અને જમુનાની લહેરને પવન છેક ભવનમાં લઈ આવ્યો છે. દૂર નિકુંજે તમાલકુંજમાં બોલતો મોરલો કાળજાના બંધ ખોલી નાંખે છે ત્યારે કવિ પોતે જ નહીં આખો અવનો કવિ સંગ ખેલી રહે છે અને હોંશે હોંશે ઉલ્લાસને નભમાં રેલી રહે છે. મોરલાના ટહુકાથી મન વિસ્તાર પામી બહાર છવાય છે . અવની આખો કવિસંગ નાચી ઊઠે છે. 'હે મુજ હૃદય કાન્ત' માં તેઓ પોતાને જ નવા ભવે જુએ છે.

' ગગન પોઢ્યું તૃણમાં પેલવ ,
હું ય તે મને જોઉં નવે ભવ. '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૯૯૬)

'હે સાંવર'માં વનવાસીના સૂરનું યોગમ ઉડ્ડયન છે ત્યાં વ્રજનિકુંજે સાંવરને જોવા કવિના નયન આકુલ છે. 'તડપન'માં તેઓ એક હૃદયને ધડકન બેઉના આ રૂપ ગણી જાય એવો નિકટતા હોવા છતાં એકબીજામાં નીવ શમન પામવા યદુનંદનને હજી ય નજીક આવવા જણાવે છે. 'મોહો'માં બહારનો ભેજ ધરાવતો , રોમાંચ આપતો, કોમલ સ્પર્શ અને બહુ અવાજ કરતો .ગગન ગગને મઢી જાય અને અનુપમ સુખનો મોણો ચઢાવે એવો 'મોહો'- થુમો માગે છે . તેઓ નોંધે છે--

'તે થાબો , તારા વિણ સહુથી
રહું સદા ય અજાણો . '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ - ૯૯૮)

કૃષ્ણ સિવાય બીજાથી અજાણો રહે છે આ ગોપી.

કવિના મનોભાવોને પ્રગટાવતી પંક્તિઓ 'રસાણું',' કંઈ રાખિયું બાકી', ' વિપરીત વરતાવ ',' હે પ્રિયતમે ' ',' રાધાને અનુનય ',' યૌવન ભરાય નહિ', 'ગોકુલની કુલકામિની'.' હરિને મળીએ ',' નટવરને વરીએ ',' શરદની સવારે' ઇત્યાદિ કાવ્યોમાં પણ મળે છે. કવિના કાવ્યોમાં વર્ણન પામતો બહાર જલરૂપ , તેજ રૂપ, ટહુકારૂપ અને નીલવર્ણરૂપ છે. આમ કવિને કૃષ્ણ જલરૂપ ,તેજરૂપ ટહુકારૂપ, નીલ-શ્યામવર્ણરૂપ લાગે છે અને સાકાર કૃષ્ણનું રૂપ પ્રકૃતિતત્વોમાંથી પોતે પામેલા આહ્લાદમાંથી ઘડી કાઢે છે. આવું કૃષ્ણનું રૂપ સતત દેખાતું નથી . આ બધી તો ક્ષણિક ઝાંખી છે. કવિની પાછી શોધન - નિગોપનની પરંપરા ચાલુ થઈ જાય છે. એટલે 'કૃષ્ણગીતિ'ના અંતિમ કાવ્યમાં એ ભાવ પણ પ્રગટ કરે છે. 'કાલિન્દીનો કેડિએ'માં તેઓ આવા ફરી ફરી બોલાઈ જતાં કૃષ્ણને શોધે છે.

'કાલિન્દીનો કેડિએ જોયું ધુળેભર્યું મોરપીંછું
હાય રે કહીં કહાન ? '
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૧૦૧૪)

કાલિન્દી એ સતત સંચરતો કાળ છે. એમાં કૃષ્ણનો ધૂળમાં પડેલો નિશાનો - મોરપીંછું - મળે છે પણ કૃષ્ણ ક્યાં છે ? મોરલીના વેણ વિના વ્રજનું વિકળ વન સાવ સૂમસામ સૂનું છે. તેઓ કૃષ્ણને તેના સાજથી - મોરલીથી - જ ઓળખે છે. પ્રભુનો- પરમતત્ત્વનો એમનો ઓળખાણ ધ્વનિરૂપ છે. આથી એના અભાવમાં પ્રભુ ક્યાંયથી પણ આવે તો તેઓ ઓળખી શકતા નથી.

'ક્યાંયથી આવે તોય તે વિના સાન હું શી રીત પ્રીછું ?'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૧૦૧૪)

આમ પોતાની પરમઅનુભૂતિને કૃષ્ણરૂપમાં સાકાર કરવાનો પ્રયત્ન કવિ કરે છે. તેની ભાવાભિવ્યક્તિને પ્રગટાવે છે 'દ્વા સુપર્ણા 'નું પ્રથમ પર્ણ 'કૃષ્ણગીતિ '. હવે બીજું પર્ણ 'અવધૂતી' અલખની ધૂણી ધખાવી બેઠેલા અવધૂતના એકતારાનું ગાન લઈને આવે છે.

'અવધૂતી'નું પ્રથમકાવ્ય 'ખાલીને ભીતર' કવિની સૂક્ષ્મ જગતની અનુભૂતિઓનો પરિચય કરાવે છે. જ્યારે ભીતર ઈચ્છાઓ, વાસનાઓ વિના બિલકુલ ખાલી બની જાય છે, યોગક્રિયામાં જ્યારે પ્રાણ શૂન્યશિખરે પહોંચે છે ત્યારે સૂક્ષ્મજગતમાં ચિત્ત પ્રવેશે છે. આખું ય જગત એ શૂન્યાવકાશમાં ભરાઈ જાય છે. જ્યાં સુધી ચિત્ત સંસારિક વાસનાઓથી ભરેલું હોય છે ત્યાં સુધી અદ્વિતીય આધ્યાત્મિક અનુભૂતિને ઝીલવા માટે નિરાળું પાત્ર હોતું નથી એટલે અલકનું જ્ઞાન ઓરે આવી ચાલ્યું જાય છે, ઝીલી શકાતું નથી.

' ખાલીની ભીતર આખું જગ આ ભરાય .
બંધુ, તોય તે રહેતું ખાલી ખાલી ;
ભર્યાની કને ન હાલું ઠામ કો નિરાળું .'
ઓરું આવ્યું તે બધું ય જાય ચાલી હે જી.
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૧૦૧૭)

કવિ કાયાને વાંસની વાંસળીરૂપ ગણે છે.શ્વાસનો વાયુ એમાંથી નિયમિત ગતિ સરે છે ત્યારે તે વ્હાલીડાને હોઠેથી સરતા સૂર રેલાવે છે. અહીં પ્રાણાયામની યોગસાધનાનો નિર્દેશ મળે છે. જુઓ

'ફૂંક રે લાગે ને ટહુકો ગગને રેલાય
સહુને સૂરનાં અમરત મીઠાં પાઈ રે જી .'
(સંકલિત કવિતા. પૃષ્ઠ-૧૦૧૭)

ગગન એટલે યોગક્રિયામાં સહસ્રાર - બ્રહ્મરંધ્ર નાભિની ઉપર ઊઠતો પ્રાણ એક ધડાકા સાથે બ્રહ્મરંધ્રમાં પહોંચે છે ત્યારે પરમચૈતન્યના મહાસાગરમાં ભળી રહ્યાનો અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે.

'નીતર્યાં જલ જેવાં નહીં વણ રે ઉછાળ ,
બંધુ, લખની લાધેલી શોભા ધારી .'
(સંકલિત કવિતા ,પૃષ્ઠ- ૧૦૧૭)

જે અલક્ષ્ય છે તે લક્ષ્ય બને છે, આત્મરૂપ બને છે ત્યારે સાધક પોતે પરમ શોભાને ધારી રહે છે. નિરિચ્છાના દેશમાં નીતર્યાં જલ જેવી ઈચ્છાઓના ઉછાળ વગરની સ્થિર અવસ્થા ત્યારે પ્રાપ્ત થાય છે. કવિ કહે છે કે આપણા આ રૂપ-ગુણથી આપણી નજીકના માનવીઓને પણ ભીંજવીએ પણ એમના ગુણોને ગ્રહીને આપણે ખરડાવાની જરૂર નથી.

'તોરનો માટીને ભીનો કરીએ ભલેને
એને વળગી રહ્યું ન મેલ-ભારી હે જી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૧૭)

કવિ આખા સંસારનો મોક્ષ કરાવવાની ક્ષમતા ધરાવતા નથી. સંસારના કર્મોનો ભાર ઉપાડવાની તેમની શક્તિ નથી પરંતુ નૈષ્કર્મના માર્ગે અનાસક્ત બની કર્મ કરવા છતાં બાંધો બંધાયા વિનાના રહેવા તેઓ ઇચ્છે છે. હાથ અડકો અડકોને અળગા રહે ત્યારે જ આનંદદર્શનતાળી વાગે છે. આત્મના હૈયામાં કવિ આવો અલખના જ્ઞાનદર્શનનો બહુવિધ તાળીને ઉઘાડતો જુએ છે.

'આત્મના હૈયાનો મોહી ઉઘાડે અલખનો આ
પલ પલ બહુવિધ તાળો હે જી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૧૭)

આમ કવિનું આ અવધૂતીગાન કવિના પરમઆધ્યાત્મિક અનુભવનો પરિચય આપવા સાથે આપણને આત્મજ્ઞાનનું ભાથું પણ બંધાવે છે.

'બંધનો'માં તેઓ સૂક્ષ્મ જગતમાં પ્રવેશ્યા પછી એ અણજાણ ભૂમિમાં જ ફરતા રહેવા માટે બેચેન હોવાનું જણાવે છે. આ અદીઠ ભૂમિમાં તેઓ વિહાર કરે છે ત્યાંનો અનુભવ કવિ રૂપ, ધ્વનિ, ગંધ અને ભેજ રૂપે અનુક્રમે દૃશ્ય - શ્રવણ - ઘ્રાણ- સ્પર્શેન્દ્રિયના માધ્યમે ઝીલે છે.

'નજરું પરોવું અહીંનાં રૂપમાં,
શ્રવણે ધરું રે કિલોલ.'
શોધો તે વાયુની સરતી લહેરમાં
ફોરમ લેતો રે હિલોળ,
પાંદડું કોરું આ ઝાકળનીરના
નવ કંઈ ભેજને કળે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૧૭-૧૮)

ઉરની ભીનાશ વિના એ ઝાકળનીરના ભેજ કળાતા નથી એટલે કવિનું મન પાછળ મૂકેલા માર્ગે જ પાછું વળે છે ત્યારે અહીંના સ્થૂળ જગત અને સૂક્ષ્મ જગત વચ્ચે કંઈ મેળ ખાતો નથી અને અનંત ઉરની આગ આંખમાં ઝરે છે. અહીં અદીઠનો અનુભવ અને તેને નિરંતર પામવાની બેચેની પ્રગટ છે.

'ખેપ'માં એક જન્મથી બીજા જન્મના 'આ તીરથી આ તીરના અજાણ કોઈ તે ઘાટે' 'સઢ ભરાયા પવનમાં જતી જીવનતરીની' કેટલીય ખેપમાં ફેરે ફેરે નવી જ દુનિયાના અનુભવો થયા હોવાનું તેઓ સ્વીકારે છે. આ આવન-જાવનમાં ઠરીને ક્યાંય રહેવાતું નથી. નીરના બાઢ અને કાંઠા તૂફાન જીવનમાં મળ્યા છે પણ વેળા-કવેળાએ સુકાન ભરવાનું માલમ-પ્રભુ જાણે છે એટલે કવિ તો એ પરમાત્મામાં ભળીને જ આનંદ અનુભવે છે.

'ઝળહળાકાર થઈને
ધજા ફરૂકે ફરી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૧૮)

આત્મચેતનાનું પરમાત્મામાં ભળી જવું એ આનંદની ધજા ફરકાવી રહે છે. આનંદને પ્રગટ કરવાના ય એમનાં નિતનવા કલ્પનો હોય છે. આ 'ખેપ' યોગક્રિયાને ધ્વનિત કરે છે. શ્વાસની આવન જાવનમાં જલરૂપી અનુભૂતિના બાઢ અને તોફાન કવિને મળે

છે. પણ વેળા-કવેળાએ સમાધિસ્થ થવું એ પ્રભુના જ હાથની વાત છે. કવિનું કર્તૃત્વ હવે કંઈ જ રહ્યું નથી. સહજ સમાધિ એમને પ્રાપ્ય છે.

'મનોરથ'માં તેઓ મનોરથના છોળોના ઉછાળમાં ડૂબતી જીવનનૈયાને સંભાળી લેવા કહે છે કેમકે 'આપણી સ્થિરતાને કેવળ આપણો આધાર' છે. સકલમાં પોતાનું જ રૂપ જોઈ આત્મસ્થ થવાની જરૂર છે. નિજને જાણીને બ્રહ્મની જંજાળ ભાંગી જશે તો સાગર સરોવર જેવો શાંત લાગશે ત્યારે ભીતરનું ગાન વહેશે. નહીંતર વિકરાળ કાળ તમને ઘેરી વળશે. આમ તેઓ ઈચ્છાઓનું શમન કરી આત્મરૂપને સકલમાં ઓળખવા અનુરોધ કરે છે.

આત્મકલ્યાણના આવા વિકટ માર્ગમાં કોઈ સાથી ન હોય તો 'એકલ જાજે'માં તેઓ એકલા જવાનો આદેશ કરે છે. જ્યારે કાળા અંધારાથી માર્ગ છવાઈ ગયો હોય ત્યારે આત્મદીવાના પ્રકાશમાં આગળ વધવા અને થંભેલો વાયુનો પ્રચંડ વંટોળ ઊઠ્યો હોય ત્યારે વાંસળીના પાણમાંથી મોહનની મોરલીનો સાદ સુણવા કવિ કહે છે. નાનકડી નાવથી અગાધ પાણીને તાગવાના એટલે દિવસરાત, સાંજસવાર મૃદુ ચહેરો સહજમાં ~~સહજમાં~~ સહેલવાનું. એકલા જ આત્મ- કલ્યાણના માર્ગે આગળ વધવાનું છે.

'ચંચલ મન'માં છલનાછાયા પાછળ ભ્રમણ કરવાનું છોડી નિજનો પાર નિરખવાનું કવિ કહે છે. મન જે જુએ છે તે સીમા નથી. અસીમના આરે અદીઠી ભૂમિ મનને બતાવવાની કવિની અભીપ્સા છે. કવિ ઈન્દ્રિયોના સદભાવમાંથી છૂટી નયનમાં અવિચળ આનંદનું નિરંજન અંજન આંજવા ચહે છે.

કવિ પ્રભુના ધામ સુધી પહોંચવા આકુળ-અધીર મનને માર્ગદર્શન કરે છે 'નિર્દેશ' કાવ્યમાં. વાટના વહેવાર જોણું ય ધન ના રહે, ભવની ભાવટ ભુલાય, કર્મની ગઠરી ખાલી થઈ જાય ત્યારે એની જ સોમ, કુંજ અને વન દેખાય. સકલમાં વસેલો આ પરમાત્મા ક્યારે મળે, કઈ ગલી અને ઘાટે મળે એનું સમાધાન કરતાં કવિ કહે છે --

'કાલની નોબતું નહીં
અહીં તો મનમોજીલાનું
બહુવિધ વેશ સૌની સંગમાં રમણ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૬૧)

બહુવિધ રીતે સકલમાં રમી રહેલો આ તો મનમોજી છે, એના રૂપને નયન ખોલે છે અને સૂરને શ્રવણ ખોલે છે.

'વ્યાકુલ સુરતા'માં વ્યાકુલ બની સુરતા એના ભરથારને શોધે છે. સંસારની શેરી શેરીએ ટહેલ નાંખતી પળપળ બાવરી બની એ ફરે છે. દશેય દિશાઓ સૂની બની જાય છે, આંખની અગન ઓસરી જાય છે, જલની જુવાળ ઊતરી જાય છે, કોઈક અડકીને બાહુબંધમાં લઈ હૈયે ધરે છે- આલિંગન દે છે પણ નીંદનું સોણલું સરી પડે છે અને અડધું શરીર માત્ર પડ્યું રહ્યું છે. કવિ એમની સુરતાનું અનુસંધાન શોધે છે. આવી સ્થિતિમાં એમનું મન જ કેડીનો દાખણહાર બને છે. 'મરાલ મારા' કાવ્યમાં લાલી ધખનાની તરસ જેણે પિછાણી છે એને જ પાતાળના પાણી પ્રાપ્ત થાય છે. પંચતત્ત્વોના સ્થૂળ પટોને ભેદીને પંચેન્દ્રિયોને નાથીને હૃદયપુષ્પ આપમેળે ખીલે છે. વિરહાગ્નિને પ્રગટાવનાર વ્રજનારની સંગે જ શ્યામ હરખે ખેલે છે. કવિ મનના મરાલને કહે છે ત્યારે જ ઉરનો આનંદ રેલાય રહે છે.

'કહીં લગી'માં તેમને પ્રિયતમનો અસંગ કહે છે. પ્રિયતમ રંગમાં આવતો નથી. તેને નિર્લેપના છોડો પોતાના રંગમાં આણવા તેઓ ઇચ્છે છે. અચલ ધરેથી નીકળી ગંગા ઉમંગ તરંગે વહી નીકળી છે ત્યારે એ અનહદના ઉચ્છંગમાં ભળતી નિર્જન નાદમાં આગળ વધી રહી છે. આ કવિ હૃદયની પ્રેમગંગાને અંકમાં ધરવા પ્રિયતમને નીલ રંગમાં રંગવામાં પોતે નીલ ગગનનું પાણી બન્યા છે.

'તને રંગવા નીલ, બની હું
નીલ ગગનનું પાણી,
એક એક અવશેષે.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૨૩)

નીલ એ ઇન્દ્રિયભાવ છે. પ્રિયતમ નિરંજન છે, અસંગ છે, નિર્લેપ છે. કવિ એને આવા નીલ રંગમાં આણવા પોતાના પ્રેમજલને પ્રિયતમ અંકમાં ધારણ કરે એવી ઇચ્છા વ્યક્ત કરે છે.

'ઇજન'માં તેઓ પ્રભુને તેમના સૂના અંતર સદને નીરવ પગલે પધારવાનું ઇજન આપે છે. જેમ તિમિર ગગનમાં નવભાનુનું અરૂણ કિરણ અડે, જેમ વિજન પથમાં વનનું ગાણું અડે, જેમ શિથિલ રગને સરવ અડે તેમ ચિતિચિરાગે મૃદુ રાગે મૂક જીવનના સૂના અંતર સદનમાં તેઓ પ્રભુને આવવા કહે છે.

'તું'માં કવિ અમલ તેજ અને છાયા તથા શૂન્ય ગગન પ્રભુ જ છે તેમ જણાવે છે. તેની લીલા અકલ છે. સકલ તરલ વર્ણમાયા પ્રભુ જ છે. હવે તો કવિના કાન એના કિલ્લોલને સાંભળે છે. નયનમાં એના રતિ-ગતિ-નર્તન ભરેલા, પ્રાણમાં એનો જ પરિમલ પામે છે. શાશ્વતમાં સ્વપ્નમાં પણ એને જ જુએ છે. ઘડીભર પણ તે હવે દૂર નથી અને કવિની કાયા એ આનંદ લહરમાં પુલકી ઊઠે છે.

'લહર લહર આનંદ ધરી રહી
પરશ - પુલકમય કાયા.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૨૪)

'તારું નામ'માં દૂર કે નજીક રહેલા પ્રભુનું જ નામ એમને કાળજે છે. પ્રભુનું ધામ ક્યાં છે તેની ખબર નથી પણ પ્રભુ સાથે જોડાયેલા તારે આઠે પ્રહર એમનું અંતર ઝણકે છે. તેઓ હવે સકલમાં એકરૂપ જુએ છે. ચોમેર એના જ વૈભવની શોભામય છટા દેખાય છે. પણ કવિના નીરવ નિગૂઢ મનમાં કુંજનો ઘટા વસેલો છે.

'નયને નયન મળીએ, ભળીએ
કંઇ ન બીજું કામ'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૨૫)

પ્રભુને આત્મસાત કરવા સિવાય બીજું કંઇ કામ કવિને નથી.

'નિશીથે'માં રાત્રિના અંધારમાં કોયલનો ટહુકો સાંભળી કવિ નિંદ્રામાંથી જાગી ઊઠે છે. આભનું તારકવૃંદ ઉરની નજીક આવે છે. પાંપણને પલકારે સૂર ઝિલાય છે. સહજ કોઇ એનો લહર કવિ સાંભળે છે. વિસર્જીને ખોળતી કવિની લગન હૃદયને ઝણકારે એકલી શમી જાય છે. કવિહૃદયની ઉડાનની ઝંખનાને પ્રગટ કરે છે આ કાવ્ય.

'વિજન વાટ'માં કોઇ સંગાથે ન હોવા છતાં કોઇકના હોવાનો અદ્વિતીય અનુભવ તેઓ દર્શાવે છે. કવિનો સાદ આવે છે--

'તલભૂમિનું ઝરણ
રેનાં ખળખળની વાણી,
અણે સરલ મારે ચરણે
નેપુરતાલની છટા આણી
અકળ એવે નાતે.'
(સંકલિત કવિતા,પૃ.૬૫- ૧૦૨૭)

નીકળી શકાય એવા સંબંધે આભનાં ઊંડાણમાંથી ઊઠતી વાણી કવિના સરલ ચરણમાં નેપુરતાલની છટા આણે છે. આ આનંદ ઘન અનુભૂતિની અવસ્થામાં હૃદયશૂન્ય બની જાય, મીઠું દર્દ અનુભવાય આંખોમાં આંસુ ઊભરાય અને ભીતરમાં ગગન વિસ્તરી રહે છે. તેજ-પુંજના દર્શન થાય, કોમળ મધુર આલિંગનમાં કોઈ આવરી રહે એવો પરમપ્રાપ્તિનો અનુભવ થાય.

કાળને જીતી ગયેલા કવિ 'કાળનો કવલ'માં પોતે કાળનો ગ્રાસ બનવાને બદલે પોતે જ કાળનો કોળિયો કરશે એમ જણાવે છે. હવે કોલાહલ કવિને ભ્રાન્ત કરતો નથી, વ્યથા પીડતી નથી. અહીંની હવા અને આભા કવિને પ્રસાદ અને પરમ શાંતિ આપે છે. કવિ નવોઢાની જેમ વાસરગૃહે પ્રવેશ કરે છે, અગમ નભિવ ગુંજન, મધુર ગંધ અને હૃદયમાંથી ઝરણનું ગાન પામે છે અને નિખિલની સાથે પોતે એનું પાન કરે છે. અહીં બધું ઓતપ્રોત છે, અભિન્ન છે, એવા એકરૂપતાના સુખને તેઓ માણે છે. યોગક્રિયામાં અનાહત ચક્રમાંથી કુંડલિની શક્તિનો પ્રવેશ હૃદયના દ્વાર ખોલી નાંખે છે ત્યારે અલૌકિક પ્રકાશ, સ્વરહીન નાદનું ગુંજન અને મધુર સુગંધનો અનુભવ થાય છે. હૃદયગ્રંથિ ભેદાઈ જતાં સ્થૂળ દેહભાવ લુપ્ત થાય છે અને નિર્મળ પ્રેમનું ઝરણું ફૂટે છે. યોગની પ્રક્રિયાની અનુભૂતિ અહીં આપણને જોવા મળે છે.

'એકતારાના બોલ'માં એકતારાના બોલના તારે જ કવિનો વ્હાલ રમતો રહે છે. દિશાવિહીન ગગનમાં ઘૂમનાર માટે દિવસ-રાત કે જાગવું- સૂવું કંઈ જ નથી. વાયરાની જેમ અહીં, વચમાં કોઈની કાળને ઝૂલતી કાળને નેપુરમાં રણકાવતા ક્યાંય જવાનું નથી છતાં ય ક્યાંય સ્થિર નથી એવા યતિ નિરંતરના સૂરમાં નાહી મેઘના ધવલ નૂરમાં કાળજાના લાલ અનુરાગે નર્યા ભળી જવું છે.

'તરસ'માં તેઓને હરિ નામની તરસ લાગી છે તો 'પરબ'માં હરિના નામની પરબ માંડીને તેઓ બેસે છે. 'ગતિહીન સૂર'માં દૂરના ઝીણા સૂર કવિને બોલાવે છે. આંખ આગળ સૂર નીલ વાન ધરે છે અને કવિ સઘળાંનો સાથ મેલી, નરવી ચીરવનામાં પયાણ કરે છે ત્યારે પાછળ પડેલ શોર અવસાન પામે છે.

'તારો સાથ'માં હૈયામાં રહેવા છતાં હાથ ન આવતા વૈરાગી વ્હાલાના અજાયબ સાથની એમને વાત કરતો છે. એ કાનમાં આવી ને બોલે તો એમનું મન હરાઈ જાય છે. એને નજીક લાવવા બાહુ ફેલાવે તો એ સરી જાય છે. ચારે કોર કવિને એનું તેજ વર્તાય છે. લોચન રૂપના રેજ બને છે. સામે જ જ્યોતિપુંજ પ્રગટી રહ્યું છે છતાં ય વાટ જોવી પડે છે. આ તે કેવો વિચિત્ર સાથ છે ? દૂર પણ નહીં ને નજીક પણ નહીં એવા નરવા હાડ માટે કવિ કહે છે --

'નાથ રે બાવાના વાગે, જેમ ઘૂઘરા;
ધરતી નહીં રે ધરા,

છેટો યે નહીં ને નહીં નેજવે
ધાર્યો નરવો કે ઠાઠ !'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- 1030)

નાથબાવો ઘૂઘરા ખખડાવતો અલખ જગાડવા આવે છે એને એક પળનો ય ધરપત નથી, ચાલતો જ રહે છે, અલખના રૂપમાં વહેતો જ રહે છે. તેમ કવિ પણ એ અલખ રૂપના ઠાઠથી અંજાઈ જાય છે.

'રહે-૧'માં સ્વજનને છોડી એમના મનોહર દૂર દોડી જાય છે. અજાણ્યે મારગ દુઃખ, તાપ વેઠી અમૂલ્ય રતન શોધી લાવે છે. જે દોહ્યલું છે એવા દૂરને તેઓ ઘરની સાથે જોડી રહે છે. તો 'રહે-૨'માં કવિને 'મુખની અનહદ આકુલતાની હૃદય વેદના' જાગે છે. કવિની ભગવી કંથા રંગ રંગમાં વણાણી બને છે અને જંતરનો સ્વર કેસુડાના ફાગ જેવો ગગનમાં રમે છે. આવી મસ્તીને તેઓ માણે છે પણ આસનનો અચળ છે, સોભાગો લોપાઈ ગઈ છે. અમીઘૂંટના પાનથી નાચતા અંગમાં નવું જોમ પ્રગટ્યું છે હવે તો --

'અવર લહે નહિ નયન, સુણે નહિ કર્ણ, અવર ગયું ન્યાગી,
એક નામ ને એક રૂપના અંજનમાં જડભાગી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- 1031)

કવિ બની રહે છે.

'મોડ'માં લખના મેળે એમનું મન ભુલું પડ્યું છે. લાખોનું ટોળું ભલે ભેગું થયું હોય પરંતુ જે બે વચ્ચે મેળ સધાયો હોય એની જ સાથે પ્રીત થઈ શકે છે અને જો એવી પ્રીત પ્રગટે છે તો 'કંઠને લહેકે વેણ રમે નહીં રણકી રહે ગીત.' પરંતુ કવિને ચિંતા છે કે ક્યાંક પોતાના જ ઘોંઘાટમાં પ્રીતમનો સૂર ડૂબી ન જાય.

બહારના તેજથી અંજાયેલી કવિની આંખ ભીતર મનોહર ગાને ઉઘડતો અંધકાર 'તેજ' કાવ્યમાં જુએ છે. એ રાગની સાથે વાણાની વાણીના મહીન-મૌનમાં દૂરની જ્યોતના અચળ તેજ સહજ મજલ જ્યોત ભળી જાય છે. કોઈના હોવાની ખબર પડતી નથી પણ નાદની મનભાવન લહેરની આવન-જાવનની માયા કવિ જોઈ રહે છે. તો 'છાયા'માં છાયાની છબીએ ભોળવાઈને પોતે જ પોતાને હવે ઓળખી શક્યા છે. આ છાયા એ છાયારૂપ પ્રકૃતિની માયા છે. ધ્યાનમાં કવિને પ્રભુદર્શન થયાનો નિર્દેશ નીચેની પંક્તિઓમાં મળે છે.

'અડધી પાંપણના ઉઘાડમાં
પિયુજીની પામ્યો ઓળખાણ ?
મણને તે નૂર નયણાં પોંખ્યાં, હોજી.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- 1034)

'અણદીઠ હાથ'માં એમને અડધી રાતની બખ શગને અંધાર ઊંડી નીંદરમાં સાહ્યબાની બાથ લાધી છે અને તેઓએ અણદીઠા હાથને ઓળખી જાય છે. ઝીણા મુખની રૂપાઘૂઘરી વાગે છે એના તાલમાં લાલ સાંખો અંજાય છે. કાન માંડીને સુણી ન શકાય એવા વહાલ-વેણ જડિયામાં ઝિલાય છે. એક જ બિંદુના અમીપાનમાં એકરૂપ બની જવાય છે. પછી જુદાઈ કે દર્દ રહેતાં નથી, નાદનો ઓરંભ ગગનમાં ઘેરાય છે એમાં આનંદ પ્રગટ થાય છે.

માયા અનંત, નિરંતર છે એવું 'માયા-૧' કાવ્યમાં એમણે વ્યક્ત કર્યું છે. એની છલનામાં દ્વંદ્વ છે. કવિ પોતે પણ દેખત-ભૂલણહાર છે. 'માયા-૨'માં સ્વર્ગલોકની અપ્સરા જેવી માયાને કવિનું બધું ધન લઈ લેવું છે. એના વિપકંખને પોતાનો આગથી

જાણી નાંખી એના પ્રાણનો પંગાસ નડતા રહેશે એમ જણાય છે. આશાના પણ કવિનો ગગનો છે. તે નિરંતર જાગતો રહે છે. 'જાગુ'માં કવિ સદાયે હોડમાં મૂકી એના જ પ્રેમ બાજુ જનો જવાનો ઇચ્છા રાખે છે. પ્રભુપ્રાપ્તિ માટે સર્વને છોડવાનો સંકલ્પ અહીં પ્રગટ કર્યો છે. તેઓ પોતાના જ હૃદયબંધુને ઉદ્દેશીને 'વિલોલ નયન'માં કહે છે કે એના વિલોલ નયન એકલનો નીલકુંજમાં ભમે છે. જેથી આકાશકુસુમધ્યાન કરી નિજથી એમ છે. સ્વપ્નલોકમાં ઉડ્ડયન કરે છે. આજ આપણે સદન જ ખોલે તે અતિથિને જ ઋષિ માની સત્કાર કરીએ. પ્રણય વહાલ દર્શાવીએ તો દુરનું સકળ આપમેળે અહીં એનો લાભ રેલાવશે. આમ સદ્ભાવ ક્યાંય હોય અભેદને પણ સ્થાપી રહેશે.

'જાણે'માં કવિ દ્વાર આંગણે ઊભો રહેલો બાલાને ઉદ્દેશીને લખે છે કે ખૂણેકોણમાં રમવાનું છોડી આમ ઉભેલ સાનમાં માગે એનો વહાલમ વાટ જુએ છે એના માટે પોકાર કરે. કુલવધૂના ગોખેલ કોડભરેલા બાલાનો નજર પણ એનો કોર જ છે તો આકુલ આકુલ કમળના સોપાન ચઢી એવા વાપર ઘરમાં પ્રવેશવા કવિ એને જણાવે છે જ્યાં પ્રકાશ પાકો નથી અને એનું ઓઢણ પણ પડી જાય છે. એવો એકલનો પ્રભ ટેલો કરવા એને તેઓ પ્રેરિત કરે છે. અહીં દેહભાવના ઓઢણને દૂર કરી આત્મપ્રકાશને પામી શકાય એવું વાપરનું દ્વાર. એકલ પાસે કળી નિજ ભાવનું મિલન આત્મરૂપનો પ્રાપ્તિ કરાવે છે.

'પ્રતીક્ષા'માં કવિ ભીતર અને બહાર નિરંતર ગગનમાં સ્વપ્નિલ - પૂર-પ્રવાહે જેનો છાંય ચિર છે. પૂરો પ્રેમ કે નિરંતર વહેતો કાળ પણ જ્યાં સ્થિર છે એવા પિયુનો પ્રતીક્ષા કરે છે. 'સંકેત'માં પાછલા કનકવર્ણા કિરણોની રોમાંચ અનુભવે છે. તો 'દ્વારે આવ'માં આ કિરણ એકલ આકુલ દ્વારે આવવા આતુર છે એમ જણાય છે. 'સુકોમલ લહેર'માં કોઈ લહેર અડકીને હૃદય થડકાવી જાય છે. 'ચાંની ઘડીઓ'માં પ્રભુની ચાંની ઘડીઓ ઓછી તેઓ નિરંતર અંતઃપુરના જોડી ઠેકે કરે છે. એકરૂપ બનો વહાલપનું વદન જોતાં ઉઘાડે નયને પ્રસન્નતામાં પોઢી જાય છે.

કવિનું મનપંખી પાંખમાં ભવભવના પવન વીંઝીને હવે થાકી ગયું છે એટલે નવલે નોખાર ભવાર બનીને ઝુકવા'અર્પણ' કાવ્યમાં ઇચ્છે છે. સદાયે છોડીને મોકળે મને હું શું હું જ મટી ગયા પછી એનો પમર્થ પ્રભુને સંભાળ લેવા જણાવે છે. એમનું મન કવિના ઘરનો મોંઘેરો મિરાત છે. આ મન વડે જ આત્મનો વિનાશ કે ઉદ્ધાર શક્ય છે. ભગવદ્ગીતામાં એટલે તો કહ્યું છે'આત્મૈવ હ્યાત્મનો બન્ધુરાત્મૈવ રિપુરાત્મનઃ- આત્મા જ આત્માનો હિતકર્તા છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.'

'સંબોધન'માં કવિ એકાન્ત [illegible] નિલયમાં એકલનો પ્રભુ કલરૂપ સાંભળે છે 'કોઈ નહીં'નો ગોપન પરિચય. તેઓ 'કોઈ નહીં'ની બહાર આંગણમાં પગલી પડે એને જોવાનો પ્રતીક્ષા કરે છે. એમનો નજર અવધૂતી છે. ન પાંપણનો આ પારનું કંઈ જ જોતો નથી. દેહભાવને અંતર ભૂલી ગયા પછીનું જ દર્શન છે તેના માટે તેઓ લખે છે--

' અંગથી અળગી કાયળી શી અવ
પ્રકલ આ પંકૃતિ,
કેવલ કપોલ મલકે અનુનયે.'

(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૪૨)

આમ કવિનું દર્શન સંબોધનમાં થાય છે. ખારો રૂપ સાકાર થતું નથી.

'તારકદ્યુતિ'માં દૂરની તારકદ્યુતિ એમના નયનમાં ઝળહળે છે. આ પ્રકાશ તો નાનકડા બિંદુ જેટલો છે પણ તેમાં સકલ સમાઈ રહે છે. અંગ અંગને પુલક નાદમય લહેરો સળવળતી તેઓ અનુભવે છે. હવે તો કવિની જે અવસ્થા છે તે આ છે-- .

'નયન હવે મુજ શ્રવણ,
શ્રવણ પણ
લોચન હવાં પ્રમાણું.'
'હું કેવળ ટહુકો થઈ ને આ હવા મહીં રહો ભળતો.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ- ૧૦૪૩)

કવિનું હવામાં ભળી રહે એવું ટહુકારૂપ સૂક્ષ્મ અસ્તિત્વ નયનમાં ઝળકેલી તેજદ્યુતિને આભારી છે.

મીરાંનો ભાવ પ્રગટાવતા રાજેન્દ્ર 'જેમ રાખે તેમ'માં અનુકૂળ બનીને રહેવાનું કહે છે. 'રટણ માં' અહિયામાં રામરટણ રાખી પ્રાણને વ્હેણ ગળામાં પ્રભુનું ગરવું ગાન રાખી કામ પૂરાં પરવારી ગગન મારગે નીસરવા ઇચ્છે છે. 'રખવાળું'માં એમને રામજીનું રખવાળું છે. 'મ્હોરાં'માં કવિએ કહ્યું છે કે મ્હોરાંને ખબર નથી કે તેની પાછળ કોણ રહેલું છે. માણસ તો રંગભૂમિ પર કામ કરતાં મ્હોરાં જેવો છે. મ્હોરાં પડદા પાછળ જાય - માણપ બની જાય ત્યારે મોહરાનો મરી જાય છે અને રહી જાય છે --

'જાણે મુખવિહોણાં મના,
શિશિરપાન ખરેલું.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૦૪૬)

'હે વીર મારા'માં તેઓ રઢિયાળી નગરીના વીર રાજવીને આંખમાં નુમાળી આંજી, તેજના તોખાર પર બની જઈને, તલવારના પ્રહારથી અહંકારના માથાને ધડાધડ વાઢી નાંખવા કહે છે. વિજયપતાકા લહેરાય પછી વીરનો વેશ ઉતારી એક જ ખાખી રંગ ધારણ કરવા કવિ જણાવે છે. અહીં અહમ્‌ને ઓગાળી ભગવત્ - ભગવા રંગે રંગાઈ રહેવાનો નિર્દેશ છે.

કવિ કુટિલ વૈભવ ધરાવતો માયાવી ભય કાળ બની આવે તો કવિનું હસતું વદન જોઈ ભ્રાંતિમાં પડી જશે કેમકે કવિની નાજુક પગલીમાં સબળ શૈશવ છે. આ નિર્દોષ શિશુભાવ કાળને ય હંફાવી શકે છે. દ્વેષ-વાસનાથી મુક્ત નિર્દોષ હૃદય એ જ અમૂલ્ય મૂડી છે કાલજય માટે એવું તેઓ 'અભયને' કાવ્યમાં અભિવ્યક્ત કરે છે. 'ચાલ હવાને હેલે માં' મોજીલા મનને હવાના હેલે દુનિયાના લોકમેળામાં જવા કહે છે. કોઇના કોલાહલથી ગાજતી ભીડમાં એક બાજુના હડસેલે ચડતાં એમની ઝોળી એમ જ ભરાઇ રહે છે. ઠલવાઈ રહે છે. અહીં એમની અભિવ્યક્તિ જોઈએ --

'આપણી કોઈ જમાત નહીં,
નહીં સંગનું ભાણ કાંઈ,
જે એકલ કરતાલે ગાન રેલે.'
(સંકલિત કવિતા,પૃષ્ઠ-૧૦૪૮)

કોઈ સંપ્રદાયમાં ભળવાને બદલે પોતાના ઉર-ગાનને રેલાવવામાં જ કવિ રસ ધરાવે છે તે પ્રતીત થાય છે.

'ઉલટ પ્રવાહે', 'આગે બઢ' અને 'શિવ શાંતું' યોગક્રિયામાં પ્રાણને ઉપર ચઢાવવાના ક્રમનો નિર્દેશ કરે છે. 'ઉલટ પવાહે'માં હંસપંખિણી નૈયાને ગંભીર વ્હેણનો તાણ ઘણો હોવા છતાં ,પવન ભરીને સુકાન પર હાથ ધરીને વેગ વાંધતો ચાલે

આગળ વધવા કવિ કહે છે. આ પ્રાણાયામની ક્રિયામાં પ્રાણને ઊલટ પ્રવાહે ચાલવાનું છે. આમાં ઊર્મિની કલ્લોલો કરતી નાવ અટવાય છે પણ આ નૈયાનું આલંબન પણ ઘર સુધી જ છે. ઘર આગળ તે અટકી જશે. આજ્ઞાચક્રમાં પહોંચી ભ્રુકુટી ભેદ થતાં પ્રાણ સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરે છે. એટલે કવિ કહે છે --

'નાવ નાંગર્યું મેલી આખર
વિહર તું અમર પ્રદેશ,
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૪૮)

'આગે બઢ'માં પણ આ જ રીતે નિર્ભીક બની દુર્ગમ ચઢાણ ચઢતા યાત્રીને વિશ્વજયી બનાવવા કવિ ઇચ્છે છે. તેઓ કહે છે --

'પ્રાણ તણાં તવ જોમે ફળશે કમલ ઊંચો ગઢ'
'નજર મહીં નહીં સંશય,
નવ પદે પદે જય જય જય
તું છો સૌથી આગે, પરે, હો એક જ તારી રઢ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૪૯)

ઊંચો ગઢ એ દેહભાવનો ગઢ છે. તે ફળે છે ત્યારે સંશયનાં જાળાં છેદાઇ જાય છે. આત્મજ્ઞાનનો પ્રકાશ થાય છે. જીવન ધન્ય બની જાય છે. સ્થૂળ જગત અને શરીરથી પોતે અલગ હોવાનું જ્ઞાન મેળવવું એ જ રઢ ધરાવવાનું તેઓ ઇચ્છે છે. આવી જ રીતે 'શિવ થાવું'માં એમને દુર્ગમ પથ પર ચઢાણ કરી ઊંચા શિખરે- શૂન્ય શિખરે પહોંચવું છે. અધવચ્ચે અટકવું નથી. એક તરફ આનંદની લહેર ઊઠે છે તો બીજી તરફ અમૃતરસની ગંગા વહી નીકળી છે. એમને તો સ્થિર બની આ શીતળ જળમાં ન્હાવું છે. પાછળનાં લોકોનો સંગ છોડી એકલના પગિયાણ આદરી ધરતી પર છતાં અધ્ધર રહેલા ગગનના જેવી સ્થિતિ પામવી છે. દશે દિશાઓ ટહુકી રહે એવા બુલંદ કંઠે ગાવું છે. પંખ બનેલા પગલામાં આહલેક જગાવતાં તેઓ હવે જે દૃશ્ય જુએ છે એનો સ્પર્શ હવાને પણ બદલી નાખે છે. નિજનું અસ્તિત્વ જ પલટાઇ જાય છે ત્યારે કવિ શિવક્ષેત્રમાં પહોંચી શિવ બની રહે છે.

'રહે તું પણ તું નહિ,
અંદરના
દેખ હું તું શિવ થાવું.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૦)

શિવરૂપ બનવાનો અવધૂ અવસર આવ્યો ત્યારે કવિની જે અનુભૂતિ છે તેનું નિરૂપણ 'અવસર આયો'માં મળે છે. અહીં બધા માર્ગો, દિશાઓ, કાળ બધું જ લય પામે છે. નિરાલંબ સ્થળ બની જાય છે. શૂન્યશિખરે- 'ગગન સબદભર પાયો' કવિ પ્રબદ સાંભળે છે. બહારના જગત સાથેનો નાતો તૂટી જાય છે. સઘળું અંદર જ દેખાય છે. 'અલખ લખે વરતાયો'. હવે તો કવિ અહીં ધજા રોપી, અવિચલ અડંગા નાખી નાચતા ચરણમાં વાગતા ઘૂઘરા, પવનલહરવત્ હૈયા ધરી 'નશે નિરંજન' ગાઇ રહે છે.

'મતવાલો'માં કવિ સાલો લાલોની દુવિધા છોડી મનવાલીને ગોપનકુંજમાં સોવાગિયા સંગે રંગે રમવા જવા કહે છે. બંસરિવ સુણી પગથી ચાલતા નહીં, પાંખ વીંઝતાં કવિને જવું છે કેમકે મોડા પડ્યાનું મ્હેણું ન રહી જાય. કશાં શૃંગાર કે નયનમાં અંજન પણ નથી. સમરસમાં એક એકનું રંજન બનેલ દૃગ જ રાધિકા બની રહે છે.

'હે અવધૂતો'માં તેઓ પ્રીતમના કુલની દૂતી બનીને આવેલી અવધૂતીને વિલંબ કર્યા વિના દૂર વિજનમાં એકલા કરીને મળવા સંકેત-નિકેતન બતાવવા કહે છે. બધાનો સંગ છોડી એ અવધૂતીને ભરોસે આવેલી પ્રિયતમાને ઊલટ વહેણે જવાનું છે. જલનો સ્વભાવ નીચે વહેવાનો છે પણ ઊલટ વહેણે અંણ પરમધામ પહોંચવું છે. નહીંતર આ ભવનો જન્મ ખાખ બનશે. નૌરિવનામાં અંતરનો અગન જલે છે ત્યારે પવન સુસવતા વાય છે એટલે સમયની સંયુતિ સાધી લેવી જોઈએ એમ તેઓ માને છે. એકાંતમાં પાણાગ્નિ પ્રદીપ્ત બન્યો હોય, પવનનો સુસવાટ સંભળાતો હોય, ત્યારે સમયની સંયુતિ સાધી લઈ પ્રીતમના મિલનનું સંકેત સ્થળ સુચવવા કવિ અવધૂતીને કહે છે. અવધૂતી પ્રીતમની કુલદૂતી છે. ત્યાં સુધી લઈ જવાનું, બોલાવવાનું કાર્ય એનું છે. 'અવધૂતી' 'દ્વા સુપર્ણા' કાવ્યસંગ્રહના બીજા પર્ણનું શીર્ષક પણ છે.

અવધૂતી પ્રીતમના સંકેત-નિકેતનનો રસ્તો તો દાખવે છે પરંતુ પ્રીતમની ઓળખ કેવી રીતે થાય છે, એ મિલનની અનુભૂતિ કેવી છે એનું વર્ણન 'ઓળખ' કાવ્યમાં મળે છે.

'વરસે ગગન સોનું ?
વરસ્યું વાદળ ઊઘડે, હાવાં
થઈ રહે મોં - જોણું.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૨)

જ્યારે હૃદયગ્રંથિનો ભેદ થાય છે ત્યારે હૃદય પ્રકાશપુંજથી ભરાઇ જાય છે. દેહભાવ દૂર સરે છે અને આત્મદર્શન થાય છે- ત્યારે પ્રીતમનું મુખ દેખાય છે. અંગના રોમેરોમમાં સાનંદ છવાઈ જાય છે. આમાં કોનું કોના તરફનું ખેંચાણ છે તે સમજાતું નથી પણ આણજાણનો કશો જાણ જરૂર થાય છે.

'જાણ કશી આણજાણની,
આમાં ખેંચાણ કોણને કોનું ?'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૨)

એમનું સ્થૂળ જગત સાથેનો નાતો તૂટે છે ત્યારે જ દિવ્યચક્ષુ ઊઘડે છે. પોતાની જ ભુલાઈ ગયેલી ઓળખ પામી શકાય છે અને હૃદયના ધબકારે એકાત્મભાવ અનુભવાય છે.

'કુલકામિની'માં કવિ સાચી જ પ્રિયદર્શનની પળોને શબ્દસ્થ કરે છે. કાવ્યમાં સંબોધિત કુલકામિની કે શિવ-ભામિની, પરાશક્તિ છે, જે પરમપ્રિયના દર્શન માટે ઉપકારક છે. કવિને જે પ્રિયદર્શન થાય છે એમાં ભાવ શ્યામ પ્રતિ ઢળે છે. જ્યારે સઘન ગગન ગોકુલને ઘરે ઢળે છે, અરવ શ્રાવણ યામિની ઝરે છે તે વેળાએ ભીતરનાં દ્વાર ઊઘડે છે ત્યારે કવિ શ્યામલવદનતેજને વધાવે છે. યોગક્રિયાના સંદર્ભમાં અહીં ગગન એટલે સહસ્રાર-બ્રહ્મરંધ્ર. સઘન ગગનનું ગોકુલને ઘર ઢળવું એટલે વાસનાક્ષય પામેલી ઇન્દ્રિયોનું નિર્મળ પ્રેમ યુક્ત બનવું. એમાંથી થતી અનાહત નાદની શ્રાવણવર્ષા એ હૃદયના દ્વારને ખોલી નાખે છે ત્યારે જ પરમતત્ત્વનાં તેજનાં દર્શન થાય છે. એમને અહીં આ તેજ શ્યામરૂપ લાગે છે. જ્યારે આવી અનુભૂતિ થાય છે ત્યારે તરલ વીજળી પણ સ્થિર બની જાય છે અને હળવે હળવે અનુરાગનો સરલ રવ જાગે છે. નાગમણિ જેવું કાળું તિમિર સોહામણું લાગે છે. અડધી રાતે ઉદિતચંદ્રની આભા તેઓ પામે છે.

'ગગનઘરે'માં પોતે અનેક નવા નવા પંથે મુખરિત ઝરણાંઓનું જળ પીધા પછી હવે ગગન ઘરે જવા ઇચ્છે છે. ચોમેર કોલાહલ વ્યાપ્યો છે, ઉછળતી છોળમાં ભીંજાયેલ પંખીની પાંખ ઊડી શકતી નથી એટલે લોભિલું સર્વ મૂકીને નિભૃત નીલકુંજલીલા જ્યાં નીલ રંગને ધારણ કરનારી નીલા નિરંતર રાહ જોઈ રહી છે તેને સમયથી પર જાણી છે ત્યાં હૃદયકુહરમાં પ્રાણ ધરી ઊલટથી સીધું ચઢાણ કવિને કરવું છે. 'નીલ' ઇન્દ્રિયભાવ છે એને દૂર કરીને હૃદયમાં પ્રાણભરીને પ્રાણયોગથી આસપાસ જતી સિદ્ધિની અનેક નાડીઓ તરફ ન ફંટાતાં સીધા માર્ગે ગગન ઘરે -બ્રહ્મરંધ્રમાં પહોંચી જવા તેઓ ઇચ્છે છે.

એવા શૂન્યશિખરે પહોંચી જે પ્રાપ્ત કરે છે તેનું વર્ણન એમણે 'અનહદનું ગાન' કાવ્યમાં કર્યું છે--

'સુન્ન સમંદર અહરહ ક્વનિત
નહીં તરંગનો તાન
આજ અવધિ અણજાણ રાગની કર અભિનવ પહિચાન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૪)

જે સભર પ્રગટ થયો છે તે અનુમાનાતીત છે.

'અધર અડયા વિણ બંસીબોલ ! હો જાય સહજ પ્રણિધાન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૪)

અહીં આવો અચલ અવિનાશી વસે છે તેનું નિરંતર પાન કરતાં પ્યાસ ઓર વધે છે.

'ચલત રહે ચલતા પથ પર ને
અચલનું અહીં મકાન,
તૃપ્તિ થતાં ય અધિકતર પ્યાસે હોય નિરંતર પાન.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૪)

'માનસનીરમાં' પણ તેઓ માનસગંગાને તીરે જે પ્રાપ્ત કરે છે એનું વર્ણન કરે છે. કવિને હવે જગત સાથેનો નાતો તોડી અંબરની કુટિરમાં વસવું છે. યોગની ચરમ કક્ષાએ ચિત્તનો સૂક્ષ્મ જગતમાં પ્રવેશ થયા પછી સમગ્ર આકાશ માનસમાં ખૂલે છે. આવા ગગનમાં ઘૂમતા રહેવાની, આવા ગગનમાં અડંગા નાંખી, કુટિર બાંધી રહેવાની એમની ઇચ્છા છે.

'તરીએ તરીએ રે માનસનીરમાં
મેલી ડુંગરાળ દેશ,
વસીએ અંબરની કુટીરમાં.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૪)

અહીં ડુંગરાળ દેશ એટલે દેહનાં પંચતત્ત્વો પૈકી પૃથ્વીતત્ત્વ. મૂલાધારચક્રમાંના પૃથ્વી-તત્ત્વને છોડીને પ્રાણના બળે આકાશ - બ્રહ્મરંધ્રમાં જઈને વસવાની વાત છે. કેમકે ત્યાં અદ્ભુત અનુભવો થાય છે. તેઓ કહે છે --

'નીલ રે કમલ પારાવારનાં
બાળી ધરતાં લહાય,
શબ્દ નહીં ને તો ય સૂર કો
છાનો સઘળે છવાય,
સુરભિ ભરિયલ તે સમીરમાં.
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૪)

અહીં કશું જ આવું નથી કે કશું જ અળગું નથી, કે કોઈ અંતરાલ નથી. અહીં તો પાંખમાં પાંખ પરોવી નહિ પ્રાણના મરાલ છે. 'પાંખની બેળી પાંખ પરોવી' એટલે એક રૂપ બનવું. આનંદની લહેરનો ગુલાલ ઊડે છે. ક્યાંય જવાનું નથી. આવી લહેરો ઊઠી ઊઠી ને નિજમાં જ સમાય છે. આ વખતે એકલા જ પ્રયાણ કરવાનું છે. કોઈ આપણી સાથે નથી. સંપૂર્ણ ઇચ્છા-મુક્તિનો - નિરીચ્છાનો આ દેશ છે. કંઈ પણ નમાગી સાથે આવે તો અંતરાય ઊભા થાય છે. કવિ તેજથી સંભરેલા તિમિરમાં વિના અંતરાય રમી રહ્યા છે.

'હરિ-હંસા'માં કવિ ગજેન્દ્ર પ્રભુ સાથે એકરૂપ બની ગયાનો એકરાર કરે છે. બંનેના ઉરનો હંસા એક જ બની ગઈ છે.--'તોરિ મોરિ એક રહસિ હરિ-હંસા' કવિ નિરંતર એનો જ રાગ ગાય છે. હવે એકલાં રહેવાનું નથી. વેણ ન સંભળાય તો શ્વાસ વિનાનું મૃતક અસ્તિત્વ ભાસે છે. એમના તનમાંથી પ્રભુનો જ પ્રાણ પ્રગટે છે. અમીય ગગનમાં મધુર સ્વનો લહેરો ઊઠે છે ત્યારે તેઓ પોતાના પ્રિય સાથે વિહાર કરી શકે છે.

'અમિય ગગન સ્વમધુર લહરમય
હમ તુમ દોઉ વિહંગમ હંસા.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૫)

'ગોપનવાણી'માં કવિના ઉરમાં ગહન ગોપાયેલી વાણી પ્રભુના પ્રાણના વહનમાં કવિના શ્વસનમાં આવે છે. એમણે એ નીરવ વાણીને જાણી છે. પ્રભુના પ્રાણ વિના શ્વાસે શ્વાસે પ્રગટે છે તેમાં જ તેઓ પામે છે એના સૂરનો ફોરમ. નયને ન દેખાય છતાં પ્રભુ સામે તેઓ જોઈ રહે છે. સકળ એ કંઈ અડકે એનો અંગ અંગ માધુરીને તેઓ માણી રહે છે. નિગૂઢ તાને એમનો ભીતર ભરતી ચઢે છે, હજાર હજાર છોળ એ ગાનમાં ઉછળે છે. શૂન્યશિખરે સંભળાતો આ અરવ નાદ કવિને મોહનની મોરલીમાંથી સરસ્વતી વહેતી હોય એવો લાગે છે. આ નાદ બ્રહ્મના જ્ઞાનની અવસ્થા છે.

'ગગન મહીં એ જ તે જાણે
સૂરે મોહન
વહતી વીણાપાણિ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૬)

'ગગનપ્રાંગણે વેલ'માં પણ કવિ આવા પરમદર્શનના અદ્‌ભુત અનુભવોનું વર્ણન કરે છે. પ્રાણાગ્નિથી સિંચાયેલી વેલ પર જે તેજપુષ્પો ખીલે છે તે ફરી કળીઓ બની ખીલતાં જ રહે છે. પૂર્ણ-ચંદ્રનું અનુપમ તેજ કવિ બ્રહ્મરંધ્રમાં - ગગનકુહરમાં પામી રહે છે. હવે શ્વાસની ગતિ થંભી જાય છે. અરવ ગુંજારવ છવાઈ જાય છે. ક્ષણમાં તો અખિલબ્રહ્માંડનો અનુભવ થાય છે. કાળને ઓળખવાનો તાપ અહીં ટળી જાય છે અને આનંદભરતીનો અમૂલ્ય વૈભવ પામી શકાય છે.

'એક બિંદુને અનહદ અંગે
ભરતી ચડી શી નીલ તરંગે'
અમલ ધવલ રત્નનો ઉમંગ
અમુલખ વઈભવ મળીઓ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૬)

અનહદના એક બિંદુમાંથી પ્રગટના શ્વેત-શુદ્ધ આનંદ રત્નના અમૂલ્ય વૈભવને કવિ આ રીતે અભિવ્યક્ત કરે છે.

'નીડની ભણી'માં એમને કહેવું છે કે સાંજે જેમ પંખી પોતાના માળા ભણી પાછું વળે છે તેમ કવિનું આત્મપંખી પણ આકાશના પારાવારે પહોંચવા તત્પર છે. સૌનો

પ્રમતાને અવગણી હૃદયસ્થ બની દૂરના ખૂણાને ઓરો આવતી નજર નીરખી રહે છે અને ઉલટ આવે ત્યારે ગગન ગુંજણી ઉઠે છે. સમાધિમાં યોગસિદ્ધિની પરમ ક્ષણે નાદબ્રહ્મથી બ્રહ્મરંધ્ર છવાઈ જાય છે અને તેજપુંજની ભરાઈ જાય છે ત્યારે રોમરોમમાંથી આ તેજ પ્રગટતું લાગે છે. દેહ દેદીપ્યમાન બની જાય છે. આ અનુભૂતિને કવિ 'પુલક પુલક અંગ'માં પ્રગટ કરે છે.

'સંધિકાલીન ગગન સોહે વિપુલ તરુણ રંગે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૭)

સંધિકાળ એટલે સૂર્ય-ચંદ્રની યુતિ અને સુષુમ્ણાની સક્રિયતાની ક્ષણ છે. હૃદયભાવની લહર ઉઠે છે, કોઈની પ્રેમલ કૃપા ઉતરતી જણાય છે. અદ્ભુત સુગંધ છવાઈ જાય છે અને આકુલ - ગભીર વાણીનો ગુંજાર સંભળાય છે ત્યારે --

'દૂરનું અહીં દૂર ન કાંઈ રહે,
નિખિલ વસે ઉરના તુષારગૃહે,
નભની સકલ ફોરતી દ્યુતિ, પુલક પુલક અંગે.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ- ૧૦૫૭)

અનંત, ઉરમાં વિસ્તરતું જાય છે અને અંગો તેજોમય બનતાં જાય છે.

'અભીપ્સા'માં કવિની પૂર્ણતાને પામ્યા પછીની પ્રાર્થના છે. તેઓ હવે ઇચ્છે છે અવિચલ શાંતિ. જીવન સરલતાથી વહે, ક્લાન્તિ દૂર થાય, સૌમ્ય પરમ રમ્ય બને, અભય બલ અદમ્ય મળે, નયનમાં નિર્મલ-દ્યુતિ હોય અને ગહન તિમિરની ભ્રાન્તિ ન હોય. પૂર્ણ યોગની કાન્તિને પણ તેઓ ઇચ્છે છે આ શબ્દોમાં ---

'યુક્ત, પૂર્ણ તૃપ્ત હો,
નિરીહ, સંગમુક્ત હો,
શૂન્ય ગગને ઉદિત સૂર્ય,
સ્વર્ણિમ હો કાન્તિ.'
(સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૫૮)

પ્રભુ સાથેના યોગમાં પૂર્ણ તૃપ્તિ મળે, ઇચ્છાઓ શમી જાય, નૈષ્કર્મ્ય સિદ્ધ થાય, શૂન્ય ગગનમાં સૂર્યની સ્વર્ણિમ કાન્તિ રેલાઈ રહે એવો ઉચ્ચ અભિલાપ અહીં અભિવ્યક્તિ પામ્યો છે.

કવિની 'ધ્વનિ'થી આરંભાયેલી કાવ્યયાત્રા એમના આધ્યાત્મિક વિકાસનો પથ પણ બની છે. 'દ્વા સુપર્ણા'ના અંતે કવિતા મંત્ર બની જાય છે. જે ધ્વનિનું કવિ સાકાર રૂપ જોવા ઇચ્છે છે તે તેમને અક્ષરબ્રહ્મમાં પ્રાપ્ત થાય છે. 'મંત્ર' કાવ્યમાં એમણે 'ઓમ'નું એ એકજ મંત્રનું સદૈવ રટણ કરી, ત્રિવેણી જલમાં નાહી, ધવલ વસ્ત્ર ધારણ કરી, એકાંત સ્થળમાં આસન પાથરી જપયજ્ઞના હવનમાં સંકલ્પનો હોમ કરવાની ઇચ્છા વ્યક્ત કરી છે. જ્યાં શૂન્યની શગના તેજમાં ગગન ઝળહળતું દીસે છે. જ્યાં કોઈ દિશામાંથી પવન વાતો નથી અર્થાત્ દિશાઓ લય પામે છે ત્યાં એક જ શ્વેતબિંદુમાં સૂર્ય-સોમની યુતિ સધાય છે. અંતરમાં જેની રઢ લાગી રહી હોય છે તેનું મિલન થાય છે. જે ઇષ્ટદેવની તમે આરાધના કરતાં હો તેનું દર્શન થાય છે. આ પૂર્ણ તૃપ્તિકર અનુભવમાં લેશમાત્ર અભાવ રહેતો નથી. મન પણ રહેતું નથી. માત્ર તેજ મંત્ર ઝળહળી રહે છે અક્ષરબ્રહ્મરૂપે.

'તું એ જ તેજ, એ જ મંત્ર, એ જ એક ઓમ.' (સંકલિત કવિતા, પૃષ્ઠ-૧૦૫૮)

આમ એમની અહીંની શોધ અહીં સમાપ્ત થાય છે. અનેક આકારરૂપોને શોધતા નાદબ્રહ્મનું અક્ષરરૂપ જીવનમંત્ર બનીને આવે છે અને કવિને જીવનની ધન્યતા આપી જાય છે.

ચંદનભીની અનામિકા

'ધ્વનિ'થી આરંભાયેલી કવિની અધ્યાત્મયાત્રા 'દ્વા સુપર્ણા' સુધી પહોંચતા નાદબ્રહ્મનાં અક્ષરમાં સ્થિર બને છે. પૂર્ણપ્રાપ્તિની આ અનુભૂતિનું કોઈ નામ નથી. એનો નિરાકાર, નિરંજન છતાં ચંદનભીનો સ્પર્શ છે. 'ચંદનભીની અનામિકા' એ કવિની સમાધિની સિદ્ધિનું સાકાર રૂપ છે, જે ખરેખર અમૂર્ત છે, નિરાકાર છે. કવિ આ સંગ્રહનાં ૬૧ કાવ્યો - ગીતોમાં સરવ વાણીનો ચંદનભીનો સ્પર્શ પ્રગટ કરે છે. એમની અનુભૂતિ કલ્પનાતીત છે, અવર્ણનીય છે, અરૂપ છે. તેઓ તેને કોઈ નામ આપી શકતા નથી. જે પરમની શીતળ સૌમ્ય અનુભૂતિ છે તે જ છે કવિની 'ચંદનભીની અનામિકા'. સંગ્રહના પ્રારંભે આ જ બ્રહ્મવાણીનું તેઓ સ્મરણ કરે છે. આ બ્રહ્મનાદની અનુભૂતિ ક્ષણિક છે. આવે છે એવી જ ઓસરી જતી આ નિગૂઢ વાણી છે, જે મનસાને તારે પ્રગટે છે. આ બ્રહ્મવાણી છે. નિત્ય છે. એ વાણીને તેઓ નિત્યની નદી કહે છે જે લીલાઓ સર્જતી વહ્યા કરે છે. આમ નાદબ્રહ્મરૂપ પરમચૈતન્યના સ્વરૂપને તેઓ પામે છે. જે તેજના ટહુકારૂપ ધ્વનિને કવિએ સ્થૂળ પ્રકૃતિમાં ઓળખ્યો હતો, એના જ આકર્ષણે તેઓ ગગનમાં ઘૂમતા નાદબ્રહ્મના ગુંજારને અંતે પામી રહે છે.

'ચંદનભીની અનામિકા' સંગ્રહના પ્રથમ ગીત 'લગની'માં તેઓ સોણલામાં એક અજાણનું અનુસંધાન કરાવતી દૂરદૂરની કેડી ચોગમ જાગેલી જુએ છે. અડધી રાતના સોણલામાં એમના ઓરતા જાગે છે. મંત્રચેતના જાગ્રત થતાં કુંડલિનીનું ઉત્થાન થાય છે. સુગંધ પ્રસરી રહે છે. દિશાઓ લય પામે છે. અંધારી રાતે પણ એનો તેજ ખાળી શકાતો નથી એવી લગની લાગી છે. આંખો તેજથી અંજાઈ જાય છે. એ જ રીતે સાધનાની ચરમ અવસ્થામાં થતાં અનુભવોને પ્રગટાવતાં 'સોબત સૂરની'માં કહે છે--

'વેગળાં તોયે બોલ ઓરો સંધારે,
વિજન મારગે મારે
છે સોબત સૂરની.'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૨)

હૃદયગ્રંથિનો ભેદ થયા પછી યોગસાધનામાં ઇચ્છાઓને પરહરી સૂરની સોબતે આગળ વધવાનું હોય છે. 'મૂર્છના'માં કવિને કાને ન સાંભળેલો અવાજ સીધો ઉરને જ અડતો સંભળાય છે. શૂન્યશિખરે પહોંચ્યા પછી સ્થળ-કાળ લય પામે છે. આત્મચેતના પરમ અનંત ચેતનામાં ભળી રહે છે. તારું મારું અસ્તિત્વ રહેતું નથી, પણ આ રૂપ પ્રગટ નથી. માત્ર અનુભવગત છે. આ નાદબ્રહ્મમાં ભળી આત્મસાત બનવાનો અનુભવ નશીલો છે. સ્થૂળ જગતનો સંબંધ તૂટી જાય છે અને અપૂર્વ બ્રહ્માનંદની મૂર્છાનો અનુભવ થાય છે.

'ચંદનભીની અનામિકા' સંગ્રહનું શીર્ષકકાવ્ય છે. કવિ પોતાની આનંદઘન અનુભૂતિના પ્રગટ રૂપને આ કાવ્યમાં તેઓ જોવા ઇચ્છે છે, પણ જોઈ શકતા નથી. માત્ર એને માણી રહે છે.

'ઘૂંઘટનું, પ્રિય, ખોલ તું અંશુક ચીનો,
કેસર - ચંદનભીની
છે મારી અનામિકા.'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૪)

કવિની આ અનુભૂતિ, કૃષ્ણના પરમાત્મરૂપમાં ભળી ગયેલી આત્મારૂપ રાધિકાના ઓઘરાળા

એનાં અધિક કામણગારા અને પ્રાણનો પોકારને કરનાર રાધિકાના મુખમાં આકાર પામે છે. અર્થાત્ કવિની ચંદનભીની અનુભૂતિ એ પરમાત્મામાં સદા લીન રાધિકા છે.

'કોનો કહું તે મિજાજ'માં અંતરને હેર બિંદુમય સિંધુના એક ગંભીર અવાજમાં કોણ ડૂબી જાય છે અને કોણ કિનારે રહે છે તે ભેદ કળિયો કળાતો નથી. સહસ્રારમાં પહોંચેલા પ્રાણ ચિન્મય જગતનાં દ્વાર ખોલી કાઢે છે ત્યારે અનંતમાં ભળતો આત્મચેતનાનું રૂપ અભેદ પામે છે.

'માધુરી'માં બ્રહ્મજ્ઞાન થતાં એમનો સમગ્ર સૃષ્ટિનું રહસ્ય ઉઘડતું રહે છે. ઘડામાં રહેલો અવકાશ અને અવકાશમાં રહેલા ઘડા જેવું આત્મા અને પરમાત્માનું સ્વરૂપ છે. જે દિશાઓ ભરી એક જ સૂરમાં ગાતું અને એકમાંથી સૃષ્ટિની અનેક માયાને સર્જતું અકલમાં વિલસી રહે છે. એ નિત્ય નિરંતર સંગ કવિ પોતાના અંગ વડે અનંગે ખેલી રહે છે. નિત્ય નિરંતર પરબ્રહ્મ તત્ત્વ અનંગ છે જેની સાથે એકમય બનવામાં કવિનું અંગ-શરીર જ સાધન બને છે એવો અર્થ પતીત થતો અમને જણાય છે. તો 'લીલા'માં આ મૌન સમાધિસ્થ કવિ પરમરસની અનુભૂતિની અવસ્થામાં મનોમન મોંઘી બોલવાથી થ જાણું બોલ્યા વિના બોલે છે. લેશ હાલ્યા વિના ડોલે છે. સૂક્ષ્મ જગતનો વિહાર છે આ. આંખમાં આભનું ઊંડાણ આવે છે. ગત-અનાગત લય પામે છે. કેવળ સંપ્રાતિની ક્ષણોમાં નિજની નિજથી રતિમાં લીલાવિસ્તાર પ્રગટ થાય છે. કવિ કહે છે --

'કેટલાં તારાં મારાં છે રૂપ નિરાળાં ?
લહર-શાં લટકાળાં,
ક્યાં આદિ, અંત ક્યાં ?'
(ચંદનભીની અનામિકા, પૃ૬૬-૭)

અને આમ જ ભાવાભાવે ભેળા રહીને તૃપ્તિ તૃષા ન મિટાવે એવા રસને માણતા રહે છે કવિ. પંચતત્ત્વો પૈકી એક આકાશ જ એવું છે જે સૌને પોતાનામાં સમાવે છે અને સર્વની ભીતર એ સમાય છે. આવા આકાશનો એમને કેવો અનુભવ છે તેનું વર્ણન તેઓ 'સ્થિતિ નિત્યનો'માં આ રીતે કરે છે. --

'કંઠથી નીકળ્યું વેણ, કે આકાશ આખું.
ક્યાંય જણાય ન પાંખુ ?
દિશાઓ ભરી ભરી.'
(ચંદનભીની અનામિકા, પૃ૬૬-૮)

અહીં શબ્દરૂપ આકાશ છે અને આકાશરૂપ શબ્દ છે. જેટલા શબ્દ એટલાં નિરાળાં રૂપ છે. 'તરંગ તરંગ'માં વ્યોમ ભરી એનો હૃદયોપ ગુંજે છે. નાના રૂપ ધરીને આપ સ્થી આપ ખેલતા રૂપોમાં અનંતનો બહુર સોમા કવિ જુએ છે. આ મંગલમય હિંડોળે ઝૂલતા એમના હૃદયની પાંખડીઓ ખૂલે છે. રાગના પરાગ પસરે છે. ઝીણા ગુંજારવમાં આંખ આગળ ઓસરતો અભિનાઈ કવિને જણાય છે જે અંતરમાં ઉતરી રહ્યો છે.

'સૂરનું ડોકન'માં સૂરના આરોહ - અવરોહના ડોકે રાગિણીનું રૂપ મનોહર વૈભવે મોહે છે. એનો છંદ ચરાચર વ્યોમમાં છવાઈ રહે છે. તેજ - તિમિરની ઝાંયના સકલ રંગ જેમ નિરંતર લાસ્યમાં અનુષંગ લહે છે તેમ કવિ પણ સ્વ અને પરની આસપાસ ભેદાભેદ ભાવનો સાતત્ય રંગોનો - સ્વરોનો મંગલ રાસ-વિલાસ જુએ છે. કવિને અંતે પણ દારુણ દેખો લાગે છે કે તેઓ પણ ગ્વાલ બનીને એ રાસ ભેળા રમી રહે છે.

'પ્રથમ પરિચય' કાવ્યમાં બેઉના મિલનનો નાદ ગગનમાં વિસ્તરી રહે છે. તેઓ પૂર્ણ પણે બદલાઈ જાય છે અને બદલાયેલા ખુદનો પ્રથમ પરિચય કવિને એક રંગમાં રંગાયેલા હોવાનો અર્થ છે.

'ટહુકે અગન ઝાળ'માં દૂરનો ટહુકો જળ અને ઝાળ ભેળા છે એવા વડવાગ્નિને અંતરના પારાવારે પ્રગટાવે છે. 'અજંપો'માં કવિ અજંપો દૂર કરવા નવાણના ઉંડાણે જંપી જવા બધાંને તેમને એકલા છોડી જવા વિનંતી કરે છે. 'પાન ગુલાબી'માં તેઓ પોતાની આનંદ પ્રાપ્તિને મૂર્ત કરતા નોંધે છે --

'નાગરવેલનું લીલું પાન ગુલાબી,
માહ્યલો માલ નવાબી,
માણીગરને મુખે.'
'વન - પરિમલ અમને અમલ પ્યાલો,
વાયરે આવો આલ્યો.
નિમજ્જન બિંદુએ.'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૧૫)

'સંવાદ'માં સ્ત્રી-પુરુષ વચ્ચેનો સંવાદ છે જેમાં કવિ સ્ત્રીના મુખે કહે છે 'હુ પૂર્ણથી પૂર્ણ છું' અને બંને સાથે કહે છે --

' સળગાં ને એક આપણે તને મને,
નિગૂઢ આલિંગને
વિભોર આનંદમાં.'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૧૬)

જગતને જન્માવનાર પ્રકૃતિ પૂર્ણ પરમાત્મા રૂપી પુરુષથી જ પૂર્ણ છે. પ્રકૃતિ-પુરુષની આનંદલીલારૂપ સમગ્ર જગત છે.

'પડકાર'માં એમને મરણનું મોત જાણે રહે એવા સમયના પડકારનું ટાણું મળે છે. હવે અસવાર પર ખેલવાનો સમય છે. પ્રખર તપના તાપથી એક જ તીર તપાવી, પ્રેમના જમુનાજળથી પાઈ એમણે તૈયાર કર્યું છે. હવે ઘા એળે જવાનો નથી અને લક્ષ્ય વિંધાઈ ગયા પછી તો --

'આભમહીં અવ લાલમલાલ ઉજાણી.
જાણે તોખાર પલાણી,
વેગીલા મન -અત.'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૧૭)

પ્રાણના ઘોડે સવાર થઈને મનની આડી અવળી ઈચ્છાઓને વટાવી સીધા આભમાં - બ્રહ્મરંધ્રમાં પહોંચે છે ત્યારે આનંદની લાલ ઉજાણી એમને લાધે છે.

'ધીકતે પ્હોર'માં ધીકતે પ્હોર ગગનમાં રાતું કમળ અને દિશાના દલે દલે છવાતું ભ્રમરગીત કવિને પણ સૌરભ સૂરે બધે વહી જવાનો ઝંખના પ્રેરતું ઉરમાં ફળે છે. 'રંગ પલાશી'માં ગોપીને કાશીને બદલે વૃંદાવન પ્રિય છે. ચોમેર ટહુકે ઊડતો પલાશી રંગ એ પ્રેમના વિરહાગ્નિનો રંગ છે.

'સરોવર પાળે'માં એમને કોઈ પંખી આવીને કહી જાય છે કે ત્યાં સરોવરની પાળે કોઈ સમયના હાડ ગાળતું વાટ જુએ છે. તે કોણ છે અને કેવા સાજ સજીને જવું તે એમને સમજાતું નથી. પણ પાંચ કરણ અને પાંચ પ્રાણની તાણાતાણમાંથી છૂટી પાંચાલીવતે રહી હંસની જેમ પાંખ વીંઝી સત્વર એની ઝાંખી કરવા, આંખના ઓજસને પામવા ઈચ્છે છે. પાંચ કરણ- ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર --અને પાંચ પ્રાણ-પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાનની તાણમાંથી છૂટવું એ પાંચાલી માટે પાંચ પતિની ખેંચતાણમાં આવ્યા વિના રહેવા જેવું દુષ્કર કાર્ય છે.

'વાતે વળું એકલો'માં પરમતત્ત્વની નૈકટતાની અનુભૂતિ પ્રગટાવતાં કવિ કહે છે કે પોતે હજાર જોજન દૂર હોય તો ય એ તત્ત્વ નજરો નજર જોઈ શકે એટલું નિકટ લાગે છે. કવિ આંખ મીંચીને સોણલે સોણલે જાગે છે અને શ્રાવણને ઉર દીપક પ્રગટાવી હોળીનો ફાગ ખેલે છે. અર્થાત્ શ્રાવણના વાદળઘેર્યા આકાશમાં પણ તેઓ વિદ્યુતજ્યોતિ અને ફાગણના રંગ ભરી શકે છે.

'પોયો યાદનો'માં એકાંત વનમાં કોઈ હોલું ~~હોલું~~ બોલે અને કવિ આઘા ભણકારમાં યાદનો પોયો બોલે છે. જોડિયા પાવે સારંગસૂર મનને લલચાવે છે. એમનો પ્રતિભાવ આ રીતે પ્રગટે છે.

'એ રેત છે ત્યાં ગાને.......
- મારે અહીં નાચવું.
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૨૩)

'એક નારીને ',' કહાણી',' ખાલીપો',' ક્યારેક ','વધાઇ ',' સુમંગલ સન્નિધિ ',' બેઉ એકમેકમાં ' ઇત્યાદિ કાવ્યો પણ કવિની આવી જ ચંદનભીની અનુભૂતિની અભિવ્યક્તિને લઈ આવે છે. તો 'વેત્રવતી' જે કવિને જનેતાથી ય વ્હાલી છે તેમાં એમનો ગંગા-જમનાના ગૌર-શ્યામ રંગનો સમન્વય કરતું પ્રયાગ દેખાય છે.

'નિસર્ગ-વૈચિત્ર્ય',' સોનચંપા',' જલની જ્યોતિ'.' બીજ' ઇત્યાદિમાં કવિ પોતાના અમૂર્ત ભાવોને પ્રતીકાત્મક રીતે પ્રગટ કરે છે . 'નીપ-નીકુંજ',' તુલસી ક્યારે',' હાલરડું',' જસોદાની અકળામણ' ઇત્યાદિ કાવ્યો કૃષ્ણપ્રીતિને પ્રગટ કરે છે.

'આવન-જાવન'માં લોકો ક્ષણની સોબત પામી સામસામે મળી વેગળા સરી જાય છે. પ્રાણી અગન ટહુકાથી ગગનભરી કાળની દિશાહીન ગહ્વરમાં શમી જાય છે. અહીં પ્રાણાગ્નિ પ્રગટે છે ત્યારે જે ગુંજારવથી ગગન-બ્રહ્મરંધ્ર ભરાઈ જાય છે, દિશાઓ જ્યાં લય પામે છે તે કાળની ગહ્વરમાં નિત્યમાં શમે છે.

'રથ સૂર્યનો'માં બ્રહ્મરૂપ બનેલા કવિનો પરિચય મળે છે.

'આપણો આગળ ગયેલ તે આપણે જ,
સવારનું છે તેજ ,
પૂંઠે રથ સૂર્યનો .
કેન્દ્ર વિષે સ્થિત એને ન દક્ષિણ વામ .
એને આધાર તમામ
વિવર્તન , મંડલ.
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૪૨)

માત્ર અહીંથી ત્યાં જતાં મોજાં જેવી સંસ્થિતિ છે આપણી . આપણે ધવલ રંગની જેમ એક જ હોવા છતાં જુદા જુદા વર્ણની ઝાંય બની ચોમેર પરમાત્મના ઉન્મેષથી છવાઈએ છીએ. આ લીલારૂપ જગત બ્રહ્મનો જ ઉન્મેષ છે .

'શોધ'માં કવિના પ્રાણ અજાણ્યા મેહમાં ઢબવાયા બની સ્થળે સ્થળે પોતાની છાયાહીન કાયાને શોધી રહ્યા છે. શ્વાસ-નિશ્વાસ અગ્નિ પ્રગટાવે છે અને ઓસ ઝલાતાં નેણને નેણમાં પરોવી ભરીના મેહમાં એને નજરો નજર તેઓ જોઈ રહે છે.

'ફૂલનો યે શૂળ' કાવ્યમાં કવિને જેના મોંનું સ્મરણ નથી તે આલિંગવા આવે છે. 'શોધ-૧'માં કવિ નિજત્વની ઓળખને આ રીતે પ્રગટાવે છે.

'કેવળ સાંભળનાર છે એક, રાજેન્દ્ર,
તું જ તારું છો કેન્દ્ર
ને તેજ થાંભેરનું .'
(ચંદનભીની અનામિકા, પૃષ્ઠ- ૫૩)

એ જ રીતે 'શોધ-૨'માં તેઓ લખે છે કે સકલમાં જે કંઈ દેખાય છે તે તારું જ પ્રતિબિંબ છે જો તું તને ઓળખી શકે તો.

'ભોર ભગોમાં' કવિ સૂતેલ અવધૂતોને જાગવા કહે છે. પરોઢનો સૂરજ, તેજકિરણ, સૂરનો ટહુકો, ઉરનો હુલાસ, પદે પદ રોમાંચ બધું જ છે ત્યારે કવિ શીતળ તાપના જોરે, પાંખના પ્રભાવે વ્યોમમાં પંખી જેમ આવવા કહે છે.

'અંકડટાહમાં' કવિ જડ-જવાળાના દાહમાં તણાય છે. તણખાનો શીકર આકાશમાં ઊડે છે. જીવન-મરણનો સંધિકાળ છે આ. ચારે કોર અવાજ છે. તાણનો પાર જવાનો કવિનો જીવનજાત્રા સ્પર્શીપણી કેમ થાય એ કવિની મૂંઝવણ છે. 'આગમાં' કવિ રૂપને આરે કાયને અકાય કરતો, ભેદની રેખાને નિવારી દેતો, ઝાંઝેરા વાણની આગની વાત કરે છે. આ આગ નામશેષ કરી નાખે છે. નિજને ય એકાંત વિભૂતિમાં ઢાળી નાખે છે.

'ઊઠ વીર' અને 'મૃત્યુંજય'માં કવિ કાળજય માટે જંગ ખેલો રહેવાની વાત કરે છે. 'આરોહણ'માં તેઓ પગોને પાંખ આપો, બધો ભાર ઉતારી શિખર ચઢવાની તૈયારી કરવા કહે છે. પળે પળ એ પાતાળ ઊંડી ખીણ અને જમણે આભ ઊંચો ડુંગરનો દીવાલો છે. નજરનો કેડી પ્રાણનો અફુટ અગન હોમ - હવામાં આખરને આંબવામાં વીરને કૈં અંત નથી.

સંગ્રહનું અંતિમ ગીત 'મરાલમારા'માં કવિ પોતાના શુભ્રકાંતિયો યુક્ત પ્રાણરૂપી હંસને મોતીનો ચણ આપવા બોલાવે છે. નૂપુર-શિંજિનાવાળું રળિયામણું એનું ગાન હો એમ કવિ ઇચ્છે છે. હિમધવલ શી એની પાંખમાં વ્યોમનો નીલરંગ ઝીલી, આભને તીર અડતો મંદમનોહર નીરનો છોળે કવિના નિરંતર સકલ શ્વાસની ભીતર. એનું હુલામણું નામ વારંવાર લેવા ઇચ્છે છે. પ્રેમના એકાધિકારે એમને કોઈ કારણ શોધવામાં રસ નથી પણ આ મરાલ ખિસામણું મુકી આવે એ જ ઇચ્છા છે. આમ કવિ રાજેન્દ્રનો આત્માનુભૂતિનો ચંદનભીનો ગંધને પ્રસરાવે છે એમનો કાવ્યસંગ્રહ 'ચંદનભીની અનામિકા.'

## નીલાંજના

કવિ અવ્યક્તની અનુભૂતિને 'ચંદનભીની અનામિકા'નું નામ આપે છે. આ અદ્વિતીય અનુભૂતિની વાત તંતે તંત કરવી શકય જ નથી. એમ કરવા જતાં તો વાતનો કયારેય અંત આવતો નથી એટલે શબ્દને સંકેત પ્રગટ નન્દિતમના નીલાંજના કવિની અનુભૂતિનું સાકારરૂપ બને છે. ૧૯૮૯માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહ 'નીલાંજના'-માં કુલ ૭૦ કાવ્યો છે. સંગ્રહના પ્રારંભે પરિચય આપતાં કવિ કહે છે --

'નિરંજન નિરાકાર નિજાનન્દે નીલાંજના
અનુભૂતિ રૂપ સાકાર સ્વયં શાશ્વત પોઢશી.'

'નીલ' એટલે શ્યામ, કૃષ્ણ. ઇન્દ્રિયોનો આનંદ. કવિની અદીઠની અનુભૂતિ સેન્દ્રિય છે. એમને નીલરૂપ આનંદ હંમેશા પ્રિય છે. આવા આનંદનું અંજન લઈ આવતી નિરંજન

નિરાકાર, નિજાનન્દની મસ્તીમાં ડૂબેલી સંભૂતિ રૂપ કવિની અનુભૂતિનું સાકારરૂપ છે સ્વયં શાશ્વત પોડશી નીલાંજના. કવિની અનુભૂતિ જે ગુણોનો પરિચય કરાવે છે તે છે - નિરંજન, નિરાકાર, નિજાનંદરૂપ, સ્વયં, શાશ્વત, પોડશી (નિત્ય યૌવના). આમ કવિ અદીઠનું જે રૂપ જુએ છે તે જ પરબ્રહ્મનું સ્વરૂપ છે. હવે ચંદનભીની અનામિકાને અહીં 'નીલાંજના' નામ આપે છે. જે શાશ્વતની અનુભૂતિ છે એ અવ્યક્ત અરૂપ છે. કવિનો પ્રકૃતિનો પ્રેમ જ પગાઢ બની અનંતમાં વિસ્તરતો પાછો હૃદયસ્થ બને છે ત્યારે કવિને અદીઠનાં દર્શન થાય છે. યોગસાધનાના માર્ગે કવિ એના નિત્ય રૂપનું દર્શન કરે છે. નીલાકાશની ગંભીરતા જે યોગની સિદ્ધિ અપાવે છે તે જ કવિની હૃદયતરંગિણી ઝીલી રહે છે અને આકાશની સાધનામાં નૈષ્કર્મ્યની નિર્લેપતા કવિહૃદયમાં જ્યારે છવાઈ જાય છે ત્યારે એ અનુભૂતિનું સાકારરૂપ પ્રગટે છે 'નીલાંજના'માં. આમ પૃથ્વી તત્ત્વની સાધનાથી જગતના ધૂળિયા માર્ગે ઉરગુંજારને રેલાવતા કવિ આકાશના માર્ગની સાધનામાં ફલશ્રુતિ પામે છે. નિરુદ્દેશે ભ્રમણના કર્મની સાધના નૈષ્કર્મ્યમાં વિરામ પામે છે. તેજ, ટહુકા, સુરભિ અને કોમલ મધુર સ્પર્શનો ઇન્દ્રિયગ્રાહ્ય પ્રાકૃતિક આનંદ નિરંજન, નિરાકાર બ્રહ્માનંદમાં અંતે પરિણમે છે, માટે જ તો ધ્વનિ, તેજ, સૌરભ, શીતળતા અને મધુરતાના ગુણો ધરાવતું નિરાકારરૂપ પણ 'નીલાંજન' છે. કવિએ આ રૂપ નારી રૂપે ચાહ્યું છે, એટલે જ શાશ્વત ષોડશી 'નીલાંજના' કવિની અદીઠની અનુભૂતિનું સાકાર રૂપ બને છે. એમણે પ્રેમના ઘન આલિંગને પણ બ્રહ્મનું રૂપ જોયું છે. જે ગગનમાં - બ્રહ્મરંધ્રમાં આ દર્શન પ્રાપ્ત થાય છે તેને કવિ પ્રેમનો પર્યાય ગણે છે. 'નીલાંજના' કાવ્યસંગ્રહના પ્રારંભે કવિ કહે છે કે 'નીલાંજના, તારી ગતિભંગિની જે કંઈ છે પિછાણ, એટલી તો મ્હારી મ્હને યે છે નહીં જાણ.'

આ કાવ્યસંગ્રહનું પ્રથમ કાવ્ય 'કેવળ હું એક આંખ'માં એમણે એનું - સ્વાનુભૂતિનું- નીલાંજનાનું ઝાકળજળ નીતર્યું સુરેખ સૌંદર્ય, નિસ્તરંગ તળાવમાં ઝિલાતા પ્રતિબિંબની જેમ જોયું છે. માયાવિની મૃગતૃષ્ણાની મરીચિકા બની કવિની સમીપ આવી છે. જે દેખાય છે પણ પામી શકાતી નથી, છતાંય નિગૂઢ ગુહામાં -એકાંત હૃદયગુહામાં કવિએ એનું બાધાહીન સાહચર્ય માણ્યું છે. આનંદ- વેદનાની વિકલ અનુભૂતિ પણ તે આપે છે. કવિ થોભિર એનું જ વિચિત્ર નર્તન નિહાળે છે. એના ભેળી ઉત્તાલ સંકૃતિને ય સાંભળે છે. આ અવસ્થામાં તેઓ કહે છે --

'હું ન જોઉં કાંઈ, કેવલ હું એક આંખ
કેવું આકર્ષણ ? કેવો વિલક્ષણ નાદ ?
બડભાગી હું હું ત્હારો પામી આ પ્રસાદ.'
(નીલાંજના, પૃષ્ઠ- ૧)

પોતાના દેહરૂપ અસ્તિત્વને વિસરી માત્ર ત્રીજા લોચનને જુએ છે એ જ સત્ય દર્શન છે. એ આકર્ષણ, એ વિલક્ષણ નાદનો પ્રસાદ પામી કવિ પોતાને બડભાગી સમજે છે.

'સુખદ સમ્મોહન'માં કવિ તંદ્રામય લોચનમાં તેજજ્વાલારૂપ નિત્યયૌવના ષોડશીના સુખદ સમ્મોહનનો હૃદયને મર્મે અનુભવ કરે છે. અશ્રુત સૂરો ઝિલાય છે. એના ઓજસને નૂર સૂતેલા તાર પણ રણઝણી ઊઠે છે. એવી બહારની જેમ જ ભીતર પણ સ્વૈરવિહાર કરનારી પ્રગલ્ભ બાલિકા 'ક્ષણે ક્ષણ નૂતન મિલન, ક્ષણે ક્ષણ સાન્નિધ્ય નેહ, હૃદયના કૈનને તરંગ પિય, નિમેષ ઉન્મેષ'નો અનુભવ કરાવે છે.

'અન્ધકારે'માં અંધકારમાં નગનગતો એ આંખો પોતાને નિહાળી રહેલી દેખાય છે. એ નેત્રમણીને તેજ તિમિરમાં, આકાર ઉઘાડતો નથી. કવિ અવિચલ સ્થિતિને પામે છે. કોઈ ઝીણો સૂર સંભળાતો લાગે છે, ત્યારે અગોચર અસ્તિત્વનાં તંદ્રાલીન પાન હળુહળુ કંપી રહે છે. અંધકારમાં આટલો આભાસ થાય છે. સોળમી કળાનો સૌમ્ય સુગન્ધ આવે છે. દૂર નહીં અને નોય નજીક નહીં એવા અનુબન્ધો.

કવિ પોતાનું મનભાવન રૂપ સર્વત્ર નિહાળે છે. 'વિલાસ - વ્યાવૃત્તિ'માં નયનોની ભીતર અને નિબિડ કાનનકુંજમાં પણ એનું જ પુર્ણતમ રૂપ કવિ જુએ છે. એમને નૂપુર વિના ઝંકૃતિ અને બોલ વિના ગાણી સંભળાય છે. સૂર સમીપ છતાં દૂર જણાય છે. મનમાં કંઈક એવો અજંપો છે જેના સહચારે વિલાસ-વ્યાવૃત્તિ પમાય છે. કવિ કહે છે --

'લહું જ ભીતર મ્હારી, લહું જે બહાર :
જોનાર તે બંને સહ્રગ ભળી તદાકાર.'
(નીલાંજના, પૃષ્ઠ- ૪)

'તું છો તેથી જ તો'માં કવિ કહે છે કે પમગ સૃષ્ટિમાં ચૈતન્યરૂપે છાયેલો તિરોધાન અને વિગ્રહના અનુગ્રહે નિત્ય નૂતન તું જ દૂર કે નજીક મારું પ્રાણમન છે. 'આકુલ તરસ'માં કવિ પોતાની ન છીપાયેલી આકુલ તરસને આકંઠ તૃપ્ત કરવા શતધારે વરસવા પોતાની દૃષ્ટપ્રિયા નીલાંજનાને કહે છે. તેઓ જણાવે છે કે તને મારાથી અભિન્ન મેં જાણી છે પણ આજના અવરોધના કારણમાં તું કદાચ ખિન્ન લાગે છે.

કવિ નીલરૂપ કૃષ્ણમાં પોતાની અનુભૂતિનું સાકારરૂપ શોધવા પ્રયત્ન કરતાં 'દ્વા સુપર્ણા'ની 'કૃષ્ણગીતિ'માં જણાય છે. એ જ કૃષ્ણ કવિની દૃષ્ટપ્રિયા નીલાંજના રૂપે કૃષ્ણા બની જાય છે. 'હે કૃષ્ણા'માં તેઓ એના સૌંદર્યનું વર્ણન કરીને કહે છે--

'ધરાની પાણ્ડુર કાય સોહી રહી કશી નીલામ્બરી!'
(નીલાંજના, પૃષ્ઠ-૭)

કવિ એને મેળવીને શું પામ્યા છે તેની વાત કરતાં નોંધે છે--

'પ્રાદૂપ - પરોણી ત્હેને પામતાં રહે ન કોઈ તૃષ્ણા,
પ્રપૂર્ણ હું, સમુદ્રા - સભર, વાણી પ્રશમે, હે કૃષ્ણા.'
(નીલાંજના, પૃષ્ઠ- ૭)

'પોડશી'માં આ કવિપ્રિયા યુગોના વચગાળામાં ક્યાંક કેટલાય વેશે છુપાઈ ગયેલી હતી. તે નહીં જાગૃતિ અને નહીં સુષુપ્તિ એવી વિલક્ષણ અવસ્થાએ કવિ પાસે આવી. કવિને યુગો પછી આ શાશ્વત પોડશીમાં કોઈ પરિવર્તન જણાતું નથી. વિસ્મૃતિના આનંત્યનું અચાનક ભેદન થતાં આજે કવિને એનું દર્શન થયું છે. કવિની આંખ એના લાવણ્યને ઝીલે છે. પ્રાણ શ્વાસમાં એની મ્હેક વહે છે. કર્ણ હોઠની ગુંજનું ઔત્સુક્ય ઝીલે છે.

'ભાલ ઉપરની ચૂમી.....
મ્હારું રહ્યું ન કાંઈ...
શાન્ત વિરમન.'
(નીલાંજના, પૃષ્ઠ- ૯)

એટલામાં તો તે સરી જાય છે. કવિ કાળના ત્રિભંગે આ શાશ્વત પોડશીને જુએ છે.

'તીર્થે ત્હારે'માં તેઓ અનેક ભ્રમણો કર્યા બાદ પોતાની નાવને પ્રિયાના તીર્થને કિનારે એમણે નાંગર્યું છે. 'રહસ્યમયી'માં આ ઉજ્જવલા, શ્યામલા સાથેનો

નિત્યનો નાતો હોવા છતાં તે રહસ્યમયો લાગે છે. ક્ષણે તિરોધાન, ક્ષણે પ્રભિન, આમ નિરન્તર નૂતન કવિ એને જુએ છે.

'તું છે સમીપ'માં તેઓ આ પ્રિયાને પોતાનાથી વીંટળાયેલી સમીપ - ઉરભીતર અને બહાર જુએ છે. 'પોડશિકા'માં પોડશી પાર્થિકયને વેશ રમણા કરતી હોવા છતાં કવિનું મન સામરસ્ય ઝંખે છે, અદ્વૈત ઝંખે છે, તો 'આજે'માં દૂરનું દૂર હવે રહેતું નથી. ઓસને અંચલ કવિને પ્રિયાનું સુમધુર મુખ દેખાય છે. 'તવ ગાન'માં તેઓ દૂરના સુમધુર નિખિલના ગાનમાં એક સૂરના ગભીર પ્રવાહમાં તણાય છે. ક્ષણે ક્ષણે ઊંડે ઊતરતા એનો વાણીનું શ્રવણ મંદ થતું જાય અને લયનો લહરનો ક્રમે ક્રમે વિલય થાય ત્યારે ઓચિંતા પંખીના ટહુકાથી પરોઢના પ્રકાશમાં નયન ઊઘડે અને સ્મૃતિના આંસજલે કવિ ભીંજાઈ ગયા. એમની વિશ્વ પ્રત્યેની દૃષ્ટિ હવે જુદી જ બની ગઈ છે.

'નિહાળી રહું હું અહર - પ્રહર નિખિલ વિશ્વને મધુવન,
જાણે ઈન્દ્રધનુનણે વર્ણે દલેદલ ખીલી રહેલ સુમન.'
(નીલાંજના, પૃષ્ઠ-૧૬)

'પ્રતિપલ બોધ'માં એમને અગોચર ગોચર, અપરોક્ષ એવી દૃષ્ટપ્રિયાની રમણાનો પ્રતિપલ બોધ થાય છે. 'પ્રાણનો હે પ્રાણ'માં તેઓ માત્ર હૃદયકુહરમાં જ પ્રગટ થતી અદીઠપ્રિયાને પાંચેય ઈન્દ્રિયોને એના હેતુથી પરિતૃપ્ત કરવા ઇચ્છે છે. કવિ ધ્યાન-સમાધિની અવસ્થાનું વર્ણન આ રીતે કરે છે. --

'કેટકેટલો શૂન્યાવકાશ '
આતે કેવું નેત્રનું અંજન '
ક્યાંય કશું ય નહીં- મા ઊંડું નિમજ્જન !
નહીં અન્ધકાર,
નજર અંજાઈ જાય એવો નહીં તેજ - પારાવાર,
દિશા- કાળનો ન લેશ જણાય આભાસ.'
(નીલાંજના, પૃષ્ઠ- ૧૮)

આવી અવસ્થામાં તીરોધાન પામેલ પ્રિયા હૃદયકુહરમાં જ માત્ર પ્રગટ થાય છે. કવિ વર્ણવે છે કે --

'સકલ વર્ણને વિલોપન ભલે રહે એક શ્વેત,
પણ પંચમુખ મુજ ચહે તવ હેત.
મ્હારાં સર્વ કરણોને સમ્મુદ હો તવ સન્નિધાન.'
(નીલાંજના, પૃષ્ઠ- ૧૮)

તેઓ ઈન્દ્રિયોના વિષયરૂપ સામીપ્યને પોતાના સર્વકરણો માટે ચાહે છે.

'મ્હારો વેણુરવ, ત્હારી નૂપુર -કિંકિણી:
કદમ્બતરુ કને કલિન્દ - તરંગિણી.'
(નીલાંજના, પૃષ્ઠ-૧૮)

આમ કવિની આધ્યાત્મિકતા ક્યારેય જડતા કે શુષ્કતા પ્રેરતી નથી. એમને સેન્દ્રિય - અનુભૂતિમાં જ રસ છે. સમાધિના ભાવદર્શનમાં પ્રગટતી પ્રિયા પાસે પણ કવિ પંચમુખ હેત ચાહે છે.

'દ્વંદ્વ'માં કવિ મનસ્વિની પ્રિયાનું લાવણ્ય ઝાઝા આવરણે ભિલાય છે છતાં ય એના સર્વ રહસ્યોનો પાર પામી શકતા નથી. તેઓ દૂરતા અને સંયુતિની ક્ષણોને પામે છે. ક્યારેક અંધકાર તો ક્યારેક અનાયાસ એની દ્યુતિને પામે છે. 'ધીરા-

'અધીરા'માં પ્રકૃતિમાં બહાર કે ક્યારેક ઉરમાં ભીતર પ્રિયાને પામે છે. કવિ ક્ષણે ક્ષણ પરિવર્તન પામતી કૈંક ઋતુકાન્તિ સમાન પ્રિયાની આનંદ- વિકારની રમ્યકેળી વિલોકે છે.

'હે નીલ નદી'માં કવિએ નીલ નદીની પ્રીત પિછાણી પ્રાણને વહન ગભીર વાણીને બોલી છે. એની લહરમાં આ પારથી ઓ પાર અને વળી ઓ પારથી આ પાર એની તરંગની મધુર સફર તેઓ માણે છે. 'છળ'માં રિસમાં પ્રિયાથી મુખ ફેરવી લે છે છતાં અકળામણમાં પણ એનું જ વદન પળે પળ નિહાળે છે. કવિ જે ચાહે છે તે કહી શકતા નથી ત્યારે પાછળ કોઈક આવીને ઊભું રહે છે. તેઓ જોવા માટે ફરે છે અને બિમ્બોકે - કામકલાએ એના છળને વધાવે છે. આમ એમની ભાવપ્રિયા પ્રાર્થની આત્મરતિ જ ખરેખર તો પ્રગટ થાય છે.

'રતિ'માં પણ કવિને ઘડીભર પામ્યાનો પરિતોષ, આત્મકામ સમ પરિપૂર્ણતાનો અનુભવ થાય છે પણ કાળનું કલન (પરિચય) થતાં સ્થિતિ પલટાઈ જાય છે. દારૂણ પિપાસા, શોષ પ્રાણને પીડે છે. દૃષ્ટિના કિરણ-સેતુએ બન્ને નજીક આવે છે. ફરી રચાઈ રહે છે--

'મિલન મંગલ મહાભાવ-રસપાન,
પછી આ વિછોહ ? - અવરોહ ?
આનન્દ - ક્રન્દન અંસુવનમય રતિ !'
(નીલાંજના, પૃષ્ઠ- ૨૩)

આ આત્મરતિ એમને આનંદ અને આંસુ આપે છે.

'એક ને અનન્ત'માં કવિની પ્રિયા સાથેની ગવાક્ષ-ગોષ્ઠિનું એક માત્ર સાક્ષી આકાશ છે. હોઠ ઊઘડ્યા વિણ નેત્રમાં વર્ણનાં કિરણ રેલાય છે અને શબ્દનો પ્રકાશ પથરાય છે. આ કવિની ભાવસમાધિનો વાર્તાલાપ છે; એટલે તો એનું સાક્ષી માત્ર આકાશ છે, કેમકે આવું મિલન માત્ર આકાશમાં - બ્રહ્મરંધ્રમાં જ શક્ય બને છે. આ મિલનનું વર્ણન જોતાં એની પ્રતીતિ થાય છે.

'ત્હારા મ્હારા હોઠે, પ્રિય જો ભીની ઝલક,
નાભિનાં ગહન નીરમાં સ્ફુરન્ત,
તરઙ્ગની છોળની છે સીમે લાગ્યો સ્પર્શ.
આપણે બે એક ને અનન્ત.
એની નિઃસીમ આનન્દે પરિણત જો ઉત્કર્ષ.
શૂન્યની પ્રભરતાને, અહો, નેત્ર લહે અપલક.
નેત્ર સંલગ્ન છે નેત્ર, અધરે અધર ...
આ આનન્ત્યે હવે અહીં કોણ છે અવર ...'
(નીલાંજના, પૃષ્ઠ- ૨૪)

અહીં કવિ એકરૂપ બને છે તો 'તું'માં એમને પ્રિયાનાં બે રૂપ દેખાય છે. એક કવિ જ્યારે અભિવ્યક્ત હોય ત્યારે બીજું અને 'હું માં હોઉં હું ન લેશ'. આત્મચેતના અને પરમાત્મચેતના સૂક્ષ્મરૂપે એકબીજામાં ભળી રહે છે એ વાત કવિ આ રીતે મૂર્ત કરે છે.

'નિત્ય તવ સમીપ હું કમળનું ફૂલ.
સ્વકોશ પરાગે બંને એક એકાન્તરે.'
(નીલાંજના, પૃષ્ઠ- ૨૫)

વળી ક્યારે એનો દૂરથી ઝાંખો થાય છે અને ક્યારે મિલન સધાય છે કવિ બતાવે છે--

'તું બંકિમ દ્વિતીયા - ત્હારું કરું આહ્વાન .
તું મહાનિશા - દહરે પામું તિરોધાન .'
(નીરાંજના, પૃષ્ઠ - ૨૫)

આમ જયારે અભિવ્યકત હોય છે ત્યારે તેઓ પ્રિયને બંકિમા બીજરૂપે આહ્વાન કરે છે અને પ્રિયા મહાનિશા રૂપ પ્રગટે છે ત્યારે એમાં તિરોધાન પામે છે. એ વખતે કવિની સ્થિતિ પોતાનામાં હોતી નથી.

'ઉન્મુખ'માં હૃદયનાં વજ્રજરબંધને દલેદલ ખોલી સદ્ય પરિચય આપતા કવિ અનંત ચેતનાનું આહ્વાન કરે છે. એમના પ્રાણ જલની અગનને નાદસહ ઝીલી રહે . પાંખડીએ ઉન્મુખ બની ગગન વિલોકે , ક્ષણ ઉદિત બને, જે કરાલ કાળને પણ અતિક્રમી જાય એ માટે આતુર છે. અહીં તેઓ સાધનાની ઉન્મુખ અવસ્થાનું સુંદર વર્ણન કરે છે .

'નિરાંત'માં નયન નિરાંતની અનિદ્ર પળોમાં અણુએ અણુએ ઊઘડે છે અને આકાશગંગાને તીરે ખીલેલા તારકકુસુમને વીણી મહીન આવરણે 'તું હું ' સર્વ છવાઈ રહે છે . અનંત ચેતના સાથે આત્મચેતનાનો વિસ્તાર અહીં પ્રગટ છે .

'પૂર્ણ'માં નિર્મલ તેજના પૂરમાં સર્વે નિઃશેષ થઈ જતાં નામરૂપ વ્યવધાન પણ રહેતું નથી . કવિ પોતાનું અસ્તિત્વ એક અચલ કેન્દ્રમાં સ્થિત જુએ છે અને આકાશથી ય પર એવા સ્પર્શના પ્રભાવે સમગ્ર હૃદયના બિંદુમાં જ માત્ર પોતાના અસ્તિત્વને ધારણ કરે છે . એ વખતે એમને પૂર્ણતાનો અનુભવ હોય છે .

'પૂર્ણ કોઈ ન્હે મ્હને સ્વકીય . .
પૂર્ણથી છું પૂર્ણ પૂર્ણ , પ્રિય.'
(નીરાંજના, પૃષ્ઠ - ૨૮)

'નાતો સનાતન'માં આત્મા- પરમાત્માના સનાતન સંબંધની તેઓ વાત કરે છે. પ્રકૃતિ અને પ્રાણ પરસ્પર જોડાયેલા છે. બંને વિના સૃષ્ટિની લીલા શકય નથી . એટલે તો એમને કહેવું છે --

'આપણે જ આપણે , ન કોઈ અવાન્તર .
ત્હારો મ્હારો નાતો સનાતન :
અભિનવ રસે પરસ્પરનું લાલન .'
(નીરાંજના , પૃષ્ઠ - ૨૯)

'રમત'માં અગોચરના હાથે પોતાની આંખે પાટા બંધાવીને તેને પકડવા અધીર થયો વળે છે. અણસાર દઈ સરી જાય છે . કવિ થાકી જાય છે ત્યારે જણાવે છે કે તું એક વખત પકડાઈ ગયા પછી તારો હાથ આપશે તો પણ, હું તાળી દઈ દઈ છટકી જઈશ અને તારે હાથ આવીશ નહીં .

'હજીય કને આવ'માં નિમેષ-ઉન્મેષની વિલક્ષણ ક્ષણે અભિમુખ થતી પ્રિયાને કોઈ આવરણ, અંતરાય વિના આનંદ- શાંતિના બિમ્બને તેઓ હજીય નિકટ આવવા કહે છે.

'નવ રંગ'માં પ્રિયાની નાવિધ છટા અને છટાએ છટાએ નવું નામ નિહાળે છે અને --

'નિહાળું ને રમું નિરન્તર નવ સઙ્ગ,
આપણને છાઈ રહે આપણો જ રઙ્ગ.'
(નીરાંજના, પૃષ્ઠ - ૩૨)

'ગરિમા તરફગની'માં તેઓ 'લઘુ એક તરંગની નિઃસીમ ગરિમા'ને જુએ છે, તો 'સમ્‌રસ'માં શ્યામરૂપ ગોપવધૂને ગોપવધૂરૂપ સમરસ શ્યામની જેમ પ્રિયાહૃદયે પોતે અને પોતાના હૃદયે પ્રિયાને જુએ છે. 'પ્રાકામ્ય શાન્તિ'માં પ્રિયાનું અંગ અવિચલ હોવા છતાં અંગ અંગ ડોલતા ઉરથી સંગીતના સુધાપાને પ્રકામ્ય શાંતિનો અનુભવ કરે છે. 'નીલાભદ્યુતિ'માં પ્રાણયોગની પ્રક્રિયાના વર્ણનને અંતે ભીતર ને બહાર કેવળ અપરિચિત શૂન્યતામાં કોઈ સુમન્દ મધુર ગાન સાથે કુન્તલમાં રમતી આંગળીને તેઓ અનુભવે છે.

'તને નિહાળી' કાવ્યમાં રાજેન્દ્ર પ્રાણને આવેગ ઉલ્લોલ બોલની લહેરે પ્રિયાને પામવા ચાહે છે. તેને નિહાળીને કવિના ઉલ્લોલબોલ તેમની ઉલ્લોલ ઉદધિ બની નેત્રનાં બે બિંદુમાં સમાઈ રહે છે.

'પરિણય'માં લજ્જા, ભય વિણ નિજનો પરિચય પામી નાદમધુર શ્રુતિલયમાં અનંત નભમાં એકાન્તે, કાન્ત લલિત કીડને બની રહે છે 'અવ ઉભય એક સમય''. 'ઉન્મેષ- નિમેષ'માં પ્રગટ સૌંદર્યની લીલાનો આનંદ પામે છે. નિમેષે મુર્છના મહીં સર્વ તિરોધાન થતા નિસ્પંદ સંધ્નિમાં 'તું હું એક શેષ' રહે છે અને આવા અભેદમાં તેઓ બધા દ્વંદ્વનો પાર પામી જાય છે.

'કેવો હવે દિવસ - રાત્રિ મહીં વિભેદ ?
હું મૌન- સંવરિત માણું સમગ્ર વેદ.'
(નીલાંજના, પૃષ્ઠ- ૩૬)

'અનુત્તર'માં અનુત્તર સુંદર એવી પ્રિયાના કેશમાં ઋતુએ આપેલું ફૂલ તેઓ ધરે છે અને એની પ્રસન્નતા નૂતન તેજ વહેતા પરિમલમાં ખીલી રહે છે, તો 'કુટિલ કટાક્ષ'માં એમનું મન પ્રિયાના પ્રેમમય દ્યુતિ પૂર્ણ નયનના કુટિલ કટાક્ષે વિગલિત બને છે. મિલન યોગમાં કવિના જ વૈભવનું હરણ કરી એમની જ સકલ શ્રીના અલંકરણમાં તેજનો અંબાર જોઈ કવિ ધન્ય બને છે. કિરણે કિરણે કવિ પ્રિયાનો પ્રસન્ન હૃદયભર્યો ટહુકાર પામે છે. હવે એમની પાસે કંઈ અન્ય રહ્યું નથી અને પ્રિયા ખાલી કર સામે ધરી રહે છે ત્યારે કવિ નેત્રમીંચી મનોમન કહે છે કે આવરણ-રિક્તનો આવો વિડંબના ન હોય. કવિને થતા દર્શનની અનુભૂતિનું વર્ણન કરતાં કવિ કહે છે કે નિઃસીમ ગગનમાં નક્ષત્ર-નિહારિકાનો ઉપહાર તો ક્ષુદ્ર લાગે છે. અનહદને એનો લવલેશ સ્પર્શ થતો નથી. અવકાશમય તે અપારની સમક્ષ કંઈ જ અવશેષ રહેતું નથી. આવી બોધમય વાણીને સંથારે પ્રિયાનો ખાલી હાથ, ખાલી કવિને આલિંગન -અભિનિવેશ ધરી રહે છે 'નભ નભને આધાર'. આકાશરૂપ કવિ અને આકાશરૂપ પ્રિયાનું આ સૂક્ષ્મરૂપે મિલન છે અને એ 'સાયુજ્યનો સ્પંદન રહિત અનુભૂતિના આનંદને નિલય પ્રાણને ઉન્મેષ વહે છે વૈનાસિક ગાન.' અને ફરી પ્રિયા કુટિલ કટાક્ષનો અભિનય કરે છે ત્યારે કવિ વેદનાને પથ ઝંખનાનો પ્રયાણ કરે છે. આમ 'કુટિલ કટાક્ષ' એમને ઝંખનાના પંથે પરમમિલનની મંઝિલ સુધી પહોંચાડે છે. સભાનઅવસ્થામાં ઝાંખી અને સમાધિસ્થ અવસ્થામાં એની પ્રાપ્તિના ક્રમને તેઓ આ રીતે વર્ણવે છે.

'ખોલીએ ભીણી' એમની આધ્યાત્મિક અનુભૂતિને પ્રગટાવતું સુંદર ગીત છે. કવિ જેને અનુભવે છે તેને જોઈ શકતા નથી. માટે તો મુખ અને આંખોને ઢાંકતા એનાં નીલઅંબરના ઓઢણને જરાક ખોલવા કહે છે કે જેથી એનું કોમલ નૂર જોઈ શકાય. પ્રાણની શરણાઈમાં સમય - સાધન રાગ વાગે છે. કાયા કોળી ઊઠે છે, ખીલ્યાં ફૂલના

હવે ફાગ ફોરતો રંગ છે ત્યારે પ્રેમને અધીન સંયોગનું શીલ સોહે છે, પ્રેયસીને સંકેત પ્રિયતમા કવિના એકાંત ઘરે આવે છે. જીજનાં સીધીને એમના ચરણ એના આંગણે પહોંચે છે. પંચમનો સાદ એના હેતના ઝરણામાં ઢળી જાય છે અને કવિ આનંદે તેમાં ઝિલમિલ ઝીલતો રહે છે.

'અન્ધકારને અવગુંઠન'માં તેઓ અન્ધકારને અવગુંઠન નીલાંજનાનું આલિંગન લહે છે. તો 'દેશાન્તરે'માં સ્મૃતિને પ્રસ્પંદ મિલન અને વિચ્છેદ એક સાથે પામતા કવિ વેદનામય સુખનો અનુભવ કરે છે. 'વિસ્તીર્ણ વિછોહ'માં એમના નેત્ર આકાશનો આસવ પીએ છે અને અસીમના કંઠ સુધીનું આનંત્ય ઊંડા પાતાળમાં ઊતરી જાય છે. પ્રાણ ધરાય નહીં એવું છલોછલ પાન અને કેવળ નીલિમા નીલાંજનાના સ્વગત મૃદને સ્પંદ આનંદનું મહોરેલું ગાન, ગાનનો ગોરંભ ગગનમાં છવાતા નિહારિકાનો અગણ્ય શ્રુતિ અને શ્રુતિએ શ્રુતિએ કવિનું વિલોપણ, વિછોહ વેદના, વિછોહ- વિસ્તીર્ણ નીલ ગગન અને એ જ ગગનનો આસવ તેઓ પીએ છે. સકલ વેદના કવિ પીએ છે.

'નીલા'માં મિલન-વિચ્છેદની લીલાનું વૈચિત્ર્ય તેઓ જુએ છે. એના આવેગમાં વહે છે અંતરનો વિરહ -વ્યાપિની શૂન્યતામાં મૂર્છના ટાણે પ્રિયાના સંયોગની સમ્મુદ ધન્યતા પામે છે અને એનો માયામય સ્પર્શ સંશયો છેદી, હૃદય વીંધી વિહ્વલ બનાવે છે. હૃદયગ્રંથિના ભેદયો થતાં સંશયના છેદનો અહીં નિર્દેશ છે.

'જોઉં'માં તેઓ પ્રેમના બે અક્ષરમાંથી અસીમ બ્રહ્મવાણીના - એક શબ્દ 'ઓમ'ના પ્રભવને દર્શાવે છે. એના મૌન સ્પર્શે પ્રસ્પંદિત થતું અવિરત ગુંજતું સીમાહીન ગગન કવિના હૃદયને પરિપ્લાવિત કરે છે અને નયનને ઐન્દવ તેજથી ભરી દે છે. 'વેદનાનો ઊગતો દર્શ'માં તેઓ પરમસુખની અનુભૂતિની ક્ષિતિજે તીવ્ર વેદનાનો એક રાતો દર્શને ઊગતો જુએ છે. 'નવ મૌન'માં નિષ્ઠુર પ્રિયાના મૌનનો રેખાહીન ફાંસો જરાય આઘે સરકવા દેતો નથી. 'છલના'માં નાનાવેશ ધરી ખેલતી પ્રિયાને કવિ નેણથી ઓળખી શકતા નથી પણ આખર તો આ ખેલમાં એકબીજાની છલના પામે હેતની અવહેલના થઈ શકતી નથી અને જુદાઇ પળમાં ટળી જાય છે.' બલના હે'માં પણ નાળો આપી દૂર સરી જતી પ્રિયાની છલનાના ખેલનું કવિ નિરૂપણ કરે છે. 'ચિરન્તના' કાવ્યમાં વેણમાં વ્યંજના સમી તેજનું કિરણ, તેજનું ગગન અને હૃદયની ગુંજના બની સોણલાને સાચું કરતી નીલાંજના, અરૂપ ચિરન્તનારૂપિણી છે. 'કેવલ પ્રેમ'માં નીલાંજના સાથે અભિન્ન બનેલા કવિ નીલાંજના સાથે એકલ અને સકલ બને છે. એના વિના કવિનું કોઈ અસ્તિત્વ નથી. કવિ કહે છે કે તું છે તો હું છું, તું નહિ તો હું નહિ. આમ કેવળ પ્રેમરૂપ પરમ સાથેની અભિન્ન સ્થિતિને તેઓ પ્રગટાવે છે. 'માયાવિની'માં અંગ અંગને આકાશની નીલિમા આલિંગીને રહી છે તો પણ નીકટ લાગતી નથી. કવિ એની જ સન્નિધિમાં વિહરે છે પણ એનો સંગ જોઈ શકતા નથી. ઘડીભર એમને પોતે જ નીલાકાશ હોવાનું જણાય છે તો બીજી પળે એમના આકારનો બાધ અંતરાય બની આડો આવી જાય છે. મિલનના પાશમાં આ રીતે અળગા રહેવું કવિને વિચિત્ર લાગે છે. આ કવિના ઉરનો ભીતર અને બહાર રહેલી માયાવિની નીલિમાને તેઓ એક બિંદુ બની નયને નોતરવા કહે છે.

'સહચાર કૈતવ'માં નિરંતર હૃદયે વસતી હોવા છતાં બાહુમાં ન આવતી પ્રિયાના સહચાર-કૈતવે 'વસમું વ્હાલ થયું'ની વેદના કવિ અનુભવે છે. વ્યોમેર અસીમ વૈભવમાં પણ તેઓ એકાંત જુએ છે. ઉરનું અવકાશ ભર્યું છે પણ ત્યાં અમૂર્ત નીરવ છે. તેઓ શ્રુતિને મધુગાન અને દૃગને મૂર્તિરૂપ ઉત્સવ મળે એ ઇચ્છે છે. આ બધું ભાવ

જગતમાં નિહાળી શકે એ માટે તેઓ હૃદયે રહીને જ બહારનું અવકાશ ભરી દેવા કહે છે. 'અનુગ્રહ'માં કવિ જેનું નામ જાણતા નથી તેના હજાર નામે પોતાના જંતર પર ગાન ગાય છે. અર્ધોન્મીલિત તંદ્રિત નયનમાં કવિ એનો રૂપસુધા અને ઉજ્જવલ સ્મિત અવિરત પામી એના અનુગ્રહનો વર્ષામાં મકલને ભીંજાયેલું જુએ છે .

'ઐન્દવ સાયુજ્ય'માં અલક્ષ્ય શૂન્યતામાં નીલાંજના સાથે કેવળ નિસ્પંદ ઐંદવ સાયુજ્ય માગે છે. એટલે તો એમના અંગમાં વહેતો ટહુકાર સ્વયં વનવનનો શ્યામલ કુંજે અરૂણસવાર થઈ આવતો તેઓ જુએ છે. 'મ્હારી પાંખે'માં દૂર હોવા છતાં પ્રિયાને નજરથી જુએ છે અને પાંખમાં ગગન વહે છે તો 'પાગલ પ્રાણ'માં પણ એમને પ્રિયા નયન પાસે જ, આટલી નિકટ હોવા છતાં ય અણજાણ લાગે છે અને એમનો ઝુરતો પાગલ પ્રાણ કોઈ ઝીણી વેદનાને વહે છે. કવિ એના નીલિમ તેજનો ભીતર ઊંડે ઊંડે સાગરમાં રત્ન શોધતા મરજીવાની જેમ સરકે છે. લગીરેનો ય લ્હાણ લેવા નગાના જવાય એવો તાપ છે અને રણની તરસ પર ફોગ જેવી ઓળખાણ છે . કવિ રૂપાળું ઓઢણ અળગું મેલી પ્રિયાને એકરૂપ બની રહેવા આવવા કહે છે. જેથી આગમાં આગ અને પાણીમાં પાણી ભરી રહે. અહીં આત્માનું પરમાત્મા સાથે મિલન થતાં પંચભૂતરૂપ દેહનાં પાંચેય તત્ત્વો ફરી તેમાં જ ભળી રહે છે એવો નિર્દેશ જણાઈ આવે છે.

'અન્ધકાર ઊતરતાં' કાવ્યમાં અંધકાર ઊતરતાં સર્વ એકરૂપ થઈ રહે છે અને તેઓ જુએ છે 'માત્ર આભામય સવ્ય અપસવ્ય નદી જલની બંકિમ રેખ' અને એમાં પ્રિયાના લોલ ચરણનો અચલ વર્ણ . 'તું જો મુજ શકિત' કાવ્યમાં કવિના હૃદયમાં હમણાં જેનો નિવાસ છે તે શકિતરૂપ પ્રિયાને તેઓ કહે છે કે તું જો સ્વપ્ન સમો ન હોય તો તારું મુખ હું કેમ ઓળખતો નથી . તેઓ તો માત્ર એના તેજને જ ઓળખે છે. એ શકિત રૂપ પ્રિયાને પોતાના પ્રાણમાં પ્રગટ થવા કહે છે. આ મનસ્વિની પરાશકિત જે કુંડલિનીમાં સુષુપ્ત છે એને પ્રાણમાં પ્રગટ કરવાનો કવિનો ઉદ્દેશ છે. 'મ્હારું વહી જવું ' માં કલેવર વિના વારિની લહરની જેમ અસીમ અકલ આનંત્યમાં વહી જતો માત્રસ્પર્શનો ઝલક ભીતરના ક્ષિતિજ વિનાના વિશાળ ગગનમાં ઉછળતાં ભીંજવતા તરંગોનો ગભીર નિનાદ ગજવે છે. એના બિંદુએ બિંદુએ વિભિન્ન વર્ણની મોજ કવિને મૂર્છનાનો મધ્યના સામીપ્યે અર્પણ કર્યા રહી છે. તેઓ તન્માત્રાઓ દ્વારા ત્રિલોકનો અધ્યાત્મ-અનુભૂતિ પોતાને ધ્યાનમાં ખેંચી રહી હોવાનું અનુભવે છે.

'સૂરને સન્ધાન'માં અધરે આવેલ મોરલીમાં પ્રાણ વહી જાય છે. એના સૂરને અવધાન સુધામય ઊભરાતો લય વહે છે. ' આપણું ક્રીડન'માં કવિ કહે છે કે કિશોર અવસ્થાની રમતો - ફેરફુદરડી, સંતાકુકડી - માટે વેળા-કવેળા જેવું કંઈ નથી. છુપાયેલાને શોધનારનું મન સરવા કાને , સતેજ નજરે એને જ ખોળતું હોય છે . વચ્ચે આડ છે પણ આડની ઉભય બાજુએ બંનેનાં મન પરસ્પર સંલગ્ન હોય છે. એવું જ અગમને શોધનાર માટે છે. 'સહિયારું સ્વપ્ન'માં બંકિમાના ભાવારૂપે ક્ષણભરનો ઝાંખી કરાવી જનાર અક્ષયતૃતીયા થઈ કવિના ગગનમાં ઊગી નથી પણ સમયનો અવધિનું અવગુંઠન દૂર કરી બંનેનાં નેત્ર ઉત્સુક તેજના મિલનમાં એકરૂપ બની રહે એ ઘડીની પ્રતીક્ષા કરતા કવિ સીમ - નિઃસીમ એને જ શોધે છે. ચલ અને બ્રહ્મ અચલ બંનેનું આ સહિયારું સ્વપ્ન છે. 'નાતો'માં બે અનામી તત્ત્વ પ્રાણનો એમનો નિત્યનો નાતો છે. સૂક્ષ્મ સુરભિરૂપે છવાતો અને ઋતુ ઋતુના રંગ રેલાવતો હોવા છતાં કાલ શાશ્વત છે. તેજકિરણના

સાતેય રંગનો જેમ બુલંદ રાગ ગવાય છતાં નિજમાં ન સમાતો આનંદસાગર કેવી રીતે ઉછળતો રહે છે જુઓ --

' શબ્દ ગગનમાં, ઘનઘન દમકન,
નિખિલ પુલકમય, અવિરત વરષણ,
ઝરણ બનેલ સરિત - જલનિધિ અવ
તે નિજમાં ન સમાતો.'
(નીલાંજના, પૃષ્ઠ- ૭૩)

'મહાનિશા'માં કવિ પ્રાતઃ . સાયં અને નિશાના બ્રહ્મરૂપ દર્શનમાં પ્રાતરુત્થાન સમયે પરાશક્તિના પંચકૃત્ય - સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, તિરોધાન અને અનુનય - યુક્ત વિધિનું વૈચિત્ર્ય નિહાળે છે. અંતરાયે બ્રહ્મ સંલગ્ન હોવા છતાં ભાવાભાવે વિચંચલ અને અનુરાગે સમુત્સુક બને છે. સાયં સન્ધિકાલે સુષુમ્ણાની દ્યુતિના સૌમ્ય સમાહારે ઘરે આવે છે, પૂર્ણ આનંદ પામે છે, એ છે સૂર્ય-ચંદ્રની દ્યુતિની મહાનિશા.

અનેક કાવ્યોમાં આગળ કહ્યું છે તેમ 'આવ' કાવ્યમાં પણ તેઓ નિતાંત નજીક હોવા છતાં જે દૂર છે એને આવવા કહે છે. આ વસમો સંયોગ છે. કવિ હવાની જેમ વિછોહને આલિંગે છે પણ આને ક્રીડા, રતિ-ભીતિ કે શૃંગારક્રીડા કહી શકાય તેમ નથી. માધુર્યની પણ મહા મુંઝવતી પીડા હોય છે, તો 'ક્યાં સુધી'માં કવિ પૂછે છે અધીર ઉરમાં અલસ વેળની શૂન્યતાને ક્યાં સુધી હેરવી, ક્યાં સુધી નારી કામ્ય ભવ્યના મરીચિકા સમી તું રાખશે ? આંખના ઇશારાથી પુરસ્કૃતિ આપતી ક્યાં સુધી હજુ ય દૂર રહેશે? તો 'મ્હારી કને'માં કવિ પાસે કોઇ કડવી - મીઠી વાત છે જ નહીં, માત્ર એમને ગમતા નામનું એકાંતમાં રટણ છે.

'નીલાંજના' કાવ્યસંગ્રહના અંતિમ ભાગમાં 'મનસ્વિની (કુણ્ડલિની)'ના શીર્ષક હેઠળ ત્રણભાગમાં 'મનસ્વિનીને' કાવ્ય છે. જેમાં પ્રથમ કાવ્યમાં કવિ કોઇ ચલ મુહૂર્તમાં મંગલ દ્રષ્ટિયોગ પામે છે. સંકર્ષી હૃદયમાં ક્રીડા પ્રગટે છે, દૃગે દૃગની કમનીય ક્રીડાને માણે છે. ક્યારેય અનુભવ્યો ન હોય એવા અપૂર્વ આનંદનો બોધ થાય છે. સોળકળાયુક્ત મનોહર કિશોરીને તેઓ નિમંત્રણ દે છે. ત્યાં વિલોલ સામેથી સરકી જાય છે, વેનકુંજની જવનિકા આડી ધરી દે છે. પોતાની જ સંસ્થિતિમાં તેઓ અડોલ રહે છે ત્યારે તે કિશોર કવિની અકળામણને ઉમંગે દૂરથી પંખીની જેમ અજંપે ટહુકે છે. તેઓ સ્વરને વહેતા સમીર નેત્ર મીંચે છે ત્યાં એ મનસ્વિનીની અંગુલિનો સુભગ સ્પર્શ અનુભવે છે.

આ બંધ નેત્રો ઉપરનો અંગુલિસ્પર્શ એમના અંગે અંગમાં સહજ કંપ-રોમહર્ષ જગાવે છે. તેઓ ઉરભાવના પ્રકર્ષે ઉન્મેષને જોઈ હાથ પકડવા જાય છે ત્યાં શિંજારવ ભીડેલ હોઠે લાસ્ય કરતી તે દૂર કે નજીક નથી એમ અનુભવે છે. એના નૂપુરની ઝંકૃતિને તરંગ એમની મોરલીના સૂર રમતા મેલે છે. માલતીનાં ફૂલોની સુગંધ હવામાં મળે છે. એનું હિરણ્યમય વપુ ને આસ્ય મલકે છે. આ નાદનું માધુર્ય શાંત વિશાળ નભમાં વ્યાપે છે પણ તે કિશોરીને તેઓ નજરથી જોઈ શકતા નથી. હવે નાદનું માધુર્ય પ્રશાંત ચિન્નભમાં વ્યાપે છે. એની રાત્રિની નિદ્રામાં ફરી સ્ફુરણ થાય છે. ત્યાં કવિ ઉછળતા વન-ઝરણામાં એ કૃશાંગીને ન્હાતી જુએ છે. લજ્જા અને ભય વિના વિવિક્ત દેશે એ મુક્ત કેશવહેણ સંગ ખેલે છે. હવાની લહર ઊર્મિમાં સઘન પરાગ ભરે છે. કૌમુદી -ધવલ ચોપાસિયો મુહાગી રહે છે. એમણે પોતાનું અસ્તિત્વ ન કળાય એની સાવધાની

રાખી હતી છતાં લગીર પદ કંકરથી થોડી એક નજરમાં જ અધીર બની નીર મગ્ન સ્થિતિ પામે છે અને ઉર્વશીના સ્વર્ગમાં આરોહણથી પુરુરવાની જેમ શૂન્યલીન સ્થિતિ એમની થાય છે.

એ શૂન્યલીન સ્થિતિ જાગૃતિમાં પ્રવેશે છે ત્યારે પ્રાતઃ સમીરનો મૃદુ સ્પર્શ થતાં નવી સ્ફૂર્તિ પ્રગટ થાય છે. એના મુખની દ્યુતિ વિના તે ઝાંખી જણાય છે. કવિ પાથેયમાં એની સ્મૃતિનું ભાજન લઈ, કંઠોના કુસુમકંટકો ઉવેખતા એને ઢૂંઢવા નીકળી પડે છે. પુષ્પની ગંધ કળાય છે પરંતુ પુષ્પની ભાવ-લાગણી નથી અને ઝંખના વધુ તીવ્ર બને છે.

થોમિર સરખી રીતે પ્રસરતી સુવાસ તેઓ પામે છે પણ તેમને પુષ્પની ભાળ નથી. તેઓ એને સુરભિમાં શ્વસે છે પરંતુ એની દૃષ્ટિમાં પ્રકાશ નથી. આ અગોચર ક્યાં હશે, સામું જોતી નથી અને ક્યાંથી આવી હતી અને અત્યારે ક્યાં છે, કેમ આવી ખેલ ખેલે છે અને પરિરંભણ દઈ હવે કેમ ઉપેક્ષા કરે છે તે કવિને સમજાતું નથી. જેનો અનુભવ કર્યો હતો એ ક્ષણ તો અતીત બની ગઈ છે, સ્થાન સૂનું થઈ ગયું છે, હવે અન્ય દેશમાં એની સંગતિ છે ત્યારે એમના અધીર ચિત્તને એક પળ કલ્પ જેવી લાગે છે. ઉરમાં અચલ લક્ષ્ય ધરી દિશા ખબર ન હોવા છતાં તેઓ ચાલવા લાગે છે. એમના બંધ હોઠનો બુલંદ ટહુકો બ્રહ્માંડમાં વ્યાપી તે નિકંપ છંદે ઝીલશે એવી એમને શ્રદ્ધા છે.

માત્ર સ્વપ્ન સમા પરિચયના એક સહારે કવિ પંથવિહીન પંથે ચાલી નીકળે છે. એનું ધામ નજીક હશે કે ક્ષિતિજની પેલી પાર તે કવિને ખબર નથી. થાક ભૂલી ગયેલા થઈ તેઓ ફર્યા કરે છે, નયનમાં - વનમાં દિવસ ને રાત ક્યાંક ક્યારેક મળાશે એ શ્રદ્ધાએ. એમના ખાલી હાથમાં કામધેનુની સિદ્ધિ છે. મનમાં કોઈ વિકલ્પ નથી એટલે સંકલ્પની સિદ્ધિ તો છે જ. એક લક્ષ્યના મત્સ્યવેધને ટંકારે કવિ એને વરશે એવો દૃઢ સંકલ્પ છે. અહીં સુધી કાવ્યનો પ્રથમ ખંડ છે, જેમાં કવિને ચલ મુહૂર્તમાં એક મંગલયોગ સાંપડ્યો હતો એના અપૂર્વ અનુભવને માણવા તેઓ યત્નશીલ બન્યા હતા. સ્વપ્નમાં પણ એને જ મળ્યાં છે. પ્રીતિને પથે સુંદર શ્રેય સાધવાનો દૃઢ નિશ્ચય કરી એ અગોચરને શોધીને આખરે તેને વરવાનો એમણે સંકલ્પ કર્યો છે. ટૂંકમાં કવિ શ્રેયસાધનાના માર્ગે નીકળી પડ્યા છે.

કાવ્યના બીજા ખંડમાં માર્ગે જનાર સામે ગાઢ નીલવર્ણનું જંગલ છે- ઇન્દ્રિયવાસનાઓનું. અવરોધ કરતા ડુંગરાઓ છે- કામ, ક્રોધ, અહંકારના. ત્યાં કવિ ભૃંગગુંજન સમું ગાન સાંભળે છે. વૈડુર્ય રત્નની પ્રભા જેવાં જેનાં પાન છે તેવાં વૃક્ષોમાં કવિ પ્રવેશ કરે છે. ત્યાં સાડો ભીંત બનીને શૂંઢ ફરકાવતો એક હાથી ઊભેલો હોય છે, જેની પીઠ પર સુરક્રમવન્ત કાદમ્બિની એમને સ્વૈર તંત્રના લોભન અને કોમલનેત્રજ્યોતિથી વશીકરણ કરતી જણાય છે. તેઓ સવેળા જ સંકેતથી માર્ગ કરવા જણાવે છે. તે અંકુશ દીધેલો હાથી ઉપર આરૂઢ થઈને કવિ ગિરિ - અરણ્ય પાર કરી ગયા અને હવે વિશાળ સરોવરને તીરે પગ ધરે છે. આમ મોહ માયાના જંગલો અને અહંકારના ડુંગરોને પાર કરી તેઓ વિશુદ્ધ શાંત હૃદયસરોવરને તીર આવીને ઊભા છે.

અહીં સરોવર પ્રદેશમાં સૂર્ય નથી. ચિરંપ્રહિ કાલંદિ ને શીતલ જ્યોત્સ્ના છે. છાયા-વિલોલ વિચિના મંદ્ર કલ્લોલ છે. કવિ એનું શાંત અપૂર્વ પાન કરે છે ત્યાં દૂર પાણીમાંથી મગર બહાર આવે છે. એની પીઠ પર કશો બીજ શોભતો હોય છે. એ નિકટ આવતાં તેઓ અમોટ જોઈ રહે છે. એનું લાવણ્ય કવિએ જોયેલી કિશોરી સાથે કંઈક મેળ ખાય છે પણ એ નથી, તે સ્વજનની જેમ પાસે આવી પ્રસન્ન ચિત્તે વાત કરે છે.

મિષ્ટફળ જેવી વાણી અને મોહન દૃષ્ટિપાશમાં એ કવિને જકડે છે. એ ભોજયનો તેઓ પરિહાર કરતા નથી. પરંતુ મુક્ત ત્યાંથી વિહાર કરતાં પાશમુક્ત થઈ આગળ વધે છે. અહીં નિર્મળ પ્રેમજળનાં મોહપાશમાંથી મુક્તિ મેળવવાનો નિર્દેશ છે.

પછી કવિ એવા વિકટ જંગલને, રક્તાક્ષ હિંસ્ર પશુનો ધસારો પાર કરીને મહાનગર પાસે નદી કિનારે સ્મશાનના શિવ મંદિરમાં ઉતારો કરે છે. અહીંથી અનેક દિશાઓ પર જતા પથ કેન્દ્રિત થાય છે. અહીં આવ જાવ બહુ પ્રવાહિત છે પરંતુ પ્રત્યેક આસ્ય પર સમાન ભાવ હર્ષ છે. જો કે મહેલના સૂરો પ્રમસામયે રાગિણીના છે અહીં ઉત્સાહ-વજ્ર નરવીર અને મૃણાલ નારી છે. ઓચિંતો કવિનો જમણો હાથ ફરકે છે. ક્ષાત્ર-તેજે કોઈ અજાણ સાથે ઓળખ થાય છે અને બંધુત્વ મહોરી ઉઠતાં ઉર સહેજ ઉઘડે છે. અહીં નગર સંસ્કૃતિનું જંગલ અને હિંસા કરતા નર પશુઓ છે. જ્યાં ઉતારો સ્મશાનના શિવ મંદિરે જ લઈ શકાય. સંસારના મેળામાં ઘણાં લોકોની આવજાવ છે. જુદી જુદી દિશામાં જતા માર્ગો અહીં એક કેન્દ્રમાં ભેગા થાય છે. જુદા જુદા મહેલમાંથી જુદા જુદા સમયના રાગ એ વ્યક્તિએ વ્યક્તિએ સ્થળ-કાળમાં પરિવર્તન પામતા વિચારો છે. ક્ષાત્રતેજે કવિને અજાણ સાથે ઓળખાણ થાય છે અને ઉર ઉઘડે છે એ જીવનના જંગમાં લડવા તત્પર -ધર્મના માર્ગે પળવા તત્પર વીરના બંધુત્વનો સંકેત છે. હવે તેઓ નવાં વસ્ત્રો સજી, અશ્વ ઉપર સવાર થઈ, નગર નિહાળતા રાજવી ઉદ્યાનમાં પહોંચે છે જ્યાં અલૌકિક રૂપસીના પંચબાણથી વિદ્ધ બને છે. પરંતુ ભગવાન ભોળાનાથ અનંગ પ્રતિ ઉત્તાપ પ્રખર દાહક દૃષ્ટિ વાળી લઈ પ્રેમસુધા વહાવી રહે છે. કામપ્રત્યે ક્રોધ નહીં કવિ નિર્મળ પ્રેમ વહાવે છે. કામનાને અતિક્રમી ગયેલા તેઓ આવી ક્ષણે ય એ કિશોરીને ભૂલ્યા નથી, વિશ્રબ્ધ ગોષ્ઠિ સમયે તેની વાત કરતાં તેમણે પ્રવાસ કાજે ઉત્સુક હોવાનું કહ્યું હતું. ઉરની પિછાણથી એણે મૃદુ લગાવ અને વચન આપેલું.

'વર્તન્ત આણ નવ, હું છું હવે નિમિત્ત,
હું ધારું તેજ તવ, તે મુજ સંગ નિત્ય.
('નીલોજના, પૃષ્ઠ- ૮૫)

અને કવિ એ અચલ નેત્રનો અચલ દીપ્તિને ઝીલીને રાશ ઢીલી મૂકેલા ઘોડાની જેમ આગળ વધે છે.

હવે તો એમની વિમુક્ત ગતિ ભૂમી કરતાં વધારે નભમાં જણાય છે. વાયુની જેમ કવિનું ચિત્ત ઊર્ધ્વ છવાય છે. જાણે હવે સ્પર્શથી રિક્ત શેષ કંઈ રહ્યું જ નથી અહીં અદ્રિપન્થે ગુગ્ગુલક્ષની કાન્ત નિકુંજ. વીજળીનું તેજ પણ જ્યાં સ્થિર શાંત છે ત્યાં એમને સુકોમળ મંદ નાદ સંભળાય છે. જેવી અહીં સભરતા છે, એવો અવકાશ છે. પ્રસ્પંદનો સંગે કવિ ઉરનો ઋજુ તાલ દેવા લાગે છે અને કવિને લાગે છે કે જાણે અદીઠ વરદાભય ભાવ આપતું હોય. કવિને એ સમય હેતુ-સિદ્ધિનો લાગે છે. અહીં પહોંચીને કવિ જીવનમુક્ત બને છે. સાધનામાં સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરે છે. અદ્‌ભુત જગતમાં કવિ મંદ નાદ સાંભળે છે. નાદના તાલે જ એમનું ઉર ધડકે છે. અદીઠ હવે એમને વરદ-અભય ભાવ આપે છે અને હેતુસિદ્ધિનો સમય આવી ગયો હોય એમ લાગે છે.

એ મનસ્વિની - જેની ખોજમાં કવિ નીકળ્યા છે, જેને વરવાનો કવિનો સંકલ્પ છે તે ક્યાંય દેખાતી નથી. તેનો મૃદુલ સ્પર્શ કવિને મળે છે, અંગે પુલક અને પ્રાણમાં પરમ હર્ષ કવિ માણે છે. બાહુ ફેલાવી એને હૃદયથી તેઓ આવકારે છે. ગગન આલિંગનમાં આવે છે પણ પ્રિયા દૂર રહી જાય છે. અંતરના કાને અશ્રવ્ય એવો એનો સૂરનો ટહુકો સંભળાય છે. કવિ એને કહે છે કે જોજન જોજન હવે ટુંકા થયાં છે

ત્યારે તારા વદનનું આંઢણ આઘું રાખ . આવરણમાં છુપાયેલા રહેવાની હવે જરૂર નથી. કવિ નેણના ઝાકળજળને અધર પલ્લવ ઉપર ધારણ કરે છે. અહીં સુધી પહોંચતા કવિને હેતુસિદ્ધિનો સમય આવી ગયો હોવાનું લાગે છે. પ્રિયાના સ્પર્શની અનુભૂતિ પણ થાય છે. માત્ર મુખદર્શન થતું નથી . ગુણદર્શન થયું છે ,રૂપદર્શન થયું નથી.

કાવ્યના ત્રીજા ખંડમાં નાદની લહેરપાંખે કવિનો આતમહંસ અંબરમાં વિહાર કરે છે. પૂર્ણ ચંદ્ર જેવી ઉજ્જવલ નિષ્કલંક પ્રભા અમૃતબિંદુ સમી ઝરે છે. છાયાનો પણ આવરણ નથી . દિશાઓ લય પામી છે એવા ક્ષિતિજશૂન્ય અનંતવ્યોમમાં તેઓ શ્વેત સાથે સ્વરણિમ રૂપને અને શિવ - શુભ સંકેત કરતો હોય તેમ લાલ રંગ પણ દૂર દૂર જુએ છે. ઉત્સાહ પ્રદીપ્ત બને છે. રહ્યો સહ્યો શોક પણ ટળી જાય છે. હવે પાંખ જરા પણ ફરકતી નથી એવું સ્થિર પ્રશાન્ત ગતિનું આત્મપંખીનું વહન છે. ત્યાં સુકોમલ ગીતની સાથે બીનની ઝંકૃતિ છે, જે બહાર છે એ જ નીલરંગ હવે ભીતર છે. આ પરબ્રહ્મના સાક્ષાત્કારની ક્ષણો છે. શબ્દ સાથે નાદનો સંગમ ભીતર બહાર વ્યાપેલા બ્રહ્મતત્વનું દર્શન કરાવે છે.

કવિ રાજેન્દ્ર કહે છે કે આ શુભમુહૂર્તનો મંગલ દૃષ્ટિયોગ છે. લજ્જા વગરનું સ્મિતથી સભાન મલકતું મુખ હવે એમની સમક્ષ પ્રગટ થાય છે. સ્થળકાળની દોદી જવનિકા સરી જાય છે. નિર્મલ તેજના ઓઘને તેઓ ઝીલે છે. એવી ઋજુ પ્રકાશમય ગતિએ નજીક આવી ને જમણા હાથે એ કવિને વધાવી લે છે. લાલકિનારવાળું ધવલ પાનેતર પહેરી , શ્વેતપદ્મનું આસન બિછાવી કવિને વરતા સાયુજ્ય સિદ્ધિના વ્રતને ગ્રહણ કે છે.હવે લગ્નગ્રંથિથી સાયુજ્યસિદ્ધિવ્રતને ગ્રહણ કર્યા પછી કવિ પ્રિયાના અને પ્રિયા કવિના અંતરે એકબીજામાં ઓતપ્રોત થઈ રહેતાં તેઓ હેતુસિદ્ધિને પામે છે. આ હેતુસિદ્ધિનું દર્શન પ્રગટાવતા કવિ કહે છે --

'જે શબ્દ નાદ સહ બિન્દુથી વિસ્તરન્ત ,<br>
શો એજ વિસ્તરણથી નિજમાં શમન્ત ' '<br>
(નીલાંજના ,પૃષ્ઠ- ૮૮)

શબ્દના ધ્વનિ સાથે એક જ બિંદુમાંથી - શૂન્યમાંથી જેનો અનંત વિસ્તાર છે એ જ વિસ્તરણથી પાછો નિજમાં -શૂન્યમાં સમાઈ જાય છે-શમી જાય છે .

આ શબ્દબ્રહ્મ છે ઓમ. એનો જ આ સર્વ ચમત્કાર છે આથી કવિને અધ્યાત્મસાધનાના માર્ગે પ્રેરણા આપનાર શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની પંક્તિને ધ્રુવરૂપે રાખી તે તેઓ અંતિમગીતમાં આ શબ્દબ્રહ્મના સ્વરૂપનું વર્ણન કરે છે. ધ્રુવપંક્તિ છે ' ઓમ ત્વમેવ ચમત્કૃતિ ' ' આ બ્રહ્મના ગુણો ગણાવતાં તેઓ જણાવે છે કે તે શાંત, ભીતર ભર્ગથી કાન્ત છે અને નિજ આનંદમાં પ્રસ્પન્દિત થતાં વર્ણવર્ણનાં તરંગોમાં એની વિસ્તૃતિ છે. એ કેવળ એક છે પણ અનંત ભિન્નરૂપોમાં સહજ રમણાં કરે છે. અગમ્ય સ્નેહ ઉમંગમાં એ જ કંદર્પ અને એ જ રતિ છે. આ ઇન્દ્રિયોમાં ઇન્દ્રિય આનંદનું નીલ અંજન એ જ છે અને છતાંય તે નિરંજન છે. ઉન્મેષમાં કાળની લીલાઓ સર્જાય છે નિમિષમાં બધું અશેષ બને છે--

'- છે સર્ગ તેવી જ સંહૃતિ. '<br>
(નીલાંજના, પૃષ્ઠ- ૮૯)

સૃષ્ટિનું સર્જન અને વિલય એ જ રીતે છે. બિંદુમાંથી વિસ્તાર અને એ વિસ્તારનું બિંદુમાં જ શમન છે. અહીં કાશ્મીરી શિવદર્શનનો પ્રભાવ કવિ ઉપર જોઈ શકાય છે જેની વિગતે ચર્ચા અન્યત્ર છે.

કવિ બ્રહ્મમુહૂર્તમાં મંગળ દૃષ્ટિયોગ આરંભે છે. જેનો પૂર્ણતા શુભમુહૂર્તના મંગલદૃષ્ટિયોગમાં પામે છે. બ્રહ્મના પૂર્ણ સ્વરૂપને પામી ગયેલા કવિ કવિતાના અને અધ્યાત્મના સર્વોચ્ચ શિખરે બિરાજમાન છે. આમ 'નીલાંજના' કાવ્યસંગ્રહ કવિની ઇન્દ્રિયોને નીલ-અંજન કરાવતો નિરંજન નિરાકાર કલ્પનાનું શબ્દ અને નાદની સંયુક્તિનું બ્રહ્મરૂપ છે.

**આરણ્યક**

'આરણ્યક' કવિના અત્યાર સુધી પ્રગટ થયેલ કાવ્યસંગ્રહો પૈકી અંતિમ સંગ્રહ છે જેમાં જુદાં જુદાં ઉપશીર્ષકોમાં કાવ્યો વર્ગીકૃત કરેલાં છે. સૌ પ્રથમ 'નદી-નીરતીરે'માં ૯ કાવ્યો, 'રેખાંકિત ઋતુ'માં ૭ કાવ્યો અને 'કલ કલ બોલ'માં ૪૮ કાવ્યો છે. પરમબ્રહ્મનું જ્ઞાન પામ્યા પછી તો કવિની જગતને જોવાની દૃષ્ટિ જ બદલાઇ ગઇ છે. પહેલાં જગતને સ્થૂળરૂપમાં જોતા કવિ દિવ્યદર્શન પછી એક બદલાયેલા જગતને જુએ છે. આ સંગ્રહનાં કાવ્યોના વિષયો પ્રકૃતિ અને પ્રણય જ મુખ્યત્વે ગણાવી શકાય પણ કવિએ એમાના ઉઘડેલા ત્રીજા નેત્રથી, આત્મજ્ઞાનના પ્રકાશથી જોયેલું અને માણેલું સંવેદનાનું જગત અહીં પ્રગટ કર્યું છે અને એ રીતે કવિતાનો વિષય હવે અનંતરૂપ અને નામે લીલા કરતા બ્રહ્મરૂપ જગતનો હોઇ 'પરમબ્રહ્મ' ગણાવી શકાય. કાવ્યનાં શીર્ષકો ગમે તે હોય અને લીલારૂપ વર્ણન ગમે તે હોય. એ રીતે જોતાં સંગ્રહના પ્રારંભે મૂકેલી વેદની ઋચા સૂચક છે. હવે વિશ્વનાં બધાં જ રૂપોમાં સંવાદ છે બ્રહ્મની સભરતાનો.

'નદીનીરતીરે' શીર્ષક હેઠળ નવ કાવ્યો છે. એમાંનું પ્રથમ છે 'નદી-તીરે'. કવિ નદી તીરે જલસ્પર્શ પામી રહેલી શિલા પર બેસી નયનથી નિસર્ગનું આચમન કરે છે, તો જે બહાર જુએ છે તે સકલ ~~કવિ~~ ભીતરમાં પણ જુએ છે. તેઓ નિરંતર બ્રહ્મમય છે. આથી જગતની સ્થૂળ વસ્તુમાં પણ એ સૂક્ષ્મબ્રહ્મની લીલાને જ દેખે છે. કલકલ તરંગ ઝીલતી નીલ વનરાઇ એમાંથી ડોકાય છે. હમ્મીરવ-રજ -છાયાં-કંક જાનપદ -ઘર શ્યામલ ધૂમથી બંકિમ કરતો અંગિપર ક્ષિતિજનો રંગસુષમા અને એની સાથે ઝળુંબતું અનન્ત ગગન તેઓ ભીતરમાં નીરખે છે. અનન્ત ગગનના આલોકે એમની કાયાનો ભીતર પ્રકાશમય બની રહે છે. સીમા અને ક્ષિતિજ વિનાના આ આકાશમાં ગ્રહનક્ષત્રનાં ઉદય અને અસ્ત એકાકાર છે. અહીં આદિ-અંત નથી. સ્થળ કે સમય કંઇ પરિચ્છિન્ન નથી. માત્ર છે ધ્વનિને તરંગ શાંત આનંદ, રંગવિલોલ પારાવાર અને વિચિત્ર વિશ્વની સંમોહિની માયા. બૃહત્તર બૃહત્તર બની રહેલી કાયાનો આભાનો હવે અંત રહેતો નથી. જે ન જણાય તે માત્ર જોઇ રહે છે--

'સીમાહીન આકાશના અનન્ત બ્રહ્માણ્ડમહીં
ધરિત્રીના નીલ વનાંચલે.
(આરણ્યક, પૃષ્ઠ- ૧)

કવિની ભીતરમાં ઉઘડેલું આકાશ અનંત બ્રહ્માંડને સમાવે છે. એ સીમાની આકાશના બ્રહ્માંડમાં જ ધરિત્રીના નીલ વનાંચલમાં તેઓ લીલારૂપ જગત - સ્થૂળ જગતની અંદર નિત્ય વસેલું જગત એટલે સૂક્ષ્મ જગત નિહાળે છે. ભીતરની આભા બૃહત્તર બનતી નદી-તીરે જલસ્પર્શ પામી રહેલી શિલા પર બેઠી બીડેલ નયને જે આસન્ન છે તેને પણ નિહાળે છે. ટૂંકમાં કવિ જે બ્રહ્મરૂપ જગત બહાર ધરિત્રીના વનાંચલે જુએ છે -પ્રકૃતિમાં

પ્રગટ જુએ છે. તે જ જગત ભીતર ઉઘડેલા અનંત આકાશમાં પ્રગટેલા સૂક્ષ્મ જગતમાં જુએ છે. ભીતરની આભા બૃહત્તર બને છે ત્યારે નદી કિનારે શિલાપર બેઠેલા કવિને પણ તે ભીતરના આકાશના સૂક્ષ્મ જગતમાં જુએ છે. આ એક માત્ર કાવ્ય કવિના પ્રગટ બ્રહ્મદર્શનનું વિરાટ દર્શન કરાવે છે. બ્રહ્મની અનંત લીલાનો ક્યાં પાર પામી શકાય તેમ છે? આથી જ કવિના 'આરણ્યક'નાં કાવ્યો પણ આવી જ અનંત લીલાને પ્રગટાવે છે. એમનાં સૂક્ષ્મ જગતનાં દર્શનોનું શબ્દવિધાન છે. શબ્દોથી એનો પાર પામવો આપણા માટે પણ મુશ્કેલ તો છે જ પણ કવિ જે શબ્દોમાં પોતાનું દર્શન આપણા સુધી પહોંચાડે છે તે સહૃદય-હૃદય સુધી આપણે પણ કદાચ પહોંચાડી શકીશું.

'દિનાન્તે'માં દૂર દૂરની આસમાની ક્ષિતિજથી શ્યામલ પર્ણપુંજના આવરણના રંધ્રમાં થઈને આવતું પરમાત્માના નેત્રનું કિરણ, કવિના નિર્નિમેષ દૃગને કરણ સંધાન પામે છે. બંનેની વચ્ચે તેજ તેજનો સરળ સેતુ રચાય છે. પળના આછા કલનમાં પણ સુરમ્ય શાતાભર્યા સંસ્પર્શ પમાય છે અને હરિત-સ્વર્ણિમ સુરભિથી પ્રાણિત કવિનું મન સંકલ્પ-સ્પંદ-શૂન્ય બની રહે છે. નેત્રની આગળથી અભિન્દનું ચિત્ર અળપાય છે. પણ નજર ક્યાંક તો પરોવાય છે. કવિ અનુભવે છે--

' તું ઊતરે છે ક્ષિતિજના ઓ પારના આનન્ત્યને ગર્તે:
તું ઊતરે છે ઊંડે ઊંડે મ્હારા હૃત્કમલની ગુહાને ગર્ભે.'

(આરણ્યક. પૃ૦૯- ૨)

આમ તેઓ બ્રહ્મની જે લીલાને બહાર થતી જુએ છે તે જ હૃદયમાં પ્રગટતી પણ નિરખે છે.

'નિર્જને'માં કવિ નિર્જન નદીને તીરે એક નાનકડી શિલા પર બેસીને વહી જતાં નીરને જોઈ રહે છે, આછાં મોજાંના કિલ્લોલને સાંભળે છે, ભીની હવાનો કંઈક હિલોળ પામે છે. આટલું તો કવિને સભાનાવસ્થામાં દેખાય છે પણ મન ક્યાં છે તે કળાતું નથી. ક્ષણ સ્થિર થઈ ગઈ છે અને શબ્દ સ્ફુરતો નથી. નદી પ્રવાહની તરંગલીલાના આભાસ દૃશ્યને એક નાનકડું પતંગિયું ઝોકો દે છે. આમ તેમ ઊડી શ્વેતવસ્ત્ર પર બેસી સહસા બહુવિધ રંગ ફેલાવે છે. કવિના નયનમાં હવે વિસ્મયની લહેર વ્યાપે છે. રક્તમાં કંપ અનુભવાય છે છતાં કાયા અથર છે. તેઓ કોઈ એક ડાળે દલેદલ ખીલેલા પુષ્પરૂપે પોતાને જુએ છે. પોતાના જ પરિમલને પામીને પુનઃ વિસ્મયની લહેર ઊઠે છે. હવે તો નિર્જન નદીને તીરે 'વહી રહ્યાં શિલા ને પતંગ' અને વહેતા નીરની જેમ તેઓ પણ વહી રહે છે. પ્રકૃતિના સ્થૂળ રૂપ દર્શનમાંથી પહેલાં જે ઇન્દ્રિયગ્રાહ્ય આહ્લાદ પામતાં હતાં તે હવે અહીં પ્રકૃતિના સૂક્ષ્મરૂપમાંથી ઇન્દ્રિયાતીત આનંદ પામે છે. પહેલાં પ્રકૃતિ સાથેના તાદાત્મ્ય ભાવમાંથી આનંદની અનુભૂતિ થતી હતી તે હવે પ્રકૃતિના બ્રહ્મમયભાવમાંથી થાય છે. પહેલાંનો સ્થૂળ તદ્‌ભાવ હવે સૂક્ષ્મ બ્રહ્મભાવમાં ફેરવાઈ ગયો છે એની પૂર્ણ પ્રતીતિ 'આરણ્યક'નાં કાવ્યોમાં થાય છે. પહેલાં સમસંવેદનની એકરૂપતા હતી તે અભિન્ન અભાવની અરૂપતામાં પલટાઈ ગઈ છે. શિલા-સ્થલ, પતંગ-તુચ્છ જીવ અને કવિ બધાં જ વહેતાં નીર સાથે વહી રહ્યાં છે. કાલની ગતિમાં બ્રહ્મની જ આ સર્ગ અને પ્રકૃતિની લીલા છે.

'આરણ્યક' કાવ્ય પાંચખંડમાં વહેંચાયેલું છે. એમાંનું પ્રથમ છે 'પ્રહરે તુરીય'. આ તુરીય પ્રહર એ સંધિકાળનો પ્રહર છે. જાગૃતિ, અર્ધજાગૃતિ અને સુષુપ્તિથી પરની તુરીય અવસ્થા એ સાક્ષાત્કારની અવસ્થા છે. આવા જિંદગીના સાક્ષાત્કારના પ્રહરમાં, કવિ પોતાની બ્રહ્મરૂપ ઇષ્ટપ્રિયાની સંગે એકાંત નિર્જન જંગલમાં ઝૂંપડીમાં રહે છે. આ જિંદગીનો વાનપ્રસ્થાશ્રમ છે : ત્યાં તેઓ અને એમની ઇષ્ટપ્રિયા

સિવાય કોઈ નથી છતાં વૃત્તિમાં કોઈ અભાવ નથી. કર્મમાર્ગનો નૂતન વિભાવ તુષ્ટિના નિલયમાં નિર્લિપ્ત બની સુખેથી રહેવા પ્રેરે છે. રાત-દિવસ છાયા -પ્રકાશનો ભંગ નીલોત્પલની જેમ અસંગ બનીને રહે છે. કવિની ઇષ્ટપ્રિયા લયપૂર્ણ રાગે બીન ઝંકૃત કરે છે અને કવિના હૃદયના કુંજપર્ણમાં મર્મરધ્વન જાગે છે.

બીજા ખંડ 'નિત્યચર્યા'માં કવિ આવા અસંખ્ય બ્રહ્મમય એકાંત જીવનની દિનચર્યાનું વર્ણન કરતાં કહે છે કે હૃદયકુંજમાં જાગેલી ધૂન દિનાન્તે નિગૂઢ તિમિર અંચલમાં ધીરે ધીરે શમે છે. નભ નક્ષત્ર શાંત અને લોચન નિદ્રારૂઢ છે. સર્વત્ર માત્ર કોમલ ઝિલ્લિરવ સંભળાય છે. ક્યારેક કોઈ સ્વપ્ન ફરકીને અળપાઈ જાય છે ત્યાં કવિ અને ઇષ્ટપ્રિયાની નિરતિ - સુપ્તિમહીં નિમગ્ન છે. શીળી લહેર ઊઠે અને જાગી જવાય છે. ત્યારે વૈતાલિકો શકુન- ગીતિમાં કંઠ પરોવી, તુષારજલસિક્ત પુષ્પગંધને પામી, નિત્ય નિજ કર્મમાં સંસ્ફુરતા સુહાગી રહે છે. સવારે હિરણ્મય સુમંગલ, મધ્યે રુદ્ર અને સાંજે પ્રશાંત દૃગ અર્ધ ઢળેલાં દિવ્ય છે. બધાં જ આ શાશ્વતી ગતિમાં - મંગલ રુદ્ર અને શાંત - પ્રયોજાયેલા છે. આ નિત્ય ચર્યામાં કવિને - 'દીઠું નિરોહિત, અદીઠ જણાય વ્યક્ત' - જે પ્રત્યક્ષ દેખાય છે તે તિરોહિત થતું જણાય છે અને જે અદીઠ છે તે પ્રત્યક્ષ થતું જણાય છે. અહીં પણ સ્થૂળની પાછળના સૂક્ષ્મને જોતાં નિહાળે છે. આ જ તો તેમની દિનચર્યા નહીં નિત્યચર્યા છે, કેમકે દિવસ કાલની અવધિનું સૂચક છે અને કવિ કાલાતીત બની ગયા છે. માટે તેમની દિનચર્યા નહીં નિત્યચર્યા છે.

ત્રીજા ખંડ 'જન્માન્તર સ્મૃતિ'માં તેઓ જાણે કે જવનિકા સરી જતા અતીતને પ્રત્યક્ષ નિહાળે છે. એમાં ઇષ્ટપ્રિયા નિત્ય કંઈ પથ્ય લઈને આવે છે. તેના વદન ઉપર શુચિતા અને હોંશ ઉભરાયેલાં છે, તરભૂત ભૂમિ સાફ કરી સકલ કર્મની ત્યાં હોમ કરતી પ્રાંજલ બોલતા ઉરે વ્રતધારી નારી સમી સૌમનસ્ય નયને કવિને જોઈને તુષ્ટ થઈ દોડી જાય છે. શ્રેયસાધનાના માર્ગે પળેલા કવિને જોઈ હેતુસિદ્ધિની તુષ્ટિનો નિર્દેશ છે. કવિના ચિત્તને તે આકર્ષિત કરતી જાય છે. કવિ કહે છે કે તે દૂર ચાલી ગઈ પણ આ ભવિતવ્ય કેરી સુભગ સૃષ્ટિ એને સુભગ ઉરમાં સદા ઉછેરી છે. અર્થાત્ ઇષ્ટપ્રિયાને તો ખબર છે જ કે હવે કવિ ભવિષ્યમાં શ્રેયને સાધી શકશે.

કાવ્યસંગ્રહનું શીર્ષક 'આરણ્યક' કવિના સમગ્ર આધ્યાત્મવિકાસનું પ્રતીક છે. કાવ્યની પ્રથમ પંક્તિ જ એની પ્રતીતિ કરાવે છે.

'એ સૃષ્ટિબીજ થયું પુષ્ટ પટાન્તરે ને
કોળ્યું નવેસરથી તે અવ આપણે જ.'

(આરણ્યક, પૃષ્ઠ- ૭)

કવિની ઇષ્ટપ્રિયા ગત જન્મમાં જે બીજ રોપીને તુષ્ટ થઈ દોડી ગઈ હતી તે જ પટાન્તરે પુષ્ટ થઈ નવેસરથી કોળ્યું. એ કવિનું સાંપ્રત અસ્તિત્વ છે. એમનામાં અધ્યાત્મબીજ કોળીને આજે તો મોટું અરણ્ય બન્યું છે એટલે તો જે કંઈ કવિનું અસ્તિત્વ છે - ભીતર બહાર - તે સકલ આરણ્યક છે. આ બીજ એ કેન્દ્રરૂપ બ્રહ્મ તો છે જ અને એનો અફાટ વિસ્તાર છે અરણ્ય. એ અરણ્યથી સંલગ્ન તો છે સકલ આ સૃષ્ટિ અને એ જ બ્રહ્મમય જગત છે કવિ માટે 'આરણ્યક'. સંચિત પુણ્યકર્મના પ્રભાવે પડેલા, અને હવે પુષ્ટ થયેલા સૃષ્ટિબીજનો વિસ્તાર છે કવિનું સાંપ્રત અસ્તિત્વ - અરણ્ય. એ અરણ્યમાં વસતો 'આરણ્યક' એમનો નિજભાવ, બ્રહ્મરૂપ છે. આમોદક્રીડા કરતો હોવા છતાં આરણ્યક સ્થવિર સંયતકાળ છે. આરણ્યક સ્થવિર છે કેમકે પુરાણ, પુરાતન છે, એ

જીવનમુક્ત અસંગ છે. જેના માટે આ ભૂમિ ત્રણેય ભુવનોથી સંલગ્ન છે. સામે ગંભીર નાદે મોહમાયાની નદી વેત્રવતી વહે છે. જેના કિનારા યુગાનુયુગ ધૂર્જટિનું ધામ છે. એની નીલાંબર દ્યુતિ વનસ્પતિથી લલામ અરણ્ય છે . જયાં કપિ, પોપટ, કોયલ ,મોર અને વાનર કે ભમરા પણ ફળ - રસની અપેક્ષાએ આવે છે. આ બધાંથી આ અવકાશ -ભૂમા જરાપણ સંક્ષુબ્ધ નથી. જેવી રીતે ઊંડા પાણીના ધરામાં માછલીથી ક્ષુબ્ધતા આવતી નથી તેમ આમ બીજમાંથી પ્રગટેલ અરણ્યના આશરે રહેલું આરણ્યક એ બ્રહ્મમાંથી પ્રગટેલ બ્રહ્મના આશ્રયે રહેલું બ્રહ્મતત્ત્વ જ છે. પણ અહીં બ્રહ્મની બીજરૂપ સ્થિતિ, વિસ્તાર અને વિસ્તારમાં સંસ્થિતિ એમ ત્રણરૂપો પ્રગટ છે.

પાંચમો ખંડ 'પ્રશાન્તિ'માં કવિ હવે પોતાના ઘરના પરિગ્રહ છોડી ઈષ્ટપ્રિયા સાથે ભૂમામહીં પ્રવેશે છે. ત્યાં જેવું નભમાં તેવું જ હૃદયમાં છે. અહીં દ્વિધા, ઈષ્ટ - અનભીષ્ટ કંઈ જ નથી . ચારે કોર જલ અને વચમાં વિકસેલું કમલ છે. કમલના દલ શિશિર -શીતલ છે પરંતુ અંગો ભીંજાયેલાં નથી. જલકમલવત્ નિર્લેપ સ્થિતિનું આ સૂચક છે જન્મમરણના ઘાટે થઈને વહેતી આ જીવનયાત્રાની કદીય કોઈ અવધિ નથી . આમ તો આ બ્રહ્મલીન સ્થિતિ પણ નિરંતર ચાલ્યા કરે પરંતુ કવિ કહે છે--

'આ ધામથી પણ અમે કરશું પ્રયાણ .'

(આરણ્યક, પૃષ્ઠ- ૬)

હૈયે ઉમંગ ધરી અને મુખથી શુચિભાવ - ગાન ગાતા અનાગત આપણો બની રહે છે અને કવિને સંચિત સકલ અહીં વેરી વાયુની જેમ વિયત -વ્યાપ્ત થવાય એમ કવિને જવું છે. કોઈ ભાર કે થાક વગર ઈચ્છારહિત નિરીહ મનથી કેવળ શાંતિને પામવી છે. કવિના સાક્ષાત્કારની પળોથી માંડી પરમમોક્ષની પળ સુધીની આત્માનુભૂતિનો વિસ્તાર પમાય છે અહીં .

'બાલિકા કુલવધૂ સ્વામિની' છ ખંડનું કાવ્ય છે . પ્રથમ કાવ્યમાં કવિ અગ્નિની સાક્ષીએ લગ્ન કરી ઘરના ઉંબરા ઉપર પગ મૂકતી બાલિકા કુલવધૂનું વર્ણન કરે છે. બીજા કાવ્યમાં સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે અભ્યાસ છોડી બલિદાન પંથે પતિ ઝુકાવે અને સંગ્રામ પૂરો થતાં પાછા અભ્યાસમાં રત બને છે ત્યારે એ યૌવિતા ગૃહિણી બની ચૂકી હોય છે. સાંનિધ્યનો અંતરમાં ઉલ્લાસ અને કર્તવ્યસંયમિત વિલાસ તેનામાં છલકે છે. ત્રીજા કાવ્યમાં ગૃહજીવન ચલાવવા કમાણી કરવાની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે કવિ કાર્યક્ષેત્ર ગ્રહણ કરે છે. પરંતુ દાર્શનિક તત્ત્વની જ્ઞપ્તિનો સંકલ્પ કવિની વ્યથા-જલ્પનને તે પણ પ્રમાણી રહે છે અને પોતાનું સમસ્ત સ્વાધીન જીવનયજ્ઞમાં હોમી દે છે . કવિ પોતાની સંસિદ્ધિનો યશ એને જ આપે છે. ચોથી કવિતામાં તેઓ સ્વેચ્છાએ વ્યાપારમાં પદાર્પણ કરે છે. ફાવટ ન હોવા છતાં પરિસ્થિતિને અનુકૂળ બનાવી લેશે એવી શ્રદ્ધા સાથે વ્યાપાર કરે છે . કુળવધૂની કરકસર ક્યાં છે તે ખબર પડતી નથી. પણ ગરિમા સાથે ઘરનો ઠાઠ રાજવી બની જાય છે. પાંચમા કાવ્યમાં હવેતો સારી રીતે રહેતા એ બધો સમય વીતી ગયો છે. સંતતિ દાયિત્વ સ્વીકારે છે એટલે આસાનીથી જીવન જાય છે. વર્ષે વર્ષે જાત્રા થાય છે. તૃપ્તિના પ્રકર્ષે શાંતિમય આનંદ છે. નગર જીવનમાં પણ એ વિવિક્ત એકાંત કાનનની અહીં સિદ્ધિ સાધી શકે છે. છઠ્ઠા કાવ્યમાં કુલની વિસ્તૃતિ થયેલી કુલવધૂ નિહાળી રહે છે. તૃતીય પેઢીને કરમાં ઉછાળી બધેય પ્રીતથી છવાઈ ચરમયાત્રાએ એકલી ચાલી નીકળે છે. પણ યમ-ઉંબરથી પાછી વળી જાય છે અને કવિના પ્રયાણ-પથ પર સાદ આવી ઊભી રહે છે. વિધાતાની કૃતિનું લેખનું નિમિત્ત બનવાનું સ્વીકારી જે થાય તે સહજ છે એમ માની

કવિનું ચિત્ત પ્રશાંત બને છે. અહીં પોતાની સિદ્ધિમાં કુલવધૂ સ્વામિનીના સહયોગનો સ્વીકાર કરતા પોતાના જીવનનો ટૂંકો આલેખ પણ કવિ રજૂ કરે છે.

'વેત્રવતી'માં વેત્રવતી અબોલ બોલે છે અને વનકુંજ પુરાતનસ્મૃતિનિર્ભર ઉર ખોલે છે. કવિની ધરતીની યાત્રા અહીંના ઘરમાં પૂર્ણ થઈ લાગે છે. 'માગશરની સાંજભળી રાતે'માં કવિ વેત્રવતીને તીર સ્મશાને ઊભા રહી સીમિત આર્દ્ર નિશ્ચલ નીલાભ નીરમાં અપલક નયને જોયા કરે છે. તો 'દેવડુંગરી'માં ખુલ્લા વાતાયને હવાથી પ્રાણિત ડુંગરીના લઘુ મંડપમાં કોઈએ પ્રાણપ્રતિષ્ઠા કરી નથી, એમાં કંઈ તો છે. કવિ કહે છે. એમાં આકાશ જેવી નિર્મમ, સકલને સ્વકીય અંગમાં લેતી અને અસંગ રહેતી શૂન્યતા છે.

'રસાનુભૂતિ'માં તેઓ વાત્સલ્ય, રતિ, ભયાનક, રુદ્ર, ઉત્સાહ, ઘૃણા, અદ્‌ભુત, આહ્‌લાદ, આર્ત અને શાંત એમ દશેય રસોની અનુભૂતિનું વર્ણન દશ કાવ્યોમાં કરે છે. તો 'રેખાંકિત ઋતુ'માં શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમંત એ દરેક ઋતુ માટે છ-છ કાવ્યોમાં ઋતુવર્ણન કરે છે અને અંતે 'શિશિર રજની' કાવ્યમાં કવિ ઉદાસ શિશિરની શીતલ રજનીમાં જે બહાર દેખાતું નથી એ ઋતનું રૂપ નયનમાં વિલસતું જુએ છે. સંગસંગમાં છવાતો કંપ એ રજની ગોપવધૂ હોવાનું કવિ કહે છે.

'કલકલ બોલ' શીર્ષક હેઠળ ૪૮ કાવ્યો છે. એમાંથી પ્રથમ 'જલ-કલ-બોલ'માં કલકલ કોમળ બોલ બોલી જલ લહર પલપલ વહી જાય છે, સ્થિર નયન એ વિલોલ હિલોળને, કળીને હૃદય દલમાં ઉજ્જવલ રવ જગાવે છે. આ ગહન વહનમાં વૃક્ષ, નગર, ગગન, પંખી તારા, ઈત્યાદિના અગણિત સ્પંદન જાગે છે. કવિ એમાં જુએ છે-

'સકલની અહરહ અહીં ઋજુ રમણા,
ક્ષણ પણ અટવાયલ નહિ ચલના :'
(આરણ્યક, પૃષ્ઠ- ૪૬)

પોતાનો કોઈ વર્ણ નથી એવા નિત્ય ગગનના લયની તૃપ્તિથી છલોછલ હૃદયદલમાં ઉજ્જવલ રવે ઊઠતી જલલહર કલકલ કોમળ બોલ બોલે છે. 'તરલ તરંગે'માં કવિને અગમ જલતલ ગભીર જણાય છે. એમાં કોઈ સીમા દૂર કે નજીક નથી, તરલ તરંગે કવિ હીંચે છે. અચલ ધ્રુવતારકના ઈશારે અનહદને આરે દિશા લે છે. અરવ છંદ હવા લલકારે છે. એ લય સંગાથે કંઠ આનંદમય કૂજન કરે છે. બાહ્ય લીલાઓમાં પણ બ્રહ્માનંદને માણે છે એના પ્રગટ પુરાવા છે આ બધાં કાવ્યો. 'નહિ બોલું'માં કવિ પાછા કાન પાસે આલાપ જોડી બેસે છે. 'નેહ'માં ફરિયાદ કરતાં કહે છે --

'કોઈનો ન હોત જો નેહ
તો સખી કહેને
પજવન્ત નહીં આમ મેહ.'
(આરણ્યક, પૃષ્ઠ- ૫૨)

'સખી મોરી--'માં મીરાંની જેમ કવિ અંસુવનની નિર્મલ યમુનામાં નંદકિશોરને ઢૂંઢે છે, તો 'સુહાગી'માં વણજાગી પાંવરિયાનો કાનન-કુંજમાંથી આવતો ટહુકો અહરહ સાંભળે છે અને --

'હોવું ન હોવું નહિ
એવે વરણ સદાય સુહાગી.'
(આરણ્યક, પૃષ્ઠ- ૫૪)

-- બની રહે છે.

'કલહક્રીડા'માં કદંબકુંજમાં છુપાયેલી સખી, કૃષ્ણ અને ગોપી વચ્ચેની કલહક્રીડાને જાણી લે છે. તો 'મુરલી'માં રાધાએ હરિના મુખેથી વહાલી મુરલી હરી લીધી છે. તે મુરલી રાધાની લાલીનું પાન કરે છે. જમનાજલ સહ બધાં રાધાની ખાલી મથામણ નિહાળે છે. અર્થાત્ મોહનને વહાલી મોરલી રાધારૂપ બની ગઈ છે અને રાધા કૃષ્ણને ખાલી શોધતી ફરે છે. 'શીદ જાઉં'માં કવિ દયારામની જેમ વ્રજને છોડીને જવા ઈચ્છતા નથી. અહીં વૈકુંઠ નહીં પણ મથુરા ગયેલા કાનની નગરીમાં જવાની વાત છે. સદેહે કાન મથુરા ગયો હોવા છતાં ગોપી તો એને પોતાની નગરીમાં જ હોવાનું માને છે. જમુના જલના કલકલ તાલ સાથે એનાં વેણ પણ કજરી રાગમાં વહી રહે છે. 'છલના'માં ક્યાંક આડશે રહી નિહાળતા પ્રિયની છલનાથી લલના મુંઝાય છે. 'તવ રૂપ ધરું હું જાતે'માં ગગન વિહાર કરી ફાલ્ગુની શિશિર ઘાટે હવે ઊતરી છે તો ય કાન ન હોવાથી ગોપવધૂ નિકુંજમાં એકલી ઉચાટ કરે છે. પળપળ વહેતા જલલહરીના કલનાદમાં જલન અધિક વધે છે. લોચનની મીંચી બીજું કશું ન જણાય ત્યાં જેનામાં મન મોહ્યું છે તેનું રૂપ જાતે ધરે છે. 'ભૂલ'માં કવિને લાગે છે કે સમજ ફેર થઈ હોય અને કવિ જેની અહીં રાહ જુએ છે તે બીજે એની રાહ જોતું હોય એવું પણ બન્યું હોય. 'કોકિલ બોલે'માં કોકિલના બોલ નિખિલને વિકંપિત અને નીલ-કેસર રંજિત કરે છે. તન્દ્રિત નયનમાં કોઈ સ્વપ્નાનું જગત ઝળહળતા કમલદલને ખોલે છે. અહીં વનમાં થતો કોકિલાનો ટહુકો કવિના ધ્યાનમગ્ન નયનમાં સ્વપ્નના સૂક્ષ્મ જગતને ઝળહળતા પ્રકાશમાં એમની હૃદયગુહામાં પ્રત્યક્ષ બનાવે છે. 'ઓ ફાલ્ગુની'માં પણ દૂર ટહુકો સુણી ટહુકે ફાલ્ગુની તરલ બને છે. તો 'હોરી'માં બધું જ એકમય બની ગયેલું જોતાં કવિને કોઈમાં ભેદ રહેલો જણાતો નથી. સર્વત્ર વસંતનો વિલાસ કવિ જુએ છે. 'કામણ'માં કવિ પર કેસૂડાએ કામણ કર્યાં છે. કવિ વગડે હોડી ઉમળકે વહે છે, વસંતોવ્રત લે છે અને ટહુકે ટહુકે અમૃતના પાન કરે છે. અહીં સદા ખુશહાલ નિજાનંદની મસ્તીમાં રહી પરમઆનંદની ચિર અનુભૂતિને પામવી એ જ કવિનું જીવનવ્રત છે એવો નિર્દેશ મને જણાય છે. 'છાઈ ઘનઘટા'માં તેઓ મેઘવર્ષણની સુખદ, શુભગ ક્ષણોમાં નિખિલના લાસ્ય મહીં પવનની પગલી બની પોતે ય વિહરવા લાગે છે. 'હેલી'માં પણ નીલ ધરા પર બહુવિધ રંગની રેલી અને 'નવ-જલ-જીમ ઘુઘવતા તીરે, અધ ઊઘાડી એકાન્ત કુટિરે' પાંખમાં પાંખ પરોવી તરુણ વિહંગનો હૃદયંગમ કલો નિહાળે છે. અહીં ભાવસમાધિની લીલાનું પ્રતીકાત્મક સૂચન જોઈ શકાય છે. 'રાતરાણી'માં થોડા દહાડા મહેકની ઉજાણી આપતી અને થોડા દહાડા મ્લાન અજાણી રહેતી રાતરાણીનું કવિ વર્ણન કરે છે. આ રાતરાણી કવિની આનંદઘન અનુભૂતિનું પ્રતીક છે. 'ભાવોદય'માં નયનમાં ઝલમલ દ્યુતિની મલક કવિના હૃદય-વિજયને ઉજવી રહેલી લાગે છે. તો 'બોલો'માં નયન-ઝલક સહ જે અંતરમાં ઉછળે છે તેને મુક્ત ગગનમાં મેલો, હૃદયનો રાગ ખેલો. અવસર ઉજવી લેવા કવિ કહે છે. 'લોચનલોલ'માં પ્રભુના અપલક લોચન નાભિકુંડની જગત-જ્યોતના દ્યુતિમય બોલ રેલાવે છે. પળેપળ અભિનવ સંકેત ધરતા શબ્દનો ઋચા ગહન રવ એના ગુંજન અને અનુગુંજનથી કવિના ઉરને સભર કરે છે અને ઉરમાં આખું બ્રહ્માંડ છવાઈ જાય છે. 'મુખદર્શન'માં ચિત્તમાં જેને લખતી હતી તેનું મુખ દૂરથી નિહાળતાં ભરતીનો એવો ઉછાળો અનુભવે છે કે પાંખમાં પાણીનો આવેગ આવતાં પંખી માળો મેલીને ઊડી જાય છે. તો 'આપણે'માં કવિની ગતિ નીલકુંજ-માં અટકી જાય છે. પણ વિહંગની પાંખો હવે પ્રગટી હોવાથી કવિ ઓજમાં વિલપતા અનંતની રતિને પોતાના ઉડ્ડયનમાં નિહાળી રહે છે. વચમાં અવકાશ છે પણ અંતરાય નથી. પળેપળ અગ્નિ-સોમની દ્યુતિ છે. અહીં સૂર્ય-સોમની દ્યુતિમાં સુષુમ્ણાની ગતિનો નિર્દેશ આપણને મળે છે.

'વાદળિયા અજવાળે'માં કવિને મખમલઝીણા અવગુંઠનમાં પ્રિયનું આસન જણાય છે. વાદળિયા અજવાળે મનહર નમણું કાનન દેખાય છે. કવિ સ્પર્શપરા આલિંગનથી રોમહર્ષમય કાયાનો અનુભવ કરે છે. આમાં કવિએ જે પ્રાપ્ત કર્યું છે એનો આનંદ તો કોઈક એકલ અલગારીનું અંતર જ જાણી શકે. તેઓ એક બિંદુના અનંતમાં મહેરામણને ડૂબી જતો જુએ છે. 'નિકટ નિકટ'માં પ્રિયતમ નજીક હોય એને તેઓ પરમ પર્વ માને છે. 'નવ હેત'માં પ્રથમ પ્રહરનું તેજ-હૂંફાળું પ્રભુનું હેત એમને મળ્યું છે તો 'અડધી વાતે'માં કવિ અડધી વાતે હોઠના ખૂણે મરમાળું મલકતા પ્રિયતમને જુએ છે અને એ અણસારમાં ક્ષિતિજ પારથી આવતા તોફાનનો સંકેત પામે છે. આ તોફાન કેવું છે તે જોવા નજર નાંખે છે તો કવિને પ્રિયતમ અબોલ હોવા છતાં સુદુર વિભાવરીની વીણા સંભળાય છે. ઝીણા તારા જેવા ઝીણા એના સૂર પ્રિયતમને નયને ટમકે છે અને તેઓ આવું નિરાળું અટક્યાળું જોઈ મલકી ઊઠે છે. 'બન્ધ કરીશ નહીં બારી'માં કવિ અવની-અમ્બરની સારી ય સુષમા જોઈ શકાય એટલા માટે બારી બંધ ન કરવાનો આદેશ કરે છે કેમકે પરિમલ લઈને આવતા પવનમાં જ નવી ઓળખ થવાની છે. આ બારી એટલે કવિને મળેલી અંતરની આંખ છે. 'આવ મ્હારી પાંખમાં' કાવ્ય એકબીજામાં ભળી એકમય બની ગયેલા કવિની ઓળખ આ રીતે આપે છે-

'મને જોઉં છું અલી ઓ મ્હારી આંખમાં, ....
હવે સામેથી આવ મ્હારી પાંખમાં.'
(આરણ્યક, પૃષ્ઠ- ૭૮)

'અન્યમનસ્કને 'કાવ્યમાં કવિ હોઠ ઉપર આંગળી મૂકી અપલક નજરે સુદૂર સ્મરણને પ્રાન્તે કાન્તાના ઉરનો અભિસાર જુએ છે. ગગનભરાયેલ એકાંતમાં અહંનો જરા પણ અણસાર નથી. દિનાન્તે સ્મૃતિને વિસારી હૃદયમાં સંસુતિ ધારણ કરી રતિથી મિનાર અંકૃત કરવા કહે છે. 'નયને ઃદાસી'માં તેઓ સાજના સૂરે જાગેલ રણકારે સોણલામાં આ પારથી ઓ પાર જાય છે. કોઈ ગહન અણસારે નીરવ સર્વ બોન છે. 'ક્ષણિક મિલન'માં અલગ મારગના સંગમે સાવ અજાણ્યા એક સૂરે ગાઈ રહ્યા પછી આ ક્ષણના મિલનના ચિર સમ્ભ્રમે હવે એકલ આકુલ હૃદય ઝૂરે છે. સોરતા આ હૃદયને વંટોળે વીંઝાઈને દૂર સુદૂર જવાની ઝંખના છે. 'રોમાંચ કસુમ્બલ'માં કવિ બ્રહ્મદર્શનની અનુભૂતિને પ્રગટાવતાં કહે છે કે એક બિંદુમાં નિખિલ સમાયું છે અને એના અમૃતજલનું પાન પરમ તુષ્ટિકર છે. બ્રહ્મમય બનેલા કવિનું અંગઅંગ વનકુંજ સાથે જે સુભગ એકાત્મનો અનુભવ કરે છે એમાં કવિને વિલસતા કસુંબલ રોમાંચનો અનુભવ થાય છે. 'વિદાય'માં મિલનરાત્રિ વિતી જતાં હૃદયવેણ વિકલ અને નયન છલોછલ બને છે. પ્રયાણકાળે ગગન અકળ અને સદન-ભીતર અવસ્વરણ છે. મન બેચેન છે. બહારનો હવા દૂરના નિમંત્રણની વેણુ વાય છે. કવિને શું પાથેય લઈ જવું, શું મૂકી જવું તે મૂંઝવણ છે. ખરતાં પીપળપાનની પાછળ પ્રાણનો નૂતન ઋતુ દેખાય છે. આ જન્મમરણનો સેતુ છે. પ્રાણને વિદાય ટાણે એ દેખાય છે. 'નીરવ વેણનું વેદન'માં સરળહૃદય પ્રિયના નયનજળમાં નિતરે છે. કવિહૃદય જ એ નીરના નીરવ વેણની વેદનાને જાણી શકે છે. 'કેવળ આ એકાન્ત'માં કવિ અંધકારને અંચલ પ્રિયનું વદન નિહાળી રહે છે. ક્ષણના દલ ઊઘડે છે અને અચલ હોવા છતાં નયનજલ મુખર બને છે. બંને એ નીરમાં ડૂબી જાય છે ક્યારેક કોઈક નીરે જરાક દીપકને અજવાળે કેવળ આ એકાન્તમાં ફરી મળવાની કવિને આશા છે. 'આનાકાની'માં એમના હૃદયનો ભાવ વહી જાય છે અને ભ્રાન્તિમાન મન ત્યાં જતું નથી. હૃદય મિલન કાજે આતુર છે અને મન કહે છે હું ઉપવાસી છું. આ બેયની આનાકાની ક્યારે શમશે એ કવિની પીડા છે. એમના હૃદય અને બુદ્ધિ વચ્ચેનું

દ્વંદ્વ અહીં આ રીતે પ્રગટ થાય છે. 'કાજળ-ગહન વેળા'માં અષાઢના ઉમટતા વાદળ અને ચમકતી વીજની ભીષણ વેળામાં કવિને પ્રથમ પ્હોરના તેજમાં તો ભેળા થવાશે કે કેમ એ મૂંઝવણ અનુભવાય છે. 'વિરહી યક્ષ'માં 'મેઘદૂત'ના વિરહી યક્ષનું સંવેદન કવિ નિરૂપે છે. 'જોડીએ જુગલ હાથ' એ પ્રાર્થનાગીત જેવું કાવ્ય છે. સરલ મધુર છંદના આનંદે જીવન વિતે એવી કવિ પ્રાર્થના કરે છે.

'આસ્વાદ' કાવ્યમાં કવિ બ્રહ્મરૂપ બનેલા છે. હવે હરિનું આપેલું જ હરિ ભોગવે છે. બીજમાંથી ફળનો ભરપૂર થાળ બનતો, મોજમાં મોરલી બજાવતો, સાંભળામાં ય જૂજવે રૂપે જણાતો હરિ જ સર્વ કંઈ આપણામાં રહી ને ભોગવે છે. 'શમણું'માં તેઓ શમણામાં પોતાને જ નિહાળે છે. મસ્તકે જટા, જટામાંથી ગંગા, ચંદ્રનું નમણું તેજ અંદરનું અને બહારનું જોતાં અર્ધબીડેલાં લોચન, ગળા ઉપર નીલરેખા, બાજુબંધ ઉપર ભુજંગ અંબરનું ઓઢણ લેવા નૃત્યની ઠેકમાં ચરણ પર ઝૂકેલું અંગ, ડમરુનો રવ, આ બધું સ્વપ્નમાં તેઓ જુએ છે અને અચાનક જાગી જાય છે. 'ઉલટ પ્રવાહે'માં એમની તરણી ઉલટ પ્રવાહે છે. તેઓ કૃષ્ણરૂપ છે, કાળો નાગને નાથે છે અને ગિરિ ધારણ કરે છે. 'મ્હારે મન'માં કવિને કોઈ મુલક પરાયો લાગતો નથી. કેમકે એમને સર્વત્ર દેખાય છે વૃંદાવન, મોરલીનો નાદ અને રસિયાનો રાસોલ્લાસ. 'નિત્ય યાત્રા'માં હવે એમની યાત્રા સહજ સુખદ અને નિરંતર ચાલે છે. પવન શાંતાનુકૂલ છે. માર્ગમાં પુરાણા સનાતન તીર્થો આવે છે. જલને હિલોળે જય જય બોલે, કવિને કેવળ આનંદના અલગારી બોલ મળે છે. કવિના ચરણ ધરતી ઉપર છે પણ ભીતરમે બહાર ગગન છે. નિજની લગન સાથે તેઓ ચંદ્રશીતલ અગન તેઓ અનુભવે છે જે ઈન્ધણ વિના જલે છે અને ઠારી શકાતી નથી. આ ભરપૂર પ્રસાદથી નિરંતર એમનું પાત્ર ભરેલું છે. તેઓ સૌને આ પ્રસાદ આપે છે, એ જ એમનું આસ્વાદન છે. મળવાનું ઓછું જરાય થતું નથી એ પ્રભુની બલિહારી છે. 'ઓ રે મોરા ભાઈ'માં સેવક દેવકનું કામ પૂરું કરી અહીંથી હોડી હંકારી જવાનું કહે છે. બ્રહ્મનો બ્રહ્મમાં ભળી જવાની વેળાનું વર્ણન કરતા કવિ કહે છે કે રંગ રેલાવતી સાંજની વેળામાં આપણે એકલાં જ આપણી ભેળા હોઈએ એની વધાઈ તીર પરની રેતી પર વહી આવતી પાણીની લહર આપે છે. જળના હિલોળે નાવ ડોલે છે અને ઓ પારથી કોઈક બોલે છે. એના વહાલના વાયરે મધુર મ્હેક છવાઈ જાય છે. આજે એમને મોકળે મને પોતાના ગાનમાં ગગન ખોલી ઊઠે એવી લગન લાગી છે. અહીં સમાધિમાં ઊઠતા હૃદયસ્પંદના અરવ બોલને પામવાનો કવિનો ઉપક્રમ જણાઈ આવે છે. 'નૂતન સંક્રાન્તિ'માં નૂતન સંક્રાન્તિ પર્વ ઉજવાઈ રહ્યું છે. જેમાં પૂર્ણ શાંતિ છે, પૂર્વ દિશામાં અરુણિમ કાંતિ છે, વનની કુંજ કુંજમાં વિહગ ગાનમાં વેદની ઋચા સંભળાય છે. અલસ તિમિર કામળી સરી ગઈ છે. પ્રાણમાં તેજ વિલસી રહ્યું છે. સ્વપ્નની પણ કંઈ ભ્રાન્તિ નથી. મધુર હવા, જલ, અગન, ગગનને ચરણ તલે અવનિ પણ મધુર છે. દેહના પાંચેય તત્ત્વો મધુરતાથી સભર છે. હરિમિલનનો મધુર ભાવ ઉરમાં છે. કવિને આ ભવની સફર મધુર બનેલી લાગે છે.. એવા નૂતન સંક્રાન્તિ પર્વને તેઓ માણે છે. અહીં અધ્યાત્મના ચરમ આસન પર કવિને આપણે નૂતન સંક્રાન્તિ પર્વ પળતા જોઈએ છીએ.

# ૩.૩ અધ્યાત્મવિશેષ

કવિ રાજેન્દ્ર શાહની સમગ્ર કવિતાના પરિશીલનને અંતે આપણે કવિની સૌંદર્યાભિમુખ નવતર કવિતાની વિકાસયાત્રાની સાથે સાથે તેમની અધ્યાત્મયાત્રાનો આલેખ પણ મેળવી શકીએ છીએ. એમણે રચેલા એક વિશિષ્ટ ભાવજગતમાં વિહાર કરતાં કરતાં કવિની સાથે આપણે પણ અધ્યાત્મના ઉચ્ચોચ્ચ શિખરો સર કરતાં જઈએ છીએ. તેમની કવિતામાંથી પ્રગટતા અધ્યાત્મવિશેષને ઓળખવાનો આપણે અહીં પ્રયત્ન કરીએ.

## દર્શનીય પરિમાણ

કવિ રાજેન્દ્ર શાહની અધ્યાત્માનુભૂતિનું પ્રગટ દર્શનીય પરિમાણ વેદાંતપ્રાણિત છે. રાજેન્દ્ર ઉપર શ્રેયસ્સાધક અધિકારી વર્ગના શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય અને 'યોગાશ્રમ'ના સંસ્થાપક યોગી ત્રિલોકચંદ્રસૂરિનો પ્રભાવ જીવનના પ્રારંભિક કાળથી જ પડેલો છે. પ્રગટ રીતે કવિ રાજેન્દ્રની કવિતામાં કોઈ સંપ્રદાય કે ઇષ્ટદેવની ભક્તિ-આરાધનાનો તંતુ આપણને મળતો નથી. કવિની શ્રદ્ધા અંતે તો 'ઓમ ત્વમેવ ચમત્કૃતિ' એ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની કાવ્યપંક્તિના અર્થોદ્‌ઘાટનમાં જ તૃપ્તિને પામી રહે છે. આમ કવિ નિરાકારરૂપને એમની ઇન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિઓના આશ્રયે સાકાર કરવા યત્નશીલ બન્યા છે પરંતુ અંતે તો 'ઓમ'અક્ષરમાં જ આ નિરાકાર રૂપ મળે છે. આ મંત્રનો ઉચ્ચાર- નાદ - સ્થૂળ ધ્વનિ પરાવાણીને - નાદબ્રહ્મને પ્રગટાવી રહે છે. અહીં તેમની અધ્યાત્માનુભૂતિમાં બ્રહ્મના એકમાંથી અનેક બનવાના સંકલ્પના પરિણામે સૃષ્ટિની વિલાસલીલા જોઈ શકાય છે. જે વેદોપનિષદ્‌ના સારરૂપ દર્શનને પ્રગટાવે છે.

રાજેન્દ્ર શાહની કવિતામાંથી જે અધ્યાત્મદર્શન પ્રગટે છે તેના ઉપર પ્રગટ રીતે જ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સંસ્કારોનો પ્રભાવ છે. તેઓ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાધક છે. નાનપણથી જ તેમની વૃત્તિ શ્રેયસ્સાધકવર્ગના વાતાવરણમાં પોષાઈ છે. શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સમસ્ત સાહિત્યનો તથા તેના કેન્દ્રરૂપ શ્રીમન્નૃસિંહાચાર્યજીના તત્ત્વદર્શનનો મુખ્ય ઝોક- કેટલાક નાના નાના મુદ્દાઓના આંશિક ભેદના અપવાદ સિવાય -શ્રી શંકરાચાર્યે પ્રતિપાદિત કેવલાદ્વૈત તરફનો છે. શાંકરવેદાંતમાંની વર્ગના અનુયાયીઓની શ્રદ્ધા વર્ગ દ્વારા પ્રસિદ્ધ થયેલા વિશાળ સાહિત્યમાં પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે. શાંકરવેદાંતના જ મહત્ જ્ઞાનને શ્રીમન્નૃસિંહાચાર્યજીએ જિજ્ઞાસુ ભાવિકો અને સાધકો માટે 'નૃસિંહવાણીવિલાસ'ના પદોમાં સરળ પ્રવાહી શૈલીમાં વહેતું મૂક્યું છે. તદનુસાર અણુ અણુમાં, ઘટ ઘટમાં ચરાચર બ્રહ્માંડમાં વ્યાપી વિલસી રહેલા પરમ બ્રહ્મતત્ત્વનો સર્વદા જયજયકાર થાય છે.

'જય જય જય પૂર્ણ બ્રહ્મ પરાત્પર, અગમ અકળ અવિનાશી રે,
યોગી યોગકળા કરી લક્ષે, નવ પદ જે સુખરાશિ રે.'[૧૨]
(શ્રીમન્નૃસિંહવાણીવિલાસ. પુ.૨, પૃષ્ઠ-૪)

ઉપર્યુક્ત પંક્તિઓમાંથી શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સાધકોના ઇષ્ટદેવનો અને સાધના-પદ્ધતિનો ખ્યાલ આવે છે. ઇષ્ટદેવના સ્થાને 'પૂર્ણબ્રહ્મ' છે અને તે બ્રહ્મપદને પ્રાપ્ત કરવાની સાધના-પદ્ધતિ 'યોગકળા'ની છે. આથી સ્વાભાવિક રીતે જ શ્રેયસ્સાધક અધિકારી વર્ગના સંસ્કારથી પોષાયેલા કવિ રાજેન્દ્ર શાહની કવિતા ઉપર શાંકરવેદાંતના

---

૧૨. શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ, ડૉ. નવકુમાર મ. દેસાઈ, ૧૯૯૨, પૃષ્ઠ-૩૯ .

અદ્વૈતના દર્શનની અને યોગસાધનાની અસર જોઈ શકાય છે.

કવિનું બ્રહ્મમય જગતને જોવું એ શાંકરવેદાંતના અદ્વૈતવાદને મળતું આવે છે. 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્' - ઈશોપનિષદ્‌ની ઉકિત મુજબ સમગ્ર જગત જડ, ચેતન, પ્રકૃતિ, પ્રાણી સર્વમાં બ્રહ્મમયતાનો અનુભવ, પોતે પણ બ્રહ્મ હોવાનો અનુભવ શંકરાચાર્યના 'બ્રહ્મ સત્ય' વિધાનને સત્ય ઠેરવે છે પરંતુ કવિનો આ અનુભવ ઇન્દ્રિયગ્રાહ્ય છે એટલે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' વિધાનને પૂર્ણાંશે સમાવતું નથી. કેમકે રાજેન્દ્ર તો શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીની નિશ્રામાં દીક્ષિત બની એ રસર્ષિના સાંનિધ્યમાં રહ્યા છે. શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યજીએ પિતાજીના રહસ્યપૂર્ણ જીવનકાર્યના આત્માને તો આત્મસાત્ કર્યો પરંતુ જનતા સમક્ષ પ્રગટ કરવા માટે રસોપભોગ્ય આકર્ષક બનાવ્યા. તેમણે ' યોગઃ કર્મસુ કૌશલમ્' એ ગીતાનું સૂત્ર અને 'રસો વૈ સઃ' જેવો ઉપનિષદ્‌નો મહાન સિધ્ધાંત આ બંનેનો સુભગ સમન્વય તેમની પ્રવૃત્તિઓ, યોજનાઓમાં કર્યો. જીવન જીવવાની કલાને સર્વોત્કૃષ્ટ બનાવી જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં કલાના વિનિયોગને ગૌરવવંતુ સ્થાન આપ્યું. સત્યમ્, શિવમ્, સુંદરમ્‌ના ઉદ્‌ગાતા બની તપસ્વી કલાકારનો જીવન સંદેશ આપ્યો.[13]

કવિની કવિતામાંથી સાંપડતું અધ્યાત્મ શંકરાચાર્યના સ્થૂળ અદ્વૈતવાદને પ્રગટ કરતું નથી, પરંતુ 'રસો વૈ સઃ' રસરૂપી બ્રહ્મનો કલ્પનામાં સાકાર થતું જોવા મળે છે. સંસારને અસાર અને જગતને માયારૂપ - વિવર્તરૂપ માનવાને બદલે શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની નિશ્રામાં જીવન પ્રત્યેનો ભરપૂર પ્રેમ - રસ અને સૌંદર્ય લુબ્ધતા રાજેન્દ્રની અધ્યાત્મકવિતાનું પણ લક્ષણ બને છે. કવિનો બ્રહ્મમયતાનો અનુભવ મિથ્યા જગતથી પરનો નથી પરંતુ બ્રહ્મની મૂળ પ્રકૃતિ - સ્વભાવ છે આનંદ અને આ આનંદની ગ્રાહ્યતા ઇન્દ્રિયો થકી જ છે. આથી બ્રહ્મ જેટલું જ જગત સત્ય છે, જે આ આનંદની અનુભૂતિને ગ્રહણ કરવાનું માધ્યમ બને છે. અહીં મનોજયથી જીવનમાં સમતા આણી પ્રત્યેક ક્ષણે સામરસ્ય -સાયુજ્યનો અનુભવ કરવો એમાં જગતનો વિરોધ નથી. આમ રાજેન્દ્ર શાહનું આધ્યાત્મદર્શન તૈત્તિરીય ઉપનિષદ્‌ના 'રસો વૈ સઃ' અને સ્વામી સચ્ચિદાનંદજીના ' બ્રહ્મ સત્ય જગત્ સત્ય ' સૂત્રને સાકાર કરે છે. રસરૂપ બ્રહ્મનો સૌ પ્રથમ ઉન્મેષ જે તૈત્તરીય ઉપનિષદ્‌માં પ્રગટ થયો છે, તેને જ રાજેન્દ્રની અધ્યાત્મકવિતાના અધ્યાત્મનું સ્વરૂપ મળતું આવે છે. શંકરાચાર્યે બ્રહ્મમય જગતની સત્યતામાં તેના 'સત્' રૂપને જ માત્ર જોયું છે. આ 'સત્' શિવરૂપ છે અને એ શિવત્વને પામવું એ જ માનવીના જીવનનો પ્રધાન હેતુ છે પરંતુ જગતને માત્ર દુઃખોનો સાગર, સંસારને અસાર ગણી બ્રહ્મ ભણી આંધળી દોટ મૂકવાનું કહેતા શંકરાચાર્ય કે ઈશ્વરનો અસ્વીકાર કરી શૂન્ય ભણી ભાગી છૂટના બૌધ્ધો કરતા રાજેન્દ્રનો 'અદ્વૈતવાદ' જુદો છે. તેમના ગુરુ રસર્ષિ શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય દ્વારા ઉપદિષ્ટ થયેલી અધ્યાત્મ વૃત્તિને પ્રગટાવતા રાજેન્દ્રના અધ્યાત્મનાં મૂળ આપણને રસમય બ્રહ્મ- સુંદર જગતના દર્શનને રજૂ કરતા બ્રહ્માનંદના સુંદર-મધુર સ્વરૂપની અનુભૂતિ કરાવતા તૈત્તિરીય ઉપનિષદ્‌માં મળે છે. કવિનાં બ્રહ્મમય જગતને જોવામાં આપણને શાંકરવેદાંતનાં દર્શન થાય છે પરંતુ શાંકરવેદાંત તો જરાક ભેદ સાથે બુધ્ધદર્શનની કાર્બનકોપી જ છે.

કવિની અધ્યાત્માનુભૂતિ 'ઓમ' અક્ષરબ્રહ્મમાં સાકાર થતી જણાય છે જેના પ્રત્યક્ષ સંસ્કારો તો નંત્રદીક્ષા લેનાર યોગી ત્રિલોકચંદ્રસુરિની આદિયોગી શિવની આરાધનામાંથી પોષાયેલા છે પરંતુ તેનાં મૂળ પણ આપણને બ્રહ્મનું અક્ષરબ્રહ્મ 'ઓમ' રૂપે વર્ણન કરતા મુણ્ડક, માણ્ડુક્ય, તૈત્તિરીય, છાંદોગ્ય ઇત્યાદિ ઉપનિષદોમાં જડે છે.

---

૧૩. એજન, પૃષ્ઠ- ૩૧૩.

માણ્ડૂક્યમાં ' આ બધું ઓમ અક્ષરરૂપ છે' અને મુણ્ડકમાં ' અક્ષર બ્રહ્મમાંથી વિવિધ પ્રકારના (જડ-ચેતનાદિ) પદાર્થો ઉત્પન્ન થાય છે અને છેવટે તેમાં જ લય પામે છે. આ વિચારોને કવિની કવિતા પુનઃ પુનઃ પ્રગટ કરે છે. તાદાત્મ્યાનુભૂતિ ક્રમશઃ પ્રગાઢ બનતા ' ઓમ ત્વમેવ ચમત્કૃતિ 'ના વિરાટ દર્શનમાં પરિણમે છે. ' નીલાંજના'ના અંતિમ કાવ્ય 'મનસ્વિની(કુંડલિની)'માં--

'જે શબ્દ નાદ સહ બિન્દુથી વિસ્તરન્ત,
શો એજ વિસ્તરણથી નિજમાં શમન્ત' '

અને --

'ઓમ ત્વમેવ ચમત્કૃતિ ''
' - છે સર્ગ તેની જ સંસૃતિ .'

(નીલાંજના,પૃ૮૭-૮૮-૮૯)

એ કવિની અધ્યાત્મયાત્રાનું ઉચ્ચોચ્ચ વિરામબિંદુ છે.

કવિ રાજેન્દ્રના પ્રણય કાવ્યોમાં પ્રગટતો પ્રેમનો પ્રગાઢતા કામસૂત્રના આત્મૈક્ય અને બૃહદારણ્યકના અદ્વૈતના અનુભવને મળતો આવે છે. કામસૂત્રમાં વાત્સ્યાયન કામની વ્યાખ્યા આપતાં કહે છે : 'આત્માથી સંયુક્ત મનથી અધિષ્ઠિત, કાન,ત્વચા, ચક્ષુ, જીભ અને નાક ઇચ્છાનુકૂલ બની પોતપોતાનાં કાર્યોમાં પરોવાઇ જાય છે તે પ્રવૃત્તિને કામ કહે છે.'[૧૪] કામભાવના આત્મતત્ત્વ સાથે અનુસંધાન સાધે છે ત્યારે જ તેમાંથી ઉદ્ભૂત આનંદાનુભૂતિમાં અલૌકિક અંશ ભળે છે. પ્રણય બે શરીરોના મિલનમાં પરિસમાપ્તિ પામતો નથી, પરંતુ તેની સૂક્ષ્મ વ્યંજના હૃદય અને આત્માનું ઐક્ય સાધે છે. બૃહદારણ્યકોપનિષદમાં અદ્વૈતનો અનુભવ કરતા પ્રણયીઓની ઉપમા દ્વારા પરમાત્મા સાથે જોડાયેલા આત્માના સંબંધને સ્ફુટ કર્યો છે.[૧૫] આમ પ્રણય એના ઉદાત્ત સ્વરૂપમાં એવી પ્રબળ, ગહન અને વ્યાપક અનુભૂતિ છે કે અશ્રદ્ધેય મનુષ્યને પણ અંતઃકરણમાં રહેલા કોઈ શુદ્ધ તત્ત્વની પ્રતીતિ કરાવે છે.[૧૬] આત્માને કેન્દ્રમાં રાખી પ્રણયની વિચારણા કરનારા પ્રાચીન ભારતીય ઉપનિષદો 'આત્મા જ સર્વોત્કૃષ્ટ છે' એમ માને છે. એ વિચારસરણી પ્રમાણે બ્રહ્મના સત્,ચિત્ અને આનંદસ્વરૂપમાંથી આનંદના સહજગમ્ય સ્વરૂપના સાક્ષાત્કાર માટે આત્માને નિર્ગુણમાંથી સગુણ રૂપમાં આવવું પડે છે. આત્મા નિર્ગુણ અને સગુણ બંને છે. સગુણરૂપ ચિત્ત અને દેહના માધ્યમથી પ્રગટ થાય છે. પ્રેમ દ્વારા આત્માને આનંદ રૂપનો સાક્ષાત્કાર થતાં તેનું ઉન્મીલન થાય છે, ત્યારે જીવન અને પ્રકૃતિનું સંપૂર્ણ રહસ્ય સમજાઈ જાય છે. આ અનુભવમાં જ પ્રાણી પ્રકૃતિનાં બંધનોમાંથી મુક્ત થાય છે અને પવિત્ર થઈ દેહ અને ચિત્તના સ્તરથી ઉત્થાન પામી પોતાના આત્માના આનંદમય સ્વરૂપમાં લીન થાય છે.[૧૭] બંગાળના માનવતાવાદી બાઉલ સાધુઓ પણ એમના દેહતત્ત્વમાં ઇન્દ્રિયગમ્ય અને આધ્યાત્મિક રસાનંદનું સંધાન કરે છે. કવિ રાજેન્દ્ર શાહની કવિતાનું પ્રણય નિરૂપણ પણ આ કક્ષાએ પહોંચે છે. પ્રણયની આ પ્રગાઢ અનુભૂતિ કવિને આનંદલીન બનાવે છે, જે એક નવા જ આધ્યાત્મિક અનુભૂતિના શિખરને સર કરે છે.

---

૧૪. કામસૂત્ર, મૂળ લેખક- વાત્સ્યાયન. અનુ. વશિષ્ઠ શાસ્ત્રી, પૃષ્ઠ-૯ .
૧૫. ભારતીય સાંદર્યશાસ્ત્ર, લક્ષ્મીનાથ બદ્રીનાથ શાસ્ત્રી, પૃષ્ઠ-૩૪.
૧૬. અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રણય નિરૂપણ, ડૉ.તરુલતા કી. મહેતા,૧૯૮૩, પૃષ્ઠ- ૪- ૫.
૧૭. નારદભક્તિસૂત્ર, પૃષ્ઠ- ૪૬-૪૭-૫૦.

અહીં કવિ શાંકરવેદાંત કરતાં કાશ્મીરી શૈવદર્શનનો પ્રભાવ સ્વીકારે છે. કાશ્મીરી શિવદર્શન કવિને વધારે પ્રભાવક લાગવાનો પૂર્વ ભૂમિકામાં તેમની અધ્યાત્મવૃત્તિને પોષક બે પ્રભાવક વ્યક્તિત્વોનાં સંસ્કારબીજો પડેલાં છે. એક તો શ્રીમન્નૃસિંહાચાર્યજીનું શાંકરવેદાંતનું અદ્વૈતદર્શન જે શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્ય દ્વારા સંપાદિત થયેલા અધ્યાત્મસંસ્કારો રૂપે ઝિલાયું છે. બીજું યોગી ત્રિલોકચંદ્રસૂરિ જેઓએ તંત્ર દીક્ષા લીધી હતી અને અમદાવાદમાં યોગાશ્રમની સ્થાપના કરી હતી તેમનો પ્રભાવ અને તેમના પછી સ્વામી સ્વયંજયોતિનો પ્રભાવ પણ કવિ રાજેન્દ્ર શાહ ઉપર વિશેષ છે. તંત્રદીક્ષા લેનાર યોગી ત્રિલોકચંદ્રસૂરિ તંત્રો-આગમોમાંથી પ્રતિપાદિત થયેલા શિવદર્શનને અનુસરે છે. બીજા શૈવમતો દ્વૈતવાદી છે જ્યારે કાશ્મીરી શૈવદર્શન જે ત્રિકમતના નામે પ્રચલિત છે તે જ માત્ર અદ્વૈતવાદી છે. આમ શ્રેયસાધક અધિકારી વર્ગમાંથી મળેલું અદ્વૈતદર્શન અને યોગી ત્રિલોકચંદ્રસૂરિના શૈવદર્શન બંનેનો સુભગ સમન્વય કાશ્મીરી શૈવદર્શનમાં એમને જડે છે. એમણે તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી તરીકે બધાં દર્શનોનો અભ્યાસ કર્યો છે પરંતુ નાનપણથી પોષાયેલા તેમના સંસ્કારબીજોને અદ્વૈત અને શૈવમતને સમાવે તેવું દર્શન કાશ્મીરી શિવદર્શનમાં જડે છે.

કાશ્મીરી શિવદર્શનમાં પણ યોગ સાધનાના ત્રણ તબક્કા ૧. આણવોપાય ૨. શાક્તોપાય ૩. સાંભવોપાય છે. જેમાં પ્રથમ તબક્કામાં સાધકે પ્રયત્ન કરવાનો હોય છે. બીજી અને ત્રીજી ભૂમિકામાં સાધકનું કોઈ કર્તૃત્વ રહેતું નથી, કોઈ અદૃશ્ય શક્તિ જ તેને પ્રેરે છે. આમ કવિની આધ્યાત્મિકતા કાશ્મીરી શૈવદર્શનને વધુ અનુસરે છે.[૧૮] કાશ્મીરી શિવદર્શનનો શિવશક્તિનો અભેદ -સામરસ્ય અને તેમના આંતરનિમેષ બાહ્ય ઉન્મેષના સંદર્ભો રાજેન્દ્ર શાહની કવિતામાં સાંપડે છે. જે પુરુષ (જીવાત્મા), જગતની સ્વપ્ન જાગૃતવત્ અનુભવ કરે છે, તે જ સુષુપ્તિમાં- મૂર્છનામાં પોતાને અને જગતને શિવના ઉન્મેષ રૂપે જુએ છે. આ પરમ શિવતત્ત્વનું સાકારરૂપ કવિને 'ઓમ'માં જ જડે છે. 'નીલાંજના'ના અંતિમ કાવ્ય 'મનસ્વિની (કુંડલિની)'માં તેઓ કહે છે --

'ભીતર ભર્યો હે કાન્ત
નિજ આનન્દમાં
ન્હાઉં મસ્પન્દિત થવું ને
વાણી ત્રણે તરંગમાં
સર્વત્ર ન્હાણી વિસ્તૃતિ.'
'આ નીલ અંજન ઇન્દ્રિયોનું
હે નિરંજન તે ય તું -
ઉન્મેષ કાળ, ને નિમેષ થતાં
રહે ના કંઈ કશું.
- હે સર્ગ તેવો જ સંહૃતિ.'

(નીલાંજના, પૃ૦૭-૮૮-૮૯)

કવિ ઇન્દ્રિયોના નીલ અંજનને ય- ઇન્દ્રિયરાગતાને ય પરમ શિવના ઉન્મેષરૂપ ગણે છે. સમગ્ર જગત પ્રાથે સર્જાયેલું સર્વ તેનો જ આવિર્ભાવ છે. આથી શંકરાચાર્યની જેમ ઇન્દ્રિયરાગતાનો વિરોધ ન કરતાં એનો ય પરમ શિવની લીલારૂપે કવિ સ્વીકાર કરે છે. માટે તો 'નિરંજન'ની અનુભૂતિ કવિને હંમેશા 'નીલાંજન' લાગે છે. ઇન્દ્રિયો થકી

---

૧૮. કવિશ્રી રાજેન્દ્ર શાહની તા.૭/૧૧/૯૬ની રૂબરૂ મુલાકાતમાંથી.

તો યે પરમ અદ્ભુત અનુભવ થાય છે. કવિની કવિતા અધ્યાત્માનુભૂતિના આ આગવા અને વૈયક્તિક પરિમાણને પ્રગટ કરે છે, એટલે જ તો તેમની પ્રણયાનુભૂતિ પણ અધ્યાત્માનુભૂતિ બની રહે છે.

કવિનો સાધનાનો માર્ગ યોગનિષ્ઠ છે. આથી પતંજલિનો અષ્ટાંગયોગ, શ્રીમન્નૃસિંહાચાર્યજીનો 'ત્રિભુવનવિજયીખડ્ગ'માંની વીર સાધકની ભૂમિકાઓ, યોગી ત્રિલોકચંદ્રસૂરિએ સ્થાપેલા ' યોગાશ્રમ'ની પ્રવૃત્તિઓ, અને કાશ્મીરી શૈવદર્શનની યોગ-ક્રિયાઓ ઇત્યાદિનો પ્રભાવ ' ઇક્ષણા' જેવા કાવ્યસંગ્રહમાં અને અન્યત્ર ઘણાં કાવ્યોમાં જોવા મળે છે.

કવિએ તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી તરીકે પાશ્ચાત્ય તત્ત્વચિંતનનો અભ્યાસ કર્યો છે: એમની કવિતામાં પ્રગટ થતી પ્રકૃતિની રહસ્યમયતામાં કેન્ટના અજ્ઞેયવાદનો અને હિન્દી-બંગાળી સાહિત્યના રહસ્યવાદનો પ્રભાવ પણ જોઈ શકાય છે. આમ રાજેન્દ્ર શાહની અધ્યાત્મકવિતા આગમ ( તંત્રાગમો ) - નિગમ (વેદોપનિષદો) બંનેનો સમન્વય સાધતું એક વિશિષ્ટ દર્શન પ્રગટાવે છે.

## રસકીય પરિમાણ

કવિતારચનાની દિવ્યચેતનાની પ્રક્ષિપ્ત ક્ષણો કવિને એક આધ્યાત્મિક અનુભવ આપી જાય છે પરંતુ કવિતા જ્યારે અધ્યાત્મને વિષય બનાવતી હોય ત્યારે તેના રસકીય પરિમાણને તપાસવું એ સંશોધનીય બાબત છે. અધ્યાત્મની ઊંચાઈએ પહોંચેલા કવિની સંવેદના કવિતાના રસકીય પરિમાણને પૂર્ણતઃ પ્રગટ કરે છે કે અધ્યાત્મભારથી કવિતા કચડાઈ જાય છે તે જોવું આ સંશોધનના અનુષંગે ઉપયુક્ત ગણાશે.

સાહિત્યસર્જનના ત્રણત્રણ તબક્કાઓમાં વિસ્તરેલી કાવ્યરચનાની દીર્ઘયાત્રા રાજેન્દ્ર શાહ ધરાવે છે. તેમની કવિતાના ઉદયકાળથી માંડી તત્કાલીન પરંપરાથી ઉફરા ચાલી નિજ કેડીએ સંચરવાનો કવિનો પ્રયાસ તેમની અધ્યાત્માનુભૂતિની વૈયક્તિતા જેટલો જ આગવો છે. તેમની સમગ્ર કવિતાનો અભ્યાસ કરતાં સ્વરૂપ અને શૈલીનું અપાર વૈવિધ્ય જોવા મળે છે. કવિ છંદોબધ્ધ, અછાંદસ, ગીતો, મુક્તકો, બાંયણાં , પદ્યનાટિકા ઇત્યાદિ પ્રશિષ્ટ શૈલીના અને લોકસાહિત્યના વિવિધ સ્વરૂપોનું ખેડાણ કરે છે.

કવિની પ્રતિભાનો સર્વતોમુખી ઉન્મેષ પ્રગટે છે એમનાં છંદોબધ્ધ કાવ્યોમાં. છંદોને પ્રશિષ્ટ સ્વરૂપમાં કવિ સ્વીકારે છે અને સમર્થ રીતે આલેખે છે. અનુષ્ટુપ, હરિણી, વસંતતિલકા જેવા છંદોનો પ્રયોગ તો કવિને સહજસિધ્ધ છે. છંદોના લય અને સહજ ગતિએ લઇને કવિતા પ્રાણવાન બને છે. છંદમાં નોંધપાત્ર પ્રયોગો પણ જોવા મળે છે. ઉપજાતિ, હરિગીત, ઝૂલણા, મનહર જેવા છંદોને ભાવાનુરૂપ પરંપરિત કરીને અપૂર્વ લયસૂઝથી રમાડવાનો , છંદની પંક્તિઓને બટકાવીને ક્ષણભર અવકાશ સર્જવાનો, છંદોલયના દોર પર ઝૂલવાનો, માત્રામેળના ચતુષ્કલ, પંચકલ સંધિને સ્વતંત્ર કે મિશ્રરૂપે આવર્તિત કરીને, લયકાવ્યોને નૂતન લયમેળ સર્જવાનો કીમિયો ધ્યાનાકર્ષક છે. ગાંધીયુગમાં પ્રગટેલા છંદપ્રયોગોના વલણને અનુગાંધીયુગમાં પણ રાજેન્દ્ર દ્વારા સબળ અભિવ્યક્તિ સાંપડી છે તેની પ્રતીતિ તેમના કાવ્યસંગ્રહોમાં થાય છે.

છંદ- લયની શબ્દસાધના સાથે કવિનો કાવ્યધ્વનિ તેમના વાણાના જંગલોની પ્રકૃતિના સાંનિધ્યમાં લયહિલ્લોળાતા ગીત વૈભવનું આંદોલન લઇ આવે છે.

રાજેન્દ્ર ગીતસ્વરૂપમાં અપૂર્વ સિદ્ધિ દાખવે છે. તેમનાં ગીતોમાં ભાવની સુકુમારતા, સૂક્ષ્મતા, શબ્દલયનું માધુર્ય અને લાલિત્ય આસ્વાદ્ય બને છે. પ્રકૃતિતત્ત્વોની લીલાને આલેખતાં, પ્રણયભાવના બહુવિધ વિવર્તો ઝીલતાં, સુમધુર દાંપત્યના અનુભવને અભિવ્યક્ત કરતાં, ખેડૂતો, વનવાસીઓ અને દરિયાખેડુના પરિવેશને પ્રગટાવતાં, જીવનનું તત્ત્વદર્શન અને અધ્યાત્મના અનુભવોને ઝીલતાં, અદીઠા અગમ્ય આકર્ષણો - તથા ભક્તિભાવને મૂર્ત કરતાં અનેકવિધ વિષયોને સમાવતાં ગીતો તેમણે આપ્યાં છે. 'ધ્વનિ'માં ૪૫ જેટલાં ગીતોનો અલગ વિભાગ, 'આંદોલન' અને 'ઉદ્‌ગીતિ' જેવા ગીતસંગ્રહ અને 'શાંત કોલાહલ'માં વનવાસીના ૧૮ ગીતો જોતાં રાજેન્દ્રની કવિતામાં ગીતોની પ્રચુરતા સહેજે નજરે ચડે તેવી છે. 'શ્રુતિ' અને 'ક્ષણ તે ચિરંતન'માં પણ ગીતો ઓછા નથી. કવિના ગીતોમાં ભાવ અને લયનું અપાર વૈવિધ્ય માણવાનું મળે છે. બંગાળી, વ્રજ, રાજસ્થાની અને લોકગીતોના વિવિધ લય ઢાળને તેઓ સુપેરે અજમાવી જાણે છે. 'ચંદનભીની અનામિકા' તો આખો ખાંયણા-ગીતોનો સંગ્રહ છે. રાજેન્દ્રનાં અનેક ગીતો એના ઉઘાડના અપૂર્વ લયહિલોળથી મનને હરી લે છે અને ગુંજનશ્રુતિનું અનુરણન ચિત્તમાં ઝૂલ્યા કરે છે, તો વળી એમનાં ગીતોમાં શબ્દોનું ભાવનર્તન અને લયની લીલા મોહિની સર્જે છે. વ્રજ શૈલીની છાંટવાળાં ગીતોમાં કવિની કલમ સુંદરમ્‌નું સ્મરણ કરાવે છે. 'સુંદર બહુરિ કુટિલ નવ છલના', "પ્રભુ મૈં પ્રેમ કિયો નવ જાનું'માં મુગ્ધ પ્રેયસીના ભોળપણને રસિક અભિવ્યક્તિ સાંપડી છે, તો એમના બંગાળી ગીતલયના સહજ વિનિયોગ માટે રાજેન્દ્રએ બંગાળી ગીતલયનો ઉપયોગ કદાચ ગુજરાતી કવિમાં સૌથી વધારે કર્યો છે. ગીત રચનામાં રાજેન્દ્ર લયના આવર્તનો વધારીને પરભાષી લયને પણ પોતીકો બનાવી દે છે. ગીતોમાં સામાન્ય રીતે વર્ણસગાઈ, આંતરપ્રાસ, અંત્યાનુપ્રાસ પ્રત્યેની કવિની દેખાઈ આવતી સભાનતામાં આયાસ કરતાં સહજસાધ્યતા વિશેષ વર્તાય છે, ~~જે કવિના વર્તાય છે~~ , જે કવિના ભાષા પ્રભુત્વ અને સમૃદ્ધ કલ્પના શક્તિનું પરિણામ જણાય છે. એમનાં અનેક ગીતો ભાવ અને ભાષાના લલિત-મધુર લયને લીધે રોચક તથા ગુંજનક્ષમ બન્યાં છે.

રાજેન્દ્રની કવિતાના રસમય પરિમાણને પ્રગાઢ અને પ્રભાવક બનાવનાર ધ્યાનાકર્ષક બીજી બાબત છે કવિની ચિત્રલિપિ. એક એકથી ચઢિયાતાં કલ્પનોમાં રાજેન્દ્રની કવિપ્રતિભાનો સૌંદર્યમંડિત સ્પર્શ સાંપડે છે. સૌંદર્યની અતિસૂક્ષ્મ રેખાઓ ખૂબ જ સહજતાથી કવિ આંકી આપે છે. એમના ભાવપ્રતીકો ભાવકના ચિત્તને સૂક્ષ્માતિસૂક્ષ્મ સંવેદનો સાથે સાંકળી આપે છે. કવિના કવિત્વની ઊંચાઈનો પરિચય તો આપણને ત્યારે થાય છે કે જયારે કવિ પોતાના કલ્પનાચિત્રને મૂર્ત અને અમૂર્તની વચ્ચે રાખી સ્થૂળ અને સૂક્ષ્મ વચ્ચે શ્રુતિના આશ્રયે ભાવકચિત્ત માટે ભાવજગતનાં દ્વાર ખોલે છે. કવિની દૃશ્ય જગત પ્રત્યેની સંવેદનશીલતા - પટુકરણતા તેમની કવિતામાં પ્રત્યક્ષ છે. ઘણાં ચિત્રોમાં રહસ્યમતાનું આરોપણ કરે છે. સૂક્ષ્માતિસૂક્ષ્મ ભાવાનુભૂતિનું આલેખન કરે છે, છતાંય સંવેદન ઝાંખુ પડતું નથી. અભિધેયને અપૂર્વ સામર્થ્યથી કવિ વ્યક્ત કરી શકે છે. એમનાં કાવ્યોમાં દૃશ્ય-ભાવ-શ્રુતિનાં તત્ત્વો એકમેકમાં સંયોજાઈ એવો રસઘન અભિવ્યક્તિ જન્માવે છે કે કવિ ચિત્ર સાથે ભાવકચિત્તનો પણ ચેતોવિસ્તાર સધાય છે. તેમાંય શ્રુતિ સંવેદન કવિની વિશિષ્ટતા છે. કેટલીક વાર ઉપમા કે રૂપક જેવા અલંકારો કલ્પન કે પ્રતીકની કક્ષાએ પહોંચે છે. વૈખરીને વટાવી જતી શબ્દની શક્તિ જે ચિત્રાંકનો આપે છે તે હૂબહૂ અને પ્રત્યક્ષ અનુભવ કરાવતાં જ માત્ર નથી પરંતુ સ્પર્શક્ષમ અને ઇન્દ્રિયગ્રાહ્ય બને છે. આ ઇન્દ્રિયગ્રાહ્યતા પ્રત્યક્ષીકરણના સ્થૂળ અનુભવની પારની ચિત્તની સૂક્ષ્મ ભૂમિકામાં સંયોજાતી અને ભાવના સૂક્ષ્મ જગતમાં ભિન્નતાની સંવેદનગ્રાહ્યતા છે. ભાવકની

બધાં જ કરણો એ શબ્દને ઝીલે છે. માત્ર આંખ, કાન કે ચિત્ત જ નહિ પરંતુ ચિત્ત સાથે સંકળાયેલાં સર્વ કરણોથી ઝિલાતો તેમનો શબ્દ ચિત્ત સાથે સંકળાયેલા આત્માની ઊંડાઈ સુધી સ્પર્શી રહે છે. રાજેન્દ્રના શબ્દનો આવો અનુભવ પ્રગટાવવામાં એને સહાયક બને છે ઇન્દ્રિયવ્યત્યયો અને ઇન્દ્રિયગ્રાહ્ય કલ્પનો. દૃશ્યચિત્રોમાં ય આધ્યાત્મિક સ્પર્શ અને રહસ્યમયતાનાં દર્શન આપણને થાય છે.

રાજેન્દ્રની ભાષા એટલે શબ્દોનો વૈભવ. એમની કવિતામાં ભાષાની રુક્ષતાનો સદંતર અભાવ છે. લલિત-કોમલ-કાંત પદાવલી શબ્દના ધ્વનિસૌંદર્યને પ્રગટાવે છે. ધ્વનિ એ રાજેન્દ્રની લાક્ષણિકતા છે અનેક અર્થચ્છાયાઓ પ્રગટાવતું નિરૂપણ કાવ્યત્વની ચરમસીમાને સ્પર્શી રહે છે. શબ્દશક્તિનો પરિચય જ નહિ. શબ્દશક્તિનો વિસ્ફોટ સાંપડે છે. અણુમાંથી પ્રગટતી પ્રચંડ શક્તિની જેમ શબ્દ અને શબ્દોનું સાયુજ્ય જે અર્થ-વૈવિધ્ય પ્રગટાવે છે અને સૂક્ષ્મ ભૂમિકા ભાવકચિત્તમાં રચે છે તે અદ્વિતીય છે. રહસ્યના ઉઘાડ જેવો તેમના શબ્દનો ઉઘાડ છે અને શબ્દોનું સાયુજ્ય આનંદપારાવારને છલકાવી જાય છે. કવિ અરૂઢ, શિષ્ટ અને લોકબોલીના શબ્દોનો પ્રયોગ કરે છે વળી વિવિધ ભાષાની અસરો પણ ઝીલે છે છતાં ય તેમનું શબ્દભંડોળ એમની આગવી જ ભાષા જન્માવે છે. એમનો શબ્દ અર્થની બળકટતાને ઝીલતો સ્થૂળ શબ્દ નથી પરંતુ વૈખરીના આવરણને ભેદી સંવેદનાનો આસ્વાદ કરાવતો છે, માટે જ તો એ શબ્દ નથી શબ્દધ્વનિ છે. ધ્વનિ એ એમની કવિતાનો પ્રધાન સુર છે. રાજેન્દ્ર નો શબ્દનો કસબ છે. શબ્દની નજાકત અને માધુર્યને જાળવવાનો, એને ઘસી-માંજીને ચળકતા બનાવવાનો, એના વિન્યાસમાં લયસંગીત પર કેન્દ્રિત રહેવાનો ચીવટ બાનીનું આગવું પોત વણે છે. વર્ણ અને શબ્દોનું એવું સામંજસ્ય સધાય છે કે માધુર્યથી ભીંજાઈ જવાય છે. એમની વાણીમાં વરેણ્યભર્ગની આભા, કોયલનો ટહુકો, વસંતના રંગ, ગંધ અને કોમલમૃદુ સ્પર્શ છે માટે જ તો રાજેન્દ્રની કવિતા માત્ર ચિત્તથી જ નહીં સર્વ કરણોથી માણી શકાય છે.

કવિની દૃષ્ટિ સૌંદર્યનિષ્ઠ છે. તે અસુંદર કે અતિપરિચિતને પણ સૌંદર્યના અભિનવ પરિવેશમાં પલટાવી શકે છે. કવિનું કર્મ કોઈ નૂતન, સૌંદર્યમંડિત, સભર સભર સૃષ્ટિ ભાવક સમક્ષ ખડી કરીને પરિતુષ્ટિનો અનુભવ આપવાનો, એનો સૂક્ષ્મ ચેતોવિસ્તાર સાધવાનો હોય તો તે રાજેન્દ્રની કવિતામાં સિદ્ધ થયેલું જોઈ શકાય છે. આમ રાજેન્દ્ર સૌંદર્યમાધુર્યનો કવિ છે. આશા અને ઉલ્લાસનો જ નહીં, આનંદની રસછોળનો કવિ છે, શબ્દવ્યંજનાનો અને શ્રુતિનો કવિ છે. સંગીતના સ્વરસપ્તકનો 'સા' જેમણે સિદ્ધ કરેલો છે એવો એ ઇન્દ્રિયસંતર્પક અને સમતા - સામરસ્યનો કવિ છે. ઝાકળ ધોયા પારિજાતના ફૂલ જેવાં કાવ્યો તેજનો ટહુકો ભરી રવ, અનુરવ અને અણરવના સ્પંદને જગાવે છે. ક્ષણવત્ સમયનો આણવિક અનુભૂતિનો વિસ્તાર જાણે બિંદુના શિરે અનંતનું સંસ્થાપન બની રહે છે. કવિના હૃદયનો અને શબ્દનો વૈભવ ઐશ્વર્યશાળી છે. તેમના કાવ્યોમાં હૃદય અને શબ્દની સમૃદ્ધિ નહીં ઐશ્વર્ય પ્રગટે છે. પારિજાતનું ફૂલ, કોયલનો ટહુકો ઉજાસનો રંગ, અંધારનું રહસ્ય બની ફોરતી સૌંદર્યમંડિત વાણી નાદબ્રહ્મની વિજયપતાકા લહેરાવે છે.

રાજેન્દ્રની કવિતાના મુખ્ય વિષયો તો પ્રણય, પ્રકૃતિ અને અધ્યાત્મ જ છે પરંતુ રાજેન્દ્ર મૂળતઃ આધ્યાત્મિક કવિ જ છે. તેમના પ્રણય- પ્રકૃતિનાં કાવ્યો પણ અધ્યાત્મના સ્ફુલિંગો પ્રગટાવે છે. કવિ તત્કાલીન સમયથી પર રહી વિશેષ કાવ્યનિર્મિતિ જન્માવે છે છતાંય 'શ્રુતિ'માં 'ભુલેશ્વરમાં એક રાત', 'મધ્યરાત્રિએ મુંબઇ' જેવાં કાવ્યો અને 'વિષાદને સાદ'નાં કાવ્યોમાં કવિ તત્કાલીન સમયથી પ્રભાવિત હોવાનું

પણ જણાય છે જો કે કવિના વિશાળ કાવ્યસર્જનમાં તેનો અંશ નહિવત્ જ ગણાવી શકાય. રાજેન્દ્ર સાચા અર્થમાં આધ્યાત્મિક કવિ છે, કેમકે તેમની કવિતા અધ્યાત્મપરક છે અને વળી તેમનો સ્વાનુભવ કાવ્યાનુભવમાં સફળતાપૂર્વક કવિ સંક્રમિત કરી શક્યા છે.

રહસ્યમયતા અને ગૂઢ, અતિન્દ્રિય અનુભવ પણ રાજેન્દ્રની કવિતાની લાક્ષણિકતા છે. કવિ પોતે રચેલા ભાવવિશ્વમાં જ વિહાર કરતા અગમ્ય ઇન્દ્રિયાતીત અનુભવો કરે છે અને સૂક્ષ્મ અગોચર વિશ્વનાં દ્વાર આપણા માટે પણ ખોલી આપે છે. અધ્યાત્મની અનુભૂતિઓની ઘનતા, પ્રગાઢતા, ઊંડાઈ અને ઊંચાઈ, ગૂઢતા, રહસ્યમયતા શબ્દોમાં અનુભૂતિની પરમ કક્ષાએ પ્રગટી રહે છે, જે કવિ તરીકેની સિદ્ધિ અને અનુભૂતિની સચ્ચાઈ દર્શાવે છે. કવિ તરીકે તેમનું વ્યક્તિત્વ સુંદરમ્‌ની જેમ સીડીનાં સોપાનની જેમ વિકસતું નથી. બંધ કમળની પાંખડીઓના ઉઘાડ જેવું છે. કવિ તેમના પ્રથમ કાવ્યથી જ મોટું ગજું દાખવે છે. પ્રથમ કાવ્યની ઊંચાઈને સર કરવામાં નહીં, તે ઊંચાઈને જાળવવામાં જ તેમના કવિકર્મની ફલશ્રુતિ છે. તેમના કવિકર્મને સત્ત્વરૂપે વિકસતું નહિ પણ ખીલતું, ખૂલતું, પ્રગટતું, સૌંદર્યની પૂર્ણ કળાએ નિખરતું આપણે જોઈ શકીએ છીએ. કવિમાં નિહિત ગુણપ્રાકટ્યને સૂક્ષ્મથી સૂક્ષ્મ ભૂમિકાએ ભાવક પણ પામતો જાય છે. કવિ કાવ્યસર્જનથી જેમ જેમ ખીલતા, ઉઘડતા જાય છે તેમ તેમ આપણે તેમના અંતરમાં વધુ ઊંડા ઊતરતા જઈએ છીએ, કવિને પામતા જઈએ છીએ. કવિને પામવાની અનુભૂતિ પણ એ રીતે અધ્યાત્માનુભૂતિ બની રહે છે. અક્લિષ્ટ ચેતનાની ક્ષણોના કાવ્યસર્જનમાં કેટલીક કવિતાઓ તો કવિ જેવી જુએ છે તેવી જ સુધારા વગર નિરૂપે છે અને છતાંય તે સાદ્યંત આસ્વાદ્ય બને છે. દા.ત. 'શાંત કોલાહલ'માં ''સ્વપ્ન'' કાવ્ય કવિએ સ્વપ્નમાં જ જોયું એનું જ સાદ્યંત નિરૂપણ કર્યું છે. કવિનું વિપુલ સાહિત્ય તેમની વિદ્વત્તાનો પરિચય કરાવે છે. તેમના કાવ્યસંગ્રહોનાં શીર્ષકો પણ શુદ્ધ કવિતાની ઉપાસના તરફના કવિના વલણને પ્રગટ કરે છે. શબ્દ, ધ્વનિ, અર્થ, નાદ, ચિત્ર, સંગીત વગેરેના સ્થૂળ-સૂક્ષ્મ સ્વરૂપની તેઓ સમાનતાથી માવજત કરતા જણાય છે.

આટલા વિશાળ કાવ્યસર્જનમાં ક્યારેક કવિની સર્જનની નબળી ક્ષણોની, કવિની આત્મરતિની કે આધ્યાત્મિકતા કે શબ્દો પ્રત્યેના વિશેષ ભાવની મર્યાદા પણ જડી આવે છે. આમ તેમની લાક્ષણિકતાઓ જ આત્યંતિકતાની કક્ષાએ તેમની મર્યાદા બની જતી જણાય છે. ભાવ, ભાષા અને અભિવ્યક્તિમાં લાલિત્ય આણવાના લોભમાં કવિ લીસી-લપટી લઢણોમાં સરી પડવાનું, શબ્દના સંગીતમાં લયના લોભમાં ખેંચાઈ જવાનું વલણ દાખવે છે. શબ્દલાલિત્ય અને સ્વાનુકારિતાની અતિસાધના જયદેવશાહી શૈલીને જન્માવે છે. ક્યારેક ગીત ગાણાંમાં સરી પડે છે. ગીતનો ઉપાડ આકર્ષક અને ગુંજનક્ષમ હોય છે પરંતુ સમગ્ર કાવ્યમાં ક્યારેક એ કક્ષા જાળવી શકાતી નથી. ગાનનું અતિશય માધુર્ય ક્યારેક મોં ભાંગી નાખે છે. અરૂઢ શબ્દોનો પ્રયોગ, વિદગ્ધતાનો ભાર, શબ્દલયના ઠાઠમાં અતિમાત્રાએ પ્રગટતો વાણીવિલાસ અને વર્ણનવિલાસ કવિની વિશેષતા અને મર્યાદા બંને ગણાવી શકાય. તત્ત્વજ્ઞાન અને રહસ્યમાર્ગનું વળગણ ઘણીવાર કઠે છે. અધ્યાત્મની પરિભાષા અને યોગપદ્ધતિઓના જ્ઞાન વિના કવિતાઓ સમજવી અશક્ય થઈ પડે છે. એમ છતાં 'નિરુદ્દેશે', 'આયુષ્યના અવશેષે', 'શેષ અભિસાર' કે 'ઈક્ષણા'માં તત્ત્વજ્ઞાન તીવ્ર અનુભૂતિમાં રૂપાંતરિત થયેલું માણી શકાય છે. બીજમાંથી અશ્વત્થના વિસ્તારની જેમ જ રાજેન્દ્રના પ્રથમ કાવ્ય 'નિરુદ્દેશે'માં બીજભૂત રહેલી આધ્યાત્મિકતા સમગ્ર કવિતામાં વિસ્તાર પામે છે. છતાંય સત્ત્વરૂપે

એ જ છે. કવિના સંપૂર્ણ વ્યક્તિત્વનો ઉઘાડ 'નિરુદ્દેશે'માં પ્રગટે છે, તેનો જ પૂર્ણ પરિચય તેમની સમગ્ર કવિતામાંથી મળે છે.

આમ રાજેન્દ્રનું આગવું ભાવવિશ્વ છે. અન્ય કવિઓથી જુદો તરી આવતો લય-લહેજાનો અને સૌંદર્ય-દૃષ્ટિ છે. કવિ સાદ્યંત પોતાના જ માર્ગે ચાલે છે. જો કે આટલાં વિપુલ કાવ્યસાહિત્યનું સર્જન કરનાર કવિની કવિતામાં નબળી ક્ષણોના સર્જનમાં ભાવ અને અભિવ્યક્તિની પુનરુક્તિ કઠે એ સ્વાભાવિક છે. આત્મજ્ઞાન કેટલીક વાર આત્મરતિમાં પલટાઇ જાય છે ત્યારે પોતાની શક્તિઓ અને સિદ્ધિઓ પરત્વે પ્રલોભક વલણ પ્રગટે છે અને ઔચિત્યભંગ થાય છે. પણ આવી મર્યાદાઓ તો કોઈ પણ સમૃદ્ધ કવિમાં જડે છે. રાજેન્દ્રમાં નિજનો કેડો ચાલવાનો અને સર્જનકલાને આકારવાનો મથામણ છે, જેમાં કવિ પાર ઉતર્યા છે. એમની કવિતા નિતાંત આધ્યાત્મિક કવિતા છે અને ગુજરાતી કવિતા સાહિત્યમાં તે નવતર કેડો રચતી કવિની વ્યક્તિચેતનાની સામર્થ્યપૂર્ણ અભિવ્યક્તિને સાકાર કરે છે.

## આધ્યાત્મિક અનુભૂતિ

રાજેન્દ્ર શાહની આધ્યાત્મિકતા ધ્વનિરૂપ અદીઠના અણસારથી આરંભાઈ શબ્દબ્રહ્મનાં સ્વીકાર અને સૃષ્ટિના દર્શન સુધી વિસ્તરેલી છે. કવિ સૌ પ્રથમ 'ધ્વનિ'રૂપે અદીઠની અનુભૂતિ કરે છે. પ્રકૃતિનાં તત્ત્વોમાં રંગરૂપ, ગંધરૂપ, સુરરૂપ, તેજરૂપ, શીતળ સ્પર્શરૂપ આનંદનો અનુભવ કરે છે પરંતુ 'પ્રભુ'ના નામનું સંબોધન આપણને ક્યાંય મળતું નથી. 'આંદોલન'માં 'પ્રભુ તને જરીનો જંપ નહીં', 'પ્રભુ મેં પ્રેમ કીધો નવ જાણું' જેવાં કાવ્યોમાં 'પ્રભુ' શબ્દનો પ્રયોગ જડે છે. કવિ મંદિરના આરત ઈજન. તડપનું આલેખન પણ કરે છે પરંતુ કૃષ્ણભક્તિની કોઈ પ્રતીતિ મળતી નથી. કબીરની જેમ 'મુલક બોરાના' નિર્ગુણ કવિતા પણ આપે છે. 'શ્રુતિ'માં કવિ ગૂઢ રહસ્યોનું ઉદ્ઘાટન કરે છે. 'શાંત કોલાહલ' કવિની ભાવસમાધિની અનુભૂતિને પ્રગટ કરે છે. 'ચિત્રણા'માં કવિ 'નિજ છવિ'ને પામે છે. 'ક્ષણ જે ચિરંતન'માં કોઈનોય પરિહાર કર્યા વિના સકલની સાથે પોતાનો કરુણ મધુર સૂર મેળવે છે. 'મધ્યમા'નો પ્રથમ ખંડ 'દૈનંદિની'માં રોજિંદી સામાન્ય ઘટનાને સહારે સુધામય વાણી અને સમયની પેલે પાર પહોંચી જવાનો રહસ્યમયતા આધ્યાત્મિક અનુભૂતિનું આકર્ષણ પ્રગટાવે છે. પરંતુ બીજો ખંડ 'નિદ્રિત નયને'માં સ્વપ્નનો કેવળ સ્વપ્નરૂપે આવિષ્કાર કરતી કવિતાના સ્વપ્નલોકમાં કવિની સમગ્ર કવિતામાં વ્યક્ત થતો ઇપ્સિત પ્રદેશ ઉઘડે છે. એ અનંતની અનુભૂતિનો પ્રદેશ છે, જેમાં કશુંક કેવળ અનુભવગમ્ય, અસ્પર્શ્ય, આનંદમય અને ચૈતન્યને સભર કરી દેનારું છે. 'ઈક્ષણા'માં સૃષ્ટિના કાવ્યનો પ્રસ્પંદ અનુભવતા ભાવકના મનોયાત્રાનો આલેખ છે. 'પત્રલેખા', 'કિંજલ્કિની', 'વિભાવન' ઈત્યાદિ કાવ્યસંગ્રહોમાં ક્યાંક કૃષ્ણરૂપ સાકાર થાય છે. પરંતુ અદીઠની અનુભૂતિનું સાકારરૂપ કવિ 'દ્વાસુપર્ણા'ના પ્રથમ પર્વ 'કૃષ્ણગીતિ'માં કૃષ્ણપ્રેમ દ્વારા પ્રગટ કરે છે. તો 'અવધૂતી'માં રહસ્યમાર્ગે આગળ વધે છે. 'ચંદનભીની અનામિકા'માં ચંદનભીના સ્પર્શનું કવિ કોઈ નામ શોધી શકતા નથી. તો એ જ નિરંજન, નિરાકારરૂપને કવિ કલ્પનાપ્રિયા 'નિરાંજના' નામે 'નિરાંજના'માં વર્ણવે છે અને અક્ષરબ્રહ્મરૂપ ઓમકારની પ્રાપ્તિમાં વિરમે છે. ત્યાર પછી બ્રહ્મરૂપ કવિનું જગત સૂક્ષ્મ બની ગયું છે. જગતની પ્રત્યેક વસ્તુ તના સૂક્ષ્મરૂપે પ્રગટ થાય છે. જેનું વર્ણન કવિ 'આરણ્યક'માં કરે છે. આ રીતે જોતાં રાજેન્દ્ર શાહનાં કાવ્યો કોઈ સંપ્રદાય કે ઇષ્ટદેવની ભક્તિ-આરાધનાને

અનુસરતાં નથી. કવિની શ્રદ્ધા અંતે તો 'ઓમ ત્વમેવ ચમત્કૃતિ' શ્રીમદ્ ઉપેન્દ્રાચાર્યની કાવ્ય પંક્તિમાં જ પરિણતી પામે છે. આમ કવિ નિરાકારરૂપને એમની ઈન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિના આશ્રયે સાકાર કરવા યત્નશીલ બન્યા છે પરંતુ અંતે તો 'ઓમ' અક્ષરના આકારમાં જ આ નિરાકારરૂપ ઢળે છે. આરંભથી જ રાજેન્દ્ર શાહની કવિતામાં ટહુકારૂપ ધ્વનિ તેજનો ટહુકો બને છે, શીતળ સ્પર્શ આપે છે, મીઠો ગંધ આપે છે. બધી જ ઈન્દ્રિયગ્રાહ્ય અનુભૂતિ આપતો ધ્વનિ ઈન્દ્રિયાતીત ધ્વનિને -અરૂપ રવને -પામી રહે છે. કવિ આ તત્વને સર્વમાં વ્યાપેલું પોતાનામાં રસાયેલું અને એ રૂપે સર્વમાં પોતાનો અંશ એને વિલસી રહેલું જુએ છે. આમ ગોપીભાવ, ભક્તભાવ કે સાધકભાવ ભલે કવિ અનુભવે કવિની શ્રદ્ધાભૂમિ તો પોતાની આગવી જ છે.

કવિ રાજેન્દ્ર શાહની એમના વિશિષ્ટ ભાવવિશ્વ સાથે ભાવકને જોડી આપતી સંવેદના પણ આધ્યાત્મિક સંવેદના છે. એમનું ભાવવિશ્વ રહસ્યમયતા અને પ્રસન્ન-નિર્મળ સભરતાથી છલકાય છે. કવિ પદે પદે અનાહતનું શ્રવણ કરે છે, સમાધિસ્થ બને છે અને અણરવ રવને પામે છે. કવિના આત્મસાક્ષાત્કારની અનુભૂતિ રહસ્યમય અને આનંદજનક છે. આ અનુભૂતિ કવિ પ્રકૃતિ અને પ્રણયના સંવનનમાંથી પણ પામે છે. સકળમાં વિસ્તરી સકળને પોતાનામાં સમાવી રહે છે. 'આરણ્યક'માં તો કવિ સૂક્ષ્મ જગતમાં પ્રવેશ કરી બ્રહ્મમય જગતનો પરિચય પ્રગટાવે છે. આમ રાજેન્દ્રની આધ્યાત્માનુભૂતિ 'ધ્વનિ'રૂપ બ્રહ્મ - નાદબ્રહ્મમાંથી વિકસતી 'અક્ષરબ્રહ્મ' - ઓમમાં સાકાર થાય છે. એમની આધ્યાત્મિક અનુભૂતિ તાદાત્મ્યમાંથી પ્રગટતા આનંદરૂપ છે. આ તાદાત્મ્ય પ્રણયની પ્રગાઢતામાં, પ્રકૃતિના સંવનનમાં જ નહિ યોગક્રિયા દ્વારા સિદ્ધ થતું જોઈ શકાય છે. કવિનો આધ્યાત્મિક સાધનાનો માર્ગ યોગનિષ્ઠ છે છતાં કર્તૃત્વના ભાવના રહિત કર્મયોગમાંથી પ્રગટતું સામરસ્ય કવિની આધ્યાત્મિક અનુભૂતિનો પ્રધાન સૂર છે. વળી રાજેન્દ્રની અધ્યાત્માનુભૂતિ એની ઈન્દ્રિયગ્રાહ્યતાને લીધે વિશિષ્ટ છે. તેમની આધ્યાત્માનુભૂતિ નિરંજન નથી, નીલાંજન છે. ઈન્દ્રિયોના નીલ અંજન રૂપે પણ કવિ એ જ અક્ષરબ્રહ્મને જુએ છે. જીવનની સભરતામાં ઈન્દ્રિયસંતર્પક આનંદનો અનુભવ અધ્યાત્મની ચરમ કક્ષાએ કવિએ માણ્યો છે. તે તેમની આધ્યાત્મિક અનુભૂતિનું નવું જ પરિમાણ પ્રગટ કરે છે. બ્રહ્મના સત્, ચિત્, આનંદ સ્વરૂપમાંથી આનંદના સહજ રમ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર કવિ ચિત્ત અને દેહના માધ્યમથી પ્રગટ થતા આત્માના સગુણ સ્વરૂપમાં પામે છે અને આ અનુભવમાં જ ચિત્તના સ્તરથી ઉપર ઊઠી પ્રકૃતિના બંધનથી મુક્ત બની પોતાના આત્માના આનંદમય સ્વરૂપમાં લીન બને છે. ઈન્દ્રિયો આત્માથી સંયુક્ત અને મનથી અધિષ્ઠિત છે. કવિ આ મન અને ઈન્દ્રિયોના માધ્યમે આત્માનુભૂતિ-આત્મસાક્ષાત્કારને પામે છે. રાજેન્દ્ર શાહની કવિતાના અધ્યાત્મને ઈન્દ્રિયો અને મન દ્વારા પામતા આપણને પણ 'નિલાંજન' આધ્યાત્મિક અનુભૂતિનો પરિચય મળે છે જે અદ્વિતીય છે.

આ રીતે રાજેન્દ્ર શાહ તત્વતઃ આધ્યાત્મિક કવિ જ છે તેમની આધ્યાત્મિક અનુભૂતિ તેમની કાવ્યયાત્રાની કેડી બની રહે છે. કવિ જ્ઞાનયોગ અને ભક્તિના ત્રિવિધમાર્ગે અધ્યાત્મ-ઉપાસના કરતા જણાઈ આવે છે. વેદોપનિષદ્નું તત્વજ્ઞાન મીરાં, દયારામ, બાઉલ ગીતોની ગુંજ, ટાગોરનું પ્રકૃતિ સાથેનું સંવનન, પ્રણયમાં આત્માની ઉત્કૃષ્ટ સંસ્થિતિ, વિચ્છિન્નતામાં સંવાદ સાધતી વિશ્વસંવાદની ભાવના અને 'હું'ની શોધથી આરંભી 'હું'ની સંપ્રાપ્તિ સુધીની આધ્યાત્મિક અનુભૂતિનો આલેખ આપણને રાજેન્દ્ર શાહની કવિતામાં મળે છે.



મકરન્દ દવે

જન્મ : ૧૩-૧૧-૧૯૨૨